સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 33
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૭ ઑગસ્ટ, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પ-પુતિન મંત્રણા ‘યુદ્ધવિરામ’ કરાવવામાં નિષ્ફળ

## હું અમેરિકાનો પ્રમુખ છું ત્યાં સુધી ચીન દ્વારા તાઈવાન પર હુમલો નહિ કરાય: ટ્રમ્પ

### ભારત પરના ટૅરિફમાં કદાચ વધારો નહિ કરાય: યુક્રેનના પ્રમુખ સોમવારે વૉશિંગ્ટન જશે

અલાસ્કા: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે અહીં યોજાયેલી શાંતિ મંત્રણામાં રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ તાત્કાલિક રોકવા માટે કોઈ પણ નિર્ણય લઈ નહોતો શકાયો.

ટ્રમ્પ અને પુતિન વચ્ચેની બેઠક બાદ યુક્રેનના પ્રમુખ ઝૅલેન્સ્કીએ કહ્યું હતું કે ટ્રમ્પને મળવા સોમવારે હું વૉશિંગ્ટન જઈશ.

દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે રશિયા પાસેથી વિપુલ જથ્થામાં ખનિજ તેલ ખરીદતા ભારતથી અમેરિકા આયાત કરાતા માલસામાન પર પચાસ ટકા ટૅરિફ લાદવાની મેં આપેલી ચીમકીથી ભારતે મૉસ્કો પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરી દીધું છે અને તેથી નવી દિલ્હી પરના ટૅરિફમાં વધારો નહિ કરાય, પણ તે અંગે થોડાં અઠવાડિયામાં નિર્ણય લઈશ.

આ ઉપરાંત હું અમેરિકાનો પ્રમુખ છું ત્યાં સુધી ચીન દ્વારા તાઈવાન પર હુમલો નહિ કરાય.

રશિયા પાસેથી ક્રૂડ ઑઈલ ખરીદવાનું ચાલુ રાખનાર દેશો પર વધુ ટૅરિફ ન લાદવાના ટ્રમ્પે સંકેત આપ્યા છે.

અગાઉ અમેરિકાના નાણાં સચિવ સ્કોટ બૅસન્ટે બુધવારે કહ્યું હતું કે ટ્રમ્પ અને પુતિન (જુઓ પાનું ૨) ⏩




**મંત્રણા:** અલાસ્કાના ઍંકોરેજસ્થિત ઍલ્મેનડોર્ફ-રિચર્ડસન સંયુક્ત બૅઝ ખાતે બેઠક અગાઉ હસ્તધૂનન કરી રહેલા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન.

## કિશ્તવાડમાંથી ૭૦ મૃતદેહ મળ્યા, ૭૫ હજી લાપતા

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ: કિશ્તવાડ જિલ્લામાં મચેલ માતા યાત્રા દરમિયાન ચિશોતી ગામમાં વાદળ ફાટવાની ઘટનાને પગલે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિમાં અત્યાર સુધીમાં ૭૦ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૭૫ જણ હજુ પણ લાપતા છે.

હજુ પણ અનેક લોકો કાટમાળ હેઠળ દબાયેલા હોવાની શંકા સેવાઈ રહી છે.

ચિશોતી ગામને યાત્રાનો પ્રથમ પડાવ માનવામાં આવે છે. અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપરાંત બસ, તંબુઓ, લંગર અને દુકાનો પણ હતી, પરંતુ પૂરમાં આ તમામ તણાઈ ગયા હતા.

વહીવટીતંત્ર અસરગ્રસ્તોને સહાયરૂપ થવામાં તેમ જ બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત છે. જમ્મુ-કાશ્મીર (જુઓ પાનું ૨) ⏩



## દેશભરમાં જન્માષ્ટમી ધામધૂમથી ઊજવાઈ

નવી દિલ્હી : આખા દેશમાં જન્માષ્ટમીનો પાવન પર્વ અપાર શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઊજવાયો હતો. મથુરા, ગોકુળ, વૃંદાવન, ડાકોર, દ્વારકા અને શામળાજી વગેરે તીર્થધામોમાં તો અનેરા ઉત્સાહ અને ભક્તિ સાથે આ ઉત્સવની ઉજવણી થઈ હતી. આખા મહારાષ્ટ્રમાં દહીહંડી ફોડીને આ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાન શ્રીકૃષ્ણના જન્મસ્થાન ઉત્તર પ્રદેશના મથુરામાં અનેક અનુષ્ઠાન, મધ્યરાતિ અભિષેક, ભક્તિગીત વગેરે વડે ઉજવણી કરાઈ હતી. યમુના નદીપરના વિશ્રામઘાટમાં ભક્તોનો મેળવડો જમા થયો હતો.

ભગવાને જ્યાં પોતાનું બાળપણ વિતાવ્યું એ વૃંદાવનમાં પ્રતિષ્ઠિત બાંકે બિહારી મંદિર અને ઈસ્કોન વગેરેમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર કીર્તન, ફૂલોથી શણગાર અને (જુઓ પાનું ૨) ⏩

**ગોવિંદા:** મહારાષ્ટ્રના થાણેના વર્તકનગરમાં જયહનુમાન મંડળ, કોકણનગર, જોગેશ્વરીના ગોવિંદાઓએ દસ થર કરીને દહીંહંડી ફોડી હતી. (અમય ખરાડે)

## અકસ્માતમાં ચાર ગુજરાતી કલાકારનાં મોત, સાત ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મધ્ય પ્રદેશના શિવપુરીમાં શનિવારે સવારે નેશનલ હાઇવે-૨૭ પર ટ્રક અને ટ્રાવેલર બસ વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં આ અકસ્માતમાં ઓરકેસ્ટ્રા ગ્રૂપના ચાર ગુજરાતી ગાયકોના કરુણ મોત થયા હતા, જ્યારે સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ દુર્ઘટના સવારે લગભગ ૫.૩૦ વાગે બની હતી.

મળતી માહિતી અનુસાર મૂળ કડીના રહેવાસી અને આંતરરાષ્ટ્રીય કથાકાર લંકેશ બાપુની શિવ કથાનું આયોજન શ્રી કાશી વિશ્વનાથ મંદિર પાસેના કોડીનાર મલ્ટિ પર્પસ હોલમાં ૧૧ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમિયાન કરવામાં આવ્યું હતું. ૧૫ ઓગસ્ટના (જુઓ પાનું ૨) ⏩

## ચૂંટણી પંચ આજે વિપક્ષના આક્ષેપોના જવાબ આપશે

નવી દિલ્હી : બિહારમાં સઘન મતદાર યાદી સુધારણા અંગે વિપક્ષી પક્ષો દ્વારા કરવામાં આવેલા અવિરત વિરોધ અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા ‘‘મત ચોરી’’ના આરોપો વચ્ચે ચૂંટણી પંચ (ઇસી) રવિવારે પ્રેસ કોન્ફરન્સ કરશે.

ચૂંટણી સમયપત્રકની જાહેરાત સિવાય અન્ય મુદ્દાઓ પર ચૂંટણી અધિકારી દ્વારા ઔપચારિક પ્રેસ કોન્ફરન્સ બોલાવવી અસામાન્ય છે.

પત્રકાર પરિષદનો વિષય સ્પષ્ટ કરવામાં આવ્યો નથી પરંતુ અધિકારીઓએ જણાવ્યું હતું કે તે ચૂંટણી પંચ સામે લગાવવામાં આવેલા આરોપો સાથે સંબંધિત છે.

ગાંધીએ વારંવાર મતદાન પેનલ પર મતદાર-ડેટામાં છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે અને આરોપ લગાવ્યો છે કે મહારાષ્ટ્ર, કર્ણાટક અને હરિયાણામાં ‘‘મત ચોરી’’ થઈ છે.

પંચે રાહુલને તેના દાવા મુજબ મતદારોની યાદીમાંથી ખોટી રીતે (જુઓ પાનું ૨) ⏩

## ૧૦,૦૦૦ થી વધુ ફ્લાઈટ એટેન્ડન્ટ્સની હડતાળ

## કૅનેડાની ૬૨૦થી વધુ ફ્લાઈટ રદ

ટોરોન્ટો: એર કેનેડાના ૧૦,૦૦૦થી વધુ ફ્લાઇટ એટેન્ડન્ટ્સ હડતાળ પર ઉતર્યા હતા.

કેનેડિયન યુનિયન ઓફ પબ્લિક એમ્પ્લોઇઝના પ્રવક્તા હ્યુ પોલિયટે પુષ્ટિ કરી હતી કે કોઈ ડીલ ન થયા બાદ હડતાળ શરૂ થઈ છે.

એર કેનેડાએ કહ્યું છે કે કામ બંધ રહેવાના સમયગાળા માટે બધી ફ્લાઇટ્સ રદ કરવામાં આવશે.

કેનેડાની સૌથી મોટી એરલાઇન્સે પહેલાથી જ ૬૨૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરી દીધી છે, જેના કારણે વિશ્વભરના મુસાફરો ઉનાળાની મુસાફરીની મોસમ દરમિયાન ફસાયા છે અને મુશ્કેલીમાં મુકાયા છે.

કેનેડાની સૌથી મોટી એરલાઇન અને તેના ૧૦,૦૦૦ ફ્લાઇટ એટેન્ડન્ટ્સનું પ્રતિનિધિત્વ કરતા યુનિયને શુક્રવારે સરકાર દ્વારા નિર્દેશિત મધ્યસ્થી માટે એરલાઇનની વિનંતીને નકારી કાઢી હોવાથી કરારનો કડવો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો હતો, જે હડતાળનો તેનો અધિકાર ખતમ (જુઓ પાનું ૨) ⏩

## તમિળનાડુના પ્રધાનને ત્યાં ઈડીના દરોડા

ચેન્નઈ : એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી)એ શનિવારે તમિળનાડુના પ્રધાન અને ડીએમકેના નેતા આઈ. પેરિયાસામીની સાથે સંકળાયેલાં ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા, એવી માહિતી સત્તાવાર સાધનોએ આપી હતી. પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ચેન્નઈ અને ડિંડીગુલના ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. ગ્રામિણ વિકાસ, પંચાયતી અને પંચાયત યુનિયનના ૭૨ વર્ષના પ્રધાનના પુત્ર આઈ. પી. સેન્થિલકુમારના ઠેકાણા પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. પેરીયાસામી ડીંડીગુલ જિલ્લાની અથુર વિધાનસભા મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. ઈડી એક્શન પર ટિપ્પણી કરતા ડીએમકેનાં નેતા કનિમોઝીએ કહ્યું હતું કે ભાજપ વિરોધ પક્ષો સામે આવકવેરા વિભાગ અને ઈડી જેવી કેન્દ્રીય એજન્સીનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. (એજન્સી)■

## ક્રેડિટ કાર્ડ કૌભાંડ: ૧૮ જણ પકડાયા

નવી દિલ્હી: દેશભરમાં સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ)ના ક્રેડિટ કાર્ડધારકો સાથે છેતરપિંડી કરવાને મામલે ૧૮ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું દિલ્હી પોલીસે શનિવારે કહ્યું હતું. આ ગેન્ગે કાર્ડધારોક સાથે અંદાજે રૂ. ૨.૬ કરોડની છેતરપિંડી કરી હતી.

છેતરપિંડીનો ભોગ બનેલાઓમાં દિલ્હીના ક્રેડિટ કાર્ડધારકોનો સમાવેશ થતો નથી.

છ મહિના લાંબી ચાલેલી કાર્યવાહી દરમિયાન ધરપકડ કરાયેલા આરોપીઓએ (જુઓ પાનું ૨) ⏩

## પાકિસ્તાનમાં પૂરમાં મૃત્યુઆંક વધીને ૩૦૭ થયો

પેશાવર: પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં તાજેતરમાં આવેલાં અચાનક ભીષણ પૂરે ભારે તારાજી સર્જી છે. આ પૂરનો મૃત્યુઆંક વધીને ૩૦૦ને પાર પહોંચ્યો છે. જેમાં ૧૩ બાળકોનો સમાવેશ થાય છે. આ જાણકારી પ્રાંતીય અધિકારીઓએ શનિવારે આપી હતી.

પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (પીડીએમએ)ના જણાવ્યા અનુસાર મુશળધાર વરસાદના કારણે પ્રાંતના વિવિધ જિલ્લાઓમાં અચાનક પૂર આવ્યું છે. જે ૨૧ ઓગસ્ટ સુધી સમયાંતરે ચાલુ રહેવાની ધારણા છે. પીડીએમએના પ્રવક્તા ફૈઝીએ જણાવ્યું કે છેલ્લા ૪૮ કલાકમાં વિનાશકારી વરસાદ, વાદળ ફાટવા અને અચાનક (જુઓ પાનું ૨) ⏩

## દેશના ભાગલા માટે ઝીણા, કૉંગ્રેસ, માઉન્ટબેટન જવાબદાર

### શાળાના વિદ્યાર્થીઓ માટે નવા બે મૉડ્યૂલ તૈયાર કરાયા

નવી દિલ્હી : નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)એ બહાર પાડેલા મૉડ્યૂલ પ્રમાણે ભારતના ભાગલા માટે મહમદ અળી ઝીણા, કૉંગ્રેસ અને લોર્ડ માઉન્ટબેટન જવાબદાર હતા. મૉડ્યૂલે સરદાર વલ્લભભાઈ પટેલને એમ કહેતા ટાંક્યા હતા કે ભારતની પરિસ્થિતિ વિસ્ફોટક છે ભારત યુદ્ધનું મેદાન બની ગયું છે અને આતંરવિગ્રહને બદલે દેશના ભાગલા પાડવા બહેતર હશે.

મૉડ્યૂલમાં ગાંધીજીનું વલણ જણાવવામાં આવ્યું છે. મૉડ્યૂલમાં એવી નોંધ કરવામાં આવી છે કે મહાત્મા ગાંધીએ ભાગલાનો વિરોધ કર્યો હતો, પરંતુ કૉંગ્રેસના હિંસા સાથે ભાગલા સ્વીકારવાના નિર્ણયને તેઓ રોકી શક્યા નહોતા.મૉડ્યૂલમાં કહેવામાં આવ્યું છે કે ગાંધીજી ભાગલા માટે જવાબદાર નહોતા, પરંતુ તેઓ કૉંગ્રેસને હિંસા સાથે ભાગલા સ્વીકારે એ અટકાવી શક્યા નહોતા.

એનસીઈઆરટીએ બે અલગ મૉડ્યૂલ પ્રસિદ્ધ કર્યા છે. આમાં એક વર્ગ છથી આઠ (મધ્ય તબક્કા) અને બીજું નવથી ૧૨ના વર્ગ (માધ્યમીક તબક્કા) માટેનું છે. આ મૉડ્યૂલ (જુઓ પાનું ૨) ⏩


## વ્રજ ક્ષેત્રના વિકાસ માટે 30,000 કરોડ રૂપિયાની જાહેરાત

મથુરા: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે વ્રજ ક્ષેત્રના વિકાસ માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના ભંડોળની જાહેરાત કરી હતી.

આ અંગે મુખ્ય પ્રધાને જણાવ્યું કે યોજના મથુરા, વૃંદાવન, બરસાના અને ગોકુળ જેવાં તીર્થસ્થળોને જોડવાની છે. આ ક્ષેત્ર દ્વાપર યુગ સાથે જોડાયેલું હોવાનો તેમણે દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે અમારી સરકાર પૂજ્ય સંતોની ભાવનાઓનો આદર કરવા અને વ્રજ ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. અમે તે કાર્યોને શક્ય બનાવી રહ્યા છીએ જે એક સમયે અશક્ય માનવામાં આવતા હતા.

પૂજારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે ભગવાન કૃષ્ણની ૫,૨૫૨મી જન્મજયંતી હતી. આ દિવસે આદિત્યનાથે મથુરાના ડેમ્પિયર નગરમાં પંચજન્ય ઓડિટોરિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં સંતોનું સન્માન કર્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે પણ વિશ્વને કોઇ સંકટમાંથી ઉગરવાનું થયું છે ત્યારે માત્ર ભારતના આધ્યાત્મિક વારસાએ જ કાયમી શાંતિ અને સુમેળનો માર્ગ તૈયાર કર્યો છે.

ઉત્તર પ્રદેશ સરકારે એક નિવેદનમાં જણાવ્યું કે મુખ્ય પ્રધાને મથુરા-વૃંદાવનમાં લગભગ ૬૪૬ કરોડ રૂપિયાના ૧૧૮ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે આપણે ૫૦૦૦ વર્ષના પૌરાણિક ઇતિહાસના સાક્ષી છીએ. શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે દેશ અને દુનિયાભરના (જુઓ પાનું ૨) ⏩

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮
■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૭-૮-૨૦૨૫ થી તા. ૨૩-૮-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૭મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે. મંગળ કન્યા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તા. ૨૧મીએ મિથુનમાંથી કર્કમાં પ્રવેશે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃષભ રાશિમાં રહે છે. તા. ૧૮મીએ મિથુનમાં, તા. ૨૦મીએ કર્કમાં, તા. ૨૩મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અનુભવ, જ્ઞાન, માહિતીનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. સૂર્યનું ગોચરફળ શુભ જણાય છે. નોકરીમાં સ્થાન વધુ મજબૂત થશે. યોગ્ય નિર્ણય લેવા માટે તા. ૧૯, ૨૦, ૨૩ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા વેપારના વિકાસના કામકાજ પૂર્ણ કરી શકશો. નવા કામકાજના પ્રારંભ માટે સપ્તાહ શુભ જણાય છે. મહિલાઓને કાર્યક્ષેત્રે નિર્ણયો લેવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરી માટે તા. ૧૮, ૨૧, ૨૨ શુભ જણાય છે. સાહસિકતાથી આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે સફળતા જણાશે. ભાઈ-બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નાણાવ્યવહાર સરળતાથી સંપન્ન થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો સફળ પુરવાર થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની નાણાં વ્યવસ્થા સફળતાથી સંપન્ન થતી જણાશે. કુટુંબના સભ્યોનો સહયોગ માર્ગદર્શન કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. તા. ૧૯, ૨૧, ૨૩ નોકરીના કામકાજ માટે સફળતા દર્શાવે છે. અધિકારીનો સહયોગ મેળવી શકશો. પ્રવાસ દ્વારા નિજી કામકાજ પૂર્ણ કરી શકશો. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે મહિલાઓને પણ ઉપયોગી થશે. મહિલાઓને પરિવાર માટે કિંમતી ચીજની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું રોકાણ શક્ય જણાય છે. તા. ૧૭, ૧૮, ૨૩ શુભ જણાય છે. પ્રવાસ માટે સ્વતંત્રપણે નિર્ણયો લઈ શકશો. પ્રવાસની સફળતા જણાશે. કુટુંબના સભ્યોમાં નાણાવ્યવહાર સંપન્ન થશે. અધિકારી દ્વારા મહિલાઓના નોકરીના કામકાજ સંપન્ન થશે. અકારણ નાણાખર્ચ ટાળી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાના નાણારોકાણ અને વેપારના કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૧૮, ૨૦, ૨૩ શુભ જણાય છે. નાણાઆવક જળવાશે. પરંતુ નાણાખર્ચનાં સાધનો પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. વેપારના માર્કેટિંગના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. ભાગીદાર સાથેના વ્યવહારમાં કાળજી દાખવવી જરૂરી છે. મહિલાઓને પતિનો સહયોગ આ સપ્તાહમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસની અનુકૂળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના લે-વેંચના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૮, ૧૯, ૨૨ નોકરીની પ્રવૃત્તિ માટે શુભ જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. ભાગીદાર સાથેના મતભેદનો ઉકેલ આવશે. જાહેર રાજકારણની પ્રવૃત્તિઓમાં સતર્ક રહેવું જરૂરી છે. કારોબારના મિત્રોમાં સંપ જળવાય. વ્યવહારુપણે વિવાદો ટાળી શકશો. મહિલાઓને નોકરી માટે તા. ૧૯, ૨૦ સફળતાસૂચક જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો શુભ પુરવાર થશે.

તુલા (ર, ત) : ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર અને રોકાણ સફળ જણાશે. નોકરીમાં સ્થાન બદલી શક્ય છે. તા. ૧૯, ૨૦, ૨૩ના નોકરીના નિર્ણયો યશસ્વી પુરવાર થશે. કુટુંબમાં વડીલનો સહયોગ પ્રાપ્ત થશે. કુટુંબ માટે જરૂરી સાધન સગવડતાનાં સાધનો પણ મેળવી શકશો. નવા નાણાપ્રાપ્તિનાં સાધનો મેળવશો. તા. ૧૯, ૨૦, ૨૨ મહિલાઓને કાર્યક્ષેત્રે શુભ પુરવાર થશે. વિદ્યાથીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૧૮, ૨૨, ૨૩ શુભ પુરવાર થશે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. નોકરીમાં અધિકારી પણ ઉપયોગી થશે. પરિવાર માટે જરૂરી નાણાવ્યવસ્થા પણ જળવાઈ રહેશે. સપ્તાહમાં નવા કામકાજમાં રોકાણ હિતાવહ નથી. કારોબારની પ્રવૃત્તિઓ યશસ્વી પુરવાર થશે. મહિલાઓને અકારણ નાણાખર્ચ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ) : ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નવું રોકાણ શક્ય જણાય છે. તા. ૧૯, ૨૦, ૨૩ મુસાફરી માટે લાભદાયી પુરવાર થશે. નોકરી માટે આ સપ્તાહના ગોચરગ્રહો શુભ જણાય છે. મહિલાઓને ભાઈ-બહેનો સાથેના મતભેદનો ઉકેલ જણાશે. સહપરિવાર પ્રવાસ સફળ થતો જણાશે. કુટુંબના સભ્યોમાં યશસ્વીપણું અનુભવશો મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીઓમાં સરળતા આવેલી જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શાળા-કોલેજના અભ્યાસમાં સફળ બનશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતો જણાશે. તા. ૧૭, ૧૯, ૨૧ના નોકરીના નિર્ણયો લાભદાયી પુરવાર થશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નાણાખર્ચ પરત્વે સતર્કતા દાખવવી જરૂરી છે. કુટુંબમાં આર્થિક વ્યવહાર સરળતાથી સંપન્ન થતાં જણાશે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ મેળવી શકશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયનું રોકાણ વાયદાના વેપાર, દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૩ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. અકારણ નાણાવ્યય શક્ય હોય સાવધાની દાખવવી જરૂરી છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ શિક્ષણક્ષેત્રે પ્રાપ્ત કરશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતો જણાશે. લાંબા સમયનું નાણારોકાણ પણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૯, ૨૧, ૨૨ શુભ પુરવાર થશે. નોકરીમાં સ્થળની બદલી શક્ય જણાય. નાણાંની આવક જળવાશે. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. મહિલાઓનો સ્વાસ્થ્ય જળવાશે. પ્રવાસ દ્વારા મહિલાઓનાં કાર્યો પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને વિભાગીય પરીક્ષામાં સફળ અનુભવ થાય.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૧૭-૮-૨૦૨૫, આદિત્ય પૂજન

ભારતીય દિનાંક ૨૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૯

જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૯

પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭

નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૭ સુધી, પછી મૃગશીર્ષ

ચંદ્ર વૃષભમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૯, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ સાંજે ક. ૧૭-૨૭.

ઓટઃ બપોરે ક. ૧૨-૦૦, મધ્ય રાત્રે ક. ૦૦-૩૪ (તા. ૧૮).

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - નવમી. આદિત્ય પૂજન, સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૪૩ સુધી, સિંહાદિ (કેરાલા), માનસપૂજા સમાપ્ત (બંગાળ) સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ વિનાયક પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી જાપ હવન, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થમાં સ્નાન, શ્રાદ્ધ કર્મ, દાન, જપ, તપ, ગૌપૂજા, શ્રી વિષ્ણુ પૂજા, તર્પણ શ્રાદ્ધ, પ્રાયશ્ચિત્ત સ્નાન.શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચંદ્ર-ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, બ્રાહ્માજીનું પૂજન, મુંડન કરાવવું નહીં. મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા કળશ પતાકા ચઢાવવી.

આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, સૂર્ય મઘા નક્ષત્ર પ્રવેશ

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૭-૮-૨૦૨૫ થી તા. ૨૩-૮-૨૦૨૫

રવિવાર, શ્રાવણ વદ-૯, વિ. સં. ૨૦૮૧, તા. ૧૭મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૭ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. આદિત્ય પૂજન, સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૪૨ સુધી, સિંહાદિ (કેરાલા), માનસપૂજા સમાપ્ત (બંગાળ). શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, શ્રાવણ વદ-૧૦, તા. ૧૮મી, નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૫ સુધી (તા. ૧૯મી), પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૪-૩૯ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. શિવપૂજન, શિવમુષ્ટિ (જવ), અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૬-૨૭. ભદ્રા સવારે ક. ૦૬-૨૧ થી સાંજે ક. ૧૭-૨૨. વાસ્તુકળશ. શુભ દિવસ.

મંગળવાર, શ્રાવણ વદ-૧૧, તા. ૧૯મી, નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૭ સુધી (તા. ૨૦મી) પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. મંગલાગૌરી પૂજન, અજા એકાદશી (ખારેક). સામાન્ય દિવસ.

બુધવાર, શ્રાવણ વદ-૧૨, તા. ૨૦મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રે ક. ૨૪-૨૬ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. બુધપૂજન, પ્રદોષ, પર્યુષણ પર્વારંભ - ચતુર્થી પક્ષ (જૈન), ખોરદાદ સાલ (પારસી), શુક્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૦. સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શુભ દિવસ.

ગુરુવાર, શ્રાવણ વદ-૧૩, તા. ૨૧મી. નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રે ક. ૨૪-૦૮ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. બૃહસ્પતિ પૂજન, શિવરાત્રિ, અઘોરા ચતુર્દશી, કૈલાસયાત્રા (૨ દિવસ), પર્યુષણ પર્વારંભ-પંચમી પક્ષ (જૈન), ગુરુપુષ્યામૃત યોગ (વિવાહે વર્જ્ય), સૂર્યોદયથી ક. ૨૪-૦૮, ભદ્રા બપોરે ક. ૧૨-૪૪થી મધ્યરાત્રે ક. ૨૪-૧૬. શુભ દિવસ.

શુક્રવાર, શ્રાવણ વદ-૧૪, તા. ૨૨મી, નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રે ક. ૨૪-૧૬ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં મધ્યરાત્રે ક. ૨૪-૧૬ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. જીવંતિકા પૂજન, પીઠોરી અમાવસ્યા, દર્શ અમાવસ્યા, માતૃકાદિન, વૃષભ પૂજન, અન્વાધાન, સૂર્ય સાયન કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૫, સૌર શરદઋતુ પ્રારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, શ્રાવણ વદ-૩૦, તા. ૨૩મી, નક્ષત્ર મઘા મધ્યરાત્રે ક. ૨૪-૫૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, અશ્વત્થ મારુતિ પૂજન, શિવપૂજન સમાપ્ત, રુદ્રવ્રત, દર્ભાહરણ, ભારતીય ભાદ્રપદ માસારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ-પુતિન મંત્રણા

વચ્ચે અલાસ્કામાં યોજાનારી બેઠક ફળદાયી નહિ નીવડે તો તેવા સંજોગોમાં રશિયા પાસેથી ક્રૂડ ઑઈલ ખરીદતા ભારત પર વધુ ટૅરિફ લાદવામાં આવે એવી શક્યતા છે.

ભારત પરનો ટૅરિફ વધી પણ શકે છે અને ઘટી પણ શકે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ ટૅરિફ વધારો મર્યાદિત સમય માટે કે પછી અચોક્કસ મુદત માટે પણ હોઈ શકે છે. ટ્રમ્પે ભારત પર અગાઉ લાદેલો પચીસ ટકા ટૅરિફ વધારીને કુલ પચાસ ટકા કર્યો હતો જે ૨૭ ઑગસ્ટથી અમલી બનવાનો છે. ટ્રમ્પના આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતાં ભારતના વિદેશ ખાતાએ કહ્યું હતું કે ભારતને કારણ વિના અને અન્યાયી રીતે નિશાન બનાવવામાં આવી રહ્યું છે. અન્ય કોઈ પણ મહત્ત્વના અર્થતંત્રની જેમ જ ભારત તેનાં રાષ્ટ્રીય અને આર્થિક હિતોનું રક્ષણ કરવા જરૂરી તમામ પગલાં લેશે, એમ તેમણે કહ્યું હતું.

દરમિયાન યુરોપિયન સંઘ(ઇયુ) દ્વારા રશિયન ક્રૂડ ઓઇલમાંથી બનેલા ઇંધણની આયાત પર પ્રતિબંધ મુકાતા ભારતના ૧૫ બિલિયન અમેરિકન ડૉલરની ઇંધણ નિકાસને અસર થઇ શકે છે. આ જાણકારી આર્થિક થિંક ટેન્ક જીટીઆરઆઇએ આપી હતી. ૨૭ દેશોના યુરોપિયન સંઘ દ્વારા પ્રતિબંધોના ૧૮મા પેકેજમાં રશિયાના તેલ અને ઊર્જા ક્ષેત્રની આવક પર અંકુશ લાદવાના ઉદ્દેશ્યમાં અનેક પગલાંનો સમાવેશ થાય છે.

### અકસ્માતમાં ચાર ગુજરાતી

રોજ કથા પૂર્ણ થયા બાદ, ૨૦ કલાકારોનું ગ્રૂપ પોતાની કલા પ્રસ્તુતિ આપીને શુક્રવારે સાંજે પરત ફરી રહ્યું હતું ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ચાર લોકોના કરુણ મોત થયા હતા. કથાકાર લંકેશ બાપુના સંગીતકારોના આ કરુણ અવસાનથી સંગીત જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.ઓરકેસ્ટ્રા ગ્રૂપના તમામ સભ્યો ગુજરાતના મહેસાણા અને સુરેન્દ્રનગરના રહેવાસી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે ટ્રાવેલર બસના ડ્રાઇવરને ઝોકું આવી ગયું હતું. જેના કારણે બસ બેકાબૂ બનીને ડિવાઇડર પર ચઢી ગઈ અને બીજી લેનમાં સામેથી આવી રહેલી ટ્રક સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સુરવાયા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઇજાગ્રસ્તોને બહાર કાઢીને જિલ્લા હૉસ્પિટલ અને મેડિકલ કોલેજમાં મોકલ્યા હતા. આ અકસ્માતમાં ગાયક હાર્દિક દવે (૪૦)નું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે હૉસ્પિટલમાં સારવાર દરમિયાન રાજા ઠાકુર (૨૮), અંકિત ઠાકુર (૧૭) અને રાજપાલ સોલંકી (૬૦)એ પણ અંતિમ શ્વાસ લીધા હતા. જ્યારે આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં રાવલ મોહિત, આશિષ વ્યાસ, મોહલિક, નરેન્દ્ર નાયક, ચેતન કુમાર, ઋષિકેશ, વિપુલ, અરવિંદ, અર્જુન, હર્ષદ ગોસ્વામી અને ટ્રાવેલર બસના ડ્રાઇવરનો સમાવેશ થાય છે. આમાંથી ૭ લોકોની હાલત અત્યંત નાજુક હોવાનું જણાવવામાં આવ્યું છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે અને ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

### કેનેડાની ફ્રરથી

કરશે અને તૃતીય-પક્ષ મધ્યસ્થી દ્વારા નવા કરારની શરતો નક્કી કરવાની મંજૂરી આપશે. એર કેનેડાના ૧૦,૦૦૦થી વધુ ફ્લાઇટ એટેન્ડન્ટ્સ શનિવારે વહેલી સવારે હડતાળ પર ઉતર્યા બાદ એરલાઇને તેના થોડા સમય પછી કહ્યું કે તે કામગીરી બંધ કરશે. કેનેડાની સૌથી મોટી એરલાઇન અને તેના ૧૦,૦૦૦ ફ્લાઇટ એટેન્ડન્ટ્સનું પ્રતિનિધિત્વ કરતા યુનિયન વચ્ચે શુક્રવારે કડવો કરાર સંઘર્ષ વધુ તીવ્ર બન્યો હતો કારણ કે યુનિયને સરકાર દ્વારા નિર્દેશિત મધ્યસ્થી માટે એરલાઇનની વિનંતીને નકારી કાઢી હતી, જે હડતાળ કરવાનો તેનો અધિકાર ખતમ કરશે અને નવા કરારની શરતો નક્કી કરવા માટે તૃતીય-પક્ષ મધ્યસ્થીનો ઉપયોગ કરશે. શનિવારે સવારે ૧ વાગ્યાની આસપાસ ફ્લાઇટ એટેન્ડન્ટ્સ નોકરી છોડીને ચાલ્યા ગયા હતા. લગભગ તે જ સમયે, એર કેનેડાએ કહ્યું કે તે એરપોર્ટ પરથી ફ્લાઇટ એટેન્ડન્ટ્સને ભર કાઢવાનું શરૂ કરશે. શુક્રવારે રાત્રે ફેડરલ જોબ્સ મિનિસ્ટર પેટી હજ્દુએ એરલાઇન અને યુનિયન બંને સાથે મુલાકાત કરી હતી અને તેમને ''એકવાર અને બધા માટે'' ડીલ પર પહોંચવા માટે વધુ મહેનત કરવા વિનંતી કરી હતી. ''આટલી ઓછી પ્રગતિ થઈ છે તે અસ્વીકાર્ય છે. કેનેડિયનો બંને પક્ષો પર તેમના શ્રેષ્ઠ પ્રયાસો આગળ ધપાવવા માટે વિશ્વાસ કરી રહ્યા છે,'' એમ હજ્દુએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું.

### દેશના ભાગલા માટે

નિયમિત પાઠ્યપુસ્તકોના ભાગ નથી. મૉડ્યૂલ અંગ્રેજી અને હિન્દીમાં પૂરક સાધન જેવા છે. આનો ઉપયોગ પ્રોજેક્ટ, પોસ્ટર ચર્ચા અને સંવાદ દ્વારા થઈ શકે.

મૉડ્યૂલમાં એવી નોંધ કરવામાં આવી કે ભાગલા પછી કાશ્મીર નવી સમસ્યા બન્યું હતું. કાશ્મીરે ભારતની વિદેશ નીતિ માટે પડકાર ઊભો કર્યો હતો.

મૉડ્યુલમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અમુક દેશોએ પાકિસ્તાનને મદદ દેવાનું ચાલુ રાખ્યું હતું અને કાશ્મીર બાબતે ભારત પર દબાણ આણ્યું હતું.

ભારતના ભાગલા ખોટી કલ્પનાને લીધે થયા હતા. ભારતીય મુસ્લિમોના પક્ષ ઈન્ડિયન મુસ્લિમ લીગે ૧૯૪૦માં કોન્ફરન્સ યોજી હતી. લીગના નેતા મહમદ અળી ઝીણાએ કહ્યું હતું કે હિન્દુ અને મુસ્લિમ બે અલગ ધાર્મિક ફિલસૂફી, સામાજિક રીતરિવાજ અને સાહિત્ય ધરાવે છે. 'ભાગલાના ગુનેગારો' એવા મથાળાવાળા વિભાગમાં મૉડ્યૂલ કહે છે કે અંતે ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭એ ભારતનું વિભાજન થયું હતું, પરંતુ આ કોઈ એક વ્યક્તિનું કૃત્ય નહોતું. ભારતના ભાગલા માટે ત્રણ તત્ત્વો જવાબદાર છે. પહેલા, ઝીણા જેમણે આની માગણી કરી હતી, બે, કૉંગ્રેસ જેણે આ માગણી સ્વીકારી હતી અને ત્રણ માઉન્ટબેટન જેમણે આનો અમલ કર્યો હતો. માઉન્ટબેટન મોટી ભૂલના ગુનેગાર હોવાનું સાબિત થયું હતું. માઉન્ટબેટને સત્તાની બદલીની તારીખ જૂન ૧૯૪૮ને બદલે ઑગસ્ટ ૧૯૪૭ કરી હતી. તેમણે બધાને આ માટે સંમત થવા સમજાવી લીધા હતા. આને લીધે ભાગલાની તમામ તૈયારી થઈ નહોતી. ભાગલાની સીમા નક્કી કરવાનું પણ ઝડપથી કરવામાં આવ્યું હતું. (એજન્સી)

### કિશ્તવાડમાંથી ૭૦ મૃતદેહ મળ્યા

પોલીસ, એનડીઆરએફ, રાષ્ટ્રીય રાઈફલ, મેડિકલ ટીમ અને અન્ય એજન્સીઓ પણ આ કામમાં જોડાઈ છે.

એક અહેવાલ મુજબ આ ઘટનામાં ૧૫૦થી વધુ લોકો ઘાયલ છે અને ૨૦૦ કરતાં વધુ લાપતા છે. જમ્મુના કિશ્તવાડમાં પૂરની પરિસ્થિતિ નિર્માં પામ્યા બાદ હજુ પણ જમ્મુમાં વરસાદ માટેનો યલો ઍલર્ટ છે. આંધી-તોફાન સાથે ભારે વરસાદ અને વીજળી પડવાની પણ શક્યતા છે. હવામાન ખાતાએ જમ્મુમાં આગામી ચાર દિવસ માટે ઑરેન્જ અને યલો ઍલર્ટ જારી કર્યો છે. જમ્મુમાં ૧૭ અને ૧૮ ઑગસ્ટ માટે ઑરેન્જ તો ૧૯ અને ૨૦ ઑગસ્ટ માટે યલો ઍલર્ટ જારી કરવામાં આવ્યો છે.

મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા શુક્રવારે કિશ્તવાડ ગયા હતા અને સ્થાનિક લોકોને મળી પરિસ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. ઓમર અબ્દુલ્લાએ શનિવારે ચિશોતી ગામની પણ મુલાકાત લીધી હતી. જે ચિશોતી ગામમાં વાદળ ફાટવાની ઘટના બની હતી તેની વસતી અંદાજે ૩૦૦ જણની હતી. ગામમાં લગભગ ૪૦ જેટલાં ઘર હતાં અને ૧૦ જેટલાં હોમસ્ટે પણ હતાં. કિશ્તવાડ શહેરથી આ ગામ અંદાજે ૯૦ કિ.મી. દૂર છે.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આભ ફાટવાથી આવેલા અચાનક પૂરે ભારે વિનાશ વેર્યો હતો. આ દુર્ઘટનામાં જીવિત બચેલા લોકોએ તેમનો ચમત્કારી બચાવ થયાની આપવીતી કહી સંભળાવી હતી.

આ દુર્ઘટના ઘટી ત્યારે મચેલ માતા યાત્રાના અંતિમ ચરણ માટે ગુરુવારે અહીં સેંકડો યાત્રાળુઓ ભેગા થયા હતા. જેમાં નવ વર્ષની દેવાંશીનો પણ સમાવેશ થાય છે. તેણી મેગી-પોઇન્ટ પર એક દુકાન અચાનક પૂરની ઝપટે ચડતાં કાદવ અને કાટમાળ નીચે દટાઇ ગઇ હતી. થોડા કલાકો બાદ તેના કાકા અને અન્ય ગ્રામજનોએ તેને બચાવી લીધી હતી. દેવાંશીએ કાંપતા અવાજે જણાવ્યું કે હું શ્વાસ લઇ શકતી ન હતી. મારા કાકા, બાઉજી અને અન્ય લોકોએ કલાકો બાદ લાકડાના પાટિયા હટાવ્યા અને અમે બધા બહાર નીકળ્યા હતા. માતાએ અમને બચાવી લીધા હતા. દેવાંશી પોતાની આપવીતી સંભળાવતા આગળ જણાવે છે કે અમે એક મેગીની દુકાન પર રોકાયા હતા. લોકોએ વાદળ ફાટવાના કારણે અમને ભાગી જવાનું કહ્યું. પરંતુ અમે અહીં જ રોકાઇ ગયા કારણ કે અમને લાગ્યું કે અહીં અમે સુરક્ષિત છીએ.

તેમની જેમ જ ૩૨ વર્ષીય સ્નેહા પણ વિશ્વાસ કરી શકતી કે તે જીવિત છે. પોતાનો સામાન વાહનમાં મૂક્યાની થોડી જ ક્ષણોમાં તે અને તેના પરિવારના ચાર સભ્યો પ્રચંડ પ્રવાહમાં વહી ગયા, કાદવમાં દટાઇ ગયા અને વાહનની નીચે કચડાઇ ગયા હતા. તેણીએ જણાવ્યું કે હું એક વાહન નીચે કાદવમાં ફસાઇ ગઇ હતી. ચારેબાજુ મૃતદેહો હતા. કેટલાક બાળકોની ગરદન તૂટેલી હતી અને હાથ-પગ કપાયેલા હતા. હું બચવાની આશા ખોઇ બેઠી હતી. કોઇક રીતે તેઓ ત્યાંથી બહાર નીકળવામાં સફળ થયા હતા. અત્રે નોંધનીય છે કે જમ્મુ-કાશ્મરીના કિશ્તવાડ જિલ્લાના આ દૂરવર્તી પહાડી ગામમાં આભ ફાટવાથી અચાનક આવેલા પૂરે ૬૦ લોકોનો ભોગ લીધો હતો. અહીં બચી ગયેલા દરેક વ્યક્તિ પાસે મોતના મુખમાંથી બચી નીકળવાની એક કહાની છે.

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં આવેલા ચિશોતી ગામમાં વાદળ ફાટ્યું છે. જેના કારણે અનેક લોકોના મોત થયાં છે. આ ગામની તસવીરો અને વીડિયો જોતા અનુમાન લગાવી શકાય છે કે, તે ક્ષણ કેટલી ભયાનક હશે. આ દુર્ઘટનામાં અનેક લોકોના મોત થયા છે જ્યારે કેટલાક લોકો હજી પણ હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યાં છે. અનેક લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું ડોક્ટરો જણાવી રહ્યાં છે. જેથી મોતના આંકડામાં વધારો થશે તે સ્વાભાવિક છે. કિશ્તવાડમાં અચાનક આવેલા પૂરના કારણે અનેક લોકોનું અકાળે મોત થયું છે. આમાંથી બચી ગયેલા લોકોએ સમગ્ર ઘટના અંગે કહ્યું કે, અચાનક બોમ્બ ફૂટ્યો હોય તેવો અવાજ આવ્યો હતો. લોકો ભાગો ભાગોની બૂમો મારીને ભાગવા લાગ્યાં હતા. અનેક લોકો નીચે દટાઈ ગયા હતા જ્યારે કેટલાક લોકો વીજળીના થાંભલા પર ચઢી ગયાં હતી. એક વ્યક્તિએ કહ્યું કે, મારી ઉપર વીજળીનો થાંભલો પડયો હતો.

એક વ્યક્તિએ કહ્યું કે, અચાનક ધમકા જેવો અવાજ આવ્યો હતો. વાદળ ફાટ્યું એટલે અમે ત્યાંથી ભાગવા લાગ્યા હતા. પરંતુ બે મિનિટમાં જ ત્યાં ચાર ફૂટ કાટમાળ આવી પહોચ્યો હતો. અમે લોકોને બચાવવામાં સફળ રહ્યા, પરંતુ કેટલાક લોકો અંદર ફસાઈ ગયા હતાં. વધુમાં કહ્યું કે, અમે ૧૧ લોકો સુરક્ષિત છીએ પરંતુ મારી પુત્રી અને મારી પત્ની કાટમાળમાં ફસાઈ ગયા હતા'. જો કે, અત્યારે તેમની સ્થિતિ સારી હોવાનું જાણવા મળ્યું છે. વાદળ ફાટવાની આ ઘટનામાં અત્યાર સુધીમાં ૪૬ મૃતદેહો મળ્યા છે, જેથી માત્ર ૨૧ની ઓળખ થઈ શકી છે. બાકીના મૃતદેહોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ સમગ્ર પ્રક્રિયા માટે અધિકારીઓએ એક વોટ્સએપ ગ્રૂપ બનાવ્યું છે. જેના માધ્યમથી જે તે પરિવાર સુધી માહિતી પહોંચી શકે. તંત્ર દ્વારા અત્યાર સુધમાં ૧૬૦ લોકોને બચાવી લેવામાં આવ્યાં છે. જેમાંથી ૩૮ લોકોની હાલત અત્યારે અત્યંત ગંભીર છે. હજી પણ કાટમાળ નીચે લોકો દટાયેલા હોવાની આશંકા છે. જેથી મોતનો આંકડો વધી શકે છે તેવું અધિકારીઓનું કહેવું છે.

### ક્રેડિટ કાર્ડ કૌભાંડ

ગુરુગ્રામસ્થિત કૉલ સેન્ટરના કર્મચારીઓ પાસેથી ગ્રાહકોની અંગત માહિતી મેળવી હતી. આરોપીઓએ ત્યાર બાદ બૅન્કના અધિકારીઓના સ્વાંગમાં ચાલાકીપૂર્વક ગ્રાહકોને નિશાન બનાવી તેમની પાસેથી વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) અને કાર્ડ વેરિફિકેશન વેલ્યૂ (સીવીવી) જેવી સંવેદનશીલ માહિતી મેળવી હતી. આરોપીઓએ આ ચોરેલી માહિતીઓનો ઉપયોગ ઑનલાઈન ટ્રાવેલ ગિફ્ટ કાર્ડ પ્લેટફોર્મ જેવા વિવિધ પ્લેટફોર્મ પરથી હાઈ વેલ્યૂ ઈલેક્ટ્રોનિક ગિફ્ટ કાર્ડ ખરીદવા માટે કર્યો હતો અને ત્યાર બાદ તેને રોકડ કે ક્રિપ્ટોકરન્સીમાં ફેરવવા આ ગિફ્ટ કાર્ડ ટ્રાવેલ એજન્ટોને વેચી દીધા હતા જેને કારણે આ રકમ અર્થતંત્રમાંથી ગાયબ થઈ ગઈ હતી અને તેનો ટ્રેક મેળવવો મુશ્કેલ બની ગયું હતું.

રોકડ તેમ જ ક્રિપ્ટોકરન્સી મારફતે રકમની લેવડદેવડ કરવામાં આવી હોવાનું આઈએફએસઓના ડીસીપી વીનિતકુમારે કહ્યું હતું. અંકિત રાઠી, વાસીમ અને વિશાલ ભારદ્વાજને આ કૌભાંડના માસ્ટરમાઈન્ડ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

### દેશભરમાં જન્માષ્ટમી ધામધૂમથી ઊજવાઈ

ભગવાનના જીવન સાથે સંકળાયેલી રાસલીલા જોવા મળી હતી. ગોકુળમાં પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. શ્રીકૃષ્ણ ભગવાનનું જ્યાં રાજ્ય હતું એ દ્વારકાના મંદિરમાં સુંદર સજાવટ કરવામાં આવી હતી અને સવારે આરતી કરવામાં આવી ત્યારે મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. ડાકોર, દ્વારકા અને શામળાજીમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. શામળાજીમાં યુવોનોએ શોભાયાત્રા કાઢી હતી. ડાકોરમાં સવારથી ભીડ જોવા મળી હતી. મંદિરમાં 'જય રણછોડ' અને 'માખણચોર' એવા નારા ગુંજ્યા હતા.

દરમિયાન દિલ્હીમાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ ઈસ્કોન મંદિરની મુલાકાત લીધી હતી.તેમણે દિલ્હીની પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. રાંચીના યોગોદા સત્સંગ સખા આશ્રમમાં તહેવારની ઉજવણી થઈ હતી. ગુજરાતમાં જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય કૃષ્ણ મંદિરો જેવા કે દ્વારકા, ડાકોર અને શામળાજીમાં લાખોની સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા હતા. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' અને 'હાથી ઘોડા પાલકી, જય કનૈયા લાલ કી'ના ગગનભેદી નાદથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

દ્વારકામાં જન્માષ્ટમીના પાવન અવસરે ભક્તોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો. ભક્તોએ દ્વારકાધીશજીના ખુલ્લા મંચ પર સ્નાન અભિષેકના દર્શનનો લહાવો લીધો હતો. મંદિરમાં હૈયે હૈયું દળાય તેટલી ભીડ જામી હતી. ભક્તિમય માહોલમાં ગરબાની રમઝટ પણ બોલાવી હતી. મંદિર ટ્રસ્ટ અને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા અને દર્શન માટેની વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અરવલ્લીના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કાળિયા ઠાકરને વિશેષ અને ભવ્ય શણગાર કરવામાં આવ્યો છે. ભગવાનને ૪ કરોડના મુગટ સહિત ૧૫ કિલો સોનાના આભૂષણો અર્પણ કરવામાં આવ્યા છે. મંદિર પરિસરમાં યુવાનોએ મટકીફોડનો કાર્યક્રમ યોજી ઉત્સાહભેર ઉજવણી કરી હતી. ડાકોરમાં ઠાકોરજીને જન્મ સમયે મોગલ સામ્રાજ્યનો કરોડોનો હીરાજડિત મુગટ પહેરાવવામાં આવ્યો હતો.. આ ઉપરાંત, ભગવાન રણછોડરાયજી માટે વડોદરાથી મંગાવેલા તાજા કેવડાના ફૂલનો ખાસ મુગટ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. વરસાદી માહોલ વચ્ચે પણ ભક્તો ભાવવિભોર બની 'જય રણછોડ'ના જયઘોષ કર્યો હતો.. મંદિરને ૨૫૦૦થી વધુ રંગબેરંગી ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત વૈષ્ણવ હવેલીઓ, મંદિરોમાં પણ ભક્તોએ કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરી હતી. રાજ્યમાં ઘણી જગ્યાએ મટકી ફોડના કાર્યક્રમો પણ યોજાયા હતા. (એજન્સી)

### ચૂંટણી પંચ

ઉમેરવામાં આવ્યા છે અથવા દૂર કરવામાં આવ્યા છે તેવાં નામો, સહી કરેલ ઘોષણાપત્ર સાથે રજૂ કરવા કહ્યું છે.

જો ચૂંટણી અધિકારી તેના આરોપોને સમર્થન આપવા માટે બાંયધરી આપવામાં નિષ્ફળ જાય તો લોકસભામાં વિરોધ પક્ષના નેતા પાસેથી માફી માગવાની હદ સુધી ચૂંટણી અધિકારીએ વાત પણ કરી છે. બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) કરવાના પંચના પગલા પર પણ વિરોધ પક્ષો તરફથી પ્રશ્નો થઈ રહ્યા છે, જેઓ દાવો કરે છે કે આ પગલાથી કાગળોના અભાવે કરોડો લાયક નાગરિકો મતાધિકારથી વંચિત રહેશે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને બિહારમાં એસઆઇઆરમાં પારદર્શિતા વધારવા માટે મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા ૬૫ લાખ નામની વિગતો અને સમાવેશ ન થયો હોવાનાં કારણો પણ પ્રકાશિત કરવા જણાવ્યું છે.

અગાઉ લોકસભામાં વિપક્ષના નેતા અને કૉંગ્રેસના સંસદ રાહુલ ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર, હરિયાણા અને કર્ણાટકમાં ચૂંટણી દરમિયાન કથિત 'વોટ ચોરી' અંગે ઘટસ્ફોટ કર્યા હતાં, તેમણે ભારતના ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા. હવે તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ચૂંટણી પંચ અને ભાજપ વચ્ચે સાઠગાંઠના આરોપ લગાવ્યા.

રાહુલ ગાંધીના સત્તાવાર એક્સ હેન્ડલ પર શેર કરવામાં આવેલા એક વીડિયોના કેપ્શનમાં લખવામાં આવ્યું છે કે વોટ ચોરી એ ફક્ત ચૂંટણી કૌભાંડ જ નથી, તે બંધારણ અને લોકશાહી વિરુદ્ધ કરવામાં આવેલ એક મોટું કૌભાંડ છે. દેશના ગુનેગારોએ સાંભળવું જોઈએ - સમય બદલાશે, સજા ચોક્કસ મળશે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ''દેશદ્રોહ''નો આરોપ લગાવ્યો. તેમણે ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં કૌભાંડના આરોપ લગાવ્યા. સવારે શેર કરવામાં આવેલા વીડિયોમાં રાહુલ ગાંધીએ કહ્યું, મારો જન્મ એક રાજકીય પરિવારમાં થયો છે. ૧૯૮૦ માં હું અને મારી બહેન પ્રિયંકા ઘરે ચૂંટણી પોસ્ટરો તૈયાર કરતા હતા, ચૂંટણી કેવી રીતે થાય છે એ હું જાણું છું, છેલ્લા ૨૦ વર્ષથી હું પોતે ચૂંટણી લડી રહ્યો છું, પોલીંગ બૂથ કેવી રીતે સંભાળવું, વોટર લીસ્ટ કેવી રીતે બને છે એ મને ખબર છે.

### વ્રજ ક્ષેત્રના વિકાસ

ભક્તો અહીં ભક્તિભાવથી ઉમટ્યા છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં થયેલી ૨૪ કલાકની ચર્ચાને ટાંકીને તેમણે જણાવ્યું કે ૨૦૪૭ સુધીમાં ઉત્તર પ્રદેશને સમૃદ્ધ અને વિકસિત બનાવવા માટે સમાજ અને સરકારે સાથે મળીને કામ કરવું પડશે. નિવેદનમાં જણાવાયું છે કે આદિત્યનાથે ૧૧૮ પ્રોજેક્ટ્સમાંથી લગભગ ૨૭૩ કરોડ રૂપિયાના ખર્ચે આકાર લેનારા ૮૦ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ૩૭૩ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહેલા ૩૮ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ્સમાં પરિક્રમા માર્ગોનું બ્યુટીફિકેશન, પ્રવેશ દ્વાર, કુંડોનું નવીનીકરણ, શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ, કનેક્ટિવિટી, જળ સંરક્ષણ અને પર્યાવરણીય સંરક્ષણનો સમાવેશ થાય છે. આદિત્યનાથે જણાવ્યું કે ૧૦ વર્ષ પહેલા રામ મંદિરની કલ્પના કરવી મુશ્કેલ હતી, પરંતુ આજે તે વાસ્તવિકતા બની ગઇ છે. તેમણે કહ્યું કે કાશીમાં જ્યાં પહેલા ૫૦ ભક્તો એકસાથે દર્શન કરી શકતા ન હતા, ત્યાં આજે ૫૦,૦૦૦ ભક્તો એકત્રિત થઇ શકે છે. તેમણે બરસાનામાં રોપવે સુવિધાને વયોવૃદ્ધો માટે મોટી રાહત ગણાવી હતી.

### પાકિસ્તાનમાં પૂર

પૂરને કારણે ૩૦૭ લોકોનાં મોત થયાં છે.

પીડીએમએએ પ્રારંભિક અહેવાલમાં જણાવ્યું કે મૃતકોમાં ૨૭૯ પુરુષો, ૧૫ મહિલાઓ અને ૧૩ બાળકોનો સમાવેશ થાય છે. તેમજ ૨૩ લોકો ઘાયલ પણ થયા છે. જેમાં ૧૭ પુરુષ, ૪ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

## મહેસાણામાં ભર ચોમાસે બે દિવસ પાણીકાપ: ૭ લાખથી વધુ લોકોને થશે અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાનો નવો રાઉન્ડ શરૂ થયો છે. આ દરમિયાન મહેસાણા જિલ્લાના સાત લાખથી વધારે લોકોએ પીવાના પાણી માટે વલખાં મારવા પડશે. મળતી વિગત પ્રમાણે, મહેસાણા શહેર અને તાલુકાનાં ૧૧૧ ગામ તેમજ જોટાણા તાલુકાનાં ૨૩ ગામો અને ચાણસ્મા તાલુકાના ત્રણ ગામ મળી આશરે ૭.૫૦ લાખ લોકોને આગામી ૨૦ અને ૨૧ એમ બે દિવસ પીવાનું પાણી મળશે નહીં. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ બે દિવસ શટડાઉન કરીને દેદિયાસણ મુખ્ય હેડ વર્કસ ખાતેના ભૂગર્ભ સમ્પના સાફ-સફાઈની કામગીરી કરવામાં આવશે. મહેસાણા શહેર અને જિલ્લામાં વસતા લોકોને રાજ્ય સરકારના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. જેમાં મહેસાણા શહેરના દેદિયાસણ મુખ્ય હેડવર્કસ ખાતેના ભૂગર્ભ સમ્પના દેદિયાસણ ફીલ્ટર પ્લાન્ટ મારફતે મહેસાણા શહેર, તાલુકાના ૧૧૧ ગામ તથા જોટાણા તાલુકાનાં ૨૩ અને ચાણસ્મા તાલુકાના ત્રણ ગામના અંદાજે ૭.૪૫ લાખ લોકોને પીવાનું શુધ્ધ પાણી વિતરણ કરવામાં આવે છે.

આ શટડાઉનને કારણે, મહેસાણા શહેરના ૨,૮૯,૯૪૫ લોકો તેમજ મહેસાણા, જોટાણા અને ચાણસ્મા તાલુકાના ૧૧૧ ગામો સહિત કુલ ૭.૪૭ લાખ લોકોને પીવાનું પાણી મળશે નહીં.પાણી પુરવઠા બોર્ડ દ્વારા બે દિવસ સુધી પાણી નહીં મળવાના કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ઘણા લોકોને પોતાના ખર્ચે પાણીના ટેન્કર મગાવવાની ફરજ પડશે.

મહેસાણા મહાનગરપાલિકાએ પણ સ્પષ્ટ કર્યું છે કે દેદિયાસણ ફિલ્ટર પ્લાન્ટને પાણી ન મળવાને કારણે શહેરમાં પાણી આપી શકાશે નહીં. બોરના પાણીનું વિતરણ પણ શક્ય નથી. આથી, લોકોને આ બે દિવસ માટે પાણીનો સંગ્રહ કરી રાખવાની અપીલ કરવામાં આવી હતી.

## અમદાવાદમાં મેઘરાજાની ધડબડાટી, માત્ર ત્રણ કલાકમાં સરેરાશ દોઢ ઈંચ વરસાદ: લોકોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં મેઘરાજાએ ૧૬ ઓગસ્ટના રોજ જન્માષ્ટમીના તહેવારના દિવસે ધડબડાટી બોલાવી હતી. સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધીમાં માત્ર ત્રણ કલાકમાં શહેરમાં સરેરાશ દોઢ ઈંચથી જેટલો વરસાદ પડ્યો હતો. વરસાદના પગલે શહેરના હાલ બેહાલ બની ગયા હતા. ઠેર-ઠેર ભરાયેલા વરસાદી પાણી અને ટ્રાફિકજામમાં નાગરિકોને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદ બંધ થયા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને નેતાઓ રોડ ઉપર વરસાદી પાણીનો નિકાલ કરાવવા માટે ઊતર્યા હતા. ત્રણ કલાક સુધી અનેક વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ થઈ શક્યો નહોતો. કરોડોના ખર્ચ કર્યા બાદ પણ શહેરમાં ઠેર-ઠેર પાણીનો ભરાવો થતાં કોન્ટ્રાક્ટરોના કામોની પોલ ખુલી ગઈ હતી. એક તરફ જન્માષ્ટમીનો તહેવાર હતો ત્યારે અધિકારીઓ મસ્ત રહ્યા અને અમદાવાદના નાગરિકો વરસાદી પાણી ભરાવવા અને ટ્રાફિકની સમસ્યાથી ખૂબ જ હેરાન પરેશાન થયા હતા.

શહેરના પૂર્વ વિસ્તારમાં ચાર કલાકમાં મેમકો, કૃષ્ણનગર, નરોડા રોડ અને અસારવા વિસ્તારમાં સવા ચાર ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે નિકોલ વિસ્તારમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. પૂર્વ વિસ્તારમાં પડેલા વરસાદના કારણે ઠેર-ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે થઈને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મીઠાખળી અને અખબારનગર બે અંડરપાસ પાણી ભરાવવાના કારણે બંધ કરવામાં આવ્યા હતા.

ત્રણ કલાક બાદ આ કડી અંડરપાસને વાહન-વ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો. વરસાદી પાણીના નિકાલ માટે વાસણા બેરેજના ચાર જેટલા દરવાજાઓ ૮ ફુટ જેટલા ખોલવા પડ્યા હતા. શહેરના દાણીલીમડા વિધાનસભાના ધારાસભ્ય શૈલેષ પરમારના વાડજ ખાતેના ઘરની બહાર પણ પાણી ભરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસા અગાઉ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રના અધિકારીઓ અને ભાજપ સત્તાધીશો દ્વારા હવામાન વિભાગ સાથે એઆઈ ટેકનોલોજીની મદદથી સંકલન કરીને કયા વિસ્તારમાં સૌથી વધારે વરસાદ પડશે તે મુજબ તાત્કાલિક કોર્પોરેશનનો સ્ટાફ ગોઠવીને કામગીરી કરવાની વાતો પોકળ સાબિત થઈ હતી. સમગ્ર શહેરના તમામ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો અને ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી, પરંતુ આ ઝોનના ઇજનેર વિભાગના વોર્ડ લેવલથી લઈને તમામ અધિકારીઓ વરસાદ બંધ થયા પછી કામગીરી કરવા નીકળ્યા હતા.

## ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓ વચ્ચે વિવાદ: મનીષ સિંહે અભય ચુડાસમાને ₹૮ લાખ જમા કરાવવા કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓ વચ્ચે ફરી કોલ્ડ વોરની શરૂઆત થઈ છે. એક જુનિયર આઈપીએસ અધિકારીએ એડિશનલ ડીજીપી સામે રિકવરી કાઢી હતી. તેમણે કહ્યું કે, તમે સરકારી વાહનનો ખાનગી ઉપયોગ કર્યો છે એટલે અંદાજે આઠ લાખ રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરાવો.

સૂત્રો મુજબ, આઈપીએસ મનીષ સિંહ અને સિનિયર આઈપીએસ અભય ચુડાસમા વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું હતું. મનીષ સિંહ સામે કેટલીક ખાતાકીય તપાસ કરવાની હતી, જે અજય ચુડાસમાના ભાગે આવી હતી. ચુડાસમાએ મનીષ સિંહ વિરુદ્ધ સરકારને રિપોર્ટ સુપરત કર્યો હતો. મનીષ સિંહ લાંબા સમયથી સાઇડ લાઇન પર છે. ડીજીપી ઓફિસમાં આવેલા મોટર ટ્રાન્સપોર્ટના એસપી તરીકે તેઓ ફરજ બજાવે છે. મોટર ટ્રાન્સપોર્ટ વિભાગની જે કામગીરી ગુજરાત પોલીસનાં વાહનોની ફાળવણી કરવી તેમજ નવાં વાહનો ખરીદવાની છે.

હાલ અભય ચુડાસમા લાંબા સમયથી ગુજરાત સરકારની કરાઇ એકેડમીમાં પ્રિન્સિપાલ તરીક ફરજ બજાવે છે. હાલમાં તેઓ એડિશનલ ડીજીપી તરીકે ફરજ બજાવે છે. કરાઈ એકેડમીમાં મૂકવામાં આવ્યા બાદ તેમણે રાજીનામું આપ્યું હતું પરંતુ સરકારે સ્વીકાર્યું નથી. હવે તેઓ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે. આ દરમિયાન મનીષ સિંહે એક લેટર લખ્યો છે, જે મુજબ જ્યારે સરકારી અધિકારીને રહેઠાણ ફાળવવામાં આવે ત્યારે તે આવવા-જવા માટે સરકારી વાહનનો ઉપયોગ કરી શકે છે. અભય ચુડાસમા હાલ કરાઈ એકેડમીના પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે અને આ એકેડમીમાં જ એક સરકારી આવાસ છે, જે આચાર્ય માટે બનાવવામાં આવ્યું છે. પણ અભય ચુડાસમા ત્યાં રહેતા નથી. તેના બદલે તેઓ અમદાવાદના પોતાના નિવાસ સ્થાનેથી સરકારી વાહન દ્વારા આવ-જા કરે છે. આમ તેમણે અમદાવાદથી ગાંધીનગર સુધી આવવા જે સરકારી વાહનનો ઉપયોગ કર્યો તે ખાનગી ઉપયોગ ગણવામાં આવ્યો હતો. કારણ કે તેમનું કાયદેસરનું રહેઠાણ કરાઇ એકેડમી છે પરંતુ તેના બદલે તેઓ દરરોજ અમદાવાદથી કરાઈ આવે છે. આ રીતે મહિને તેઓ ૩૦૦૦ કિલોમીટર સરકારી વાહનનો ખાનગી રીતે ઉપયોગ કરે છે. એટલે તેમણે હમણા સુધી સરકારી વાહનનો ખાનગી ઉપયોગ કર્યો તેનો પેટ્રોલ ખર્ચ ગણીએ તો રૂ. ૭.૯૨ લાખ થાય છે. આ ખર્ચ એમટી સેકશનના પોલીસ ઇન્સ્પેક્ટરે વસૂલવો એવો એસપી મનીષ સિંહે આદેશ આપ્યો હતો.

આ ઉપરાંત મનીષ સિંહે એમટી સેક્શનના પીઆઈને પણ બીજો એક પત્ર લખ્યો છે. જેમાં ફરી ન રહેલા અને રિઝર્વ વાહનો સરકારને પરત કરવા પણ જણાવ્યું હતું. આમ મનીષ સિંહે અભય ચુડાસમા નિવૃત્ત થાય તે પહેલા ૭.૯૨ લાખ વસૂલ કરવાનો આદેશ આપ્યો હતો.

## ગુજરાતના ૫૩૭.૫૦ કિલોમીટર દરિયાકાંઠાનું ધોવાણ થયું: સંસદમાં સરકારે આપી જાણકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ ચિંતાનો વિષય બન્યો છે. જળવાયુ પરિવર્તનના કારણે સમુદ્રની સપાટી વધી રહી છે જેથી સમુદ્રકિનારાના વિસ્તારો દરિયામાં સમાઈ રહ્યા છે.

ગુજરાતના સમુદ્રકિનારા વિસ્તારોનું ધોવાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ગુજરાત સરકાર દર વર્ષે બજેટમાં દરિયાકિનારાના ધોવાણને અટકાવવા માટે નાણાકીય જોગવાઈઓ કરે છે, તેમ છતાં આ સમસ્યા સતત વકરી રહી છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી કિર્તી વર્ધન સિંહે સંસદમાં આપેલી માહિતી મુજબ, ગુજરાતના કુલ દરિયાકાંઠાના ૨૭ ટકાથી વધુ (૫૩૭.૫૦ કિલોમીટર) વિસ્તારનું ધોવાણ થયું છે, જે ૧૯ ટકાના વધારા સાથે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. આ આંકડાઓ દર્શાવે છે કે જમીનના દૃષ્ટિકોણથી રાજ્યનો દરિયાકિનારો વધુને વધુ સંવેદનશીલ બની રહ્યો છે.

નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ (એનસીસીઆર)ના તાજેતરના અહેવાલ મુજબ, સૌથી વધુ ધોવાણ વલસાડ જિલ્લામાં થયું છે, જ્યાં ૬૩.૯૨ કિલોમીટરના દરિયા-કિનારામાંથી ૩૭.૪૮ કિલોમીટર જમીનનું ધોવાણ થયું છે, જે ૫૮.૬૪ ટકા જેટલું છે. આ ઉપરાંત, નવસારીમાં ૧૭.૧૮ કિલોમીટર અને સુરતમાં ૮.૧૮ કિલોમીટર જમીન દરિયામાં સમાઈ ગઈ છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ધોવાણની ગંભીર સમસ્યા જોવા મળે છે. જેમ કે, પોરબંદર: ૫૦.૯૮ કિલોમીટર, જામનગર: ૪૮.૫૬ કિલોમીટર, ગીર સોમનાથ: ૪૪.૪૦ કિલોમીટર, ભાવનગર: ૩૩.૮૬ કિલોમીટર, દેવભૂમિ દ્વારકા: ૬૧.૮૮ કિલોમીટર થયું છે. જ્યારે કચ્છ જિલ્લામાં ૫૫૨.૯૫ કિલોમીટરના દરિયાકિનારામાંથી ૧૫૮.૭૬ કિલોમીટર જમીનનું ધોવાણ થઈ ચૂક્યું છે. સમગ્ર રાજ્યમાં, ૧૫ જિલ્લાઓમાં ફેલાયેલા કુલ ૧,૯૫૦.૬ કિલોમીટરના દરિયાકાંઠામાંથી ૫૩૭.૫ કિલોમીટર જમીનનું ધોવાણ થઈ ચૂક્યું છે.

## ગંભીરા બ્રિજના કેબલની ચકાસણી થશે: ૧૫ દિવસમાં રિપોર્ટ આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાની ગંભીર બ્રિજ દુર્ઘટનાને એક મહિના કરતા વધારે સમય થઈ ગયો છે. છતાં બ્રિજ કયા કારણોસર ધરાશાયી થયો તેનું કારણ જાણી શકાયું નથી. ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનાનું સાચું કારણ જાણવા માટે ગુજરાત સરકારે હવે ઝારખંડ સરકારની મદદ માગી છે. આ ઘટનામાં બાવીસ લોકોનાં મોત થયાં હતાં અને પ્રાથમિક તપાસમાં સ્ટ્રક્ચર ફેલ થવાને કારણે બ્રિજ તૂટ્યો હોવાનું સામે આવ્યું હતું.

આશ્ચર્યજનક વાત એ છે કે, બ્રિજ બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલા સામાનની ગુણવત્તા તપાસવા માટે ગુજરાતમાં યોગ્ય સુવિધા નથી. આ કારણે, બ્રિજના કેબલનો એક ટુકડો સેમ્પલ તરીકે તપાસ માટે ઝારખંડના ધનબાદ ખાતે મોકલવામાં આવ્યો હતો. ધનબાદમાં આવેલી લેબોરેટરીમાં આ પ્રકારના ટેસ્ટ થઈ શકે છે.

આ સેમ્પલ બે દિવસ પહેલાં કુરિયર મારફતે મોકલવામાં આવ્યું હતું અને તે ધનબાદ પહોંચી ગયું છે. આ તપાસ દરમિયાન ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના એક એન્જિનિયર પણ સાક્ષી તરીકે હાજર રહેશે. સરકારને આશા છે કે આ ટેસ્ટનો રિપોર્ટ આગામી ૧૨ દિવસમાં આવી જશે. બ્રિજ બનાવવામાં વપરાયેલો સામાન યોગ્ય હતો કે નહીં તે આ રિપોર્ટ આવ્યા પછી જ ખબર પડશે. આ દુર્ઘટના બાદ ચાર અધિકારીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હાલ આ અધિકારીઓ સામે એસીબી તપાસ કરી રહી છે.

## અમદાવાદ મનપાએ વિવિધ વિસ્તારોમાં ૨૭ પ્લોટ વેચીને ૧૧૮૪ કરોડ ઊભા કર્યા

અમદાવાદ: શહેરનાં જુદા જુદા વિસ્તારોનાં વિકાસ માટે જાહેર કરવામાં આવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ અંતર્ગત વિવિધ હેતુ માટે મ્યુનિ.ને નાનામોટા પ્લોટ પ્રાપ્ત થતાં હોય છે, તેમાંથી વેચાણ થઇ શકે તેવા ૨૭ પ્લોટની હરાજી કરીને મ્યુનિ.સત્તાધીશોએ ૧૧૮૪ કરોડ રૂપિયાની આવક મેળવી છે. મ્યુનિ. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઇ દાણીએ જણાવ્યું હતું કે, શહેરનાં વિવિધ વિસ્તારોમાં વિકાસ માટે ટીપી સ્કીમ જાહેર કરવામાં આવે ત્યારે મ્યુનિ.ને સુવિધાના કામો માટે તેમજ સેલ ફોર રેસિડેન્શિયલ અને સેલ ફોર કોમર્શિયલનાં હેતુ ધરાવતાં પ્લોટ પ્રાપ્ત થતાં હોય છે. આ બન્ને પ્રકારનાં પ્લોટનાં વેચાણની સિસ્ટમથી મ્યુનિ. તિજોરી ઉપર વધારાનો કોઇ બોજ આવતો નથી અને નાગરિકો ઉપર પણ વધારાનાં કરવેરા લાદવાની ફરજ પડતી નથી. છેલ્લા બે વર્ષમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રાઈમ લોકેશન પર આવેલા રેસીડન્શિયલ અને કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ હરાજીથી વેચાણથી આપીને ૧,૧૮૪ કરોડની આવક ઉભી કરવામાં આવી છે. જેમાં ચાંદખેડામાં કોમર્શિયલ હેતુ માટેના કુલ ૬૬,૧૬૮ ચોરસ મીટરનાં ક્ષેત્રફળ ધરાવતા પ્લોટોનાં વેચાણ કરીને ૫૨૫ કરોડ રૂપિયાની સૌથી વધુ આવક પ્રાપ્ત કરવામાં આવી છે. જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનના બોડકદેવમાં ૪૯૨૯ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવતા પ્લોટની ચો.મી દીઠ ૩ લાખ ૨૦ હજારનાં સૌથી વધુ ભાવ સાથે હરાજી કરવામાં આવી હતી અને આ પ્લોટની હરાજીના વેચાણમાંથી ૧૪૮ કરોડની આવક મેળવવામાં આવી હતી. તેમજ બોડકદેવમાં જ ૪,૬૫૮ ચો.મી.નું ક્ષેત્રફળ પરાવતા પ્લોટની ચો. મી દીઠ ૩ લાખ ૭ હજારનો ભાવે હરાજી કરાઈ હતી અને આ પ્લોટની હરાજીના વેચાણ મારફતે ૧૪૩ કરોડની આવક ઊભી કરવામાં આવી છે. જ્યારે મકરબામાં ૯,૯૫૭ ચો.મી નું ક્ષેત્રફળ ધરાવતા કોમર્શિયલ હેતુ માટેના પ્લોટ માટે ૧ લાખ ૫૧ હજારનો ભાવ મળ્યો હતો અને ૩,૭૪૦ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવતા કોમર્શિયલ હેતુનાં પ્લોટ માટે ૧ લાખ ૮૩નો ભાવ મળ્યો હતો. મોટેરામાં ૯૯૩ ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવતા કોમર્શિયલ હેતુ માટેના પ્લોટની હરાજીમાં ૧ લાખ ૪૨ હજારનો ભાવ મળ્યો હતો.

## કૉંગ્રેસે ગુજરાતના ૧૦થી વધુ નેતાઓને મોટી જવાબદારી સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસ પાર્ટીએ તેના સંગઠનને મજબૂત કરવા માટે એક ખાસ અભિયાન શરૂ કર્યું છે, જેના ભાગરૂપે ચાર રાજ્યો માટે ૧૦૫ નિરીક્ષકોની નિમણૂક કરી છે. આ નિરીક્ષકોનું મુખ્ય કામ જિલ્લા સ્તરે કૉંગ્રેસના પ્રમુખોની પસંદગી કરવાનું છે.આ નિર્ણયમાં ગુજરાત કૉંગ્રેસના ૧૦થી વધુ નેતાઓને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આ નેતાઓમાં ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, અમીબેન યાજ્ઞિક, હિંમતસિંહ પટેલ, લાલજીભાઈ દેસાઈ, અનંતભાઈ પટેલ, અમૃતજી ઠાકોર, ઇમરાન ખેડાવાલા, બિમલભાઈ શાહ અને પલક વર્માનો સમાવેશ થાય છે. આ તમામ નેતાઓ હવે પંજાબ, ઉત્તરાખંડ, ઝારખંડ અને ઓડિશા જેવા રાજ્યોમાં જઈને પાર્ટીને મજબૂત કરવાનું કામ કરશે. પંજાબના કુલ ૨૯ નિરીક્ષકોમાંથી ગુજરાતના બે નેતાઓ, ભરતસિંહ સોલંકી અને લાલજી દેસાઈનો સમાવેશ કરાયો હતો. ઉત્તરાખંડના ૨૬ નિરીક્ષકોની યાદીમાં ગુજરાતના પાંચ નેતાઓ જગદીશ ઠાકોર, શક્તિસિંહ ગોહિલ, શૈલેષ પરમાર, હિંમતસિંહ પટેલ અને અમૃત ઠાકોરને સ્થાન મળ્યું હતું. ઝારખંડના પચીસ નિરીક્ષકોમાંથી ગુજરાતના ત્રણ નેતાઓ, ડો. અમી યાજ્ઞિક, અનંત પટેલ અને ઈમરાન ખેડાવાલાની પસંદગી થઈ હતી. જ્યારે ઓડિશાના ૩૫ નિરીક્ષકોની યાદીમાં ગુજરાતના એક માત્ર નેતા બિમલ શાહને જવાબદારી સોંપવામાં આવી હતી.

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન બન્યાને ૧૫ વર્ષ વીત્યા છતાં શહેર પોલીસ કમિશનર વિહોણું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનું પાટનગર ગાંધીનગર રાજ્યનું એકમાત્ર એવું શહેર જ્યાં છેલ્લા ૧૫ વર્ષથી પોલીસ કમિશનરની નિમણૂક થઈ નથી. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (જીએમસી)ની સ્થાપનાને ૧૫ વર્ષ અને ત્રણ ચૂંટણી ચક્ર પૂર્ણ થયા હોવા છતાં, કાયદો અને વ્યવસ્થાની જવાબદારી હજી પણ પોલીસ સુપ્રિટેન્ડન્ટના હાથમાં છે. ગૃહ વિભાગે ૨૦૨૧-૨૨ના બજેટમાં ગાંધીનગર માટે પોલીસ કમિશનરેટની સ્થાપના માટે જોગવાઈ કરી હતી, પરંતુ કચેરીની સ્થાપનાની પ્રક્રિયા હજુ પણ લંબાઈ રહી છે.

મળતી વિગતો મુજબ, શહેરી વિસ્તારની કાર્યક્ષેત્રની સીમાઓને લગતા વિવાદોના કારણે પોલીસ કમિશનરની નિમણૂક અટકી પડી છે. હાલમાં ગુજરાતના અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને જૂનાગઢ જેવા સાત શહેરોમાં પોલીસ કમિશનરેટ કાર્યરત છે, જ્યારે ગાંધીનગર આ યાદીમાંથી બાકાત છે. એક ગૃહ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરની વધતી વસ્તી અને વિસ્તારને જોતાં પોલીસ કમિશનરેટ અત્યંત જરૂરી છે. કચેરી માટેનું સ્થળ પણ નક્કી થઈ ગયું છે, પરંતુ સરકાર તરફથી કેટલીક વિસંગતતાઓ દૂર કરવાની બાકી હોવાથી આખરી નિર્ણયમાં વિલંબ થઈ રહ્યો છે.

જ્યાં રાજ્ય સરકાર પાટનગરને છેલ્લા ત્રણ વર્ષથી ન્યાય આપી શકી નથી, ત્યાં રાજ્યના બાકીના નવ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પોલીસ કમિશનરની નિમણૂકનો વિચાર પણ દૂરની વાત લાગે છે. આ સ્થિતિ પાટનગરની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરી રહી છે.

## અમદાવાદમાં જન્માષ્ટમીએ ધોધમાર વરસાદ: બે અંડરપાસ બંધ કરવા પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જન્માષ્ટમીના તહેવારના દિવસે, અમદાવાદમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં, માત્ર બે કલાકમાં જ શહેરમાં સરેરાશ સવા ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે મીઠાખળી અને અખબારનગર અંડરપાસ બંધ કરવા પડ્યા હતા. શહેરના પૂર્વ વિસ્તારમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. મેમ્કો, કૃષ્ણનગર, ઈન્ડિયા કોલોની, નિકોલ અને અસારવા જેવા વિસ્તારોમાં તો ત્રણથી ચાર ઇંચ વરસાદ પડ્યો હતો.જેના કારણે રસ્તાઓ પર કમર સુધી પાણી ભરાઈ ગયા હતા જ્યારે, શહેરના પશ્ચિમ વિસ્તારોમાં પણ મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો. નરોડા જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રાજ્યમાં હાલ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી ૧૯ ઓગસ્ટ સુધી ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેશે તેવી આગાહી છે, જેમાં અમદાવાદ અને ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે.

## ગાંધીનગર એસએમસીની ટીમે રાજકોટ-અમદાવાદ હાઇવે પરથી ૨.૦૮ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પરથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહીમાં એસએમસી દ્વારા કુલ છ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાંથી બેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એસએમસીની ટીમે બાતમીના આધારે હાઈવે પર બલદાણા ગામ પાસે આવેલી પંચદેવ હોટલના કમ્પાઉન્ડમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન એક ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હતો. પોલીસે ટ્રકની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૩,૯૩૧ બોટલો મળી આવી હતી.પોલીસે સ્થળ પરથી દારૂ ઉપરાંત ૩૦ લાખ રૂપિયાની કિંમતનો ટ્રક, ત્રણ મોબાઈલ ફોન અને રોકડ પણ જપ્ત કરી હતી. આમ, કુલ ૨.૦૮ કરોડ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. એસએમસીની ટીમે ટ્રક ચાલક અને દારૂ મંગાવનારના એક ખાનગી માણસ સહિત બે શખ્સોને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા.

## અમદાવાદ રિવરફ્રન્ટ પર બે વર્ષની બાળકી સાથે માતાએ નદીમાં ઝંપલાવ્યું

અમદાવાદ: સાબરમતી રિવરફ્રન્ટ પર ગઈકાલે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની હતી. એક માતા પોતાની બે વર્ષની દીકરી સાથે નદીમાં કૂદી પડી, જેના કારણે બંનેનાં મૃત્યુ થયા હતા. આ ઘટના ગઈકાલે, ૧૫ ઓગસ્ટે, સાંજે ૬ વાગ્યાની આસપાસ ઉસ્માનપુરા રિવરફ્રન્ટ પાસે બની હતી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, મહિલા પોતાની નાની બાળકી સાથે રિવરફ્રન્ટ પર આવી હતી અને અચાનક નદીમાં કૂદી પડી. નદીમાં ડૂબી જવાથી માતાનું મૃત્યુ થયું અને તેનો મૃતદેહ પાણી પર તરવા લાગ્યો હતો. આ દરમિયાન, તેમની દીકરી માતાના મૃતદેહ પર જીવતા રહેવા માટે વલખા મારી રહી હતી. લોકોએ આ દૃશ્ય જોતા તરત જ પોલીસ અને રિવર રેસ્ક્યૂ ટીમને જાણ કરી. રેસ્ક્યૂ ટીમના ભરત માંગેલા અને તેમની ટીમે માતા-પુત્રી બંનેને નદીમાંથી બહાર કાઢ્યા. ત્યારે બાળકી જીવિત હોય તેવું લાગતા, ભરત માંગેલાએ તેને સીપીઆર આપ્યું હતું. સીપીઆરઆપતા જ બાળકી રડવા લાગી હતી. બાળકીનો જીવ બચાવવા માટે, તેને તાત્કાલિક પોલીસની ગાડીમાં હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. રસ્તામાં એમ્બ્યુલન્સ મળતા તેને તેમાં ટ્રાન્સફર કરીને વધુ સારવાર માટે વીએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

સ્થળ પર પહોંચેલી ટીમે તરત જ બચાવ કામગીરી શરૂ કરી. જોકે, માત્ર બાળકીને જ જીવિત બહાર કાઢી શકાઈ, જ્યારે માતાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. દુર્ભાગ્યવશ, બાળકીના ફેફસાંમાં પાણી ભરાઈ જવાને કારણે મોડી રાત્રે હોસ્પિટલમાં તેનું પણ મૃત્યુ થયું. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બાળકી માતાના મૃતદેહ પર વલખાં મારતી જોવા મળે છે. આ ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું: ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ચોમાસાનો નવો રાઉન્ડ શરૂ થયો હતો. રાજ્યમાં એક સાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હોવાથી ૧૯ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યના જુદા-જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. ૧૮ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. રવિવારથી રાજ્યમાં વરસાદનું જોર વધશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. આ ઉપરાંત માછીમારોને ૨૦ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવાની સલાહ આપી હતી. રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. બોટાદના રાણપુરમાં સૌથી વધુ ૨.૨૪ ઇંચ વરસાદ પડ્યો હતો. ખેડામાં ૨.૨૦ ઇંચ, દસાડામાં ૨.૧૭ ઇંચ, ઉનામાં ૨.૦૯ ઇંચ, લીંબડીમાં ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ૫ તાલુકામાં ૨ ઇંચથી વરસાદ નોંધાયો હતો. ૨૩ તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ૧૧૪ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો હતો. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૬૫.૬૭ ટકા વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સિઝનનો સૌથી વધુ ૭૦.૧૧ ટકા વરસાદ પડ્યો છે. જ્યારે કચ્છમાં ૬૫.૪૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૯ ટકા, પૂર્વ મધ્યમાં ૬૭.૪૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૮.૩૨ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૭૫.૧૧ ટકા ભરાયેલો છે. રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૭૦.૫૯ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી જ સારો વરસાદ હોવા છતાં હજુ પણ ૩૨ જળાશયો ૨૫ ટકાથી પણ ઓછા ભરાયા છે. રાજ્યમાં ૫૧ ડેમ હાઇ એલર્ટ પર છે.

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કાર્ગો શિપ માછીમારીની બોટ સાથે ટકરાઈ: ૧૫ માછીમારને બચાવાયા

પાલઘર: પાલઘર નજીકના દરિયામાં કાર્ગો શિપ માછીમારીની બોટ સાથે ટકરાતાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સદ્નસીબે બે બોટની મદદથી સમયસર મદદ મળી રહેતાં ૧૫ માછીમારને બચાવી લેવાયા હતા. પાલઘર જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માતગ્રસ્ત બોટને ૧૭ કલાકની જહેમત પછી પાણીમાંથી કિનારે લાવવામાં સફળતા મળી હતી.પાલઘરના દરિયાકિનારેથી ત્રણ નોટિકલ માઈલ દરિયામાં ૧૪ ઑગસ્ટની રાતે આ ઘટના બની હતી.

કાર્ગો શિપ એટલા જોરથી ટકરાઈ હતી કે ‘શ્રી સાંઈ’ બોટમાંના ચાર માછીમાર દરિયામાં ફંગોળાયા હતા. જોકે ચારેય જણ તરીને ફરી બોટ પાસે પહોંચ્યા હતા.

મદદ માટેનો કૉલ મળતાં જ નજીકની બે બોટ ‘જય સાંઈ પ્રિયા’ અને ‘જય સાંઈ રામ’ માછીમારોને બચાવવા પહોંચી ગઈ હતી. માછીમારોને ઉગારી લેવાની સાથે અકસ્માતગ્રસ્ત બોટને પણ બચાવવાના પ્રયાસ કરાયા હતા. બન્ને બોટની મદદથી અકસ્માતગ્રસ્ત બોટને રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મુરબે પોર્ટ તરફ લઈ જવાની કવાયત શરૂ કરાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ભારે પવન અને ઊંચાં મોજાંને કારણે કિનારે પહોંચવામાં મુશ્કેલી નડી રહી હતી. આખરે બીજે દિવસે મુરબેથી વધુ બે બોટ બચાવ કામગીરીમાં જોડાઈ હતી. ૧૭ કલાકની જહેમત પછી બોટને કિનારે લાવી શકાઈ હતી. (પીટીઆઈ)

પાંચમા પાનાનું ચાલુ

## શિવસેના (યુબીટી)

મનપાની ગયા વખતની સ્થિતિ પર નજર નાખે તો, ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના સતત બીએમસીમાં નંબર એક રહી છે -૧૯૯૭ (૧૦૩ બેઠકો), ૨૦૦૨ (૯૭ બેઠકો), ૨૦૦૭ (૮૪ બેઠકો), ૨૦૧૨ (૭૫ બેઠકો) અને ૨૦૧૭ (૮૪ બેઠકો) પર શિવસેનાએ વિજય મેળવ્યો હતો. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં પક્ષની સ્થિતિનું વિગતવાર વિશ્લેષણ દર્શાવે છે કે શિવસેના ૮૪ બેઠકો સાથે આગળ હતી, પરંતુ ત્યારબાદ ભારતીય જનતા પાર્ટી (૮૨), કોંગ્રેસ (૩૧), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (૯), મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (૭), સમાજવાદી પાર્ટી (૬), ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (૨) અને અન્ય (૬) છે. આનો અર્થ એ થાય કે પાલિકાની સત્તામાં ભૂતપૂર્વ સાથી રહેલા શિવસેના અને ભાજપ વચ્ચેનો તફાવત ફક્ત બે બેઠકોનો છે.

જ્યાં સુધી નવ એમએમઆર કોર્પોરેશનોનો સંબંધ છે - શિવસેના (યુબીટી) અને એમએનએસ બંનેની હાજરી જોવા મળે છે, જોકે, ભાજપ અને તેના સાથી પક્ષો બંને ઠાકરે બંધુઓ સાથે આવે એવું માનીને અત્યારથી જ તેમનો સામનો કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. મુંબઈ મનપામાં બંને ઠાકરે બંધુઓનો સામનો કરવાની જવાબદારી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાના ખાસ વિશ્વાસુ પ્રવીણ દરેકર અને પ્રસાદ લાડને સોંપી છે, જેઓ અત્યારે બેસ્ટની ક્રેડિટ સોસાયટીમાં બંને ઠાકરેની યુતિનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત ભાજપના મુંબઈ અધ્યક્ષ આશિષ શેલારને પણ મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ભાજપના પ્રદેશાધ્યક્ષ રવીન્દ્ર ચવાણ કલ્યાણ-ડોંબિવલી અને ભિવંડીમાં ઠાકરે બંધુઓની યુતિને ખાળવાનો પ્રયાસ કરશે. થાણેમાં એકનાથ શિંદે બંને ઠાકરેઓનો પડકારનો સામનો કરશે અને નવી મુંબઈમાં ગણેશ નાઈકે મોરચો સંભાળ્યો છે.

## વિક્રોલીમાં

વિક્રોલી (પશ્ચિમ)માં પાર્ક સાઈટમાં વર્ષા નગરમાં ડુંગરાળ વિસ્તારમાં ભેખડ ધસી પડીને નીચે રહેલા ઝૂંપડા પર પડી હતી, જેમાં બે લોકોનાં મૃત્યુ થયા હતા. તો અન્ય બે જખમી થયા હતા. પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શુક્રવારે મોડી રાતના ૨.૩૯ વાગે ભેખડ ધસીને નીચે ઝૂંપડા પર પડી હતી. વિક્રોલી પાર્ક સાઈટ વિસ્તાર ભૂસ્ખલન-સંભવિત ઝોન હેઠળ આવે છે અને જગ્યા શહેરના કલેકટરના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. ભેખડ ધસીને નીચે રહેલા ઝૂંપડા પર પડી હતી, તેમાં એક જ પરિવારના ચાર લોકો જખમી થયા હતા. તેમને રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મોડી રાતના ભારે વરસાદ વચ્ચે ભેખડ ધસી પડવાને કારણે અફરાતફરી મચી ગઈ હતી અને ઝૂંપડા પર માટી અને પથ્થર સહિતનો કાટમાળ તૂટી પડતા આજુબાજુના રહેવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા.

ફાયરબ્રિગેડ, પોલીસ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઝૂંપડામાં ફસાઈ ગયેલા લોકોને બહાર કાઢીને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જેમાં ૫૦ વર્ષના સુરેશ મિશ્રા અને ૧૯ વર્ષની દીકરી શાલુ મિશ્રાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તો ૪૫ વર્ષની તેની પત્ની આરતી મિશ્રા અને ૨૦ વર્ષના દીકરા રૂતુરાજ મિશ્રા પર સારવાર ચાલી રહી છે. તેમની હાલત સ્થિર છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પૂર્વ ઉપનગરમાં વિક્રોલીમાં શુક્રવારે મોડી રાતના સૌથી વધુ વરસાદ પડયો હતો. શુક્રવાર રાતના ૧૧ વાગ્યાથી શનિવાર સવારના પાંચ વાગ્યા સુધીમાં વિક્રોલી પૂર્વના ટાગોર નગરમાં ૨૧૩ મિ.મી. અને વિક્રોલી પશ્ચિમમાં ૨૧૧ મિ.મી. વરસાદ પડયો હતો. ભારે વરસાદને પગલે ડુંગરાળ વિસ્તારમાં ભેખડ ધસી પડવાનું જોખમ વધારે હોય છે. જીઓલોજીકલ સર્વેક્ષણમાં પૂર્વ ઉપનગરમાં વિક્રોલીને સૌથી વધુ ભેખડ ધસી પડવાનું સ્થાન ગણાવ્યું છે. અહીં મોટી સંખ્યામાં ડુંગરો પણ માનવ વસતી આવેલી છે. મે મહિનામાં પાલિકાએ ડુંગરાળ વિસ્તારમાં રહેતો લોકોને ચોમાસામાં ભેખડ ધસી પડવાનું જોખમ હોવાની ચેતવણી આપીને જગ્યા ખાલી કરીને સુરક્ષિત સ્થળે જવાની નોટિસ આપી હતી. જોકે સ્થાનિક રહેવાસીઓના દાવા મુજબ તેમને પાલિકા તરફથી આ વિસ્તારમાં ભેખડ ધસી પડવાનું જોખમ હોવાનું અને જગ્યા ખાલી કરવાની કોઈ નોટિસ મળી ન હોવાનો દાવો કર્યો હતો.

## થાણેમાં

હાંડીનો તહેવાર ઉજવવામાં આવે છે. આ દિવસે યુવાનો દોરડા વડે હવામાં લટકાવેલી દહીંની હાંડી તોડવા માટે માનવ પિરામિડ બનાવે છે.

પૂર્વેશે કહ્યું હતું કે, ‘અગાઉ, અમારા મંચ પર નવ થરનો રેકોર્ડ સ્થાપિત થયો હતો. આજે, કોંકણ નગરના ગોવિંદાઓએ દસ થર હાંસલ કર્યા હતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્કૃતિ યુવા પ્રતિષ્ઠાન દ્વારા વર્તકનગરના મેદાનમાં દહીં હાંડી ઉત્સવ ઉત્સાહ અને આનંદથી ઉજવવામાં આવી રહ્યો છે. દર વર્ષની જેમ આ જૂથો દ્વારા લાખો રૂપિયાના ઇનામો રાખવામાં આવ્યા છે.

આ વર્ષે, નવ થર બનાવનાર ગોવિંદા ટીમને ૧૧ લાખનું ઇનામ અને આકર્ષક ટ્રોફીથી સન્માનિત, વિશ્વ વિક્રમ તોડનાર ગોવિંદા ટીમ માટે પચીસ લાખનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ દહીં હાંડી ઉત્સવમાં ૯ લેયર લગાવનાર ગોવિંદા ટીમને પાંચ લાખ અને આકર્ષક ટ્રોફી, ૮ લેયર લગાવનાર ગોવિંદા ટીમને ૨૫ હજાર અને આકર્ષક ટ્રોફી, ૭ લેયર લગાવનાર ગોવિંદા ટીમને ૧૫ હજાર અને ટ્રોફી, ૬ લેયર લગાવનાર ગોવિંદા ટીમને ૧૦ હજાર અને ટ્રોફી, પાંચ લેયર લગાવનાર ગોવિંદા ટીમને પાંચ હજાર અને ટ્રોફી આપવામાં આવશે. મુંબઈ અને થાણેની મહિલાઓની ગોવિંદા ટીમને પણ ખાસ સન્માન આપવામાં આવશે અને તેમના માટે ખાસ ઈનામ પણ રાખવામાં આવ્યું છે.

મુંબઈમાં કોંકણનગર ગોવિંદા ટીમે શરૂઆતમાં નવ સ્તરીય સફળ સલામી આપી હતી. આ પછી, તેમને દસ થર લગાવવાની તક આપવામાં આવી હતી. આ તક પછી, દસ થર લગાવતાની સાથે જ મેદાનમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે, મેં પહેલાથી જ ઇનામ જાહેર કરી દીધું હતું. હું કોંકણ નગરને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. તેઓએ ખરા અર્થમાં દેશભક્તિ બતાવી, તમે મરાઠી એકતા બતાવી. હું આ ટીમને પચીસ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરું છું.

### જય-જવાન પથકનો વર્લ્ડ રેકોર્ડ તોડનાર કોંકણ નગર ગોવિંદા પથક કોણ છે?

ઘણા વર્ષોથી, ગોવિંદા પથકો ૧૦ થર લગાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ આજે આ વર્લ્ડ રેકોર્ડ તૂટી ગયો છે. રસપ્રદ વાત એ છે કે, આ ટીમ પણ જોગેશ્વરીની જ છે.

મુંબઈના જોગેશ્વરીની જય-જવાન ગોવિંદા ટીમ અને મઝગાંવની તાડવાડી ગોવિંદા ટીમ માનવ પિરામિડ બનાવવાની શિસ્તબદ્ધ પદ્ધતિ માટે જાણીતી હતી. ગોવિંદા ટીમોમાં જય-જવાન ટીમને ઉપનગરોનો રાજા કહેવામાં આવતો હતો. પરંતુ શનિવારે યોજાયેલી દહીં હાંડીમાં, કોંકણ નગર ગોવિંદા ટીમે ૧૦ જેટલા થરો લગાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, આ ટીમ પણ જોગેશ્વરીની છે.

જોગેશ્વરીના કોંકણ નગર વિસ્તારમાં રહેતી ગોવિંદા ટીમ છે. ૩૮ વર્ષીય વિવેક કોચરેકર આ ટીમના કોચ છે. તેઓ છેલ્લા ૧૨ વર્ષથી આ ટીમમાં કામ કરી રહ્યા છે અને તાલીમ આપી રહ્યા છે. આ ટીમ અહીંની સૌથી જૂની ટીમોમાંની એક છે. આ ટીમ ખૂબ જ શિસ્તબદ્ધ રીતે થર લગાવવા માટે પ્રખ્યાત છે. ૨૦૧૨માં, તેઓએ સાત સ્તરો બનાવવાનું શરૂ કર્યું. બાદમાં, તેઓએ આઠ સ્તરોનો અભ્યાસ કર્યો. પરંતુ હાંડીમાં ભાગ લેતી વખતે, તેઓ સાત સ્તરો બનાવવામાં સફળ રહ્યા. ૨૦૧૫માં, જય-જવાન, તાડવાડી અને બીજી ટીમ નવ સ્તરો બનાવવા માટે પ્રખ્યાત થઈ હતી. શનિવારે જ્યારે દહી હાંડીનું આયોજન થઈ રહ્યું હતું, ત્યારે કોંકણ નગર ગોવિંદા ટીમે સંસ્કૃતિ પ્રતિષ્ઠાનની દહી હાંડીમાં પ્રવેશ કર્યો. ખૂબ જ શિસ્તબદ્ધ રીતે, તેઓએ ૧૦ થર લગાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

## મુંબઈમાં ૨૪

મિ.મી. વરસાદ પડયો હતો, જયારે કોલાબામાં ૮૩.૨ મિ.મી. વરસાદ પડયો હતો. રેકોર્ડ અનુસાર ૨૦૨૦ પછી ઑગસ્ટમાં આ સૌથી વધુ વરસાદ છે. આજે પણ મુંબઈમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે અગાઉ શુક્રવાર માટે યલો અને શનિવાર માટે ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું હતું પણ શુક્રવારે મોડી રાતના વરસાદની તીવ્રતા વધતા ચેતવણી અપગ્રેડ કરવામાં આવી હતી. શુક્રવાર મોડી રાતથી વરસાદની તીવ્રતા વધી હતી.

રાતના ૧૧ વાગ્યાથી શનિવાર સવારના પાંચ વાગ્યા સુધીમાં મુંબઈમાં મુશળધાર વરસાદ પડયો હતો. સાયન, કુર્લા, કિંગ સર્કલ, પરેલ, માટુંગા, વિક્રોલી, ઘાટકોપર, બાન્દ્રા, સાંતાક્રુઝ, અંધેરી જેવા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. લોકલ ટ્રેનોને પણ વરસાદની અસર થઈ હતી.

શુક્રવાર રાતના ૧૧ વાગ્યાથી શનિવાર સવારના પાંચ વાગ્યા સુધીના પાંચ કલાકમાં સાયનોમાં ૧૪૪ મિ.મી., વરલીમાં ૧૩૭ મિ.મી., દાદરમાં ૧૩૭ મિ.મી., રાવળી કેમ્પમાં ૧૩૫ અને સાંતાક્રુઝમાં ૨૧૩ મિ.મી., મરોલમાં ૨૧૬ મિ.મી, અંદેરી ચકાલામાં ૨૦૭ મિ.મી., ટાગોર નગર-વિક્રોલીમાં ૨૧૩ મિ.મી. ઘાટકોપરમાં ૨૦૪ મિ.મી. અને પવઈમાં ૨૦૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સવારના પાંચ વાગ્યા બાદ મુંબઈમાં વરસાદનું જોર થોડું હળવું થયું હતું. સવારના આઠ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં ૫૧.૬૩ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૧૩.૫૯ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૯.૦૯ િમી. વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને પગલે અનેક ઠેકાણે ઝાડ તૂટી પડવાના અને ઘરની દિવાલ તૂટી પડવાની તથા બનાવ બન્યા હતા, જેમાં વિક્રોલીમાં ભેખડ ધસી પડવાથી બેના મોત અને બે જખમી થયા હતા.

### ઘરની બહાર ના નીકળો: સુધરાઈ

મુંબઈમાં વહેલી સવારના થયેલી અતિવૃષ્ટિ બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ પરિસ્થિતિનો અહેવાલ લીધો હતો અને તમામ આસિટન્ટ કમિશનર સહિત સંબંધિત અધિકારીઓની રજા રદ કરી નાખી હતી. વધારાના પંપની મદદથી વરસાદી પાણીનો નિકાલ કર્યો હતો. તેમ જ સવારના ભારે વરસાદને પગલે આવશ્યકતા ન હોય તો ઘરની બહાર નહીં નીકળવાની અપીલ પણ કરી હતી.

### લો પ્રેશરને કારણે વરસાદ

હવામાન વિભાગના અધિકારી શુભાંગી ભૂટેએ જણાવ્યું હતું કે શુક્રવાર મોડી રાતથી શનિવાર વહેલી સવાર સુધીમાં પડેલો મુશળધાર વરસાદ બંગાળની ખાડીમાં નિર્માણ થયેલા લો પ્રેશર અને બંગાળની ખાડીથી અરબી સમુદ્ર સુધી નિર્માણ થયેલા ટ્રફને કારણે પડયો હતો. ભારે વરસાદને ધ્યાનમાં રાખીને મુંબઈ માટેની ઓરેન્જ અલર્ટની ચેતવણીને રેડ અલર્ટમાં અપગ્રેડ કરવામાં આવી હતી.

જયારે સમગ્ર કોંકણ પ્રદેશ ૧૭ ઑગસ્ટ સુધી ઓરેન્જ અલર્ટ હેઠળ રહેશે. શનિવારે રાયગઢ, થાણે અને મુંબઈ માટે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જયારે સમગ્ર કોંકણ પ્રદેશ ૧૭ ઑગસ્ટ સુધી ઓરેન્જ અલર્ટ રહેશે. ૧૮ ઑગસ્ટની આસપાસ ઉત્તર-પશ્ચિમ અને નજીકના પશ્ચિમ-મધ્ય બાંગળની ખાડીમાં નવેસરથી લો પ્રેશર નિર્માણ થશે.

### લાતુરમાં ભારે વરસાદની નદી જોખમી સ્તરે

રાજ્યમાં મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેમાં લાતુરમાં પણ ભારે વરસાદને પગલે શહેરમાં ઠેક-ઠેકાણે પાણી ભરાયા હતા અને નદીઓમાં બે કાંઠે વહી હતી. લાતુર જિલ્લામાં આવેલી તેરણા અને માંજરા નદીમાંથી ભારે વરસાદને કારણે પાણી છોડવામાં આવ્યા હતા. તેરણા બંધના ગેટને સેન્ટીમીટર જેટલા ખોલવામાં આવ્યા હતા. બપોરના છ ગેટ બંધ કરીને પાણી ક્યુસેક છોડવામાં આવ્યું હતું. બીડ જિલ્લામાં આવેલા ગવાલવાડી ગામમાં આવેલી માંજરા નદીમાં પણ પાણી છોડવામાં આવ્યું હતું.

### ત્રણ કલાકમાં આઠ ઈંચથી વધુ વરસાદ પડ્યો

મુંબઈમાં શુક્રવાર રાતના એક વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધી ધોધમાર વરસાદ પડયો હતો, જેમાં દક્ષિણ મુંબઈની સરખામણીમાં ઉપનગરમાં વરસાદનું જોર વધુ રહ્યું હતું. ત્રણ કલાક દરમ્યાનમરોલમાં ૨૦૭ મિ.મી., સાંતાક્રુઝમાં ૨૦૨ મિ.મી., ચકાલા-અંદેરીમાં ૧૯૫ મિ.મી., વિક્રોલી-ટાગોર નગરમાં ૧૯૬ મિ.મી., ઘાટકોપરમાં ૧૯૨ મિ.મી. પવઈમાં ૧૮૭ મિ.મી. વરસાદ પડયો હતો.

### ૧૬થી ૨૧ ઑગસ્ટ રાજ્યમાં અતિવૃષ્ટિ

ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં આગામી દિવસમાં રાજ્યમાં અતિવૃષ્ટિની આગાહી કરી છે, જેમાં ૧૬થી ૨૧ ઑગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન અતિવૃષ્ટિની સાથે જ વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે. કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રના ઘાટ પરિસરમાં અમુક ઠેકાણે અતિવૃષ્ટિ, મરાઠવાડામાં ભારેથી અતિભારે વરસાદ, વીજળીના ગડગડાટ સાથે ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. કોંકણ કિનારપટ્ટી પર આ સમય દરમ્યાન માછીમારોને દરિયા જવાનું ટાળવાની અપીલ કરવામાં આવી છે. સચેત ઍપ મારફત આવિસ્તારના નાગરિકોને અલર્ટનો મેસેજ મોકલવામાં આવી રહ્યો હોવાનું સરકારે કહ્યું હતું.

## આજે મુંબઈ

પણ આજે પાછા ફરવાની શક્યતા છે. હાઇવે પર પહેલાથી રસ્તાની હાલત અને સમારકામને કારણે ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાતી હોય છે ત્યારે આજે પણ ટ્રાફિકમાં પ્રવાસીઓ ફસાવાની શક્યતા છે. હવામાન વિભાગે બીજી તરફ મુંબઈ-થાણે-પાલઘર, રાયગડ સહિત રાજ્યમાં વિવિધ જગ્યાએ વરસાદનું અલર્ટ જાહેર કર્યું છે. તેથી વરસાદ પણ વિઘ્ન બની શકે છે.

વિઘ્નહર્તાના આગમનમાં ભીડ, રેલવે બ્લોકનું અને હાઇવે પરના ટ્રાફિકનું વિઘ્ન એમ તમામ સમસ્યાઓથી ભરેલો આજનો રવિવાર રહેશે. તેમ છતાં મુંબઈમાં દરેક સમસ્યાને માત આપીને ભીડ તો ઊભરાશે જ.

## માનખુર્દમાં હાંડી

તેને મૃત જાહેર કર્યો હતો. બીજો બનાવ મલાડ (પૂર્વ)માં કુરાર વિલેજમાં તાનાજી નગરબન્યો હતો, જેમાં નવ વર્ષનો આર્યન યાદવ નામનો બાળક ગલીમાં બાંધવામાં આવેલી દહિહાંડી ફોડવા ઉપર ચઢયો હતો, તે સમયે નીચે પટકાયો હતો. તેને તરત કાંદીવલીમાં આવેલી ભાભા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. હૉસ્પિટલના જણાવ્યા મુજબ તેની હાલત ક્રિટીકલ છે.

આ દરમ્યાન મોડી સાંજના છ વાગ્યા સુધીમાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાં દહિહાંડી ફોડવા ઉપર ચઢેલા ૭૫થી વધુ ગોવિંદાઓ નીચે પટકાઈને જખમી થયા હતા, જેમાં દક્ષિણ મુંબઈમાં જુદી જુદી હૉસ્પિટલમાં ૪૮ જખમી ગોવિંદાઓને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. તેમાંથી ૨૭ને હૉસ્પિટલમાં દાખલ કરવામાંઆવ્યા હતા, જેમાં ૨૩ વર્ષના શ્રેયાંસ ચાલકેની હાલત ગંભીર છે. તો ૨૧ને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. પૂર્વ ઉપનગરમાં જુદા જુદા વિસ્તારમાં ૧૭ લોકો જખમી થયા હતા, તેમાંથી ચારને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ૧૩ને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. પશ્ચિમ ઉપનગરમાં ૧૦ ગોવિંદાઓ જખમી થયા હતા, તેમને સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખુંટવડા હાલ કાંદિવલી, સ્વ. જયંતીલાલ ફતેચંદ દોશીના ધર્મપત્ની સ્વ. મધુબેન (ઉં. વ. ૭૪) તા. ૧૨-૮.૨૫ના મંગળવારના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. દોશી બચુભાઇ ફતેચંદભાઇના નાનાભાઇના પત્ની. મનુભાઇ-અનુભાઇ-હિરાભાઇ- વિજયભાઇ-ભારતીબેન બળવંતરાય સંઘવી, સ્વ. પૂનમબેન કીર્તિકુમાર શાહના ભાભી. તે સ્વ. મિલન, પારસ, હિરેન, હર્ષાબેન પરેશકુમાર શાહ, નિશાબેન શૈલેષકુમાર શાહના માતુશ્રી. તે વિભા, રૂપલ, જીનલનાં સાસુ. અગતરીયા નિવાસી હાલ મુલુંડ સ્વ. ફાવચંદ ભગવાનદાસ ગાંધીના દીકરી. સાદડી તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી-૫૦૨, હર્ષાલી એપાર્ટમેન્ટ એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**અમદાવાદ દશા પોરવાડ દેરાવાસી જૈન**

હાલ મુંબઇ વરલી નિવાસી, શશીકાંત રતીલાલ શાહ (ઉં. વ. ૯૪) ૧૫/૮/૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તેઓ શ્રીમતી પદમાબહેનના પતિ. દીપ્તિબહેન અને તૃપ્તિબહેનના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ક.દ.ઓસવાલ જૈન**

ગામ સેવક ભરૂડીયા હાલ ડોમ્બીવલી, શા જયંતીલાલ પુનશી ધુલ્લાના ધર્મપત્ની ભાનુબેન (ઉં. વ. ૭૧) તા.૧૪/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવના નરેશ નાગડા રંગપુર, હીના હેમલ ખોના રંગપુર, ચેતનના માતુશ્રી. નરેશ કાંતિલાલ નાગડા, સ્વ.હેમલ નવિનચંદ્ર ખોનાના સાસુજી. જીલ તથા જીનિતના દાદીમા. સંકેત, રચીત, અક્ષીત, ડિન્કલ નાનીમા, સામે પક્ષે માતુશ્રી રાજબાઇ બાબુલાલ અમરશી ખોના ગોરખડીની દીકરી. પ્રાર્થના રાખેલ નથી, લૌકીક વ્યવહાર સદંતર બંધ છે. ૩૦૭. મુકુંદ ધામ, ૩ જે માળે, દિનદયાળ રોડ, આનંદનગર, ડોમ્બીવલી વેસ્ટ.

**ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ધોલેરા નિવાસી હાલ કાંદીવલી, હિંમતલાલ પોપટલાલ ગાંધીના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૭૮) તે વિમલ, સ્વ. હેતલના માતૃશ્રી. કવિતા, ભાવેશકુમારના સાસુ. સ્વ. ધનલક્ષ્મીબેન ચંદ્રકાંતભાઈ, સ્વ.રંજનબેન વસંતભાઈ, મૃદુલાબેન સનતભાઈ, શોભનાબેન નિકુંજભાઈ, રીટાબેન વિનોદરાય, તૃપ્તિબેન જયેશભાઈ, સુરેખાબેન પ્રકાશભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. નાનાલાલ ઉજમશી સંઘવીના દીકરી. સ્વ. વસંતભાઈ, જશવંતભાઈ, મધુબેન, સ્વ. ચંદ્રાબેન, સુધાબેન, સુરેખાબેન, સ્મિતાબેનના બહેન. તા. ૧૫/૮/૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે, પ્રાર્થનાસભા/લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરા (પિપરિયા)ના રાજેન્દ્ર નાગડા (ઉં. વ. ૫૩) તા. ૧૪/૮/૨૫ના અવસાન પામેલ છે. રતનબેન મેઘજી નરશીના પૌત્ર. નવલબેન લાલજીના પુત્ર. યશવંત, પુષ્પા, ભારતી, ચંદ્રીકા, ગુણવંતી, કલ્પના, પ્રીતીના ભાઇ. ડુમરાના લીલબાઇ રવજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે.: યશવંત નાગડા, ૧૦, દિપક નિવાસ, આયરે રોડ, ડોંબિવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૧.

ભોજાયના વિમળાબેન (બચુબેન) ખેરાજભાઈ ગડા (ઉં. વ.૭૮) તા.૨-૮-૨૫ના આયરલેન્ડ મધ્યે અવસાન પામેલ છે. આશબાઈ આશારીયા કાથડના પુત્રવધૂ. ખેરાજભાઈના પત્ની. દિપક, હિરેન, મનીષાના માતા. કોટડા રોહાના મીઠાબેન લીલાધર કાનજી દેઢિયાના પુત્રી. લક્ષ્મીચંદ, હરખચંદ, વસનજી, વલ્લભજી, શાંતિલાલ, ચંદ્રકાંત, મણીલાલ, દેવપુરના કેસરબેન રતનશી, ખારૂઆના પ્રભાબેન ફુલચંદના બેન. પ્રા.શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦. નિ. શ્રી ખેરાજ ગડા. ૧૮/૯, મ્યુનિસિપાલ બિ., રાવલી કેમ્પ, સાયન કોલીવાડા, મું - ૨૨.

મોટી રાયણના અ. સૌ. હેમન(પુષ્પા) હેમચંદ ગડા (ઉં. વ. ૭૮) ૧૫-૮ ના અવસાન પામેલ છે. મણીબેન /લક્ષ્મીબેન રતીલાલ ઠાકરશીના પુત્રવધૂ. હેમચંદના પત્ની. ધર્મેશ, ચંદ્રેશના માતા. મેરાઉ દેવકાબેન (લક્ષ્મીબેન) લાલજી પદમશીના પુત્રી. જસ્મીન નરેન્દ્ર, વીઢ કસ્તુરબેન કલ્યાણજી, બાડા હેમાબેન ચંદ્રકાંત, બિદડા રસીકબેન જગદીશના બહેન. પ્રા. શ્રી હાલારી વી. ઓ. સમાજ વાડી, ફાલકે રોડ, દાદર(ઈ), ટા. ૪ થી ૫.૩૦. નિ. હેમચંદ ગડા, ૩૦૧, અંધેરી સીએચએસ, પ્લોટ નં. ૮, વી. પી. રોડ, અંધેરી (વે), ૫૮.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ, કોદગરા ફળિયું હાલ ઘાટકોપર સ્વ. જશુબેન ગોવિંદભાઈ પટેલ (ઉં. વ. ૮૫) સોમવાર, તા. ૧૧-૮-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. રેવાબેન તથા સ્વ. છનાભાઈના પુત્રવધૂ. સ્વ. રેખાબેન, કોકિલાબેન, ભારતીબેન, મીતાબેન, લલિતભાઈ, શૈલેષના માતુશ્રી. તે સ્વ. ગંગાબેન અને મોરારજી રામજીભાઈના પુત્રી. તે દમયંતીબેન, કલાવતીબેન, રણજિત, હરીશ, સ્વ. ભૂપેનભાઈના બહેન. તે રેખાબેન, હર્ષાબેન, હેમલતાબેનના નણંદ. પુચ્છપાણી ગુરુવાર, તા. ૨૧-૮-૨૫ના ૩ થી ૪. રે. ઠે.: નાયડુ કોલોની, પરિવર્તન સોસાયટી, બિલ્ડિંગ નં. ૧૫૫, પહેલો માળ, રૂમ નં, ૧૦૧, એ બ્લોક, ઘાટકોપર ઈસ્ટ. (લૌકિક રિવાજ બંધ છે).

**કોળી પટેલ**

મૂળ ગામ મેંધર હાલ અંધેરી, જયંતિલાલ પટેલ (ઉં. વ.૭૭) ગુરુવાર તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. ધીરજલાલ લાલદાસ તથા સ્વ શાંતિબેનના પુત્ર, ધનુબેનના પતિ, વિપુલ, કિરણના પિતા, ચિત્રા, મોનિકાના સસરા, પાર્થ, પ્રીશા, શૌર્યાના દાદા. સ્વ. હસમુખભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. મનીલાલ, સ્વ. સુધીરભાઈ, સ્વ. ચંપાબેન, સુલીબેન, જ્યોત્સનાબેનના ભાઈ, ગામ ખખવાડાના સ્વ હરીભાઈ મકનજી તથા પાલીબેનના જમાઈ. સાદડી (બેસણું ) ૧૮ ઓગસ્ટ ૨૦૨૫, સોમવાર ૨ થી ૫. બને પક્ષનું સાથે નિવાસ સ્થાને રાખેલ છે. પુષ્પાણી ૨૫ ઓગસ્ટ ૨૦૨૫, સોમવાર ૩ થી ૫ કલાકે, તેમના નિવાસ સ્થાને એ-૧૧૦૩, શ્રી વાસ્તુ સિદ્ધિ ભવન, આર જે રોડ, મનીષ પાર્કની પાછળ, પમ્પહાઉસ, અંધેરી પૂર્વ.

**નાઘેર દશા મોઢ વણિક**

ગીરગઢડા નિવાસી હાલ વાલકેશ્વર મુંબઈ છગનલાલ જીવરાજ મહેતા (ઉં. વ. ૯૨) તા. ૧૨-૮-૨૫ના રોજ ઇંદોર ખાતે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિમળાબેન છગનલાલ મહેતાના પતિ. જયેશભાઈ, દિલેશભાઈના પિતાશ્રી. તે નયનાબેન, અંજલીબેનના સસરા. તે સ્વ. કાંતિભાઇ, સ્વ. કંકુબેનના ભાઇ. તે દોશી પરિવાર રાજકોટના જમાઇ. તે ફોરમ, પીનાક, વામિકા, યાશિકાના દાદા. તે જુગલભાઈ વખારિયાના દાદા-સસરા. તેમની ઉત્તરક્રિયા તા. ૨૪-૮-૨૫ના ઇંદોર ખાતે રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

અનિલકુમાર મુળરાજ આશર (ઉં. વ. ૭૮) તે મંજુલા નરોતમદાસ આશરના પુત્ર. સ્વ. અરુણાના પતિ. તે જમનાદાસ ચત્રભુજના જમાઇ. સ્વ. કૃષ્ણકાંત તથા સ્વ. ભાનુમતી તુલસીદાસ ઉદેશીના ભાઇ. વ્રજેશ, હરીશ ઉદેશી, તૃપ્તિ મર્ચંટના મામા તા. ૧૫-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાનુશાલી**

કચ્છ ગામ નુંધાતડના ભાનુશાલી ગં. સ્વ. મંજુલાબેન દેવજી શામજી, ખીચડા તા. ૧૪-૮-૨૫ના ઘાટકોપર મધ્યે ઓધવશરણ પામેલ છે. સ્વ. તુલસીબેન, ધરમશી, બાબુભાઇ. બી. કે. હરીલાલ, વસંત, અનિલના માતાજી. જીતેન્દ્ર નિરજ, મિહિર, મંથન, ખ્યાતિ, નિકુંજ, જીયાંશના દાદીમા. ધીરજલાલ લાલજી શેઠીયા ભવાનીપર, દમયંતિ, મંજુલા, હીના, જયશ્રી, હિલોની, ખુશ્બુના સાસુમા. માવિત્ર જેઠાભાઇ શીવજી ગોરીચિઆસર, લાલજી અરજણ હરવરાભાચુંડા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭-૮-૨૫ના રવિવારે કચ્છી ભાનુશાલી વાડી, ૫મે માળે, તીલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

ગામ કોટડા (રોહા) સ્વ. ઝવેરબેન તથા સ્વ. હીરજી હરિરામ કોઠારીના મોટા સુપુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૮૦) તે સ્વ. ભગવાનદાસ કાનજી પોપટના જમાઇ. તે સ્વ. નલિનીબેનનાં પતિ. તે ગં. સ્વ. પ્રભાબેન મંગલદાસ ગણાત્રા, સૌ. પ્રતિમા શંભુભાઇ હરિયાણી, ગં. સ્વ. સુધાબેન પરમાનંદ સચદે, સૌ. રેખા રવિન્દ્ર કતીરા, તે ચંદ્રકાન્ત તથા અશોકનાં ભાઇ. તે નિખિલ તથા હિરલ મહેશ દનાણીના પિતાશ્રી. તથા સૌ. નિકીતાના સસરા શુક્રવાર, તા. ૧૫મી ઓગસ્ટ ૨૫ના રોજ અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ રાજુલા હાલ મીરારોડ સ્વ. માવજીભાઇ અરજણભાઇ વાઘેલા અને ગં. સ્વ. લાભુબેનના પુત્ર સુરેશભાઇ વાઘેલા (ઉં. વ. ૫૮) તા. ૧૫-૮-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે નીલમબેન (સોનલબેન)ના પતિ. તથા ભાવિકભાઇ, હીનાબેન સુમિતકુમાર સિદ્ધપુરાના પિતાશ્રી. મહેન્દ્રભાઇના નાનાભાઇ. નીતાબેનના દીયર. તે લતાબેન ધીરુભાઇ પરમાર, અમિતાબેન ગોવિંદભાઇ ચૌહાણ, ઉષાબેન દિનકરભાઇ મકવાણાના ભાઇ. રતિલાલ પરમાર ચિતળવાળાના જમાઇ. પ્રાર્થનાસભા લુહાર સુતાર વેલફેર સેન્ટર, દતપાડા રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઇસ્ટ), તા. ૧૮-૮-૨૫ સોમવારના સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

સ્વ. રામજી વિશ્રામ ઠક્કર (માણેક) ગામ મોટા રેહા (ગુરુજીવાળા) હાલ અંબરનાથના ધર્મપત્ની ગં. સ્વ. પાર્વતીબેન રામજી ઠક્કર (માણેક) (ઉં. વ. ૮૦) તા. ૧૬-૮-૨૫ શનિવારના અમરધા નિવાસ પામેલ છે. તે સ્વ. કંકુબેન હિરજી રાણાની સુપુત્રી. મમતા સુનીલ, ભારતી સંજય, ભાવેશ, પ્રિતી મુકેશ સોમૈયાના માતુશ્રી. રાજેન્દ્ર શંકરલાલના કાકી. ક્રીશ, શ્રુતિ, વૃત્તિના દાદી. હેમા ગૌરવ, વિધીશા અંક્તિ ઠક્કરના નાની પ્રાર્થનાસભા તા. ૧૭-૮-૨૫ રવિવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. બ્રહ્માંડેશ્વર ભક્ત મંડળ હોલ, જવાહરલાલ નહેરુ રોડ, આર્ય સમાજ હોલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ કોઠારા હાલ કોલાબા નિવાસી ગં. સ્વ. પ્રભાવતીબેન જમનાદાસ રૂપારેલ (ઉં. વ. ૯૧) તા. ૧૪-૮-૨૫ના શિવશરણ પામેલ છે. સ્વ. સાકરબેન મોનજી (શંભુભગત)ની પુત્રવધુ. સ્વ. બબામા વિશનજી કતીરા ગામ ભાચુંડાવાળાના સુપુત્રી. સ્વ. ડો. વિરસેન-સંધ્યા, નરેન્દ્ર, જયશ્રી પરેશ, જયોત્સના રાજેશના માતુશ્રી. સ્વ. પુષ્પા હરિરામભાઇ, અ. સૌ. તારા પુરુષોતમભાઇ, સ્વ. જાનકી હંસરાજ ચંદન, અ. સૌ. માયા પ્રકાશ કોઠારી, સ્વ. મંજુલા મૂળરાજ ઠક્કર, સ્વ. લક્ષ્મીદેવી વસંત કોઠારીના ભાભીશ્રી. શીતલ, હિરલ, ડો. મોહક, ડો. શીના, ડો. પૂર્વી વિપલ, સોહમ, હર્ષ, વિરાચ તથા જાઝમીનના દાદી-નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા દિશાવળ વણિક**

પાનસર નિવાસી હાલ મલાડ મધુબેન (ઉં. વ. ૮૯) તા ૧૩-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કનૈયાલાલ નાથાલાલ શાહના ધર્મપત્ની. સ્વ. નંદુભાઇ, સ્વ. કમળાબેનના દેરાણી. શશીકાંતભાઇ, અશોકભાઇ, કુમુદબેન, સ્મિતાબેનના ભાભી. પિયરપક્ષ સ્વ. બાબુલાલ લલ્લુભાઇ શાહ (બાલીસણા)ની દીકરી. કિંજલ, સમીર-મિતલ, વૈભવ-ખુશ્બુ, દેવીબેન, હેમાંગીનીબેન, ડિમ્પલબેન, હેતલબેનના કાકી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૮-૨૫ સાંજે ૫થી ૭. ઠે. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, મલાડ (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

રમેશભાઇ તન્ના (ઉં. વ. ૮૪) તે સ્વ. મથુરાદાસ વાલજી તન્નાના સુપુત્ર. કુસુમબેન છોટાલાલ ઠક્કર (સુરતવાળા)ના જમાઇ. જયેશ, વિરલ તન્ના, આરતી મહિકાંત રાજાણીના પિતાશ્રી. દિલીપભાઇ, સ્વ.દિનેશભાઇ, સ્વ. દમયંતીબેન, સ્વ. ભાનુબેન, સ્વ. જયશ્રીબેન, સ્વ. ચંદ્રિકાબેનના મોટાભાઇ. હેતલ, વૈશાલી, મહિકાંત રાજાણીનાં સસરા. પ્રાચી, સિદ્ધિ, જીત, હિંતાશના દાદા. તા. ૧૬-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ સોમવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. ભાટીયા ભાગીરથી, દાદીશેઠ અગિયારી લેન, મુંબઇ-૪૦૦૦૦૨.

**કચ્છી લોહાણા**

કચ્છ માંડવીવાળા, ગં.સ્વ.રુક્ષ્મણીબેન (ઉં. વ. ૯૬) તે સ્વ.હરીરામ શિવજી ઠક્કર (ચંદ્રાણા) ના ધર્મપત્ની. તે સ્વ.મોરારજી મુલજી જોબનપુત્રાના સુપુત્રી. અશ્વીન, દમયંતીબેન જેન્તીલાલ, કલાબેન રમેશભાઇ, પ્રતીમાબેન હંસરાજભાઈ, સ્વ.દક્ષાબેન અને પ્રવીણાબેન શીરીષભાઈ તથા હીનાબેન ધીરજલાલના માતુશ્રી. અંકીતના દાદીમા. સૌ.રશ્મિબેન તથા ધારાબેનના સાસુજી, ચી.તક્ષના પરદાદી. તા.૧૫-૮-૨૫ના રામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૮-૨૫ રવિવારના ૪ થી ૬. લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડિયાનગર, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગોલકવાસી કનુભાઈ સોનપાલ (કીર્તિભાઈ) (ઉં. વ. ૭૧) મૂળ ઉમરગામ (સંજાણ) નિવાસી, હાલ મુંબઈ, સ્વ. રમાગૌરી તથા સ્વ. છબીલદાસ સોનપાલના પુત્ર .સોમનાથ નિવાસી સ્વ. શારદાબેન તથા સ્વ. મગનલાલ કોટકના જમાઈ. સ્વ. બંસીબેનના પતિ. મૌલિક અને હર્ષના પિતાશ્રી. સ્વ. નયનાબેન મધુસૂદન ઠક્કર, શ્રીમતી ચંદ્રિકાબેન જનકભાઈ શિંગાળાના ભાઈ, આલિશા અને પૂજાના સસરા બુધવારને તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૮ ઑગસ્ટ ૨૦૨૫ના ૫ થી ૭. કોરા કેન્દ્ર હોલ, એલાઇટ લકઝરી સ્પા અને ગોલ્ડન ડેલિકેસી હોટલની નજીક, દલવીનગર, શિમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**લોહાણા**

મુળ ગામ તુણા (કચ્છ) હાલે ડોમ્બિવલી, જયશ્રીબેન અનમ (ઠક્કર) (ઉં.વ.૭૩) શુક્રવાર તા. ૧૫/૮/૨૫ના અવસાન પામ્યા છે. તે હીરાલાલ મંગળદાસ અનમના ધર્મપત્ની, જયુબેન અશોકભાઈ કેસરીયાના ભાભી. કુંજન સુનિલ પુસલકર, અંજલી વીરેન પાલ, નિખીલ હીરાલાલ અનમ, અખીલ હીરાલાલ અનમના માતુશ્રી. રેશ્મા નિખીલ અનમ અને આશા અખીલ અનમના સાસુ. ગં. સ્વ. લીલાવંતી પુરુષોત્તમ પ્રાગજી બળિયાના પુત્રી. ધ્રુવ, હર્ષ, જીયાન અને સોલના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭/૮/૨૫ના ૪ થી ૬. સફાયર બેન્કેટ્સ, પી.પી.ચેમ્બર, કે.ડી.એમ.સી ઓફિસની સામે, ડોમ્બિવલી ઇસ્ટ.

**માધવપુર ગિરિનારા બ્રાહ્મણ**

ગ. સ્વ. પલ્લવી ભટ્ટ (ઉં. વ. ૭૧) ૧૩/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રસેન મોરારજી ભટ્ટના ધર્મપત્ની. જીગ્નેશ બીજલ તથા દીપલના માતુશ્રી. શ્રદ્ધા, પિયુષ, પ્રજ્ઞેશના સાસુ. સ્વ. મંજુલાબેન, સ્વ. મધુબેનના ભાભી, રણજીતભાઇના ભાઈના પત્ની. સ્વ. મંજુલાબેન જયેન્દ્રભાઈ પુરોહિતના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા, હાલ મલાડ શ્રીમતી દીના મહેતા (ઉં. વ. ૭૮) ડૉ. અરવિંદકુમાર મણિલાલ મહેતાની ધર્મપત્ની. પિયરપક્ષે ડેડાણવાળા સ્વ.વૃજલાલ ગોકલદાસ ગોરડિયાની સુપુત્રી. ડૉ. કેયુર અરવિંદ મહેતા, ડૉ. બેલા, ડૉ. કેશાની માતુશ્રી. ડૉ. આસુતોષકુમાર,ધવલકુમાર અને ડૉ. માનસીની સાસુ. દિતી અને નીવની દાદી. ઉર્જાની નાની. ગુરુવાર તા. ૧૪-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭-૮-૨૫ના ૪ થી ૬. કેવલ બાગ ટ્રસ્ટ કિલાચંદ રોડ, શંકર લેન સામે. ફલાયઓવર બ્રિજ નીચે, કાંદિવલી પશ્ચિમ.

**નવગામ ભાટિયા**

ગોંડલ નિવાસી હાલ ડોમ્બિવલી, મંજુલાબેન હરિદાસ લાલજીભાઈ સંપટ (ઉં. વ. ૮૪) તે અમરેલીવાળા ગો. વા જેઠીબેન જમનાદાસ આશરના દીકરી. હિતેષભાઇ, હર્ષદભાઈ હિના (જ્યોતિ ) જીતેન્દ્રભાઈ આશર, હર્ષદા હિરેનભાઈ વેદના માતુશ્રી ગો. વા લક્ષ્મીના સાસુ. પ્રતીક ધીરના નાની. ૧૪/૮/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ દહિસર, સ્વ. જ્યાલક્ષ્મીબેન ચુનીલાલ જાદવજી મહેતાના સુપુત્ર અજીતભાઈ (ઉં. વ. ૭૪) તે સ્વ. દિનતાબેનના પતિ, મોહિત અને જીગરના પિતા, દિલીપભાઈ તથા સ્વ.અશ્વિન ભાઈના ભાઈ, શ્વસુરપક્ષે બરવાળા બાવીસીવાળા ભગવાનદાસ રાઘવજી પારેખના જમાઈ, ૧૫ મી ઓગસ્ટ શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૧૭/૮/૨૫ના ૪ થી ૬. શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી.રોડ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મુળગામ જૂના દેવળીયા હાલ કાંદિવલી, ગં.સ્વ. લલિતાબેન કાંતીલાલ પુજારા (ઉં. વ. ૮૩) કાંતીલાલ પુજારાના ધર્મપત્ની, સ્વ. જમનાદાસ રતનસી મજીઠીયાના દીકરી, નીતિનભાઈ, રાકેશભાઈ, આશાના માતૃશ્રી, શ્રીમતી કિન્નરીબેનના સાસુ, અંકિત મનાલી દિવ્યાના, ક્રિષ્ના તથા ચૈતન્યના બા. તા. ૧૪-૮-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ સોમવારના ૪:૩૦ થી ૬:૩૦. જેવીજી બેન્કવેટ, લોહાણા બાલાશ્રમ, મથુરદાસ એક્ટેન્સન, મંગુભાઇ દત્તાણીમાર્ગ, અતુલ ટાવરની પાસે, કાંદિવલી વેસ્ટ.

**ઔદિચ્ય ગોરવાળ બ્રાહ્મણ**

રોહીડા હાલ અંધેરી, ગં. સ્વ. મધુબેન બાલકૃષ્ણ ઓઝા (ઉં. વ.૮૨) તા. ૧૨-૮-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. મંછારામ અને સ્વ. પૂર્ણિમાબેનના પુત્રવધૂ, સ્વ. દયાશંકર અને વસંતીબાઈના પુત્રી, જાગૃતિ, ડેલી, જિજ્ઞાસા, પ્રશાંત, વિશાલના માતા. જગદીશભાઈ ડાબી, મનીષભાઈ દસાડિયા, ગિરિશભાઈ ત્રિવેદી, પ્રતિક્ષાબેન, રિધ્ધિબેનના સાસુ. પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ના ૫ થી ૭. સંન્યાસ આશ્રમ, સંન્યાસ આશ્રમ રોડ, તળાવ ગાવઠણ, નવપાડા કમલાનગર, વિલે પાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશાલાડ વણિક**

કાંદિવલી નિવાસી, રીટાબેન (ઉં. વ. ૬૦) તે ઈલેશ કાજીના ધર્મપત્ની, સ્વ. કુસુમબેન, સ્વ. શશીકાંત કાજીના પુત્રવધૂ, સોહિણી ચંદ્રેશ કાજી, સ્વ. રશિમબેન, સ્વ. રાજેશ કાજીના ભાભી, ભાવિક, ભૌમિક, શુભમ, કેતકી, નિલમના કાકી, ગં.સ્વ.ઉમાબેન પ્રમોદભાઈ શેઠની સુપુત્રી. ગુરુવાર તા. ૧૪-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા ૧૭-૮-૨૫ના ૫ થી ૭. લુહાણા મહાજનવાડી એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# મુંબઈમાં ૨૪ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને ફરી એક વખત વરસાદે ધમરોળી નાખ્યું હતું. શુક્રવાર મોડી રાતથી શનિવાર સવાર સુધીના માત્ર પાંચ કલાકમાં જ મુંબઈમાં મુશળધાર વરસાદ પડયો હતો જેને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. શુક્રવારે મોડી રાતે વરસાદની તીવ્રતા વધતા હવામાન વિભાગે મુંબઈ માટે રેડ અલર્ટની ચેતવણી આપી હતી. સવારના વરસાદનું જોર થોડું હળવું થયું હતું અને બાદમાં ફરી વરસાદે જોર પકડયું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ વહેલી સવારના પાંચ કલાકમાં ઉપનગરના અનેક વિસ્તારોમાં ૨૦૦ મિલીમીટરથી વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ શનિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં ૨૪૫ (૧૦ ઈંચ)

(જુઓ પાનું ૪) ▶▶



**હાલાકી:** મુશળધાર વરસાદને કારણે ખરીદી કરવા નીકળેલા લોકોને હાલાકી થઈ હતી, જ્યારે હાઈવે પર ટ્રાફિકની સમસ્યા ગંભીર બની હતી. (અમય ખરાડે)



## ઑગસ્ટ મહિનાનો ૨૪ કલાકનો ત્રીજા નંબરનો હાઈએસ્ટ વરસાદ

લાંબી રાહ જોવડાવ્યા બાદ વરસાદે ફરી એક વખત મુંબઈને ધમરોળી નાંખ્યું હતું. મોટાભાગનો વરસાદ શુક્રવાર રાતના એક વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધી પડયો હતો, જેમાં શનિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં ૨૪૪.૭ મિ.મી. વરસાદ પડયો હતો. જે છેલ્લા ૧૩ વર્ષનો એક દિવસમાં પડેલો ત્રીજા નંબરનો સૌથી વધુ વરસાદ હતો.

સાંતાક્રુઝ વેધશાળાના આંકડા મુજબ ૨૦૧૩થી શરૂ કરીને ઓછામાં ઓછા ૧૩ વર્ષમાં ઑગસ્ટ મહિનામાં એક દિવસમાં પડેલો ત્રીજા નંબરનો સૌથી વધુ વરસાદ હતો. ૧૬ ઑગસ્ટ, ૨૦૨૫માં ૨૪૪.૭ મિ.મી., ૩૦ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ ૩૩૧ મિ.મી. અને ચાર ઑગસ્ટ, ૨૦૨૦ના રોજ ૨૬૮.૬ મિ.મી. વરસાદ પડયો હતો. ચાર ઑગસ્ટ, ૨૦૧૯માં ૨૧૬.૪, છ ઑગસ્ટ, ૨૦૧૬ના ૧૪૧. ૭ મિ.મી, બીજી ઑગસ્ટ, ૨૦૧૩ના ૯૨.૩ મિ.મી. વરસાદ પડયો હતો. સૌથી વધુ વરસાદ ૨૩ ઑગસ્ટ, ૧૯૯૭ના ૩૪૬ મિ.મી. પડયો હતો, જે ઑગસ્ટ મહિનાનો અત્યાર સુધીનો ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ છે. ■

## વિક્રોલીમાં ભેખડ ધસી પડતા બેનાં મોત, બે જખમી

મુંબઈમાં શુક્રવાર રાતથી શનિવાર સુધી આખી રાત મુશળધાર વરસાદ પડયો હતો, જેમાં વિક્રોલી (પશ્ચિમ) પાર્ક સાઈટમાં વર્ષા નગરમાં જનકલ્યાણ સોસાયટી નજીક શુક્રવારના મધરાત બાદ ૨.૩૯ વાગે ભેખડ ધસી પડતા બાપ-દીકરીનાં મૃત્યુ થયા હતા. આ બનાવ બાદ સ્થાનિક રહેવાસીઓએ તેમને ચોમાસા પહેલા આ વિસ્તાર જોખમી હોઈ તેને ખાલી કરવાની કોઈ નોટિસ આપી ન હોવાનો આરોપ પાલિકા પ્રશાસન સામે કર્યો હતો. શુક્રવાર મોડી રાતથી મુંબઈના મુશળધાર વરસાદ ચાલુ થયો હતો. ભારે વરસાદને પગલે (જુઓ પાનું ૪) ▶▶

## મુશળધાર વરસાદથી વસઈ-વિરારમાં જળબંબાકાર

મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં વરસાદે જોરદાર આગમન કર્યું છે, જેમાં વસઈ-વિરારમાં પણ ભારે વરસાદ પડયો હતો. શનિવારે વહેલી સવારથી જ ભારે વરસાદને પગલે વસઈ-વિરારના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વિરારમાં વિરા કોલેજ પરિસર, સાઈનાથ નગર, બોળીંજ , ગ્લોબલ સિટી, નંદાખાલ સહિત નાલાસોપારામાં અલકાપુરી, ગાલા નગર, સંકેશ્વર નગર અને રેલવે પરિસરમાં પાણી ભરાઈ ગયા હતા. તેમ જ વસઈમાં સાગર શેત, ગિરીજ રોડ, માણિકપૂર, વસઈ વિલેજ, બંગાલી નાકા, દેવતલાલ અને નાયગાવ પૂર્વમાં સ્ટાર સિટી, રિલાયબલ, સનટેક જેવા વિસ્તારોમં પાણી ભરાયા હતા. ભારે વરસાદને પગલે રસ્તા પર ઠેર ઠેર પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ હતી. અમુક ઠેકાણે બેથી ત્રણ ફૂટ પાણી ભરાઈ જવાને કારણે ગાડીઓ પાણીમાં ફસાઈ ગઈ હતી. મુંબઈ-અમદાવાદ હાઈ પર પણ ભારે વરસાદને પગલે ટ્રાફિકને અસર થઈ હતી. હાઈવે પર વાહનોની લાંબી લાઈન લાગી હતી. ■

## સૌથી વધુ વરસાદ વિક્રોલીમાં

મુંબઈના અમુક વિસ્તારોમાં સૌથી વધુ વરસાદ પડયો હતો, જેમાં પૂર્વ ઉપનગરના વિક્રોલીમાં ૨૫૭ મિ.મી. એટલે કે ૧૦ ઈંચ વરસાદ પડયો હતો. સાંતાક્રુઝમાં ૨૪૪ મિ.મી., સાયનમાં ૨૨૮ મિ.મી., જુહુમાં ૨૧૯.૫ મિ.મી., બાન્દ્રામાં ૧૮૪ મિ.મી., ભાયકલામાં ૧૭૨ મિ.મી., અને ચેમ્બુરમાં ૧૩૧.૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■

# આજે મુંબઈ ઊભરાશે

### વિઘ્નહર્તાના આગમનમાં અને બજારોમાં ભીડ

### રેલવેમાં બ્લોકની મગજમારી

### હાઈવે પર ચક્કાજામ

### વરસાદનું વિઘ્ન તો છે જ

મુંબઈ: મુંબઈમાં શનિવારે વરસાદનું જોર વધ્યું હતું અને દહીહાંડીનો તહેવાર હોવાને કારણે ગોવિંદાઓનો જુસ્સો પણ જોવા મળ્યો હતો, પણ સાથે મુંબઈગરાઓને ભીડ, વરસાદને કારણે હાલાકી, ટ્રાફિક જૅમ વગેરે સમસ્યાઓનો સામનો પણ કરવો પડ્યો હતો. એવી જ રીતે આજે રવિવારે પણ જો ઘરની બહાર નીકળવાના હોય તો સમજી-વિચારીને નીકળજો, કારણ કે રવિવારે પણ મુંબઈમાં ગરદીનો ભરાવો થશે.

મુંબઈના વિવિધ ગણેશોત્સવ મંડળ દ્વારા રવિવારે ગણેશજીની વિશાળ મૂર્તિઓની પધરામણી કરાશે. લાલબાગના ચિંતામણીનું આગમન પણ આજે જ થવાનું છે તેથી તેના સરઘસમાં બે-ત્રણ લાખથી વધુ લોકો ભેગા થશે એવી શક્યતા છે. આ છેલ્લો રવિવાર કહી શકાય જ્યારે દરેક મોટા મંડળો બાપ્પાને પંડાલ સુધી લઇ જશે, કારણ કે ગણેશોત્સવ ૨૭મી ઓગસ્ટ બુધવારથી શરૂ થવાનો છે અને તેની પહેલાનો ૨૪ તારીખના રવિવાર વચ્ચે ફક્ત ત્રણ દિવસ છે તેથી સજાવટમાં મોડું થઇ શકે છે. તેથી મોટા ભાગના મંડળો રવિવારે જ વિઘ્નહર્તાને પંડાલ સુધી લઇ જશે. આ સિવાય જે લોકો પોતાના ઘરે ગણેશજીની પધરામણી કરે છે તેઓ પણ આજે બજારમાં ખરીદી કરવા નીકળશે તેથી બજારમાં જોરદાર ભીડ જોવા મળશે. બીજી તરફ આગમાં ઘી હોમવાનું કામ કરશે રેલવેનો બ્લોક. રવિવાર રજાનો દિવસ અને તેમાં બ્લોક તેથી ૩૦૦થી ૩૫૦ લોકલ રદ કરવામાં આવતી હોય છે તેથી ટ્રેનોમાં પણ ભીડ રહેશે તથા ટ્રેનો મોડી દોડશે તે અલગ. તેથી સૌથી સરળ ગણાતા ટ્રાન્સપોર્ટેશનમાં પણ મુશ્કેલી થશે.

શુક્ર-શનિ-રવિ એમ ત્રણ દિવસની સળંગ રજા હોવાને કારણે મિનિ વેકશન મનાવવા ગયેલા લોકો (જુઓ પાનું ૪) ▶▶

## શિવસેના (યુબીટી) અને મનસે એમએમઆરમાં સાથે મળીને ચૂંટણી લડે તેવી શક્યતા

### ભાજપે મહત્ત્વના નેતાઓને સોંપી જવાબદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઠાકરે પિતરાઈ ભાઈઓ 'મરાઠી-માનુષ'ના મુદ્દે વ્યાપક રાજકીય સમજણ ધરાવીને સાથે કામ કરી રહ્યા છે, ત્યારે હવે એવું જાણવા મળ્યું છે કે શિવસેના (યુબીટી) અને મનસે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની તમામ નવ કોર્પોરેશનોમાં ગઠબંધનમાં ચૂંટણી લડી શકે છે, આ ઉપરાંત અન્ય ઘણા શહેરોમાં સાથે લડવાની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે, મહારાષ્ટ્રમાં ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં કારમા પરાજય બાદ મરાઠી-ભાષા અને મરાઠી-અસ્મિતાના હેતુ માટે રાજ્યભરમાં રાજકીય જોડાણ સાધવા પર કામ કરી રહ્યા છે.

એમએમઆરમાં નવ મ્યુનિસિપલ કોર્પોરેશનો મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી, ભિવંડી-નિઝામપુર, મીરા-ભાયંદર, વસઈ-વિરાર, નવી મુંબઈ, પનવેલ અને ઉલ્હાસનગરનો સમાવેશ થાય છે.

શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે આ બાબતની માહિતી આપી હતી.

'ઠાકરે ભાઈઓ મુંબઈ, થાણે, નાશિક, કલ્યાણ, છત્રપતિ સંભાજીનગર સહિત તમામ સ્થળોએ એકસાથે ચૂંટણી જીતશે,' તેમણે બેસ્ટ એમ્પ્લોયીઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની ચૂંટણી માટે મનસે અને શિવસેના (યુબીટી)ના એક સાથે આવવાની પૃષ્ઠભૂમિમાં કહ્યું હતું કે બેસ્ટ કામગાર સેના ૨૧માંથી ૧૮ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે મનસે કામગાર સેના બે અને બેસ્ટ એસસી/એસટી કર્મચારી કલ્યાણ સંગઠન ગઠબંધનના ભાગ રૂપે એક બેઠક પર ચૂંટણી લડશે.

અહીં ઉલ્લેખનીય છે કે પ્રતિષ્ઠિત મુંબઈ (જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં ગોવિંદાઓએ ૧૦ થર લગાવ્યા, વિશ્વ રેકોર્ડનો દાવો

### કોંકણ નગર ગોવિંદા ટીમે થાણે દહીં હાંડી ખાતે ૧૦ થરનો માનવ પિરામિડ લગાવ્યો, પ્રધાન પ્રતાપ સરનાઈક તરફથી પચીસ લાખ રૂપિયાનું ઈનામ





**ધૂમ મજા:** મુંબઈમાં દહીંહાંડીની ધૂમધામથી ઉજવણી કરાઈ હતી. મહિલા ગોવિંદાઓ પણ ઉત્સાહિત જણાયા. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શનિવારે થાણેમાં આયોજિત દહીં હાંડી કાર્યક્રમમાં એક ગોવિંદા ટીમે માનવ પિરામિડના ૧૦ થર લગાવ્યા હતા એવો દાવો આયોજકોએ કર્યો હતો.

મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આ પરાક્રમની પ્રશંસા કરતા કહ્યું કે ઉત્સવ દરમિયાન માનવ થર બનાવવાનો આ એક 'વિશ્વ વિક્રમ' છે.

સરનાઈકે કોંકણ નગર રાજા ગોવિંદા ટીમ માટે પચીસ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી. આ કાર્યક્રમનું આયોજન પ્રતાપ સરનાઈક ફાઉન્ડેશન અને સંસ્કૃતિ યુવા પ્રતિષ્ઠાન દ્વારા તેમના પુત્ર પૂર્વેશ સરનાઈકના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

સરનાઈકે જણાવ્યું હતું કે, 'ગોવિંદા ટીમે દસ થર લગાવ્યા છે. અમે શિવસેનાના વડા બાળાસાહેબ ઠાકરે અને આનંદ દિઘે સાથે સંકળાયેલી પરંપરાઓ ચાલુ રાખી રહ્યા છીએ.' ભગવાન કૃષ્ણના જન્મદિવસ નિમિત્તે સમગ્ર મહારાષ્ટ્રમાં દહીં (જુઓ પાનું ૪) ▶▶

## માનખુર્દમાં હાંડી બાંધવા ઉપર ચઢેલા યુવકનું મૃત્યુ

### ૯૫ જખમી, બે ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માનખુર્દમાં હાંડી બાંધવા માટે ઉપર ચઢેલા ૩૨ વર્ષના યુવકનું નીચે પટકાઈને મૃત્યુ થયું હતું. તો બીજો બનાવમાં મલાડમાં દહિહાંડી ફોડવા ઉપર ચઢેલો નવ વર્ષનું બાળક ઉપરથી નીચે પડતા ગંભીર જખમી થયું હતું. આ દરમ્યાન સાંજના છ વાગ્યા સુધીમાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાં દહિહાંડી ફોડવા માટે થર લગાવવા દરમ્યાન નીચે પડવાના કારણે ૯૫ ગોવિંદાઓ જખમી થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે.

માનખુર્દમાં મહારાષ્ટ્રનગરમાં શનિવારે બપોરના ૩.૪૫ વાગ્યાની આસપાસ બાલ ગોવિંદા પથકનો ૩૨ વર્ષનો જગમોહન શિવકિરણ ચૌધરી હાંડી બાંધવા માટે ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનના પહેલા માળા પર ગ્રીલ પર દોરડું બાંધવા ચઢયો હતો. આ દરમ્યાન તેનું બેલેન્સ જતા તે ઉપરથી ઘરમાં પડયો હતો. તેને તરત ગોવંડીમાં આવેલી શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યા ફરજ પર હાજર રહેલા ડૉક્ટરને (જુઓ પાનું ૪) ▶▶

## જુલાઈમાં દારૂનું વેચાણ ઘટ્યું, પણ આવકને અસર નહીં

મુંબઈ: જૂનના છેલ્લા અઠવાડિયામાં એક્સાઇઝ ડ્યુટીમાં ૫૦ ટકાનો વધારો થવાને કારણે ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની સરખામણીમાં જુલાઈમાં દારૂના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો.

આ વધારાને કારણે ભારતીય બનાવટના વિદેશી દારૂ (આઈએમએફએલ) અને દેશી દારૂના ભાવમાં અનુક્રમે લગભગ ૬૦ ટકા અને ૨૦ ટકાનો વધારો થયો, જ્યારે જુલાઈમાં આઈએમએફએલ અને દેશી દારૂના વેચાણમાં અનુક્રમે ૧૦.૯ ટકા અને ૯.૭૦ ટકાનો ઘટાડો થયો, જે એપ્રિલથી જૂન ક્વાર્ટરમાં સરેરાશ માસિક વેચાણની સરખામણીમાં હતો. ચોમાસાના મહિનાઓ દરમિયાન સામાન્ય રીતે ઓછા પ્રમાણમાં બીયરનું વેચાણ પણ જુલાઈમાં ૩૦ ટકા ઘટ્યું હતું.

જોકે, એક્સાઇઝ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વેચાણમાં ઘટાડો આવકને અસર કરશે નહીં કારણ કે એક્સાઇઝ ડ્યુટીમાં વધારો છૂટક ભાવમાં વધારા કરતા ઘણો વધારે હતો.

૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષ માટે અમારું વધારાનું આવક લક્ષ્ય ₹૧૪,૦૦૦ કરોડ હતું, એમ એક્સાઇઝ વિભાગના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. પહેલા ક્વાર્ટરના અંતમાં અમલીકરણ શરૂ થયું હોવાથી ઓગસ્ટમાં વેચાણમાં વધુ ઘટાડો થવા છતાં બાકીના નાણાકીય વર્ષ દરમિયાન ₹૧૦,૫૦૦ કરોડનું ઉત્પાદન કરવાની અપેક્ષા રાખીએ છીએ, જ્યારે બજારમાંથી નીચા ભાવે જૂનો સ્ટોક સંપૂર્ણપણે ખતમ થઈ જશે.

વિભાગના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ અપેક્ષા રાખે છે કે આઈએમએફએલ ગ્રાહકો મહારાષ્ટ્ર મેડ લિકર એમએમએલ તરફ વળશે, જે રાજ્ય સરકારે સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે રજૂ કરેલી એક નવી શ્રેણી છે.

'એમએમએલ પર એક્સાઇઝ ડ્યુટી નોંધપાત્ર રીતે ઓછી રાખવામાં આવી છે જેથી તેમને સમાન તક મળે,' અધિકારીએ જણાવ્યું હતું. ■

## 'પરિવાર પર ધ્યાન આપ્યું હોવાથી વિધાનસભ્ય બન્યા': રોહિત પવારને અજિત પવારનો જવાબ

મુંબઈ: 'અજિત પવાર ગાવકી (ગામ આખા) વિશે વિચારે છે, પણ તેઓ ભાવકી (પરિવારને) ભૂલી ગયા', એવા શબ્દોમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના ભત્રીજા રોહિત પવારે પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. બંને પવાર પરિવાર મહાત્મા ફૂલે શિક્ષણ સંસ્થાના પ્રો. ડો. એન. ડી. પાટીલ લો કોલેજ, શ્રીમતી સરોજ નારાયણ પાટીલ મનોવિજ્ઞાન સંશોધન કેન્દ્ર અને સાંગલીના ઇસ્લામપુરમાં પ્રો. ડો. એન. ડી. પાટીલ મલ્ટીપર્પઝ હોલના ઉદ્ઘાટન માટે ભેગા થયા હતા. આ પ્રસંગે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના નેતા જયંત પાટીલ, સાંગલીના પાલક પ્રધાન ચંદ્રકાંત પાટીલ પણ સ્ટેજ પર હાજર હતા.

રોહિત પવારે પોતાના ભાષણમાં કહ્યું હતું કે અજિત પવાર આજકાલ ગાવકી (ગામ આખા) વિશે વિચારે છે. પરંતુ તેઓ ભાવકી (પરિવાર) ભૂલી ગયા છે. રોહિત પવારના ભાષણ પછી, તેમની દાદી સરોજ પાટીલે રોહિત પવારના ભાષણની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, રોહિતે નાની ઉંમરે સારા ભાષણો આપવાનું શરૂ કરી દીધું છે. ભાષણોની વાત કરીએ તો, તે એન. ડી. પાટીલના વારસાને આગળ ધપાવી રહ્યો છે. ■

## મેટ્રો સ્ટેશનથી સીધુ ઍરપોર્ટ જવા માટે ફૂટઓવર બ્રિજનું કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ટર્મિનલ (૨)ને મેટ્રો સ્ટેશન સાથે જોડનારો સીધો નવો ફૂટ ઓવર બ્રિજ પ્રવાસીઓની સુવિધા માટે ઉપલબ્ધ થનો છે. આ બ્રિજ અંડરગ્રાઉન્ડ સીએસએમઆઈએ મેટ્રો સ્ટેશન (મેટ્રો લાઈન-૩)ને ટર્મિનલ બે સાથે સીધો જોડે છે. તેથી પ્રવાસીઓને હવે ઍરપોર્ટથી મેટ્રો સ્ટેશન જવું વધુ સરળ બની રહેશે. આ ફૂટઓવર બ્રિજ ૮૮ મીટર લાંબો અને ૪.૩મીટર પહોળો છે. હાલ ચાલી રહેલી મેટ્રો લાઈન સાત-એ સ્ટેશન પાસે જમીનથી લગભગ ૨૩ મીટર ઊંચાઈ પર આ પૂલ ઊભો કરવામાં આવ્યો છે. પગપાળા ચાલતા ૪૫૦ મીટરનું અંતર આ ફૂટઓવરને કારણે હવે ૧૧૮ મીટર સુધી ઓછું થઈ ગયું છે. હવે નાગરિકોને રસ્તો ક્રોસ કરવો પડશે નહીં. સામાન સહિત પ્રવાસીઓ માટે મેટ્રો સ્ટેશન પર જવું વધુ સરળ રહેશે. આ ફૂટઓવરબ્રિજને કારણે મેટ્ર અને વિમાન સેવા સીધી જોડાઈ જશે. ■

## પાલિકામાં પરિવર્તન નજીક છે, મહાયુતિ સરકારે પાપનો ઘડો તોડી નાખ્યો છે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: શિવસેના (યુબીટી) પર આડકતરો પ્રહાર કરતા, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કહ્યું હતું કે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)માં પરિવર્તન નજીક છે, કારણ કે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ મહાનગરપાલિકાને લૂંટનારાઓના 'પાપોનો ઘડો ફોડી નાખ્યો છે.'

મહાયુતિ સરકારે શહેરના વિકાસની શરૂઆત કરી છે, એમ ફડણવીસે શહેરમાં દહીં હાંડી ઉજવણીમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા કહ્યું.

'મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પરિવર્તન નજીક છે. અમે મહાનગરપાલિકાને લૂંટનારાઓના પાપોનો ઘડો ફોડી નાખ્યો છે અને વિકાસની 'હાંડી' શરૂ કરી છે,' એમ તેમણે કહ્યું હતું.

૧૯૯૭થી ૨૦૨૨ સુધી સતત ૨૫ વર્ષ સુધી અવિભાજિત શિવસેનાએ એશિયાની સૌથી શ્રીમંત મનપા બીએમસી પર નિયંત્રણ રાખ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, કૃષ્ણ જન્માષ્ટમી પરંપરાગત ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે.

ભગવાન કૃષ્ણના જન્મ દિવસ નિમિત્તે સમગ્ર મહારાષ્ટ્રમાં દહીં હાંડીનો તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવારમાં યુવાનો માનવ પિરામિડ બનાવે છે અને દોરડા વડે હવામાં લટકાવેલી દહીં હાંડીને ફોડે છે.

'અમે ઇચ્છીએ છીએ કે લોકો સલામત અને સુરક્ષિત દહીં હાંડી ઉજવે,' એમ તેમણે કહ્યું હતું. મુખ્ય પ્રધાને નોંધ્યું હતું કે વરસાદથી માનવ પિરામિડ બનાવનારા 'ગોવિંદા'ના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી.

ઘાટકોપરમાં ભાજપના વિધાનસભ્ય રામ કદમે પહેલગામ હુમલા પછી પાકિસ્તાનમાં ભારતના લશ્કરી હુમલા, ઓપરેશન સિંદૂરનો ભાગ રહેલા સુરક્ષા કર્મચારીઓને સમર્પિત દહીં હાંડી મૂકી હતી.

'આપણા સુરક્ષા દળોએ પાકિસ્તાનના પાપોની હાંડી તોડી નાખી અને અમે આ તહેવારને અમારા જવાનોની બહાદુરીને સમર્પિત કર્યો છે,' એમ તેમણે કહ્યું હતું.

૨૦૨૨માં, મહાયુતિ સરકારે દહીં હાંડીનો સાહસિક રમતનો ટેગ આપ્યો.

દહીં હાંડી ઉત્સવમાં ભાગ લેતા 'ગોવિંદાઓ' માટે સરકારે વીમા કવરેજની જાહેરાત કરી હતી.

આ વર્ષની ઉજવણી મહત્વપૂર્ણ છે કારણ કે તે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિ સામે આવી રહી છે અને બધા રાજકીય પક્ષો આ ઉજવણીનો ઉપયોગ તેમના કાર્યકરોને એકત્ર કરવા માટે કરી રહ્યા છે. ■

# એશિયા કપ પહેલાં પાકિસ્તાનને ભારતની ‘ચેતવણી’: સૂર્યકુમાર ફુલ્લી ફિટ થઈ ગયો છે

મુંબઈ: આગામી નવમી સપ્ટેમ્બરથી યુએઇમાં રમાનારા ટી-૨૦ના એશિયા કપ માટે ટીમ નક્કી કરવા મંગળવાર, ૧૯મી ઑગસ્ટે મુંબઈમાં અજિત આગરકરની આગેવાનીમાં પસંદગીકારોની સમિતિની બેઠક યોજાય એ પહેલાં જ સૂર્યકુમાર યાદવ ફિટ જાહેર થઈ ગયો છે. તેણે બેંગલૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી છે.

એશિયા કપ ૯મી સપ્ટેમ્બરે શરૂ થયા બાદ એમાં ભારતની પ્રથમ મૅચ ૧૦મી સપ્ટેમ્બરે યુએઇ સામે રમાશે, પરંતુ સૌની નજર રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે પાકિસ્તાન સામે રમાનારી ભારતની મૅચ પર રહેશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સુપર-ફોર રાઉન્ડમાં તેમ જ ફાઇનલમાં પણ મુકાબલો થવાની સંભાવના છે.



સૂર્યકુમારે આ વર્ષની આઇપીએલમાં પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ મેળવ્યો હતો. ત્યાર પછી તેણે જૂનમાં જર્મનીમાં પેડુમાં જમણા ભાગમાં સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી હતી. આ પ્રકારની શારીરિક તકલીફ મોટા ભાગે ઍથ્લીટો અને ખેલાડીઓને થતી હોવાથી એને સ્પોર્ટ્સ હર્નિયા નામ અપાયું છે.

સૂર્યકુમારે ૨૦૨૫ની આઇપીએલમાં કુલ ૭૧૭ રન કર્યા હતા અને મુંબઈ ઇન્ડિયન્સ વતી એક સીઝનમાં ૬૦૦થી વધુ રન કરનાર તે સચિન તેન્ડુલકર પછીનો બીજો ખેલાડી છે. સૂર્યા આ સીઝનમાં ગુજરાત ટાઇટન્સના સાઇ સુદર્શન (૭૫૯ રન) પછી બીજા નંબર પર હતો અને મુંબઈ ઇન્ડિયન્સને પ્લે-ઑફમાં પહોંચાડવામાં તેનું મહત્ત્વનું યોગદાન હતું.

૨૦૨૩માં સૂર્યાએ પગની ઘૂંટીમાં ઑપરેશન કરાવ્યું હતું. ત્યારે પણ તેણે સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી હતી. ■

# રિન્કુને વર્લ્ડ કપમાં રમવા નહોતું મળ્યું, હવે એશિયા કપ માટે સિલેક્ટ થશે?

## મંગળવાર, ૧૯મી ઑગસ્ટે ટીમની જાહેરાત કરાશે

મુંબઈ: આગામી નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા આઠ દેશ વચ્ચેના ટી-૨૦ એશિયા કપ માટેની ભારતીય ટીમ મંગળવાર, ૧૯મી સપ્ટેમ્બરે જ્યારે નક્કી કરવામાં આવશે ત્યારે અજિત આગરકરની આગેવાનીમાં સિલેક્શન કમિટી આક્રમક બૅટ્સમૅન રિન્કુ સિંહના નામ પર ચર્ચા કરશે કે નહીં અને કરશે તો તેને સ્ક્વૉડમાં સમાવશે કે નહીં એની ભારતીય ક્રિકેટમાં ચર્ચા થઈ રહી છે.

થોડા વર્ષ પહેલાં રિન્કુનો સુવર્ણકાળ ચાલી રહ્યો હતો. તેણે આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમીને ગુજરાત ટાઇટન્સના પેસ બોલર યશ દયાલના છેલ્લા પાંચ બૉલમાં પાંચ સિક્સર ફટકારીને ક્રિકેટ જગતમાં ધમાલ મચાવી દીધી હતી અને ત્યારે તેને ભારતના ભાવિ મૅચ-ફિનિશર તરીકે ઓળખાવવામાં આવતો હતો. જોકે ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ (જેમાં ભારત ચૅમ્પિયન બન્યું હતું) માટેની સ્ક્વૉડમાં તેનું સિલેક્શન ન થતાં ત્યારથી તેની કરીઅરનો ગ્રાફ નીચે જવા લાગ્યો હતો. ૨૦૨૪ અને ૨૦૨૫ની આઇપીએલમાં તેને અનુક્રમે ૧૧૩ બૉલ અને ૧૩૪ બૉલ રમવા મળ્યા હતા જેનાથી તેની લોકપ્રિયતા વધુ ઘટી ગઈ હતી.

ટી-૨૦ ટીમની બૅટિંગ લાઇન-અપમાં સ્થાન મેળવવા ગળાકાપ હરીફાઈ થઈ રહી છે એ જોતાં રિન્કુને એશિયા કપની ટીમમાં સ્થાન મળવું મુશ્કેલ છે. જો તેને ટીમમાં સિલેક્ટ નહીં કરવામાં આવે તો ૨૦૨૬માં ભારત અને શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં પણ તે જોવા મળશે કે કેમ એમાં શંકા છે. ઉત્તર પ્રદેશમાં મૂળ અલીગઢના રિન્કુ સિંહે તાજેતરમાં સમાજવાદી પાર્ટી (સપા)ની સાંસદ પ્રિયા સરોજ સગાઈ કરી હતી.

એશિયા કપની ટીમ માટે કયા બૅટ્સમેનો નક્કી છે? ટેસ્ટના નવા કૅપ્ટન શુભમન ગિલને તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ ૭૫૪ રન કરવા બદલ ટી-૨૦ ટીમમાં કમબૅક કરવાની તક છે. જોકે આ ટીમનું સુકાન મુખ્ય કૅપ્ટન સૂર્યકુમાર યાદવને જ સોંપાશે કે બીજા કોઈને એ સવાલ છે. સૂર્યકુમારે તાજેતરમાં



જ સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી હતી. સૂર્યકુમાર ઉપરાંત અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર-બૅટ્સમૅન), તિલક વર્મા તેમ જ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા એશિયા કપ માટેની ટીમ માટે નક્કી છે. ગિલ ઉપરાંત યશસ્વી જયસ્વાલને પણ આ ટીમમાં જગ્યા મળે એવી સંભાવના છે.

# ભૂતપૂર્વ ચૅમ્પિયન-સ્વિમર બુલા ચૌધરીના ૧૨૦ ગોલ્ડ સહિત કુલ ૧૫૦ મેડલ ચોરાઈ ગયા

કોલકાતા: ભારતની એક સમયની ટોચની મહિલા સ્વિમર બુલા ચૌધરીના ઘરમાંથી શુક્રવારે ૧૨૦ ગોલ્ડ મેડલ તેમ જ પદ્મશ્રી પુરસ્કારની ચોરી થઈ હતી. તેનું હૂગલીમાં ઘર છે. તેના ઘરમાંથી તેના ચંદ્રકોની ચોરી થઈ હોય એવો આ બીજો બનાવ છે. અત્યાર સુધીમાં તેના કુલ મળીને ૧૫૦ મેડલ ચોરાઈ ગયા છે. બુલા ઘેરા આઘાતનો શિકાર થઈ છે.

ભારતની ભૂતપૂર્વ નૅશનલ ચૅમ્પિયન સ્વિમર બુલા ચૌધરીનું દક્ષિણ કોલકાતામાં પણ ઘર છે. હૂગલી જિલ્લા ખાતેના તેના ઘરના પાડોશીએ જાણકારી આપી હતી કે તેના ઘરના એક દરવાજાનું તાળું તૂટ્યું છે. ફોન પરની આ આઘાતજનક જાણકારી મેળવતાં જ બુલા અને તેના પરિવારજનો હૂગલી આવી પહોંચ્યા હતા અને પોલીસમાં ફરિયાદ કરી હતી.

પંચાવન વર્ષીય બુલા ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે ‘ મેં ૧૨૦ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૫૦ ચંદ્રક ગુમાવ્યા છે. આ તમામ ચંદ્રકો હું મારી કરીઅર દરમ્યાન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય હરીફાઈઓમાં જીતી હતી. જે મેડલ ચોરાઈ ગયા છે એમાંના ૧૦ ગોલ્ડ મેડલ હું સાફ રમતોત્સવ (દક્ષિણ એશિયાના દેશો વચ્ચેની હરીફાઈઓ)માં જીતી હતી. હું અર્જુન અવૉર્ડ પણ જીતી હતી અને તેન્ઝિંગ નોર્ગે નૅશનલ ઍડવેન્ચર સ્પોર્ટ્સ અવૉર્ડ પણ મેં હાંસલ કર્યો હતો. આ બન્ને પુરસ્કાર પણ મેં ઘરમાં રાખ્યા હતા, પણ એ હજી ત્યાં જ છે. એ નથી ચોરાયા. સત્તાવાળાઓ જો મારા ચંદ્રકોને રક્ષણ ન આપી શકતા હોય તો પછી એ ચંદ્રકો જીતવાનો શું મતલબ.’

બુલા ચૌધરીના ઘરમાં આ પહેલાં માર્ચ ૨૦૧૫માં ચંદ્રકોની ચોરી થઈ હતી. ત્યાર બાદ સ્થાનિક પોલીસે તેના ઘરની બહાર ચોકી પહેરો ગોઠવ્યો હતો, પરંતુ ૨૦૨૧માં કોવિડની મહામારી દરમ્યાન પોલીસ તંત્ર દ્વારા રક્ષકોને પાછા બોલાવી લેવામાં આવ્યા હતા. બુલાએ કહ્યું હતું કે ‘ હું અને મારા પરિવારજનો દર



બે-ત્રણ મહિને હૂગલીના ઘરે આવતા હોઈએ છીએ. પોલીસ તપાસ કરી રહી છે.’

બુલા ચૌધરી ૨૦૦૬ની સાલમાં માર્ક્સવાદી પક્ષ વતી નંદનપુર મતદારક્ષેત્રમાંથી વિધાનસભાની ચૂંટણી લડી હતી અને ૨૦૧૧ની સાલ સુધી તેણે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં એ બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# ગૌતમ ગંભીર એશિયા કપ પહેલાં પ્રાર્થના માટે ઉજ્જૈનના મંદિરમાં

ઉજ્જૈન: તાજેતરમાં લંડનના ઓવલમાં મોહમ્મદ સિરાજના તરખાટથી ભારતે ઇંગ્લૅન્ડને નિર્ણાયક ટેસ્ટમાં હરાવીને સંઘર્ષ તથા વિવાદોથી ભરપૂર સિરીઝ ૨-૨ની બરાબરી સાથે પૂરી કરી ત્યારે હેડ-કોચ ગૌતમ ગંભીર મેદાન પર ખૂબ નિરાંતમાં હતો, તે લગભગ દરેક ભારતીય ખેલાડીને ભેટ્યો હતો અને ખુશખુશાલ હતો. હવે તેને આગામી એશિયા કપ માટે ઘણી આશા જાગી છે.

જોકે ભક્તિમાં શક્તિ છે એવું માનીને શુક્રવારે તે મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરમાં મહાકાળેશ્વર મંદિરે પહોંચી ગયો હતો. ગંભીરે પરિવાર સાથે આ મંદિરની મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત વખતે જાણીતી તેલુગુ અભિનેત્રી-સિંગર સોનલ ચૌહાણ પણ હતી.

યુએઇમાં ટી-૨૦નો એશિયા કપ નવમી સપ્ટેમ્બરે શરૂ થશે અને એમાં ખાસ કરીને પાકિસ્તાન સામેના મુકાબલા ભારત માટે સૌથી મહત્ત્વના બની રહેશે. ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં ભારતની પાકિસ્તાન સામે લીગ મૅચ રમાશે.

ગૌતમ ગંભીર અને તેના પરિવારજનોને અન્ય ભક્તોની સાથે આ મંદિરમાં ‘ભષ્મ આરતી’ જોવા મળી હતી. ગંભીરની આ મંદિરમાં ત્રીજી મુલાકાત હતી. તે વહેલી સવારે પરિવાર સાથે આરતી દરમ્યાન શ્લોક બોલતો જોવા મળ્યો હતો. પછીથી તેણે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘ભગવાનના આશીર્વાદ સમગ્ર દેશ પર બની રહે એવી આશા રાખું છું.’ ■





# મૅક્સવેલે ઑસ્ટ્રેલિયાને એક બૉલ બાકી રાખીને સિરીઝ જિતાડી આપી

કેર્ન્સ (ઑસ્ટ્રેલિયા): ગ્લેન મૅક્સવેલે શનિવારે અહીં ઑસ્ટ્રેલિયાને રોમાંચક વિજય અપાવ્યો હતો. પહેલાં તેણે સાઉથ આફ્રિકાના ટૉપ-સ્કોરર ડેવાલ્ડ બ્રેવિસ (૫૩ રન, ૨૬ બૉલ, છ સિક્સર, એક ફોર)નો કૅચ ઝીલ્યો હતો અને પછી ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સમાં ૧૭૩ રનનો લક્ષ્યાંક મેળવતી વખતે આતશબાજી (૬૨ અણનમ, ૩૬ બૉલ, બે સિક્સર, આઠ ફોર) કરીને ઑસ્ટ્રેલિયાને એક બૉલ બાકી રાખીને જિતાડી દીધું હતું. એ સાથે ઑસ્ટ્રેલિયાએ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી.

છેલ્લા બે બૉલમાં ઑસ્ટ્રેલિયાએ જીતવા ચાર રન કરવાના હતા. લુન્ગી ઍન્ગિડીના સેકન્ડ-લાસ્ટ બૉલમાં મૅક્સવેલે ફોર ફટકારી દીધી હતી. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં મૅક્સવેલની આ ૧૨મી હાફ સેન્ચુરી હતી.

આ જીતમાં કૅપ્ટન મિચલ માર્શ (૫૪ રન, ૩૭ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. ઑસ્ટ્રેલિયન ટીમે સાઉથ આફ્રિકાના ૭/૧૭૨ના જવાબમાં ૧૯.૫ ઓવરમાં ૮ વિકેટે ૧૭૩ રન કરીને મૅચ જીતી લીધી હતી. સાઉથ આફ્રિકાના કૉર્બિન બૉસ્ચે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

બન્ને ટીમના ખેલાડીઓએ મૅચ પહેલાં બે મિનિટ મૌન પાડીને ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર બૉબ સિમ્પસનને અંજલિ આપી હતી. કાંગારૂ ખેલાડીઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.

# ઇંગ્લૅન્ડનો નવો કૅપ્ટન જૅકબ બેથેલ ૧૩૬ વર્ષનો રેકૉર્ડ તોડવાની તૈયારીમાં છે

લંડન: ઇંગ્લૅન્ડનો ૨૧ વર્ષનો ઑલરાઉન્ડર જૅકબ બેથેલ તેના દેશનો ૧૩૬ વર્ષ જૂનો વિક્રમ તોડવાની તૈયારીમાં છે. તે આવતા મહિને આયર્લૅન્ડ સામેની સિરીઝમાં સુકાન સંભાળશે એ સાથે ઇંગ્લૅન્ડનો સૌથી યુવાન કૅપ્ટન કહેવાશે. ડબ્લિનમાં ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ વચ્ચે ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝ રમાશે અને એમાં બેથેલ આ વિક્રમ કરશે. તે મૉન્ટી બૉડેનનો ૧૮૮૯ની સાલનો બ્રિટિશ રેકૉર્ડ તોડશે. મૉન્ટીએ ૧૩૬ વર્ષ પહેલાં સુકાન સંભાળ્યું ત્યારે તેઓ ૨૩ વર્ષના હતા. ત્યાર પછી ઇંગ્લૅન્ડના તમામ કૅપ્ટનો મૉન્ટી કરતાં મોટી ઉંમરના હતા. ઇંગ્લૅન્ડ ૧૮૭૭ની સાલમાં ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટ-ક્રિકેટની સૌપ્રથમ મૅચ રમ્યું હતું. બેથેલે ગયા વર્ષે ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં ડેબ્યૂ કર્યું હતું. આયર્લૅન્ડ સામેની શ્રેણી ૧૭મી સપ્ટેમ્બરે શરૂ થશે.ઇંગ્લૅન્ડનો ભૂતપૂર્વ ક્રિકેટર લ્યૂક રાઇટ સિલેક્શન કમિટીનો મેમ્બર છે. તેણે શુક્રવારે જણાવ્યું હતું કે ‘ જૅકબ બેથેલ જ્યારથી ઇંગ્લૅન્ડની ટીમમાં આવ્યો ત્યારથી તેનામાં કૅપ્ટન્સીને લગતા ગુણ જોવા મળ્યા છે. આયર્લૅન્ડ સામેની આગામી સિરીઝ તેનામાં નેતૃત્વને લગતું કૌશલ્ય જોવા મળશે.’

# પાકિસ્તાની ટીમના ઓપનરે બધાને ચોંકાવી દીધા! રનઆઉટ થયો એટલે બૅટ ફેંક્યું

ડાર્વિન (ઑસ્ટ્રેલિયા): વિશ્વભરમાં હવે ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટનો રાફડો ફાટ્યો છે અને એમાં લગભગ દરેક દેશના નાના ખેલાડીને પણ રમીને બે પૈસા કમાઈ લેવાનો મોકો મળી જતો હોય છે. જુઓને, આપણા દુશ્મન દેશ પાકિસ્તાનના ક્રિકેટરોને ૨૦૦૯ની સાલથી આઇપીએલમાં નથી રમવા મળતું એટલે તેઓ અન્ય કોઈ દેશમાં અપરિચિત સ્પર્ધા રમવા પણ પહોંચી જતા હોય છે. ઑસ્ટ્રેલિયામાં એક ટી-૨૦ સ્પર્ધા (ટૉપએન્ડટી૨૦) ચાલે છે જેમાં પાકિસ્તાન શાહીન્સ નામની ટીમની બાંગ્લાદેશ ‘એ’ સામે એક મૅચ રમાઈ હતી જેમાં એક જોવા જેવી ઘટના બની ગઈ.



બન્યું એવું કે પાકિસ્તાન શાહીન્સના બે ઓપનર પિચ પર હતા. ઇનિંગ્સની ૧૨મી ઓવરમાં ખ્વાજા મોહમ્મદ નફેએ શૉટ માર્યો અને બૉલ તેની નજીક લેગ સાઇડમાં ગયો ત્યાં તો સામેના છેડેથી યાસિર ખાન દોડીને આવી ગયો હતો. ખ્વાજા નફેને રન દોડવા જેવું ન લાગ્યું અને તેણે બૂમ પાડીને યાસિરને દોડી ન આવવા ચેતવ્યો પણ હતો, પરંતુ યાસિર ઘણો આગળ આવી ગયો હતો. બાંગ્લાદેશી ટીમના વિકેટકીપરે બૉલ ઊંચકીને સીધો બોલરને આપ્યો અને યાસિર પાછો ક્રીઝમાં આવે એ પહેલાં તો બેલ્સ ઊડાડી દેવામાં આવી હતી.

આ રનઆઉટની પહેલાં પાકિસ્તાન શાહીન્સ ટીમની ઇનિંગ્સ ખૂબ સારી રીતે આગળ વધી રહી હતી. બન્ને ખ્વાજા નફે અને યાસિરે ૧૧ ઓવરમાં ૧૧૦ રન બનાવ્યા હતા.

જોકે યાસિરે રનઆઉટમાં વિકેટ ગુમાવી ત્યારે ખરો ડ્રામા શરૂ થયો હતો. યાસિરે રનઆઉટ થતાં જ બૅટ ફેંકીને ખ્વાજા નફે પર ગુસ્સો કાઢ્યો હતો. જોકે નફેએ તેને કહ્યું કે ‘આમાં મારો શું વાંક હતો? તારી ભૂલ હતી, તું કેમ દોડી આવ્યો?’

જોકે ૫૪ રન કરનાર યાસિરની આ વિકેટ પાકિસ્તાન શાહીન્સને બહુ મોંઘી નહોતી પડી, કારણકે છેવટે પાકિસ્તાન શાહીન્સનો વિજય થયો હતો. ખ્વાજા નેફેના ૬૧ રનની મદદથી પાકિસ્તાન શાહીન્સે ચાર વિકેટે ૨૨૭ રન કર્યા હતા. બાંગ્લાદેશ ‘એ’ ટીમ ૧૪૮ રન કરી શકતાં પાકિસ્તાની ટીમનો ૭૯ રનથી વિજય થયો હતો.

## ૨૦૨૦ની ૧૫મી ઑગસ્ટ યાદ છેને?

# ધોની અને રૈનાએ જ્યારે સૌને ચોંકાવી દીધા હતા!

રાંચી: ભારતના નામાંકિત ક્રિકેટરો સાગમટે નિવૃત્તિ જાહેર કરે એકમેકના પગલે આ મોટો નિર્ણય લે એવું ૨૦૨૦થી ૨૦૨૪ દરમ્યાન બે વખત બન્યું હતું અને એમાં પણ પાંચ વર્ષ પહેલાંની ૧૫મી ઑગસ્ટની એક જાહેરાત યાદ આવતાં હજી પણ અસંખ્ય ક્રિકેટપ્રેમીઓને આંચકો લાગતો હશે. વાત એવી છે કે ૨૦૨૦ના આઝાદી દિને દેશના મહાન વિકેટકીપર-બૅટ્સમૅન અને સૌથી સફળ કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો હતો. તેને પગલે સુરેશ રૈનાએ પણ થોડી વાર બાદ નિવૃત્તિની જાહેરાત કરી હતી. ૨૦૨૪ની વાત કરીએ તો એ વર્ષના જૂનને અંતે ભારતે જ્યારે બ્રિજટાઉનમાં સાઉથ આફ્રિકાને ફાઇનલમાં હરાવીને ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે રોહિત શર્માએ, વિરાટ કોહલીએ અને રવીન્દ્ર જાડેજાએ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું.

ધોની આમ તો સોશ્યલ મીડિયામાં ખાસ કંઈ સક્રિય નથી, પરંતુ ૨૦૨૦ની ૧૫મી ઑગસ્ટે તેણે પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કરીને કરોડો ચાહકોને ચોંકાવી દીધા હતા. એ વીડિયોમાં બૅકગ્રાઉન્ડમાં ‘કભી કભી’ ફિલ્મનું ‘મૈં પલ દો પલ કા શાયર હૂં...’ ગીત સંભળાતું હતું અને માહીએ કૅપ્શનમાં લખેલું, ‘મને હંમેશાં તમારો પ્રેમ અને સપોર્ટ મળ્યો જે બદલ તમારો આભાર. સાંજે ૭.૨૯ વાગ્યા પછી મને નિવૃત્ત સમજી લેજો.’ ૪૩ વર્ષીય ધોની અંતિમ વન-ડે ૨૦૧૯માં રમ્યો હતો જેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતે ૧૮ રનથી પરાજય સહન કરવો પડ્યો હતો.

# બૉબ સિમ્પસન ભારત સામે રમીને નિવૃત્ત થયેલા અને રિટાયરમેન્ટ પાછું ખેંચીને સૌથી પહેલાં ભારત સામે જ રમ્યા હતા!

## ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટરનું ૮૯ વર્ષની વયે નિધનઃ છેક ૩૦મી ટેસ્ટમાં પ્રથમ સેન્ચુરીમાં ૩૧૧ રન બનાવેલા

સિડની: ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર અને વિશ્વના નામાંકિત કૅપ્ટનોમાં ગણાતા બૉબ સિમ્પસનનું શનિવારે ૮૯ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ ૧૯૬૮માં ભારત સામેની ટેસ્ટ રમીને નિવૃત્ત થયા હતા, પરંતુ કેરી પૅકર આયોજિત વર્લ્ડ સિરીઝ ક્રિકેટના અરસામાં તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ક્ષેત્રે ૧૯૭૭માં રિટાયરમેન્ટ પાછું ખેંચી લીધું હતું અને એ નિર્ણય બાદ (નિવૃત્તિમાંથી બહાર આવ્યા બાદ) પહેલી ટેસ્ટ પણ ભારત સામે જ રમ્યા હતા.

સિમ્પસન ક્રિકેટ ખેલાડી અને કૅપ્ટન ઉપરાંત સિલેક્ટર, કોચ, મૅચ રેફરી અને કૉમેન્ટેટર પણ બન્યા હતા. સિમ્પસનની નિવૃત્તિ પહેલાંની ૧૯૬૮ની અંતિમ સિરીઝમાં ઑસ્ટ્રેલિયાએ મન્સૂર અલી ખાન પટૌડીના સુકાનમાં રમનાર ભારતીય ટીમ સામેની ટેસ્ટ-સિરીઝ ૪-૦થી જીતી લીધી હતી અને ૧૯૭૭માં સિમ્પસને કમબૅક કર્યા પછી પોતાની કૅપ્ટન્સીમાં ભારતીય ટીમને ૩-૨થી હરાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. ૧૯૭૭ની શ્રેણીમાં બિશનસિંહ બેદી ભારતના સુકાની હતા.

### પટૌડી પછી બેદીની ટીમ સામે રમ્યા

બૉબ સિમ્પસને ૧૯૭૭માં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડની વિનંતીથી ૪૧ વર્ષની ઉંમરે રિટાયરમેન્ટ પાછું ખેંચ્યું હતું. ત્યારે ઑસ્ટ્રેલિયન ટીમની હાલત કફોડી હતી અને તેમણે ઘરઆંગણે ભારત સામેની પાંચ ટેસ્ટની સિરીઝમાં કૅપ્ટન્સી સંભાળીને ટીમમાં કમબૅક કર્યું હતું. તેઓ નિવૃત્તિ અગાઉ ૧૯૬૮માં જે ભારતીય ટીમ સામે રમ્યા હતા એમાં કૅપ્ટન પટૌડી ઉપરાંત ફરોખ એન્જિનિયર, સૈયદ આબિદ અલી, અજિત વાડેકર, રુસી સુરતી, એમ. એલ. જયસિંહા, બાપુ નાડકર્ણી, પ્રસન્ના, બેદી, ચંદુ બોરડે તથા ઉમેશ કુલકર્ણી સામેલ હતા.

સિમ્પસને ૧૯૭૭માં નિવૃત્તિ પાછી ખેંચીને ટીમમાં પુનરાગમન કર્યું ત્યારે સૌથી પહેલાં ભારત સામે જે ટેસ્ટ રમ્યા ત્યારની ભારતીય ટીમમાં કૅપ્ટન બેદી ઉપરાંત ગાવસકર, વેન્ગસરકર, મોહિન્દર, વિશ્વનાથ, બ્રિજેશ પટેલ, અશોક માંકડ, મદન લાલ, કિરમાણી, પ્રસન્ના અને ચંદ્રશેખરનો સમાવેશ હતો.

### બિલ લૉરી સાથે ૩૮૨ ની ભાગીદારી

સિમ્પસને ૧૯૫૭માં ટેસ્ટ-કારકિર્દી શરૂ કરી હતી, પણ તેઓ પ્રથમ સેન્ચુરી છેક જુલાઈ, ૧૯૬૪માં ફટકારી શક્યા હતા. મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામે રમાયેલી એ ટેસ્ટમાં તેમણે ઓપનર તરીકે ૩૧૧ રન કર્યા હતા. તેમની અને સાથી ઓપનર બિલ લૉરી (૧૦૬ રને રનઆઉટ) વચ્ચે ૨૦૧ રનની ભાગીદારી થઈ હતી. સિમ્પસન અને લૉરીની જોડી ઑસ્ટ્રેલિયાની સૌથી સફળ ટેસ્ટ ઓપનિંગ જોડી મનાય છે. તેઓ બન્નેએ ૧૯૬૫માં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટના પ્રથમ દાવમાં જોડીમાં ૩૮૨ રન કર્યા હતા જે હજી પણ ઓપનિંગ ભાગીદારીઓમાં વિશ્વવિક્રમ છે. એ દાવમાં સિમ્પસનના ૨૦૧ રન અને બિલ લૉરીના ૨૧૦ રન હતા.

### તમામ ૧૦ સેન્ચુરી વખતે કૅપ્ટન હતા

બૉબ સિમ્પસને ૧૯૫૭થી ૧૯૭૮ દરમ્યાન ૬૨ ટેસ્ટમાં કુલ ૪,૮૬૯ રન કર્યા હતા જેમાં ૧૦ સેન્ચુરી તથા ૨૭ હાફ સેન્ચુરી સામેલ હતી. તેમણે તમામ ૧૦ સદી કૅપ્ટન તરીકે ફટકારી હતી. તેઓ લેગબ્રેક ગૂગલીના પણ નિષ્ણાત હતા અને તેમણે ૭૧ વિકેટ લીધી હતી. તેઓ બે વન-ડે પણ રમ્યા હતા. ૬૨ ટેસ્ટમાં તેમણે સ્લિપમાં ૧૧૦ કૅચ ઝીલ્યા હતા. ટેસ્ટ સહિતની પ્રથમ કક્ષાની ક્રિકેટમાં સિમ્પસને ૨૫૭ મૅચના ૪૩૬ દાવમાં કુલ ૨૧,૦૨૯ રન બનાવ્યા હતા જેમાં ૬૦ સેન્ચુરી તથા ૧૦૦ હાફ સેન્ચુરી સામેલ હતી. તેમણે ૩૪૯ વિકેટ પણ લીધી હતી અને ૩૮૩ કૅચ પણ ઝીલ્યા હતા.

સિલેક્ટર તરીકે ઑસ્ટ્રેલિયાને સુવર્ણકાળ અપાવ્યો

૧૯૮૬માં ઑસ્ટ્રેલિયન ટીમ ખરાબ હાલતમાં હતી ત્યારે પણ સિમ્પસનને ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ફરી મદદ માટે બોલાવ્યા હતા અને ત્યારે તેમને ટીમનો પર્ફોર્મન્સ સુધારી આપવાની



જવાબદારી સોંપાઈ હતી. સિલેક્ટર તેમ જ કોચ તરીકે સિમ્પસને ટીમમાં પરિવર્તન લાવી દીધું હતું અને ૧૯૮૭માં ઍલન બૉર્ડરના સુકાનમાં ઑસ્ટ્રેલિયા પહેલી વાર વન-ડે વર્લ્ડ કપ જીત્યું હતું. ત્યારે ટીમમાં ડેવિડ બૂન, ડીન જોન્સ, સ્ટીવ વૉ, મર્વ હ્યુઝ અને ક્રેગ મૅક્ડરમૉટ હતા. પછીથી ઑસ્ટ્રેલિયાએ સિમ્પસનના માર્ગદર્શનમાં ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ ટેસ્ટ-શ્રેણી પણ જીતી લીધી હતી. એ અરસામાં ઑસ્ટ્રેલિયન ટીમમાં માર્ક ટેલર, ઇયાન હિલી, શેન વૉર્ન, માર્ક વૉ, જસ્ટિન લૅન્ગર, રિકી પૉન્ટિંગ, મૅથ્યૂ હેડન, ડેમિયન માર્ટિન તથા ગ્લેન મૅકગ્રા હતા.

### ગાંગુલીનો મીડિયામાં શોકસંદેશ

ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન સૌરવ ગાંગુલીએ સોશ્યલ મીડિયામાં બૉબ સિમ્પસનને અંજલિ આપી હતી. ગાંગુલીએ લખ્યું હતું કે ‘૧૯૯૯ના વન-ડે વર્લ્ડ કપ વખતે સિમ્પસન સાથેની વાતચીતમાં મને જે માર્ગદર્શન મળ્યું હતું તેમ જ લૅન્કેશર કાઉન્ટી ક્રિકેટ વેળા તેમના જ્ઞાનનો મને જે લાભ મળ્યો હતો એ હું જિંદગીભર નહીં ભૂલું. તેઓ ખરા અર્થમાં જેન્ટલમૅન હતા.’

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# મિથ્યાભિમાનમાં મસ્ત મેરા ભારત છે મહાન...!

**ભારતની આઝાદીને ૭૮ વર્ષ પૂરાં થઈ ગયાં, હમણાં ૧૫ ઓગસ્ટે ભારતે પોતાનો ૭૯મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો ને દેશભરમાં દેશપ્રેમનું એક મોજું બધાને પલાળી ગયું... લોકોએ તિરંગા ફરકાવીને ને કારાઓકે પર દેશપ્રેમનાં ગીતો ગાઈને દેશપ્રેમ વ્યક્ત કર્યો તો નેતાજીઓએ ભાષણબાજી કરીને 'ભારત કેવો મહાન દેશ બની ગયો છે' તેની વાતોનાં વડાં કરીને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી ને ' જય હિંદ' કહીને રવાના થઈ ગયા, પણ કોઈએ આ દેશમાં વાસ્તવિકતા શું છે તેની વાત ના કરી...!**

આપણે રાજકીય રીતે આઝાદ થઈ ગયા પણ માનસિક અને વૈચારિક રીતે આઝાદ થયા છીએ ખરા?

ભારતમાં અત્યારે જે માહોલ છે એ જોતાં લોકોએ દેશના વર્તમાન અને ભાવિ બંને વિશે મનોમંથન કરવાની તાતી જરૂર છે, પણ આપણે બધા પલાયનવાદી છીએ. વાસ્તવિકતાથી દૂર ભાગી રહ્યા છીએ, કારણ કે આ વાસ્તવિકતા અત્યંત બિહામણી છે.

ભારતમાં હજારો સમસ્યા છે. ગરીબી- ભ્રષ્ટાચાર-બેરોજગારી વગેરે કાયમી પ્રશ્નો તો છે જ, પણ સ્વાસ્થ્ય, સ્વચ્છતા, સુવિધાઓને લગતી સમસ્યાઓનો પાર નથી. લોકોમાં સિવિક સેન્સ નથી. તેના કારણે સર્જાતા અકસ્માતોમાં વરસે લાખો લોકો મરે છે, અસાધારણ ટ્રાફિક જામને કારણે સર્જાતા 'રોડ રેજ' ટ્રાફિકને કારણે ઉત્પન થતો ગુસ્સો-મારામારીની હિંસક ઘટનાઓ પણ બને છે...

વર્ષો પહેલાં આપણે શાળામાં વાંચ્યું હતું કે પૂર્વ પ્રધાન મંત્રી લાલાબહાદુર શાસ્ત્રી નદી તરીને સામે કાંઠે આવેલી નિશાળમાં રોજ ભણવા જતા...આજે પણ ૭૯ વર્ષે પણ કેટલાંક અંતરિયાળ ગામોના બાળકોએ નદી પરનાં તૂટેલાં-હાલકડોલક પુલ પર ચાલીને સામે કિનારે આવેલી નિશાળે જવું પડે છે તો અમુક ગામમાં નિશાળે પહોંચવા હોડીનો ઉપયોગ કરવો પડે છે...તાજેતરમાં જ બેંગ્લુરુના એક બાળકે ખુદ વડાપ્રધાનને પત્ર લખીને વિનંતી કરી છે કે

'અમારા રોડનું કંઈક કરો...જામ રહેતા ટ્રાફિકને લીધે અમે સ્કૂલે રોજ મોડા પહોંચીએ છીએ!'

આ બધાની ચિંતા કરવાના બદલે-એ સમસ્યા ઉકેલવાના બદલે આપણે રસ્તા પર રખડતાં કૂતરાં ને જાહેર માર્ગ-ચબૂતરે કબૂતરોને ચણ નાખવાની વાતોમાં એવા અટવાયેલા છીએ કે છેક કોર્ટના દરવાજે પહોંચી ગયા છીએ.... શેરીના કૂતરાં કે કબૂતરોના જીવનો મુદ્દો મોટો બની જાય છે. સુપ્રીમ કોર્ટ પણ બીજા મહત્ત્વના હજારો કેસોના નિકાલની ચિંતા કરવાના બદલે કૂતરાં-કબૂતરોના કેસ પહેલાં હાથ પર લે છે...

એક તરફ દેશ વિશ્વમાં ચોથા નંબરનું અર્થતંત્ર બની ગયું હોવાના દાવા કરીને દેશની આર્થિક પ્રગતિનાં બણગાં ફૂંકાય છે ને બીજી તરફ સરકાર પોતે જ ૮૫ કરોડ લોકોને મફતમાં અનાજ આપવાની વાતને સિદ્ધિ ગણાવે છે. દેશે જોરદાર પ્રગતિ કરી હોય તો ૬૦ ટકા મફત અનાજ શું કરવા આપવું પડે છે? છાસવારે સ્વદેશી ને આત્મનિર્ભરતાની વાતો થાય છે, અમુક ક્ષેત્રે અમુક અંશે થયા પણ છીએ, છતાં નાનામાં નાની ચીજ માટે વિદેશ તરફ કેમ મીટ માંડવી પડે છે ?



ભારતમાં નૈતિક અધ:પતન ચરમસીમા પર છે. એક તરફ નૈતિકતાની ને સિધ્ધાંતોની વાતો થાય છે ને બીજી તરફ જેના ઘરમાં આખો સ્ટોર રૂમ ચલણી નોટોથી ભરેલો મળ્યો એવા જજના કિસ્સા પણ બહાર આવે છે. કોઈને કશું થતું નથી. એને સજા કરવાની વાત આવે ત્યારે તપાસનું ચલકચલાણું ચાલ્યા કરે છે ને પ્રજાને ઉઠાં ભણાવાય છે.

ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના ફડાકા મરાય છે, પણ તપાસ એજન્સીઓ ખરેખર શું કરે છે તેનો કોઈ હિસાબ જ નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સહિતની એજન્સીઓ પાછળ પ્રજાના કરવેરાથી ભરાતી તિજોરીમાંથી કરોડો રૂપિયાનાં આંધણ થાય છે, પણ આ એજન્સીઓનો કન્વિક્શન રેટ- ગુનેગારને સજા કરવાનો દર ૧ટકાથી પણ ઓછો છે તેની કોઈ વાત કરતું નથી. ભ્રષ્ટ નેતાને કશું થતું નથી ને બેંકોનું કરોડો રૂપિયાનું કરી નાખનારા વિદેશ ભાગી જાય એમને સત્તાવાળા પરત લાવી પણ શકતા નથી.

આ દેશની મહાનતાનાં ગુણગાન ગવાય છે પણ આ જ મહાન દેશ છોડીને ખમતીધર લોકો વિદેશ સ્થળાંતર કરી રહ્યાં છે. તાજી સરકારી માહિતી મુજબ ૨૦૨૪માં ૨ લાખથી વધુ લોકોએ ભારતીય નાગરિકતા સ્વેચ્છાએ છોડી છે! જેની પાસે લાયકાત છે એવા ટેલેન્ટેડ યુવાનો પણ આ દેશમાં ભણીગણીને વર્ક પરમિટ મેળવીને દેશ છોડી રહ્યા છે....આવી વાસ્તવિકતા તરફ આપણે આંખ આડા કાન કરીએ છીએ. આમ દેશ આર્થિક તથા બૌદ્ધિક બંને રીતે કંગાળ થઈ રહ્યો છે ને આપણે 'મેરા ભારત મહાન'ના મિથ્યાભિમાનમાં મસ્ત છીએ.

ભારતમાં સોશ્યલ મીડિયાનો દુરૂપયોગ કરીને ડિજિટલ ગુંડાગીરી પણ બેફામ ચાલી રહી છે. કોઈ પણ મુદ્દે સ્વસ્થ ચર્ચા જ શક્ય નથી ને કોઈ પણ વ્યક્તિ એક વિચારધારાથી વિપરીત અલગ મત વ્યક્ત કરે કે તરત તેના પર ડિજિટલ લુખ્ખા તૂટી પડે છે. ચારિત્ર્યહનન, પરિવારને ખતમ કરી નાખવાની ધમકીઓ, બહેન-દીકરી પર ગેંગ રેપની ધમકી ચાલુ થઈ જાય છે. આ ધમકી આપનારાંને કશું થતું નથી કેમ કે મોટા ભાગના રાજકીય પાર્ટીઓના દલાલ છે. આ દેશમાં કાગળ પર અભિવ્યક્તિની આઝાદી છે, પણ વાસ્તવિકતા અલગ જ છે.

ભારતમાં 'મોરલ પોલિસિંગ-ચારિત્ર્ય ઘડતર' ના નામે જે વાયરો ફેલાઈ રહ્યો છે એ પણ ખતરનાક છે. કશું કામ કર્યા વિના લોકોને ધર્મના નામે ધૂતીને તાગડધિન્ના કરનારા સંસ્કૃતિ અને ધર્મના ઠેકેદાર બનીને બેસી ગયા છે. આ નમૂના એમની અલ્પ મતિ પ્રમાણે જે જીભે ચડે એ લવારા કરે છે અને યંગસ્ટર્સને વણજોઈતી સલાહ આપ્યા કરે છે. એકવીસમી સદીમાં પણ સાવ પછાતપણામાં જીવતા આ નમૂનાઓને મન સ્ત્રીના જીવનનો એક માત્ર ઉદ્દેશ 'સારી પત્ની' બનવાનો છે. છોકરી સ્વતંત્ર થઈ જાય અને પોતાની ઈચ્છા પ્રમાણે જીવે એ એમનાથી હજમ થતું નથી. છોકરીઓને પણ પોતાની મરજી પ્રમાણે જીવવાનો અધિકાર છે એ વાત જ આ નંગ લોકો પચાવી શકતા નથી. તેથી ભારતની સંસ્કૃતિ, મર્યાદા, સંસ્કાર વગેરેના નામે પોતાના માનસિક વિકૃતિનો એંઠવાડ સોશ્યલ મીડિયા પર છાસવારે ઠાલવ્યા કરે છે. આનાથી પ્રભાવિત કોઈ બાપ ક્યારેક 'હોનર કિલિંગ-પરિવારની ઈજ્જત'ના નામે પોતાની જ દીકરીને ઠાર મારે છે !

આઘાતની વાત પાછી એ છે કે, ભ્રષ્ટાચાર, અનીતિ, શોષણ, વગેરે મુદ્દા બહુમતી હિંદુઓને પરેશાન કરતા હોવા છતાં એમની બોલતી બંધ થઈ જાય છે.

આ છે ભારતની વાસ્તવિકતાનું આ નાનું ટ્રેલર, પણ કમનસીબી એ છે કે, આ દેશનાં લોકોમાં તેના વિશે વિચારવાની જાગૃતિ નથી રહી કે નથી સમસ્યાઓ વિશે સવાલો કરવાની હિંમત...આ દેશ ઘેટાંના ટોળા જેવો બની ગયો છે કે જે નેતાઓનો દોરવાયો દોરવાયા કરે છે અને નેતા જે પણ કહે તેને સનાતન સત્ય માનીને ચાલનારી પ્રજા બની ગયા છીએ ને આપણું સત્ત્વ ગુમાવી બેઠા છીએ. ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ટ્રિપ કરવા પૂર્વેની ટ્રિપ

## એકાદ સ્થળે જવા પૂર્વે તેને જાણવાથી કઈ રીતે ફરક પડે છે.



ગયા સપ્તાહમાં હું મારી પત્ની હેતા, અમારી પુત્રી રાયા અને મારા કઝિન સાથે હોંગ કોંગમાં હતો. એજન્ડા પર ડિઝનીલેન્ડ હતું (આ સ્થળની મુલાકાત ખાસ કરીને રાયા માટે હતી, પરંતુ નિખાલસતાથી કહું તો અમને બધાને મજા આવી). જોકે મારે માટેઆ ટ્રિપ વધુ વિશેષ બનવાનું અલગ કારણ હતું. તે સ્કાયસ્ક્રેપરો, શોપિંગ અથવા સ્કાયલાઈન નહીં પણ આ સર્વની ભીતરનીવાર્તાઓ તેની પાછળનું કારણ હતી, જે વાર્તાઓ વિમાનમાંથી ઊતરવા પૂર્વે જ મેં જાણી લીધી હતી.

વર્ષોનાં વહાણાં વીતવા સાથે મેં ઉત્સુક પત્રકારની જેમ મારા પ્રવાસ માટે તૈયારી કરવાનું શરૂ કર્યું છે. એટલે કે, હું મુલાકાત લેવાનો હોઉંતે સ્થળને ખરા અર્થમાં સમજવા તેના સંબંધિત લેખો, પોડકાસ્ટ અને વિડિયોમાં ડોકિયું કરુ છું. અને મને ખ્યાલ આવ્યો કે તમે ટ્રિપ માટેઆગોતરી તૈયારી કરો ત્યારે તે સ્થળ તમને અલગ રીતે આવકારે છે. તમે અન્યો જતી કરતા હોય છે તે બારીકાઈઓ ધ્યાનમાં લેવાનું શરૂ કરો છો. એક ઈમારત ફક્ત કાચ અને સ્ટીલ નથી, પરંતુ તે ફેંગ શુઈ નિર્ણય છે. આ નામ ફક્ત લેબલ નથી, પરંતુ સદીઓ જૂની યાદગીરી છે.

તો આજે ચાલો, હું તમને અમુક ખોજ થકી લઈ જાઉં છું, જે હોંગ કોંગ અને બુડાપેસ્ટની વાર્તાઓ છે અને મને ઉત્સુકતાએક સારી ટ્રિપને ઉત્તમ ટ્રિપમાં કઈ રીતે ફેરવે છે તે યાદ અપાવે છે.

**હોંગ કોંગની વર્ટિકલ વાર્તાઓ**

હોંગ કોંગ તેની સ્કાયલાઈન માટે પ્રસિદ્ધ છે. જોકે આ ટ્રિપ સુધી મને એ ખબર નહોતી કે તે સ્કાયસ્ક્રેપરો સાંસ્કૃતિક રીતેકેટલી મહત્ત્વપૂર્ણ છે.

અમુક ગગનચુંબીઓમાં મોટા બાકોરાઓનો જ દાખલો લો. તે હવાઉજાશ માટે છોડેલી જગ્યા નથી. તે "ડ્રેગન ગેટ્સ" છે,જે પૌરાણિક ઊર્જા પહાડીથી સમુદ્રમાં પસાર થવા દેવા માટે ફેંગ શુઈ અનુસાર નિર્માણ કરાઈ છે.

આ પછી સંખ્યાની વાત આવે છે. ઘણી બધી ઈમારતો નંબર 4નો સમાવેશ ધરાવતા માળ જતા કરે છે,જે કેન્ટોનીઝમાં "મૃત્યુ" એવું માનવામાં આવે છે. એલીવેટરો 39થી સીધી 50 પર જાય છે, જેની પાછળ અંધશ્રદ્ધા છે, પરંતુ તે છતાં અત્યંત શિલ્પબદ્ધ રીતે નિર્માણ કરાઈ છે.

મને સૌથી વધુ આશ્ચર્ય એ વાતનું થયું કે હોંગ કોંગ વર્ટિકલ લિવિંગમાં નિપુણતા ધરાવે છે. લગભગ અડધોઅડધ વસતિ સઘનપબ્લિક હાઉસિંગ એસ્ટેટ્સમાં વસવાટ કરે છે, જે ફક્ત ઘર નથી, પરંતુ વર્ટિકલ ઈકોસિસ્ટમ છે. 5-7 માળના પોડિયમમાં બજારો, ક્લિનિક્સ, શાળાઓ વસે છે, જ્યારે જીવન તેની ઉપરના માળા પર ધમધમે છે.

તમે વિક્ટોરિયા પાર્ક અથવા હાર્બર ક્રુઝ પરથી સ્કાયલાઈનની અજાયબી જોઈ શકો છો, પરંતુ જો તમે આ ટાવરો પાછળનું'શા માટે' ખોજ કરો એટલે આ શહેર તમારે માટે બદલાઈ જાય છે. અને જો હું ફ્લાઈટમાં ચઢવા પૂર્વે તેના ઊંડાણમાં ઊતર્યો નહીં હોતતો આ રસપ્રદ માહિતી મને પણ ખબર પડી નહીં હોત.

**કેથે પેસિફિકની વાર્તા**

અમારો હોંગ કોંગનો પ્રવાસ કેથે પેસિફિક ફ્લાઈટથી શરૂ થયો. તેનાં મૂળ વિશે ઉત્સુકતા જાગતાં હું તેના ઊંડાણમાં ઊતર્યો.

કેથે પેસિફિક બે હવાઈ દળના માજી પાઈલટ યુએસના રોય ફેરલ અને ઓસ્ટ્રેલિયાના સિડની દ કેન્તઝોવ દ્વારા 1946માં સ્થાપવામાં આવી હતી.વિશ્વ યુદ્ધ-II પછી ભરપૂર સંભાવના ધરાવે છે એવું તેઓ જેને માનતા હતા તે શહેર સાથે એશિયામાં લોકો અને કાર્ગોને જોડવા માટેતેમને ઉત્તમ તક જોવા મળી. આથી તેમણે કંપનીની નોંધણી કરવા માટે પ્રત્યેકી 1 હોંગ કોંગ ડોલરનું રોકાણ કર્યું.

"કેથે" ચીન માટે જૂનું યુરોપિયન નામ હતું અને "પેસિફિક" એક દિવસ પેસિફિક મહાસાગર પરથી ઉડાણ કરવાનું ફેરલનું સપનું હતું.

આથી તેમણે બેટ્સી નામે સિંગલ એરક્રાફ્ટ-ડગ્લાસ ડીસી-3 સાથે શરૂઆત કરી. તેઓ શાંઘાઈમાં હોટેલની બહારથી સંચાલન કરતા હતા.ધીમી શરૂઆત છતાં તેમની મહત્ત્વાકાંક્ષી ઊંચી હતી. થોડાં જ વર્ષોમાં કેથે વિશ્વસનીય નામ બની ગઈ, જેણે હોંગ કોંગને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો સેતુ બનાવી દીધું.

**ફ્રેગ્રન્ટ હાર્બર**

વાર્તાઓ ઈમારતો અથવા એરલાઈન્સ સાથે અટકતી નથી. તે શહેરના નામ સુધી પણ વિસ્તરે છે.

આપણે "હોંગ કોંગ" બોલીએ છીએ, પરંતુ તેના વિશે વિચારતા નથી. ખરેખર તો આ નામ કેન્ટીનીઝ હીયુંગ ગોંગની એન્ગ્લીકરણ આવૃત્તિ છે,જેનો અર્થ "ફ્રેગ્રન્ટ હાર્બર" એવો થાય છે. આ નામ અગરબત્તી, મસાલા, સુગંધી લાકડાં માટે વેપારી બંદર તરીકે પ્રદેશની ભૂમિકામાંથીઉદભવ્યું હોવાની શક્યતા છે.

આ સમજી લીધું ત્યારે મેં વિક્ટોરિયા હાર્બરમાં ફેરી રાઈડથી શિયુંગ વેન થકી વોક સુધી જે માણ્યું તે અનુભવ બદલાઈ ગયો.નામે રોજબરોજનાં સ્થળોમાં ઊંડાણ અને ઈતિહાસનો ઉમેરો કર્યો.

આમાં એક શક્તિશાળી બાબત છે. શહેરનું નામ ખ્યાલ આવવું તે ફક્ત ધ્વનિ નથી, પરંતુ સુગંધ, વેપાર અને વારસો છે.તેને કારણે હું બારીકાઈથી ચિહનો, સુગંધ અને સાઈડ સ્ટ્રીટ્સને જોવા લાગ્યો.

જો આ પરિપ્રેક્ષ્ય વિના મેં ટ્રિપ કરી હોત તો શું તે માણી શક્યો હોત? જોકે આ વાર્તાઓ જાણવાથી મારો અનુભવ અલગ થઈ ગયો.આ મારે માટે હવે વિધિ બની ચૂકી છે. થોડાં વર્ષ પૂર્વે બુડાપેસ્ટની ટ્રિપ પર ગયો ત્યારે એ જાણ્યું કે થોડું વાંચન તમને કેટલું દૂર લઈ જઈ શકે છે.

**બુડાપેસ્ટની ઝડપી ડિટુર**

થોડાં વર્ષ પૂર્વે મેં બુડાપેસ્ટ જવા પૂર્વે પણ આ જ રીતે ઊંડાણથી અભ્યાસ કર્યો. તે પછી મારો સૌથી સમૃદ્ધ પ્રવાસ અનુભવમાંથી એક બની રહ્યો. તેનું એકમાત્ર કારણ મારી ઉત્સુકતા હતી.

ચેઈન બ્રિજનો જ દાખલો લો. મેં તેના પ્રતીકાત્મક લાયન સ્ટેચ્યુના ફોટો જોયા હતા, પરંતુ તેની પાછળની બોલકણી શહેરી દંતકથાજાણતો નહોતો. શિલ્પી તેમની જીભ કોતરવાનું ભૂલી ગયો હતો અને ટીકાઓથી શરમમાં મુકાઈને તેણે ડેનુબમાં છલાંગ લગાવી દીધી હતી.(સાચું નથી-જીભ છે, પરંતુ તમારે બારીક નજરે તે જોવું પડે).

તે પછી થર્મલ બાથ છે, જે શણગારેલા, સાંસ્કૃતિક અને મેં જાણ્યું કે આ શીતયુદ્ધનું બેઠક સ્થળ હતું, જ્યાં રાજકારણીઓઅને જાસૂસો સ્નાન કરતાં કરતાં વાટાઘાટ કરતા હતા. વધુ ચોકસાઈથી કહીએ તો બાથહાઉસ ડિપ્લોમસી.

મેં લાદ ધ ઈમ્પેલર - હા, ડ્રેક્યુલા-ની પણ ખોજ કરી, જેને બુડા કેસલની નીચે લેબીરિંથમાં એક સમયે કેદ કરાયો હતો.અને બુડાપેસ્ટ કોન્ટિનેન્ટલ યુરોપની પ્રાચીન મેટ્રો સિસ્ટમ માટે ઘર છે, જે તેની સુંદર પીળી કાર અને આર્ટ નોવ્યુ સ્ટેશનો સાથે હજુ પણ દોડે છે.

દરેક વાર્તાએ પરિપ્રેક્ષ્યનો ઉમેરો કર્યો. તેણે ઈમારતોને વાર્તાઓમાં બદલી, ખાદ્યને સંસ્કૃતિમાં અને ગલીઓને અનુભવોમાં.એકાદ સ્થળે જવા પૂર્વે તેને જાણવાનો આ જ તો ચમત્કાર છે. તમે ત્યાં ફક્ત આગમન કરતા નથી, પરંતુ સતર્ક આગમન કરો છો.

**તમારે પણ તૈયારી શા માટે કરવી જોઈએ**

હવે મોરચો તમારી તરફ વાળું છું. જો તમે અહીં સુધી પહોંચી ગયા હોય તો હું અનુમાન લગાવું છું કે તમને પ્રવાસ કરવાનું ગમે છે.જોકે ઘણા બધા લોકો અવગણના કરે છે તેની પાછળની સચ્ચાઈ આ રહી. ફ્લાઈટ્સ, હોટેલ્સ અને આઈટિનરીઓ આસાન હોય છે.જોકે સૌથી યાદગાર પ્રવાસ અવસરો મોટે ભાગે ઉત્સુકતામાંથી આવે છે અને ચેકલિસ્ટ્સમાંથી નહીં.

કારણ કે શહેરમાં જવા પૂર્વે તેને અડધું જાણવું તેની વચ્ચે ફરકની દુનિયા છે.

તમે સ્થળને અડધું જાણો ત્યારે ફક્ત સીમાચિહ્નના ફોટોગ્રાફ લેતા નથી - તમને તેના મૂળ ખાતે ભુલાયેલા પ્લાક દેખાય છે.તમે સ્થાનિક રસમોથી પ્રભાવિત થાઓ છો, પરંતુ તેનાં મૂળિયાંને સમજો છે. તમે ખાવાનું ફક્ત માણતા નથી,પરંતુ તેની પાછળની વાર્તાનો સ્વાદ ચાખો છો.

અને સૌથી સારી વાત એ છે કે તમને આ વાંચવા માટે લાઈબ્રેરીના શબ્દોની જરૂર નથી. અમુક વાર એક ટૂંકો પોડકાસ્ટ (દેખીતી રીતેજ અમારું ટ્રાવેલ એક્સપ્લોર. સેલિબ્રેટ લાઈફ). 10 મિનિટનો યુટ્યુબ વિડિયો અથવા ટુરીઝમ બોર્ડના ઈન્સ્ટાગ્રામ ફીડ થકી સ્ક્રોલ કરતાંતમને તે માહિતી મળી જાય છે. અથવા સ્થાનિકોનો સાદા પ્રશ્નો પૂછીને તમને અમુક આશ્ચર્ય મળી શકે છે. દરેક ઈનસાઈટ ઊંડાણ ઉમેરે છે - યાદો, જોડાણ, જે વાર્તા તમારી સાથે રહે છે.

અને આ માટે તમારે હરતાફરતા એન્સાઈક્લોપીડિયા હોવાની જરૂર નથી. તમારે બસ થોડો ઈતિહાસ, છૂપી વિગતો અને ખુશી વિશે જાણવાની ઉત્સુકતા રાખવી જોઈએ, જે મોટા ભાગના લોકો ચૂકી જતા હોય છે.

ટ્રિપની સારી શરૂઆત એટલે સારી યાદોનું નિર્માણ હા, અમે હોંગ કોંગમાં હોલીડે માટે ગયાં હતાં. અમે ઉડાણ કર્યું, હોટેલોમાં મુકામ કર્યો અને પ્રસિદ્ધ સ્થળો જોયાં.જોકે તે વધુ વિશેષ બનવાનું કારણ બિગ બુદ્ધા અથવા પીક ટ્રામમાં સવારી તો કરી જ પરંતુ સ્કાયસ્ક્રેપર્સમાં ડ્રેગન ગેટ્સ શા માટે છે,"હોંગ કોંગ"નો અર્થ શું થાય છે અને ટાઈફૂન બેલ ટાવર દ્વારા ટ્રેક કઈ રીતે થાય છે તે જાણવાથી ટ્રિપ વિશેષ બની રહી. અને હું તમારે માટે આ જ આમંત્રણ છોડી જવા માગું છું.

તો આગામી સમયે તમારી હોલીડેનું નિયોજન કરો ત્યારે તે બુક કરવા સાથોસાત તેની સાથે સંબંધ પણ નિર્માણ કરો.તમે આવું કરશો ત્યારે શહેર તમને આવકારશે, સાથોસાથ તમને પોતાના બનાવી લેશે.

**વાંચો. જુઓ. પૂછો.**

કારણ કે તમે આવું કરો ત્યારે શહેર તમારે માટે હાથ ખોલવા સાથે તમને આવકારશે પણ. અને તમે પાછો આવશો ત્યારે ફક્ત સુવેનિયર નહીં લાવશો, પરંતુ કશુંવધુ બહેતર જોડે લાવશે - એક સ્થળને તમે પર્યટક તરીકે નહીં મળ્યા,પરંતુ વિચારશીલ, ઉત્સુક પ્રવાસી તરીકે મળ્યા.

ફરી મળીશું... ત્યાં સુધી શોધ કરતા રહો, આશ્ચર્ય પામતા રહો અને હંમેશાં જીવનની ઉજવણી કરતા રહો.

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com


# સ્વીકારીએ તમામ, જીવન તર બનાવીએ...

*મન ઈર્ષ્યા, દ્વેષ, રાગનું જૌહર બનાવીએ*
*પૂજે મનુષ્યતા એ પયમ્બર બનાવીએ*
*ભાગેડુ વૃત્તિ છોડી દઇએ નિષેધની*
*સ્વીકારીએ તમામ, જીવન તર બનાવીએ*

આજે ૧૩ ઑગસ્ટે સવારે લખવા બેઠો છું અને હૃદયમાંથી બહાર આવી કેં કેટકેટલાં પંખીઓ મારી ચોમેર ફરતાં, અવનવા રવ મૂકતાં, સ્વનાં રંગોત્સવમાં મને સામેલ કરતાં, કાનને ટહુકાં ધરતાં રૂપાળું, અતિસુખથી આંખ ભરાઈ આવે એવું બધું ઊભું કરી રહ્યાં છે કે આજે તો અણી અને અતિ શુદ્ધ સંવાદ આદરીએ. આજે ‘ઘણ રે બોલે ને એરણ સાંભળે’ નહીં પણ ‘પંખીડા બોલે અને જણ સાંભળે...’ બરાબર!

વિનેશ અંતાણીએ તો ખરેખર ચમત્કાર જ સર્જ્યો હતો ‘પ્રિયજન’ નામની એમની એક નવલકથામાં. એક આથમી ગયેલા અને એક પૂર્ણ હયાતી ધરાવતા સંબંધના જળમાં છે માત્ર ચાર જ માછલી, અને એમાંય એક તો પ્રયાગની સરસ્વતી છે, એટલે કે ગેરહાજરીમાં હાજર છે અને છતાંય... ક્યાંય... નથી વિષાદ સહેજે ઓછો થતો કે નથી અસ્તિત્વનો મંગલોત્સવ ઘટતો. અને બાપ રે! ‘પ્રિયજન’ની પ્રસ્તાવના!!! ‘ભરપૂર જીવન જીવાયું હોય, છતાં એક સાંજે એક ચહેરો યાદ આવે અને મનનો અભાવ બહાર છલકાઈ જાય ત્યારે થાય કે કઈ ક્ષણ સાચી? કે પછી બન્ને? આભાર... પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રિયજનોનો...’ જરૂર વાંચજો. This one of the 10 gratest books of my life. તમારું વિશેષ ધ્યાન દોરવા અતિશયોક્તિ અનિવાર્ય.

અમને (મારા વિષે હું બહુ પ્રસન્ન હોઉં ત્યારે બહુવચન વાપરું છું) સાલું થયું એવું કે સોળ સત્તરની ‘બાલી’ ઉમ્મરે તો ગઝલનો ચટકો લાગી ગયો’તો. અરે એટલે જ તો પામ્યા ત્યારથી, અત્યાર સુધી અને હવે પછીનું આવું ભાતીગળ જીવન... એક તો સ્વઉપાર્જિત ગઝલ-વરદાન અને એમાં પાછો રજત દિલીપ ધોળકિયા એ રંગોળીમાં પૂરે બહુરંગી મહેંદી હસન. છેલ્લાં બાવન વરસથી સ્વર્ગમાં જ છું. હકિકતમાં મર્યા પછી મોત જ છે, કોઈ સ્વર્ગ કે નર્ક છે જ નહીં. ફક્ત અને ફક્ત અંત જ છે. આજુબાજુના એકને કે અન્યને આનંદ આપો એ સ્વર્ગ અને હાની પહોંચાડો એ નર્ક. તે...આ ગઝલે અને પછી મહેંદી હસને અમને એવા ટાઢા પાડયા છે કે એ દિવસોમાં તો અમારા અતિપ્રિય જગજીતસીંગના હિમાલય જેવડા ટાઢાબોળ અવાજ કરતાંય અમને મહેંદી હસનનાં સહેજ ખરબચડા કંઠ વધારે ટાઢા પાડે અને લાગે, અને એમાંય મહેંદી હસન, શાયર રાઝી તિરમીઝીની આ ગઝલ રજૂ કરે ત્યારે તો અમને એમાં અમારું જીવવા ધારેલું ‘બુઢ્ઢા થવું’ દેખાય કે એ ઉમ્મરમાં આવું જીવાય તો કેવું!



*ભૂલી બિસરી ચંદ ઉમ્મીદેં ચંદ ફસાને યાદ આયે*
*તૂમ યાદ આયે ઔર તુમ્હારે સાથ ઝમાને યાદ આયે*

*હંસનેવાલોં સે ડરતે થે, છૂપ છૂપ કર રો લેતે થે*
*ગહરી ગહરી સોચમેં ડૂબે દો દિવાને યાદ આયે*

હવે સમજ્યાને તમે દોસ્ત? કે કેમ આજે વિનેશ અંતાણી ‘પ્રિયજન’, કેમ ઉર્દૂ ગઝલ, કેમ મહેંદી હસન અને જગજીતસીંગ...

હર્ષદ ત્રિવેદી, ગુજરાતી સાહિત્ય પરિષદનો સાંપ્રત પ્રમુખ તુકારે બોલાવાય એટલો નિકટનો મિત્ર... એની એક ગઝલ આવા જ, સાથે જીવાતા સુંદર ‘બુઢ્ઢા થવું’નું ચિત્ર પ્રસન્ન રંગો સાથે મૂકે છે એ આજે તમારી તહેનાતમાં... (મોટ્ટા અતુલ ડોડિયા કદાચ આ વાંચે તો કદાચ દોરે ય ખરા...)

## બંને જણ

*સમી સાંજે કરીને તાપથણું બેઠાં છે બંને જણ,*
*કહે છે એકબીજાને હુંફાળી આ ક્ષણોને લણ!*

*નહીંતર આ તિખારા તો બધા હમણાં ઊડી જાશે,*
*વીતેલાં સહુ વરસ માફક ગણી લે તું, ગણું હું પણ!*

*ઉપર આકાશના તારા જુએ ટમટમતી આંખોએ,*
*ચમત્કારો બને છે શું નીચે સંસારીઓમાં પણ?*

*નજીક લાવો વધુ આસન, હજી લાવો નજીક વ્હાલા,*
*સૂણો સરવા કરીને કાન, ઝીણું બોલતાં કંકણ!*

*અગન તારા મહીં છે એટલી રાખું લગન હું પણ,*
*કરે છે યાદ કંઈનું કંઈ ઝુકાવીને ભીની પાંપણ!*

*ભરી લો આ બધી યે રાખ બાકીના વખત માટે,*
*સવારે સાથમાં બેસીને માંજીશું જૂનાં વાસણ!*

તા. ક. હજી વધુ સુંદર ‘પ્રયાણ’ પહેલાંનું જીવવું હોય તો જવાની ઉતાવળ ના કરાવે એવા, પાછાં યુવાનીના પ્રેમ જાગૃત થાય એવા, exceptional તરકટી નામવાળા મુસદ્દા જીવનમાં વસાવવા... દા.ત. નરને માયસ્થેનિયા ગ્રેવીસ અને નારીને અલ્ઝાઈમર. નામ બોલો કે મ્હોં ભર્યુંભાદર્યું થઈ જાય...

*નિશાનો ખૂબ ઊંચે રાખતા સંયોગ પાળ્યા છે*
*થયા ગરકાવ તો અંતિમ બધા ઉપભોગ પાળ્યા છે*
*બહુ મોટા ગજાના મોત માટે છે જે આરક્ષિત*
*જો પાળ્યા છે તો જીવનમાં અમે એ રોગ પાળ્યા છે*

*- શોભિત દેસાઈ*

આજે આટલું જ... ■

---

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

કસન રાતે દુકાન વધાવીને ઘરે પાછો આવ્યો ત્યારે કેશુકાકા પ્લેનમાં મળી ગયેલા નિર્મલ વિશે વાત કરી દેવાની વેતરણમાં હતા. મૂળ તો એમને નિર્મલને કઇ હોસ્પિટલમાં લઇ ગયા હશે એ જાણવું હતું, પણ એ પોતાના મનની ઉતાવળ બતાવવા માગતા ન હતા. જોકે કાશ્મીરાને સસરાની મૂંઝવણ જાણવાની ઉતાવળ હતી. બધા જમી પરવાર્યા એટલે કાશ્મીરાએ વાત કાઢી.

‘પપ્પાજી તમે પૂછતા હતાને કે કોરોનાના દરદીઓને કઇ હૉસ્પિટલમાં રાખે છે? કિસનને ખબર હશે.’

‘હા, હું એમ પૂછતો ‘તો કે ઇ સરકારી ઇસ્પિતાલ કઇ છે જેમાં આવા દરદીઓને રાખે છે?’

‘તમે જે પ્લેનમાં આવ્યા એમાં એક જ પેસેન્જરને આઇસોલેશનમાં લઇ જવાયો છે.’ કિસન બોલ્યો ને કેશુકાકાના ધબકારા વધી ગયા. એમના હાથ-પગ ઢીલાં પડી ગયા. આટલા બધા પેસેન્જરોમાંથી એક જ અને એ પણ નિર્મલ? કેશુકાકાની નજર સામેથી...એને લઇ જતી....ચીસો પાડતી એમ્બ્યુલન્સ પસાર થઇ ગઇ.

‘હા....નિર્મલ પરીખ.’ અમે વિમાનમાં હારે જ હતા. મારી હામે જ એને એમ્બ્યુલન્સમાં લઇ ગ્યા. હું વાંહે ધોયડો, પણ મારા હાળાઓએ ઊભી નો રાખી. મારે એને કઇ ઇસ્પિતાલમાં લઇ જાય છે એ જાણવું તું......એનો ફોન નંબર લેવો તો.’ કેશુકાકાને હાંફ ચડી ગઇ.

પપ્પાજી સરકારી હોસ્પિટલનું શા માટે પૂછતા હતા એ વાત હવે કાશ્મીરાને પલ્લે પડી.

નિર્મલ એક સીટ છોડીને મારી હારે જ બેઠો તો. કેશુકાકાએ ચોંકાવી નાખનારી વાત કરી. અવાચક થઇ ગયેલાં કિસન અને કાશ્મીરા એકબીજાની સામે જોઇ રહ્યાં.

‘પપ્પા, તમે એને અડ્યા તા?’ કિસને સીધું જ પૂછી લીધું.

કોરોનાનો ચેપ લાગ્યો હોવાની કેશુકાકાની શંકા વધુ મજબૂત બની ગઇ. આગલી રાતનું ભયનું લખલખું ફરી શરીર પર ફરી વળ્યું.

‘એણે મારો સીટ બેલ્ટ બાંધી આયપો તો.’

‘એ સિવાય....એ સિવાય તમે એકબીજાની સાથે હાથ મિલાવ્યા હોય કે અડ્યા હો એવું કંઇ થયું હતું?’ કાશ્મીરાએ પૂછપરછનો દોર પોતાના હાથમાં લઇ લીધો.

‘ના ના, એમ તો અમે છેટે છેટે બેઠા ‘તા....હું એને અયડો ય નથી, પણ હાચું કઉં, એને ઇસ્પિતાલ લઇ ગ્યા પછી હું બહુ ડરી ગ્યો છું.’

‘પપ્પા, આમાં ડરવાની વાત બિલકુલ નથી. સાવચેતી રાખવાની જરૂર છે. સરકારી તંત્ર, ડૉક્ટરો, દરદીઓ...અને આપણે બધા આ મામલામાં અજાણ છીએ. વિદેશી ડૉક્ટરોના અનુભવોને આધારે આપણે આ રોગના લક્ષણો વિશે થોડુંઘણું જાણીએ છીએ. ડોક્ટરો સંશોધનને આધારે ઇલાજ કરી રહ્યા છે. રસીઓ બની ગઇ છે....આ તો આપણો મેડિકલ સ્ટોર હોવાથી મારા કોન્ટેક્ટમાં કેટલાક ડોક્ટરો છે એટલે મને થોડીઘણી ખબર છે. થોડો વખતમાં બધું થાળે પડી જશે. આપણું તંત્ર થોડું બહુ ગાફેલ છે...પણ આમ તો વિદેશમાંય બધા અંધારામાં ફાંફા મારે છે. પપ્પા, મારા હિસાબે તમારે ઘરમાં ક્વૉરન્ટાઇન થવું જોઇએ. એના લક્ષણો ચારેક દિવસમાં...મતલબ આ ઇન્ક્યુબેશન પિરિયડમાં દેખાશે.’ કેશુકાકા કાંપી રહ્યા હતા. એણે ઊભા થવાની કોશિશ કરી, પણ થરથર ધ્રૂજતા પગે ફરી બેસી ગયા.

પપ્પાજી, તમે બીલકુલ ગભરાવ નહીં. તમને કંઇ નહીં થાય. કાશ્મીરાએ કહ્યું. કેશુકાકા ટટ્ટાર બેઠા, એક ઊંડો શ્વાસ લઇને ઊભા થયા. ધીમે પગલે પોતાના રૂમમાં જઇને દરવાજો બંધ કર્યો. થોડી ક્ષણો બાદ કેશુકાકાએ દરવાજો ખોલ્યો.

દીકરા, મનેય ઇ સરકારી ઇસ્પિતાલમાં દાખલ કરી દે ને....મારે નિર્મલને મળવું છે.

***

પ્હો ફાટવાના સમય પહેલાં જી. જી. ભોય હૉસ્પિટલના પગથિયાં પાસે સ્ટાફના થોડા લોકો એકઠાં થઇ ગયા હતા. કોલાહલ મચી ગયો હતો. હૉસ્પિટલનો વોર્ડબોય ગોપાળ, સ્વીપર જયુ, વોચમેન મિશ્રા, નર્સ જયમાલા સહિતના થોડા લોકો ટોળે વળીને પગથિયાં પર પડેલી વ્યક્તિને જોઇ રહ્યા હતાં. હૉસ્પિટલની પાછળના કેમ્પસમાં રહેતાં લેડી ડોક્ટર પ્રભા સાળુંખે રોજના નિયમ મુજબ સવારની ડ્યૂટીમાં હાજર થવા આવી રહ્યાં હતાં.

> ‘દોસ્ત, મેરી જિંદગીમેં સે ખુશ્બૂ ઉડ ગઈ. ઉડ ગઈ ખુશ્બૂ દોસ્ત, ચલતા હું લેકિન તૂ સદા યાદ રહેગા. ખુદા હાફિઝ.’

સવારના શાંત વાતાવરણમાં કોલાહલનો અવાજ કાને પડતા એમણે મેડિકલ ઇમરજન્સી હોવાનું ધારીને પોતાની ચાલ ઝડપી કરી. હૉસ્પિટલના પગથિયાં પાસે સ્ટાફને જોઇને તેમને આંચકો લાગ્યો. એમણે એક યુવતીને પગથિયાં પર પડેલી જોઇ. ડો. સાળુંખેને જોઇને કેટલાકે જગ્યા કરી આપી. એ જ વખતે ત્યાં આવી પહોંચેલા ડો. શાહ સામે ડો. સાળુંખેએ પ્રશ્નાર્થભરી આંખે જોયું.

જયુએ મને જાણ કરી...ડો. શાહે કહ્યું.

‘ખબર નૈ અંઇ પડી ‘તી. કોઇ રાતે ઇને અહીં મેકીને જતું રિયું લાગેસ.’ જયુએ કહ્યું.

એટલામાં વોર્ડબોય હરી સ્ટ્રેચર લઇને પહોંચી ગયો. ગોપાળ, હરી અને જયુએ મળીને યુવતીને ઉઠાવીને સ્ટ્રેચર પર મૂકી અને સ્ટ્રેચરને ધકેલીને અંદર લઇ જવા લાગ્યા... ડો. સાળુંખેએ એમને થોભાવ્યા. પછી સ્ટેથસ્કોપથી ધબકારા માપતાં કહ્યુંઃ ‘કદાચ એ એની મેળે પણ અહીં સુધી આવી હોય અને પગથિયાં પર બેહોશ થઇ ગઇ હોય એવું પણ બને.’

કદાચ એને કોરોના હોય...પણ બેભાન શા માટે થઇ એ નથી સમજાતું. ડો. શાહે શંકા વ્યક્ત કરી.

યુવતીનું રહસ્ય હૉસ્પિટલની લોબીમાં અટકી ગયું હતું. નર્સ જયમાલા દોડીને બીપી માપવાનું મશીન લાવી. બ્લડ પ્રેશર માપ્યું.

બીપી નોર્મલ છે, ડો. સાળુંખેએ યુવતીને અંદર લઇ જવાનો ઇશારો કરતાં કહ્યું.

‘ક્યા નામ લિખું ઇસ કા...’ જયમાલાએ કેસ પેપરમાં લખતા પહેલાં પૂછ્યું.

‘મિસ એક્સ. હમણાં આ નામ લખી કાઢો...ભાનમાં આવહે પછી પૂછી લેવા.’ પાછળ આવીને ઊભા રહી ગયેલા સોલંકીએ કહ્યું.

સૌથી પહેલાં તો આપણે એને એડમિટ કરી દઇએ. ડો. સાળુંખેએ કહ્યું

‘મને લાગે છે કે આપણે પોલીસને જાણ તો કરવી પડહે...’

‘સોલંકી, પોલીસનું આપણે પછી જોઇ લેશું. પહેલા એના સ્વોપના નમૂના લો.’ ડો. શાહે જયમાલાની સામે જોઇને કહ્યું.

‘સર, બેભાન અવસ્થામાં?’ જયમાલાના અવાજમાં અનિચ્છા હતી.

‘તું તૈયારી કર. અમે એને લેબમાં લાવીએ છીએ.’

એક બેશુદ્ધ યુવતીના ગળા અને નાકમાંથી કઇ રીતે સેમ્પલ લઇ શકાય? એનું મોં કઇ રીતે ખોલાવવું? છેક અંદર સુધી જઇને સેમ્પલ લેવાની જયમાલા કલ્પના કરી શકતી નહોતી.

થોડીવારમાં મિસ એક્સને એક વ્હિલચેર પર બેસાડીને લેબમાં લઇ જવાઇ. ડો. શાહ, ડો. સાળુંખે, બે વોર્ડબોય, સ્વીપર જયુ અને સોલંકીની હાજરીમાં જયમાલાએ કદાચ એની જિદગીનું અઘરામાં અઘરું કામ આજે પાર પાડ્યું...એક બેશુદ્ધ યુવતીના સેમ્પલ લેવાનું કામ.

‘સર, આ યુવતી બેભાન છે. એનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી એને રાખશું ક્યા વોર્ડમાં?’ ડો. સાળુંખેએ પૂછ્યું.

‘ઑપરેશન થિયેટરમાં.’ ડો. શાહનો જવાબ સાંભળીને બધા દંગ રહી ગયા.

‘કેમ એનું કોઇ ઑપરેશન કરવાનું છે?’ વોર્ડબોય હરીએ બુદ્ધિનું પ્રદર્શન કર્યું.

‘અક્કલના ઓથમીર, હમણાં ક્યાં કોઇ ઑપરેશનના કેસ હોય છે. ઑપરેશન થિયેટર ખાલી જ હોય છે.’ ડો. સાળુંખેએ એને ફોડ પાડીને સમજાવી દીધું એ પણ એ જે ભાષા સમજે એવી ભાષામાં. બધા હસી પડ્યા. હરી વ્હિલચેરને ધક્કો મારીને ઑપરેશન થિયેટરમાં લઇ ગયો. બહાર ઊભા રહીને ડો. શાહે સોલંકીને કહ્યુંઃ ‘કાલે સવારે જ આના સેમ્પલ પુણે લેબમાં મોકલી આપો....અને ડો. સાળુંખે, આને ભાનમાં આવવાનું ઇન્જેક્શન આપી દો અને સાથે સાથે....’ એટલું બોલીને તેઓ અટકી ગયા.

‘સર, કેમ અટકી ગયા?’ ડો. સાળુંખેએ પૂછ્યું.

‘એનું ટોટલ ચેક-અપ કરી લો...કોઇ ચોટ, બળાત્કારના કોઇ નિશાન...’

‘યસ સર, આઇ અન્ડરસ્ટેન્ડ...આઇ વિલ ચેક એવરીથિંગ થરલી.’

***

નિર્મલ ઉઠ્યો ત્યારે ઇલિયાસ બેડ પર બેઠો બેઠો સફરજન ખાઇ રહ્યો હતો. નિર્મલે પરાણે આંખો ખોલી. માથું ભારે હતું.

‘કેવો હાલ છે અત્યારે દોસ્ત?’ ઇલિયાસે પૂછ્યુ, પણ નિર્મલ બહુ બોલવાના મૂડમાં ન હતો.

‘રિપોર્ટસ આવી ગયા?’ નિર્મલે સવાલ કર્યો.

‘ના દોસ્ત.....એનો જ ઇન્તેજાર છે.’

‘મને તો એરપોર્ટ પરથી સીધો અહીં લાવ્યા...તને શું જોઇને લાવ્યા?’

‘મુઝે કોઇ ખુશ્બૂ નહીં આતી....મૈં સુંઘતા હું મગર પતા નહીં ચલતા...ના કાંદા, લહસૂન, ના કોઇ ફલ...જો આ સફરજન ખાઉં છું, પણ એમાં સુગંધ નથી આવતી મને. યહ નયા રોગ ભી ‘અજીબ હૈના?’ ઇલિયાસે થોડું હસીને કહ્યું.

નિર્મલે સુગંધ ન આવવી કે સ્વાદ ન આવવો જેવા કોરોનાનાં લક્ષણો વિશે અમેરિકામાં વાંચ્યું હતું. એણે પોતાનો ટેસ્ટ કરવા ઇલિયાસ પાસે સફરજન માગ્યું.

‘નહીં નહીં મૈં નહીં દુંગા..મેરા જુઠા હૈ...તુમકો ભી ચેપ લગ જાયેગા કહીને એણે આપ્યું નહીં. બીજી જ પળે નિર્મલને થયું કે આ ભોળા માણસને ખબર નથી લાગતી કે એનામાં કોરોનાનાં લક્ષણો છે. એ કશું બોલ્યો નહીં. બાજુના જ બેડ પર કોરોનાનો માસુમ દરદી છે. કદાચ પોતાને પણ ચેપ લાગી શકે છે એવું વિચારીને એણે મોં પરનું માસ્ક સરખું પહેરી લીધું. આમે ય તેનું માથું ભારે હોવાથી એ વાત કરવા માગતો ન હતો. એ પડખું ફેરવીને સૂઇ ગયો. ઇલિયાસ સફરજન સુંઘતા સુંઘતા ખાવા લાગ્યો.

‘દોસ્ત, દેખો અબ ભી ખુશ્બૂ નહીં આતી.’ જોર જોરથી હસવા લાગ્યો. આજુબાજુવાળા બધાને મોટેથી કહેવા લાગ્યો ‘દેખો દેખો ક્યા અજીબ હૈ...સફજન મેં સે ખુશ્બૂ નહીં આતી.’

નિર્મલે એનો અવાજ સાંભળીને પડખું ફેરવ્યું. સામે જોયું તો નર્સ જ્યોતિ અને વોર્ડબોય ગોપાળ આવી રહ્યાં હતાં. ઇલિયાસ હજી મોટે મોટેથી બોલતો હતો..

‘દેખો દેખો સફરજનમેં સે ખુશ્બૂ નહીં આતી...અજીબ હૈ....’ ઇલિયાસ મોટેથી હસી રહ્યો હતો. જ્યોતિ અને ગોપાળ એના જ બેડ પાસે આવીને ઊભાં રહી ગયાં. ઇલિયાસ અટકતો નહતો. નિર્મલે પથારીમાંથી ઉઠીને એને રોક્યો. એને થયું કે જ્યોતિ એને આવા બેહુદા વર્તન બદલ ખખડાવી નાખશે, જ્યોતિના ચહેરા પર ગંભીરતા હતી. જ્યોતિએ કહ્યુંઃ ‘ઇલિયાસ જાફરભાઇ પોઝિટિવ.’ ઇલિયાસના હાથમાંથી સફરજન પડી ગયું.

એણે નિર્મલની સામે જોઇને કહ્યું ‘દોસ્ત, મેરી જિંદગી મેં સે ખુશ્બૂ ઉડ ગઇ. ઉડ ગઇ ખુશ્બૂ, ઉડ ગઇ...નિર્મલ દોસ્ત ચલતા હું. લેકિન તું સદા યાદ રહેગા. ખુદા હાફિઝ.’

‘અરે નહીં નહીં, ખુદા હાફિઝ મત બોલ..હમ મિલેંગે...બહુત જલ્દ મિલેંગે.’ નિર્મલ એને આશ્વાસન આપ્યું, પણ ખુદ અંદરથી ડરેલો હતો.

ઇલિયાસ ચાલવા માંડ્યો ત્યારે જ્યોતિના મોંઢામાંથી નીકળતા બીજાં નામો એના કાને પડતા ગયા. ‘નંદકિશોર પાંડે, દેવ શુક્લા, કાજી રહીમતુલ્લા, ભોગીલાલ સંડેસરા, સચિન બેલવેલકર, દીપ સિંહ....’ ઇલિયાસ વોર્ડની બહાર નીકળ્યો....દરવાજો બંધ થવા સાથે નામો સંભળાતાં બંધ થયાં. એ લોબીમાં એક બાકડા પર બેસી ગયો. એના બન્ને હાથ દુઆ માટે ઉપર ઉઠેલા હતા. બીજા દરદીઓ પણ ધીમે ધીમે વોર્ડની બહાર આવી રહ્યા હતા....ઉપરના માળે જવા..

નિર્મલે ખાલી થયેલી પથારીઓ પર એક નજર નાખી. હવે આ બેડ પર બીજા દર્દીઓ આવશે...એમાંથી કોઇક નસીબદાર હશે, તો કોઇ બદનસીબ હશે.

***

નર્સે ધડ દઇને દરવાજો ખોલ્યો. એક પછી એક દરદી વોર્ડમાં અંદર દાખલ થઇ રહ્યા હતા. નર્સ જેનું નામ બોલે તે બેડ પર જઇને બેસે કાં સૂઇ જાય. નિર્મલ પોતાના છેક છેવાડાના બેડ પરથી જોઇ રહ્યો હતો. અચાનક એ પગ સુધી ઓઢેલી ચાદર ફગાવીને પથારીમાંથી બેઠો થઇ ગયો.

‘કેશુકાકા’ એણે બૂમ પાડી.

‘નિર્મલ’ સામેથી કેશુકાકાનો એટલો જ મોટો અવાજ આવ્યો.

(ક્રમશઃ)

---

ફોકસ

ડો. માજિદ અલીમ
feedback@
bombaysamachar.com

# ઓવર સ્લીપિંગ એટલે ?

## સમયમર્યાદા કરતા વધારે ઊંઘવું પણ સ્વાસ્થ્ય માટે સારું નથી

આ ભાગદોડવાળા જીવનમાં કામની વ્યસ્તતાને કારણે પૂરતી ઊંઘ મળતી નથી. આ જ કારણે આપણે બધા જ વિકેન્ડની રાહ જોઈએ છીએ કે, આપણે આપણી ઊંઘ પૂરી કરી શકીએ. ઘણી વખત તો ઊંઘ પૂરી કરવાના ચક્કરમાં લોકો આખો શનિવાર ઊંઘવામાં જ કાઢે છે. એનું પરિણામ એ આવે છે કે, ઓવર સ્લીપિંગને કારણે અઠવાડિયાના બીજા દિવસો કરતા વધારે થાક લાગે છે. જો તમારી સાથે પણ જો આવું જ થતું હોય તો, તમારે પોતાની ઊંઘની પેટર્ન (સાઇકલ) બદલવાની જરૂર છે. કારણ કે, આપણા દેશમાં ઊંઘને લગતી સમસ્યાઓ ઘણાને હોય છે જેમકે, ઊંઘ ન આવવી કે વધારે ઊંઘ આવવી વગેરે. આવામાં વધારે પડતી ઊંઘ કેટલી ખતરનાક સાબિત થાય તે જાણીએ.

### ઓવર સ્લીપિંગ એટલે શું ?

કોઈપણ વ્યક્તિ માટે ૭ થી ૮ કલાકની ઊંઘ આવશ્યક હોય છે. જો આપણે ૭ થી ૮ કલાકની સમયમર્યાદા કરતા વધારે ઊંઘીએ તો આપણા સ્વાસ્થ્ય માટે સારું નથી. વધારે સૂવાથી આપણા શરીરનાં અંગોનું જે રૂટિન ચક્ર ગોઠવાયું હોય તેમાં બાધા આવે છે. આ પેટર્નથી જયારે આપણે આખું અઠવાડિયું ઓછું ઊંઘીએ અને વિકેન્ડ પર જયારે વધારે ઊંઘીએ તો પાચન અને હૃદય સંબંધી વિકૃતિઓ પેદા થાય છે. આરોગ્ય નિષ્ણાંતોનું તે એ માનવું છે કે, જરૂરતથી વધારે સૂવાથી થાક લાગે છે જેને કારણે ઇરિટેશન થાય છે અને કામમાં ધ્યાન નથી લાગતું. જે લોકો વિકેન્ડ પર માત્ર બેડ પર જ સમય ગાળે છે તેમને લાગે છે કે એક અઠવાડિયાનો થાક ઉતારવા માટે સૂવા સિવાય કોઈ બીજો વિકલ્પ જ નથી. વધારે સૂવાથી તમારી પ્રોડક્ટિવિટી પર અસર પડે છે.

સૂવા માટે પણ એક નિશ્ચિત સમય હોવો જોઈએ. જે લોકો પોતાની ઊંઘના સાચા ટાઈમ ટેબલ પર ધ્યાન નથી આપતા તેમને સ્વાસ્થ્ય સંબંધી પરેશાનીનો સામનો કરવો પડે છે.



આખા અઠવાડિયામાં ઓછું સૂવું અને વિકેન્ડ પર વધારે સૂવાથી તેમના મેટાબોલિક અને કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમમાં ગડબડ પેદા કરે છે. અલગ અલગ સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું તો એવું પણ માનવું છે કે, વધારે સૂવાથી માત્ર ઊંઘની સાઇકલ જ નથી બગડતી, પરંતુ આનાથી રોજ કરવામાં આવતા મેડિટેશનમાં પણ પ્રોબ્લેમ થાય છે જેનાથી વધારે થાક લાગે છે.

### યોગ્ય ઊંઘ મેળવવા માટે શું કરવું

જો તમે અઠવાડિયાના પાંચ દિવસ પોતાની ૭ થી ૮ કલાકની ઊંઘ પૂરી કરતા હોવ તો વિકેન્ડ પર વધારે સૂવાની જરૂર નથી પડતી. ઘરના માહોલને શાંત રાખવો અને સૂવાનો એક ચોક્કસ સમય નિર્ધારિત કરવો અને રોજ એક જ સમયે સૂવાનો પ્રયત્ન કરવો.

### કેફીન ટાળો

જમ્યા પછી ચા કે કોફી પીવાનું ટાળો. ચા કે કોફી પણ ઊંઘ ન આવવાનું કારણ બની શકે. ઊંઘ બગડવાથી બીજો દિવસ પણ ખરાબ જાય છે .

### હળવું ભોજન કરવું

રાત્રીના સમયે વધારે હેવી ખોરાક ન ખાવો તેની બદલે હલકો ખોરાક ખાવાનું રાખવું જેથી પાચન સંબંધી સમસ્યા ન થાય. અને ખાસ ધ્યાન રાખવું કે આઠ વાગ્યા પહેલા ભોજન કરી લેવું જેથી કરીને ભોજન પચવા માટે પૂરતો સમય મળે.

### નિયમિત કસરત કરવી

પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી સમય કાઢીને નિયમિત વ્યાયામ કરવો જેથી તમને ઊંઘની સમસ્યા ન થાય. સારી અને પૂરતી ઊંઘ માટે યોગાસન, મેડિટેશન, વર્કઆઉટ અથવા બીજી કોઈ પણ એક્ટિવિટી કરવી જેથી થાક લાગે અને સારી ઊંઘ આવે.

### ફોન અને લેપટોપથી દૂર રહેવું

રાતે સૂતા પહેલા પોતાના બધા જ ઑફિસના કામ પતાવી લેવા જેથી સૂવાના ટાઈમે કોઈ કામ યાદ ના આવે અને લેપટોપની જરૂર ન પડે. સૂવાના ટાઈમે મોબાઈલ ફોન દૂર જ રાખવો. જે લોકો એમ વિચારતા હોય કે મોબાઈલ સ્ક્રોલ કરતાં કરતાં ઊંઘ આવી જશે તેઓ એ તો ખાસ ધ્યાન રાખવું કે ઘણી વખત મોબાઈલ સ્ક્રોલ કરવાં ઘણો સમય વીતી જાય છે અને જો એક વાર ઊંઘના સમયે ઊંઘ ઊડી જાય તો પછી જલદી આવતી પણ નથી જેને હિસાબે આગલો દિવસ બગડે છે. તેથી જ ઊંઘમાં બધા નાખવાવાળા ગેજેટ્સથી દૂર જ રહેવું. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર નાલંદા કેવી રીતે ઈતિહાસના પટલ પરથી ભુંસાઈ ગયું…?

પ્રાચીન નાલંદા વિશ્ર્વવિદ્યાલય, જેનું નામ વિશ્ર્વભરમાં જ્ઞાનના એક ઉત્તમ કેન્દ્ર તરીકે પ્રખ્યાત છે, તેનો ગૌરવશાળી

ઈતિહાસ હવે તો એક દુઃખદ સ્મૃતિ બનીને રહી ગયો છે. શિક્ષણના ક્ષેત્રે ભારત આજે ભલે દુનિયામાં પાછળ રહી ગયું હોય, પરંતુ એક સમયે આ દેશ જ્ઞાનનો સ્રોત હતો. તેનું પતન કેમ થયું તે એક ગંભીર અભ્યાસનો વિષય છે.

બૌદ્ધકાળમાં ભારત શિક્ષણનું કેન્દ્ર હતું. તે વખતનાં વિશ્ર્વવિદ્યાલયો વિક્રમાશીલા, તક્ષશિલા અને નાલંદાની ખ્યાતિ દૂર -દૂર સુધી ફેલાઈ હતી.

નાલંદા આજે તો એક ખંડેર અવસ્થામાં છે. ૨૦૦૬માં, રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે નાલંદાની પુનઃસ્થાપના કરવાનું સૂચન કર્યું હતું. પાછળથી બિહાર વિધાનસભા અને કેન્દ્રમાં યુપીએની સરકારે તેના પર મંજુરીની મહોર મારી હતી. ગયા વર્ષે, વડા પ્રધાન મોદીએ તેના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. બસ, ત્યારથી આ પેઢીના ઈતિહાસકારોને નાલંદામાં ભવ્ય ભૂતકાળમાં નવેસરથી રસ પડવા લાગ્યો છે. નાલંદા જ્યાં આવેલી છે તે બિહારના રાજગીર (રાજગૃહ) શહેરમાં જન્મેલા ઇન્ડિયન ફોરેન સર્વિસમાં જોડાઈને રાજનીતિજ્ઞ બનેલા અભય કુમારે તાજેતરમાં જ તેના ઈતિહાસ પર ‘નાલંદાઃ હાઉ ઇટ ચેન્જડ ધ વર્લ્ડ’ નામનું એક સુંદર પુસ્તક લખ્યું છે.

મહાવિહાર (મોનેસ્ટ્રી) તરીકે જાણીતા ઈતિહાસના આ ભવ્ય વિશ્ર્વવિદ્યાલયે ૧૪મી સદીમાં કામ કરવાનું બંધ કરી દીધું હતું (તેના પતનને લઈને ઘણા મતભેદો છે), પરંતુ તેની વિરાસત આજે પણ અભ્યાસનો વિષય છે.

બ્રિટિશ સેનાના બંગાળ એન્જિનિયર ગ્રુપમાં કામ કરતા એલેકઝાન્ડર કનિંઘમ નામના પુરાતત્ત્વશાસ્ત્રીએ પહેલી વાર તેના અવશેષો શોધ્યા પછી નાલંદાનો ઈતિહાસ ઉજાગર થયો હતો. ભારતમાં ઈતિહાસ ભણવા માટે આવેલા ચીની યાત્રીઓ હેન્સાંગ (હ્યુ એન સાંગ ) અને ઇત્સિંગનાં પ્રવાસ વર્ણનો પરથી નાલંદા વિશે વિસ્તૃત જાણકારી મળે છે.

નાલંદા દુનિયાની પહેલી રેસિડેન્શિયલ યુનિવર્સિટી હતી, જ્યાં એક જ પરિસરમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે રહેતા હતા. એક સમયે તેના પ્રાંગણમાં ૧૦,૦૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. લગભગ ૧૬૦૦ વર્ષ પહેલાં ગુપ્ત રાજવંશના શાસક કુમાર ગુપ્તએ શિક્ષણ અને જ્ઞાનના ક્ષેત્રમાં અનન્ય યોગદાન માટે આ બૌદ્ધ મહાવિહારની સ્થાપના કરી હતી. પાછળથી હર્ષવર્ધન અને પાલ શાસકોએ પણ તેનું સંરક્ષણ કર્યું હતું.



આ વિશ્ર્વવિદ્યાલયની ભવ્યતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમાં ૩૦૦ ઓરડાઓ, ૭ મોટા વર્ગ અને અભ્યાસ માટે ૯ માળનું એક વિશાળ પુસ્તકાલય હતું. તેમાં ૯૦ લાખથી વધુ પુસ્તકો હતાં.! એવું કહેવાય છે કે ૧૩મી સદીમાં અફઘાનિસ્તાનમાં જન્મેલા તૂર્કી શાસક બખ્તિયાર ખિલજીએ બંગાળ અને બિહારમાં એનું શાસન મજબૂત કરવા માટે નાલંદા પર હુમલો કર્યો હતો અને નાલંદાને પૂરી રીતે નષ્ટ કરી નાખી હતી. ઈતિહાસકારોમાં આ વાતનાં પ્રમાણોને લઈને મતભેદો છે.

જોકે, અભય કુમારનો દાવો એવો છે કે નાલંદાનાં મૂળિયાં હર્યક રાજવંશના સ્થાપક રાજા બિમ્બિસાર (ઇસુ પૂર્વે ૫૪૪- ૪૯૨)ના વખતમાં નાખવામાં આવ્યાં હતાં અને ગુપ્ત વંશમાં તેનો વિકાસ થયો હતો. કહે છે કે વિદેશી વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખીને યુરોપનાં ઘણાં વિશ્ર્વવિદ્યાલયો અને કોલેજોની સંરચના પરથી નાલંદાની પ્રેરણા લેવામાં આવી હતી.

નાલંદાનું સંપૂર્ણ સંકુલ પ્રવેશ માટેના મુખ્ય દરવાજા સાથે એક વિશાળ દીવાલથી ઘેરાયેલું હતું. ઉત્તરથી દક્ષિણ તરફ મઠોની કતાર હતી. કેન્દ્રિય વિદ્યાલયમાં સાત મોટા વર્ગ હતા. મઠોમાં એક કરતાં વધુ માળના હતા, દરેક મઠના આંગણામાં કૂવો બનાવવામાં આવ્યો હતો. આઠ વિશાળ ઇમારત, દસ મંદિર, અનેક પ્રાર્થના કક્ષ અને અભ્યાસ રૂમ ઉપરાંત આ પરિસરમાં સુંદર બગીચા અને તળાવો પણ હતા.

તેમાં પ્રવેશ સૌ માટે સુલભ હતો, પરંતુ તેની પરીક્ષા એટલી મુશ્કેલ હતી કે ફક્ત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ જ પ્રવેશ મેળવી શકતા હતા. આજની યુનિવર્સિટીઓની જેમ, નાલંદાના વિદ્યાર્થીઓ પણ પોતાનો સંઘ ધરાવતા હતા. વિદ્યાર્થીઓને કોઈ આર્થિક ચિંતા નહોતી. શિક્ષણ, ખોરાક, કપડાંની દવા અને સારવાર એમના માટે આ બધું નિઃશુલ્ક હતું. રાજ્ય તરફથી, નાલંદાને દાનમાં ૨૦૦ ગામ મળ્યાં હતાં, જેની આવક અને અનાજમાંથી તેનો ખર્ચો નીકળતો હતો.

કેવી કમાલની વાત છે કે છેક તે સમયે વિજ્ઞાન, ચિકિત્સા, ગણિત, ખગોળશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, તર્ક, વ્યાકરણ, લિપિ, પુસ્તક લેખન, અનુવાદ, સાહિત્ય, કળા અને વાસ્તુશાસ્ત્રના વિકાસમાં નાલંદાનું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું., જેનાથી ભારત જ નહીં, દુનિયાને પણ લાભ મળ્યો હતો. અહીં ભારત ઉપરાંત ચીન, જાપાન, કોરિયા, તિબેટ, ઇન્ડોનેશિયા, ઈરાન, ગ્રીસ, મંગોલિયા જેવા દેશોના વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા.

આ વિશ્ર્વવિદ્યાલયમાંથી જ ભારતમાં પદ્ધતિસરની વૈજ્ઞાનિક શિક્ષણ પ્રણાલીનો વિકાસ શક્ય બન્યો હતો. ‘યુનિવર્સિટી’ શબ્દ તે સમયે ચલણમાં નહોતો એટલે નાલંદા માટે ‘મહાવિહાર ’શબ્દ સામાન્ય રીતે વપરાય છે. પ્રાચીન નાલંદા યુનિવર્સિટી ‘શ્રી નાલંદ મહાવિહાર’, તરીકે જાણીતી હતી. નાલંદા શબ્દ સંસ્કૃત નાલમ+દા પરથી આવ્યો છે. સંસ્કૃતમાં ‘નાલમ’ એટલે કમળ…. કમળ જ્ઞાનનું પ્રતીક છે. ‘દા’ એટલે ‘આપે તે’. નાલમ+દા એટલે જે કમળ આપે તે… !

ભારતીય ગણિતના પિતામહ કહેવાતા આર્યભટ્ટ, છઠ્ઠી સદીમાં નાલંદાના સૌથી પ્રખર ગણિતજ્ઞ હતા. ત્યાં નાગાર્જુન, વાસુબંધુ, સંતરક્ષિતા અને કમલસિલા જેવા મહાન વિદ્વાનોએ તર્કશાસ્ત્રને આગળ વધારવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો, જેના કારણે મધ્યયુગીન વૈજ્ઞાનિક પદ્ધતિનો વિકાસ થયો. આ અભિગમ મધ્ય એશિયા અને છેવટે આરબ જગત અને યુરોપ સહિત વિશ્ર્વના વિવિધ ભાગો સુધી પહોંચ્યો હતો.

ઓક્સફર્ડ વિશ્ર્વવિદ્યાલયની સ્થાપનાના આશરે ૬૫૦ વર્ષ પહેલાં નાલંદાની સ્થાપના થઈ હતી. ઓક્સફર્ડ આજે પણ ચાલે છે એટલું જ નહીં, તે દુનિયાની સૌથી શ્રેષ્ઠ યુનિવર્સિટીનું માન ભોગવે છે. બીજી બાજુ, નાલંદા આજે ખંડેર છે અને ત્યાં ફરવા આવતા યાત્રીઓની નજરમાં એક પીડા બનીને ભોંકાય છે.

‘અમને લોકોને જે પણ બૌદ્ધ જ્ઞાન મળ્યું છે તે નાલંદામાંથી આવ્યું છે,’ તેવું એકવાર તિબેટિયન ધાર્મિક નેતા દલાઈ લામાએ કહ્યું હતું. નાલંદા ગુમાવીને ભારતે માત્ર શિક્ષણનું કેન્દ્ર જ ગુમાવ્યું નથી, તેણે વિશ્ર્વ પટલ પરથી તેની મહાનતા પણ ગુમાવી છે.

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# અનિશ્ચિત સંજોગોમાં પણ મ્યુચ્યુઅલ ફંડનો રોકાણ પ્રવાહ ઊંચો કેમ?

## …કારણ કે શેરબજારનું જે થતું હોય તે થાય, ટ્રમ્પે જે ટૅરિફ ફટકારવા હોય તે ફટકારે, પણ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારોનો વિશ્ર્વાસ અકબંધ છે!

મ્યુચ્યુઅલ ફંડ અને તેના એસઆઈપી, હાલમાં અનિશ્ચિત ગ્લોબલ સંજોગો વચ્ચે પણ ઈકિવટી તથા એસઆઈપી માર્ગે જે રોકાણ પ્રવાહ સતત આવી રહયો છે. ગ્લોબલ અનિશ્ચિતતા અને ટ્રમ્પ-ટૅરિફને કારણે શેર માર્કેટ આડેધડ તૂટે તો પણ તમારી પાસે રોકાણનો એક ઉત્તમ માર્ગ છે SIP (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન). આ માર્ગ તમને બજારની વધઘટની ચિંતા વિના રોકાણ કરવાની સુવિધા અને સુફળ આપી શકે છે, કારણ કે એસઆઈપીનો આધાર જ એ છે કે, શેરબજાર તેજીમાં હોય તો તમને લાભ અને મંદીમાં હોય તો પણ તમને લાભ થાય. અર્થાત એસઆઈપી એટલે વિન-વિન સિચ્યુએશન.

### રોકાણની સાતત્યપૂર્ણ વૃદ્ધિ

તાજેતરનો જુલાઇ મહિનો આ વાતને સમર્થન આપતો હોય તેમ તેના આંકડા કહે છે કે આ જુલાઈમાં ઈક્વિટી શેર્સમાં રૂ. ૪૨ હજાર કરોડનું રેકોર્ડ ભંડોળ જમા થયું છે, જેમાં એસઆઈપી મારફત આવેલું રોકાણ પણ રેકોર્ડ છે, જે રૂ.૨૮ હજાર કરોડથી વધુ છે. મજાની વાત એ છે કે શેરબજારની ચાલને ધ્યાનમાં રાખ્યા વિના કે એ પ્રત્યે બહુ ગંભીર થયા વિના રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં સતત રોકાણ કરતા રહયા છે, જેને લીધે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સંચાલન હેઠળનું (એયુએમ- એસેટસ અંડર મેનેજમેન્ટ) કુલ ભંડોળ પણ જુનમાં રૂ.૭૪.૭૯ લાખ કરોડ હતું, તે જુલાઈમાં રૂ.૭૬.૭૪ લાખ કરોડ થઈ ગયું. આમાં પણ નોંધનીય બાબત એ છે કે ઈક્વિટીમાં આવતો પ્રવાહ ઊંચો રહ્યો છે, જે સતત ૫૩માં મહિને નેટ રોકાણનો રહ્યો છે. અર્થાત, ફંડની યોજનાઓમાં નાણાં બહાર જાય છે તે કરતા અંદર વધુ આવે છે. એટલે કે નેટ રોકાણ સતત એકધારું ઊંચું રહે છે.

### બહેતર વૈવિધ્યપૂર્ણ માર્ગ

ઈક્વિટીમાં રોકાણ પ્રવાહ આવવા ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડની ડેટ યોજનાઓમાં પણ રોકાણ પ્રવાહ ઊંચો થતો જાય છે. એના પુરાવા રૂપે ડેટ ફંડસમાં થતું રોકાણ રૂ. ૧ લાખ કરોડ ઉપર પહોંચ્યું છે.



આ માર્ગે રોકાણકારોને વ્યાજની આવક સારી થતી હોય છે. અનેક રોકાણકારો બેંક એફડી (ફિક્સડ ડિપોઝિટ) કરતાં મ્યુચ્યુઅલ ફંડની સ્કિમ પસંદ કરવાનું કારણ એફડી કરતાં નોંધપાત્ર બહેતર વળતર છે. આ રોકાણ સરળ અને સુવિધાપૂર્ણ પણ છે. ઓનલાઈન વ્યવહારોને કારણે નાણાં ઉપાડ પણ સરળ થઈ ગયો છે. હાઈ નેટવર્થ ઈન્વેસ્ટર્સ પણ વૈવિધ્યકરણ માટે ફંડસનો માર્ગ વધુ પસંદ કરે છે.

### સોનું - એફડી- ક્રિપ્ટો કરતાં એમએફ વધુ સારા

એક બહુ મોટો વર્ગ સોનામાં રોકાણ કરતો રહ્યો છે. એક વર્ગ સરકારી બચત યોજનાઓમાં પણ રોકાણ કરે છે. એક નવી જનરેશનનો વર્ગ ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરતો થયો છે. આ બધાં વર્ગ પણ મ્યુચ્યુઅલ ફંડસનેય નાણાં ફાળવે છે. વર્તમાન સમયમાં સરળતા, એકંદરે સલામતી અને બહેતર રિટર્ન આપતો માર્ગ મ્યુચ્યુઅલ ફંડ બની રહયો છે પરિણામે વધુ ને વધુ લોકો આ માર્ગ તરફ વળતા જાય છે. નવા વર્ગ ઉપરાંત વર્તમાન વર્ગ પણ તેમનું રોકાણ ભંડોળ મ્યુચ્યુઅલ ફંડમાં વધારતો રહયો છે અને આ વધારતા રહેવામાં શાણપણ પણ છે.

આટલી પાયાની સમજ કેળવીને જે લોકો મ્યુચ્યુઅલ ફંડસની યોજનાઓમાં લાંબા ગાળાનું રોકાણ કરશે તે નિરાશ નહીં થાય .

### પરિવર્તન સાથે તાલ

રોકાણકારોના પ્રવાહને ધ્યાનમાં રાખી ફંડસ પણ ઈનોવેશન લાવી રહ્યું છે. સમયના પરિવર્તન સાથે આજે નવા -નવા ફંડસ પણ આવતા જાય છે. બદલાતા ગ્લોબલ સંજોગો કે સ્થાનિક સંજોગોમાં, અર્થતંત્રની બદલાતી તરાહ, ન્યુ ઈકોનોમી, નવા સેકટર, વગેરેને ધ્યાનમાં રાખી થિમેટિક ફંડ, ફલેક્સીકેપ ફંડ, વગેરે જેવા કનસેપ્ટ પણ ડેવલપ થઈ રહ્યા છે. લોકોની જાગ્રૃતિ પણ વધી રહી છે. નિયમન તંત્ર ‘સેબી’ આ ઉદ્યોગમાં પારદર્શકતા અને શિસ્ત વધારવાના

પગલાં પણ સતત ભરતું રહે છે. માર્કેટ અને ઈકોનોમીના વર્તમાન સંજોગો અને ભાવિ સંભાવનાઓને લક્ષ્યમાં રાખી નવી ફંડ ઓફર્સ (એનએફઓ) પણ આવતી રહે છે.

એક તરફ આઈપીઓ તો બીજી તરફ એનએફઓ ઈન્વેસ્ટર્સ વર્ગ માટે નવી-નવી તક લાવતા જાય છે. આનો એક અર્થ એ થાય કે રિટેલ-નાના-મધ્યમ સ્તરના રોકાણકારો શેરબજાર કરતાં મ્યુચ્યુઅલ ફંડના એસઆઈપીને વધુ પસંદ કરે છે, તેમાં વધુ વિશ્ર્વાસ કરે છે. યાદ રહે, આ પ્લાનમાં રોકાણ એક- બે વરસ માટે વિચારતા હો તો ભૂલ થઈ જશે, કમસે કમ ૩ થી ૫ વરસ અથવા બની શકે તો સાત થી દસ વરસ માટે વિચારજો.

સમયને પારખીને વાત કરીએ તો વિવિધ રોકાણ સાધનોમાં મહત્તમ શિસ્તબદ્ધ માર્ગ મ્યુચ્યુઅલ ફંડનો કહી શકાય. બીજાં સાધનોમાં રોકાણ કરવું હોય તો ભલે કરો, પણ મ્યુચ્યુઅલ ફંડ માટે ચોક્કસ હિસ્સો અવશ્ય ફાળવો. ‘હર ઘર તિરંગા’ની જેમ આ રોકાણ ઘર-ઘર હોવું જોઈએ. ■

હેં… ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# પત્ની શંકાશીલ એટલી કે રોજ પતિનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ લે!

લગ્નજીવન પ્રેમ અને વિશ્વાસ વગર ન ચાલે. પ્રેમના અભાવ અને અવિશ્વાસે લાખો જીવન રગદોળી નાંખ્યાં છે. અમુક શંકાશીલ વ્યક્તિ કઈ હદે જઈ શકે છે એનું ચોંકાવનારું ઉદાહરણ છે ડેબી વુડ. બ્રિટનની ડેબીની ગણના વિશ્વની સૌથી વધુ શંકાશીલ મહિલા તરીકે થાય છે.

બ્રિટનના લેસ્ટરમાં રહેતા સ્ટીવ વુડ અને ડેબી ૨૦૧૪માં પરણી ગયા. એ સમયે ૩૧ વર્ષની ડેબી ભૂતકાળમાં હૃદય-ભગ્ન થઈ હતી. પ્રેમીએ વિશ્વાસઘાત કર્યો હતો. એ વેદનાએ એના મન અને મગજ પર કેટલી ગાઢ અસર કરી એ તો ખુદ ડેબીને તરત સમજાયું નહોતું. આને લીધે એ ખૂબ મુશ્કેલ લાઈફ પાર્ટનર બની જવાની હતી એવી વ્યક્તિ કે જેને ભાગ્યે જ કોઈ સહન કરી શકે કે સ્વીકારી શકે.

ડેબીની માનસિક સ્થિતિ અને ગ્રંથિએ એને ભયંકર હદે શંકાશીલ બનાવી દીધી. આનો ભોગ બનવાનો વારો આવ્યો સ્ટીવ વુડનો. એક તબક્કો એવો આવ્યો કે ડેબીની શંકાશીલતા અને ઈર્ષા બધી હદ વટાવી ગઈ. એ વારંવાર સ્ટીવ પર શંકા કરે. જાતજાતના સવાલો પૂછતી રહે. મોડો કેમ આવ્યો? ક્યાં ગયો હતો? કોને મળ્યો હતો? શા માટે? કેટલા સમય માટે?

આ સવાલબાજી વચ્ચે એકવાર સ્ટીવ વુડના મોઢામાંથી નીકળી ગયું કે મારા પર ખોટી શંકા-કુશંકા કરવાનું રહેવા દે. તું ઈચ્છતી હોય તો મારી સચ્ચાઈ સાબિત કરવા માટે હું લાઈ ડિટેક્ટર પર ટેસ્ટ આપવા ય તૈયાર છું હો.

આ તૈયારીને સ્ટીવનો પ્રેમ કે કંટાળો સમજવાને બદલે ડેબીએ આખી વાતને શબ્દશઃ સ્વીકારી લીધી. તેણે ઘરમાં લાઈ ડિટેક્ટર મશીન જ વસાવી લીધું. પછી તો રોજેરોજ સ્ટીવ લાઈ ડિટેક્ટર ટેસ્ટ આપે અને પોતાની સચ્ચાઈ અને વફાદારી સાબિત કરે. આ બાબત પછી રોજિંદો ઘટનાક્રમ બની ગયો.

આટલું જ નહીં, ડેબીની બાજ નજર સ્ટીવના મોબાઈલ ફોન, લેપટોપ અને બેંકના સ્ટેટમેન્ટ પર પણ રહે. અરે! સ્ટીવને મહિલાઓને દેખાડતી ટીવી સિરિયલ જોવાની પણ




મનાઈ. ક્યારેક ટીવી પર સ્ત્રીઓનાં આંતરવસ્ત્રની જાહેરખબર આવે તો ડેબીની આંખ સ્ટીવના ચહેરા પર જ હોય. જો ક્યાંક પ્રેમ, સ્મિત જેવું આવ્યું તો સ્ટીવનું આવી બને. એ દૂધની થેલી ખરીદવા સ્ટૉરમાં જાય તો સેલ્સગર્લ સાથે વાત, વ્યવહાર કરવાનો તો ઠીક, એની સામે જોવાનીય સખત મનાઈ.

હકીકતમાં તો ડેબી અને સ્ટીવે ડેટિંગ શરૂ કર્યું ત્યારે બંને અલગ શહેરમાં રહેતાં હતાં. આમ ડેબીનું શંકાખોર માનસ ઓવરટાઈમ કરતું જ રહે. સ્ટીવ કોઈ છોકરી સાથે શું કરતો હશે? ખરેખર ઓફિસે ગયો હશે કે મોજમસ્તી કરતો હશે? હકીકતમાં ડેબીના મનના ઊંડા ખૂણામાં એક વિશ્વાસ ધબાયેલો હતો કે મારો સ્ટીવ બેવફાઈ ન કરે છતાં એ પોતાનું વર્તન બદલી શકતી જ નહોતી.

જૂના કડવા અનુભવને લીધે ડેબી માટે કોઈ પર વિશ્વાસ મૂકવાનું શક્ય નહોતું. હકીકતમાં તો આ ફિકર કે ગાંડપણ સ્ટીવની સંભવિત બેવફાઈ કરતાં ફરી કોઈ પોતાને છોડી દે એના ડર માટે હતા. એને ફરીથી ત્યજાવું નહોતું. એકલા પડી જવાનો ભય એને સતત કોરી ખાતો હતો.

આવી હાલતમાં કોઈ સંબંધ વિકસી તો ઠીક, ટકી જ ન શકે, પરંતુ સ્ટીવ વુડમાં ભારોભાર સમજ, સંવેદનશીલતા, પ્રેમ અને સહનશીલતા હતા. એ સમજતા હતા કે ડેબીમાં કંઈ ખરાબી નથી પણ માનસિક સમસ્યા છે. બંનેએ આ બાબત પર ધ્યાન આપ્યું. પોતાનાં સંબંધને વધુ મજબૂત બનાવ્યાં.

મોટાભાગના પુરુષે ડેબીને કાયમ માટે રામરામ કરીને અન્ય ક્યાંય દિલ લગાવ્યું હોત પણ સ્ટીવે ૨૦૧૪માં એની સાથે લગ્ન કરી લીધાં. તેણે સોશ્યલ મીડિયા પર લખ્યુંય ખરું કે આટલી બધી અસલામતી છતાં ડેબી પત્ની બનવાને ખૂબ લાયક છે.

ડેબીનો શંકાશીલ સ્વભાવ છાપેય ચડી ગયો. કોઈ પત્રકારે પૂછ્યું તો સ્ટીવે જવાબ આપ્યોઃ ‘એનાથી દૂર ભાગવાનો સવાલ જ નથી. એવી ઈચ્છા હોત તો ઘણાં લાંબા સમય અગાઉ હું એવું કરી ચુક્યો હોત.’

અને ડેબી શું માને છે સ્ટીવ વિશે? ડેબી ઉવાચ, ‘એ શાનદાર ઈન્સાન છે પણ મુદ્દો એ નથી. સવાલ એ છે કે એ ઘરની બહાર હોય ત્યારે કોઈ મહિલા સામે જોતો સહન કરી શકતી નથી. હું ઈચ્છતી નથી એ યુવતીઓ આકર્ષક છે એવું સ્ટીવ વિચારે. તમે સંબંધમાં હો અને સુખી હો તો તમારી નજર તમારા જીવનસાથી પર જ હોવી જોઈએ.’

આપણી આસપાસ પણ કદાચ આવા ડેબી અને સ્ટીવ હોવા જોઈએ. એ લોકો પોતાની માનસિકતા સામે લડતા હોય ત્યારે શક્ય બને તો સહાયરૂપ થવું ન જોઈએ? ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલના સાધક-બ્રહ્મશક્તિના ઉપાસક કાયમભાઈ હઝારી

**જરૂરી પ્રીતમાં ના છે પ્રિતમના ઘરનું સરનામું**
**નદી ક્યાં કોઈને પૂછે છે શું સાગરનું સરનામું**

પ્રેમ, સૌન્દર્ય અને શિષ્ટતા જીવનનાં મહત્ત્વપૂર્ણ અંગો છે. તેનાં વગર પૂર્ણ માનવ બની શકાય નહીં. ગઝલમાં આ બધા સાથે સામાજિક નિસ્બત્ત, સામાજિક બોધ અને જવાબદારીઓ તથા નવાં મૂલ્યોની વાત પણ થઈ શકે. ગુજરાતી ગઝલને કાવ્યાત્મકતા અને વિચારપ્રધાનતા જેમનાથી પ્રાપ્ત થઈ તે કવિનું નામ છે કાયમઅલી અલીભાઈ હઝારી.

કાયમઅલીનો જન્મ મોરબીમાં ૨૩ ડિસેમ્બર, ૧૯૪૩ના રોજ થયો હતો. ઇ. સ. ૧૯૬૬માં બી.ઈ. (સિવિલ) થયા. ગુજરાત રાજ્યના સિંચાઈ ખાતામાં એપ્રિલ, ૧૯૬૯થી ૨૦૦૧ સુધી રહ્યા. કાર્યપાલક ઈજનેર જેવા ઉચ્ચ હોદ્દા પર રહીને કામની જવાબદારી વચ્ચે શબ્દ સાધના અને ગઝલ આરાધના સતત ચાલુ રાખી હતી. ગઝલના ઇશ્કે-હકીકી ભાવને જીવનમાં ઉતારીને કાયમભાઈએ ગીતા, વેદ, ઉપનિષદ, પુરાણોનો અભ્યાસ કર્યો અને ગીતાના એક શ્લોક પરથી પ્રેરાઈને બ્રહ્મ જિજ્ઞાસા જગાવીને બ્રહ્મ પ્રશ્નોપનિષદ નામનો ત્રણસો પાનાનો ગ્રંથ આપ્યો છે. જે વાંચતા જ એમના ઊંડા જ્ઞાનની ઝાંખી થાય છે.

એમના કવિકર્મ વિશે લખતા શાયર એસ. એસ. રાહીએ નોંધ્યું છે કે 'કાયમભાઈ હઝારી બાહોશ ઈજનેર, મિજાજે ઠરેલા શાયર અને કર્મે તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. તેઓ રજૂઆતના કવિ છે એવા જ સારા વક્તા પણ છે. તેમને કોઈ વિચાર સ્ફૂરે કે પછી કોઈ ઘટનાના સાક્ષી બને ત્યારે તે બધું શેર-શાયરી રૂપે આપે છે. જીવતરની વિવિધ અનુભૂતિને આ શાયર ગઝલમાં ઢાળે છે.'

કાયમભાઈનું સર્જન વિશાળ છે. પ્રેમથી માંડીને પરમપિતા પરમાત્માના રહસ્યો સુધી એમની કલમને કામયાબી મળી છે. એમણે આપેલા ગઝલ સંગ્રહોની વાત કરીએ તો એમણે દીવાનગી, અલ્લાહ જાણે ઈશ્વર જાણે, આદમ ઈવનું પહેલું ચુંબન અને પોએટ્રી ૨૦૦૦ મિલેનિયમ વિશેષાંક આપણને આપ્યા છે. એમની ગઝલમાં તગઝ્ઝુલ એટલે પ્રણયરંગ છે તો તસવ્વુર (અધ્યાત્મ)નો સૂફી રંગ પણ છે. આ ગ્રંથોમાંથી પસાર થતાં તેમની સર્જનાત્મકતા અને વિચાર, વાણી, અર્થ અને કોમળ ભાવનાઓના દર્શન થાય છે. એમની મોટા ભાગની રચનાઓમાં જીવનની વાસ્તવિકતાનું અને પાખંડી વહેવારોનું ખંડન દેખાય છે. સારા કવિ, સારા વક્તા હોવાથી એમની વાણીનો વૈભવ માણવા જેવો છે.

વાસ્તવમાં આપણે ઘણું જાણીએ છીએ અને ઊંડી અને ગહન શોધખોળ કરીએ છીએ પરંતુ જાતને જાણતા નથી અને અહમ્‌ને ઓગાળતા નથી. સૌ પ્રથમ પોતાની તરતપાસ જરૂરી છે. આ આભાસી-માયાવી દુનિયામાં પોતાની જાતની તપાસ કરનારાને સાચા મોતીનો ચારો મળે છે. કાયમભાઈ પોતાની તપાસની, પોતાની શોધની વાત એક આખી ગઝલમાં ક્યાં કરે



છે, કેવી રીતે કરે છે તે જોઈએ:

*આભાસના નગરમાં શોધું છું હું મને*
*આ આયનાના ઘરમાં શોધું છું હું મને.*
*તાકી રહી છે મુજને, આશા હજાર લઈ,*
*લાચાર એ નજરમાં શોધું છું હું મને.*
*આદમથી આજ સુધી વીતી ગયો છે જે,*
*એ કાળની ભીતરમાં શોધું છું હું મને.*
*આવો મદદ કરો! મને આવો મદદ કરો!!*
*મારા જ ખુદના ઘરમાં, શોધું છું હું મને*
*'કાયમ' ચણી છે મેં જે સોનાની ઈંટથી*
*વૈભવની એ કબરમાં શોધું છું હું મને.*

શોધખોળ પૂરી ન થાય, મંઝિલ મળે નહીં ત્યારે ભટકવાનો વખત આવે. જેની સાધના પૂરી નથી થઈ અને મનનું ભટકવું ચાલુ છે તેવા લોકોને ધ્યાનમાં રાખીને એમણે કહેલી ગઝલના ચંદ શેર પેશ કરું છું:

*મારી જ પ્યાસથી જ્યાં છલકી રહ્યો છું હું,*
*તૃપ્તિની લઈ તરસ ત્યાં ભટકી રહ્યો છું હું*
*યુગોથી કાં સતત આ સાગરની લહેર સમ-*
*પામી કિનારો માથુ પટકી રહ્યો છું હું*
*એવી હદે સુંવાળો, લિસ્સો બની ગયો-*
*મારા જ હાથમાંથી સરકી રહ્યો છું હું*
*'કાયમ' થતી રહી છે, મારી કતલ અહીં*
*કયા કારણે જગતને ખટકી રહ્યો છું હું.*

ગઝલ લેખનની પ્રક્રિયા વિશે બોલતાં એમણે એક મુલાકાતમાં કહ્યું હતું કે 'જ્યારે કોઈ વિચાર મગજમાં સ્ફૂરે કે કોઈ ઘટના નજર સામે આવે ત્યારે તે એકાદ શેરમાં પરિણમે છે. આ શેર ડાયરીમાં ટપકાવી લઉં છું. પછી શેર રદીફ-કાફિયાના અનુસંધાને જીવનની અલગ અલગ અનુભૂતિ સાથે સંલગ્ન વાતો અન્ય શેરમાં વણાઈ જાય છે. આ રીતે ગઝલ લખાઈ જાય છે.

કાયમભાઈએ ગઝલ ઉપરાંત નઝમ અને મુક્તકો આપ્યા છે. તેઓ સારા આસ્વાદક પણ છે. એમણે અલ્લામા ઈકબાલ રચિત નઝમ 'શિકવા અને જવાબે શિકવા'નો અનુવાદ અને રસાસ્વાદ પણ કર્યો છે. એમની ગઝલોમાં સુંદર કલ્પનાનો અનોખો વૈભવ છે. સાંપ્રત સમસ્યાઓ કે ઘટનાઓથી દિલ વિચલિત થાય ત્યારે એમની પાસેથી મિજાજી ગઝલો અને નઝમો મળી છે. પરંપરાના રાજ્યમહેલમાં આધુનિકતાની બારી ખુલ્લી રાખીને બન્નેની ઉચ્ચતમ ખુબીઓનો સમન્વય એનામાં નજરે ચડે છે.

અર્ધી સદીની શબ્દ સાધનાના ઉંબરે આવીને હજુ પણ તેઓની કલમ અટકી નથી. એમની પ્રિય એવી બ્રહ્મ પીપાસા ચાલુ જ છે અને આશા રાખીએ કે ગઝલની સાથે સાથે વેદ-ઉપનિષદનો સારાંશ આપણને મળશે.

આ શાયરના કેટલાક પ્રતિનિધિ શેરોનો આસ્વાદ કરીએ:

*જ્ઞાની! તમોને શું આ સમજાવવું જરૂરી?*
*ભીના થવાને માટે કોરાં થવું જરૂરી*

* * *

*ખુલ્લી કિતાબ જેવી છે જિંદગી છતાં*
*તૂટ્યા નહીં ભરમ એ મુકદ્દરની વાત છે*

* * *

*તારો જ સ્પર્શ એમાં અકબંધ છે હજુ પણ*
*મારે એ બંધ ઘરની સાંકળ સુધી જવું છે.*
*કયા આશયે કરી છે દુનિયાની આ દશા તેં?*
*ઈશ્વર! મને એ તારી અટકળ સુધી જવું છે.*

* * *

*ધારું તો ભૂંસી નાંખુ તારુંય નામ, પણ*
*રહેતું નથી પછી કંઈ જીવનના સારમાં*

* * *

*ખુદાને વાસ્તે ઝાહિદ ન ચર્ચા કર ખુદાની તું*
*તું કેવળ નામ જાણે છે, હું જાણું છું ખુદાને પણ.*

* * *

*અહીંયા તો સજ્જનોનું એકેય ઘર નથી!*
*તેથી તો આ નગરમાં ચોરોનો ડર નથી!!*

* * *

*ગજું લેનારનું જોયા પછી કિંમત ઘટાડી'તી*
*અમસ્તા કંઈ નથી 'કાયમ' અમે સસ્તામાં વેચાયા.*

* * *

*તમે કાપીને કાં ફેંકી દીધા? એ તો તમે જાણો*
*મેં લંબાવ્યા હતા હાથો તમોને ભેટવા માટે*

* * *

*અરે સાકી! સુરાલય કાં ચલાવે તું ખુદા માફક*
*પીધેલાના ભરેલા જામ ને પ્યાસાના ખાલી છે.*
*પીવાશે તો જ એ રંગત અનેરી લાવીને રહેશે*
*જીવન પણ આમ તો 'કાયમ' સુરાની એક પ્યાલી છે.*
*થયો હું પૂર્ણ જ્ઞાની ત્યારે, સાચું મુજને જ્ઞાન આવ્યું-*
*નથી હું જાણતો કંઈ, એ કબૂલ કરવાનું ભાન આવ્યું*
*હતા, સંજોગો સરખા, ભલે કારણ હતાં જુદા-*
*મને આડું સ્વામાન આવ્યું, તને આડું ગુમાન આવ્યું*
*ચરમ સીમા હતી 'કાયમ' એ મારી કમનસીબીની-*
*જીવનના અંત ટાણે રોગનું સાચું નિદાન આવ્યું.*

* * *

*નથી સંકેત ગાલો પર અમીરીની ગુલાબીનો*
*હકીકતમાં એ દુનિયાના તમાચાઓની લાલી છે*

* * *

*અટકીને એ અચાનક પોઢી ગયા કબરમાં-*
*કહેતા હતા જે 'કાયમ' આગળ સુધી જવું છે.*

* * *

*જરૂરી પ્રીતમાં ના છે પ્રિતમના ઘરનું સરનામું*
*નદી ક્યાં કોઈને પૂછે છે શું સાગરનું સરનામું.*■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# અમુક ધાર્મિક માન્યતાને જડની જેમ વળગી ન રહેવું...

થોડા દિવસો અગાઉ એક બેવકૂફ વ્યક્તિએ સોશ્યલ મીડિયા પર લખ્યું કે 'સ્ત્રીઓ માસિક ધર્મમાં હોય એ વખતે એણે રસોડામાં ન જવું જોઈએ અને પૂજાપાઠથી દૂર રહેવું જોઈએ. ધર્મના પાલન માટે આ જરૂરી છે. આજના સમયમાં ઘણી સ્ત્રી આ નિયમનું પાલન ન કરીને ધર્મનું ઉલ્લંઘન કરે છે.'

એની એ પોસ્ટ પર કેટલીક વ્યક્તિએ કમેન્ટ કરી કે આજના સમયમાં આવું ન વિચારવું જોઈએ, પણ કેટલીકે તો પેલાના સમર્થનમાં કમેન્ટસ કરી!

આ પ્રકારની ઘણી માન્યતાને આજના સમયમાં પણ ઘણા માણસો જડની જેમ વળગી રહે છે.

થોડા સમય અગાઉ એક સ્નેહી વ્યક્તિના ઘરે જમવા જવાનું થયું. એમનો ભાવભર્યો આગ્રહ હતો કે એક વાર ઘરે જમવા આવો. જમવા બેઠા ત્યારે અમારા માટે અલગ વાસણમાં જમવાનું પીરસાયું. એ વિષે એમને કુતૂહલથી પૂછ્યું ત્યારે જવાબ મળ્યો: 'અમે ફલાણા પંથમાં માનીએ છીએ એટલે મહેમાનો માટે અલગ વાસણ રાખીએ છીએ, જેથી ભૂલમાં અમે એ વાસણમાં ન જમી લઈએ!'

અમુક પંથમાં માનતી કેટલીક વ્યક્તિઓ તો વળી પોતાના સગાંવહાલાંનાં ઘરે જમી પણ ન શકે!

આવી માન્યતાઓ વચ્ચે ખારા રણમાં મીઠી વીરડી જેવા કિસ્સાઓ બનતા રહે છે. આવો જ એક કિસ્સો કાશ્મીરના ગરીબ યુવાન મનજિત સિંઘનો છે.

કાશ્મીરના અવંતીપોરા નજીક બેફામ રીતે ટ્રક હંકારી રહેલા એક ટ્રક ડ્રાઈવરે એક મહિલાને અડફેટમાં લઈ લીધી. ટ્રક ડ્રાઇવર તે મહિલાને ટક્કર મારીને ટ્રક સાથે નાસી છૂટ્યો. ગંભીર રીતે ઘવાયેલી મહિલાની નજીક ટોળું જમા થઈ ગયું, પણ બધા માત્ર તમાશો જોઈ રહ્યા હતા. કોઈ તે મહિલાને મદદ કરવા માટે આગળ ન આવ્યું. અકસ્માતમાં ગંભીર રીતે ઇજા પામેલી મહિલાના શરીરમાંથી ખૂબ લોહી વહ્યું હતું અને તે બેહોશ થઈને રોડ પર પડી હતી, પણ બધા મૂક પ્રેક્ષકની જેમ એને જોઈ રહ્યા હતા. એ વખતે મનજિત ત્યાંથી પસાર થયો. દૂરથી ટોળું જોયું એટલે કુતૂહલવશ જોવા ગયો તો એણે જોયું કે એક મહિલા રોડ પર ગંભીર ઈજા સાથે બેહોશ થઈને પડી છે... શરીરમાંથી લોહી વહી રહ્યું છે. તે મહિલાને ખાસ તો પગ પર ગંભીર ઈજા થઇ હતી, જેમાંથી ભયજનક રીતે લોહી વહી રહ્યું હતું.

મનજિતે એક ક્ષણ પણ વિચાર્યા વિના પોતાની પાઘડી ઉતારી અને પેલી મહિલાના પગ પર થયેલા જખમ ઉપર બાંધી દીધી જેથી તેનું લોહી વહેતું અટકી શકે. શીખ લોકોમાં માથા




પર પાઘડી ધારણ કરવી અનિવાર્ય છે. પાઘડી ધારણ કરવાનું શીખ ધર્મ તો કહે જ છે, પણ એ ઉપરાંત તે શીખ લોકો માટે આત્મસન્માનના પ્રતીક સમાન પણ ગણાય છે એટલે કોઈ શીખ પુરુષ પોતાની પાઘડીનો આ રીતે ઉપયોગ ન કરે...પણ મનજિત સિંઘે પોતાની એ ધાર્મિક માન્યતાને બાજુ પર રાખીને માનવતાને વધુ મહત્ત્વ આપ્યું મહિલાનું લોહી વહેતું અટકાવવાની કોશિશ કરી.એ મહિલાને જ્યારે હોસ્પિટલ પહોંચાડાઈ ત્યારે ડોક્ટરે કહ્યું કે આ મહિલાના શરીરમાંથી વધુ લોહી વહી ગયું હોત તો કદાચ એના જીવન સામે ખતરો ઊભો થયો હોત. પરંતુ મનજિત સિંઘે પોતાની પાઘડીનો પાટા તરીકે ઉપયોગ કરીને એના ઊંડા જખમમાંથી લોહી વહેતું અટકાવ્યું એટલે તે મહિલાનો જીવ બચી ગયો હતો.

એ ઘટના મીડિયા સુધી પહોંચી પછી પત્રકારોએ મનજિતને પૂછ્યું કે 'તમે જ્યારે તમારી આસ્થાના અને સન્માનના પ્રતીક સમી પાઘડી ઉતારીને તે મહિલાના પગ પર બાંધી દીધી એ વખતે તમને સહેજ પણ ખચકાટ નહોતો થયો કે હું મારી પાઘડીનો પાટા તરીકે ઉપયોગ કરી રહ્યો છું?'

મનજિત સિંઘે કહ્યું, 'બિલકુલ નહીં. અને મને નથી લાગતું કે મેં કોઈ મોટું કામ કરી નાખ્યું હોય! મેં તો એક માણસ તરીકે મારી ફરજ નિભાવી છે. મને લાગે છે કે મારી જગ્યાએ કદાચ કોઈ બીજો માણસ હોત તો એણે પણ આવું જ કર્યું હોત.'

જમ્મુ-કાશ્મીરના ત્રાલ તાલુકાના દેવર ગામમાં રહેતા મનજિતે નાની ઉંમરમાં જ પિતાને ગુમાવી દીધા હતા. પિતાના મૃત્યુ પછી વિકલાંગ માતા અને નાનાભાઈ તથા નાની બહેનની જવાબદારી મનજિત પર આવી પડી. મનજિત પિતા મૃત્યુ પામ્યા એટલે એ વધુ ભણી શક્યો નહીં એટલે એના માટે કોઈ સારી નોકરી મેળવવાનું કામ મુશ્કેલ હતું એટલે દાડિયા મજૂર તરીકે જે કામ મળે એ કરવાનું શરૂ કરી દીધું. મજૂરી થકી થતી આવકમાંથી એ તાણીતૂસીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. મનજિત જેવા સામાન્ય મજૂરની કોઈ નોંધ પણ લેતું ન હોય, પણ એના જેવા માણસોને રિયલ લાઈફ હીરો ગણવા જોઈએ.

ઘણા માણસો આજના સમયમાં અનુરૂપ ન હોય એવી કેટલીક ધાર્મિક માન્યતાઓને જડની જેમ વળગી રહેતા હોય છે એવા સમયમાં મનજિત સિંઘ જેવા પરોપકારી માણસો ધાર્મિક માન્યતાઓ કરતાં માનવતાને વધુ મહત્ત્વ આપીને અન્ય લોકોને મદદ કરવા માટે દોડી જાય ત્યારે એમને જરૂર શાબાશી આપવી જોઈએ.

મનજિતના આ કિસ્સા પરથી બોધ લેવા જેવો એ છે કે અમુક ધાર્મિક માન્યતાઓને જડની જેમ વળગી ન રહેવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# રક્ત ટપકતી શહીદોની કથા-વ્યથા...

**ટાઇટલ્સ:**

વાતો કરવી અને 'ખરેખર કરવું' એમાં ફરક છે. (છેલવાણી)

શહીદ ભગતસિંહની સમાધિ સામે ૧૯૬૫માં એક શાયર ગાય છે:

*'તેરે લહૂ સે સીંચા હૈ, અનાજ હમને ખાયા.*
*યહ જઝબા-એ-શહાદત, હૈ ઉસીસે હમ મેં આયા!'*

આ સાંભળીને એક ફૌજીએ શાયરને કહ્યું :

'દેશ માટે કવિતાઓ લલકારવી સહેલી છે, પણ મરવું અઘરું છે!'

આ ટોણો સાંભળીને એ શાયર મોહનલાલ ભાસ્કર, પછી ભારતનો જાસૂસ બને છે... ઓળખ સંતાડીને, નવાં-નવાં વેશ બદલીને, લશ્કરની ગોળીઓ શિકારી કૂતરાઓથી બચીને વારંવાર એ પાકિસ્તાનમાં ઘૂસી જાય છે.

૧૯૬૫ના પાકિસ્તાનમાં પ્રેસિડંટ અયુબ ખાન અને વિપક્ષી નેતા ભુટ્ટો વચ્ચેના ખૂંખાર રાજકીય સંઘર્ષ ચાલતો ત્યારે એકવાર લશ્કરે લાહોરમાં બેફામ ગોળીબાર કર્યો. ૨૦ ટ્રકમાં લાશો લાદીને સતલજ નદીમાં વહાવી દીધી. એ લાશોના ઢગલામાં મરવાનો ઢોંગ કરીને મોહનલાલ છૂપાયો ને આખરે લાહોરમાં શેખવહીદાના 'કોઠા' પર જઇ પહોંચ્યો. વહીદા જેવી ખાઇબદેલ તવાયફ પાસે પાક લશ્કરી ઓફિસરનાં નામ, સરનામાં, મોટાં મોટાં રહસ્યો હોય જ. રાત્રે દારૂ સેક્સની મદહોશીમાં ચકચૂર વહીદા પાસેથી ખુફિયા માહિતીઓ મેળવીને મોહનલાલ સવારે ફરાર... !

તે પછી સતત શહેર શહેર ભટકીને મોહનલાલ ભારતમાં ફાઇલો-માહિતીઓ પહોંચાડે છે. એક સવારે લાહોર રેડિયોમાં સમાચાર સંભળાયા,'આજ મિંયાવાલી જેલમેં ૩ હિંદુસ્તાની જાસૂસોં કો સૂલી પે લટકા દિયા!'

મોહનલાલ તરત જાનનાં જોખમે સરહદ પાર કરીને ભારત પાછો ફરે છે. પછી મોહનલાલને અમરીક સિંઘ નામના ફૌજીને પાકબોર્ડર પાર કરાવવાનું કામ સોંપાયું. પણ અમરીક ગદ્દાર નીકળ્યો. પાક લશ્કર પાસે મોહનલાલને પકડાવી દીધો! મોહનલાલે ૭-૭ વરસ પાક જેલમાં અમાનુષી અત્યાચારો અને લોહિયાળ ટોર્ચરો ઝેલ્યા. આખરે ૧૯૭૪માં મોહનલાલ ભારત પાછો ફર્યો હારતોરાથી સ્વાગત થયું, છાપાંમાં ઇન્ટરવ્યૂઝ ફોટા છપાયા પણ ઠાલી વાહવાહીનાં ૩વર્ષ પછી થાકેલ હારેલ મોહનલાલે ત્યારનાં વડા પ્રધાન મોરારજી દેસાઇને રૂબરૂ મળીને વિનંતી કરી:

પાકિસ્તાન જેલમાં વરસો યાતના ઝેલવા બદલ ઇનામ રૂપે કોઇ રકમ મળે તો બુઢાપો સુધરે.'

મોરારજીભાઈએ ઠંડકથી કહ્યું, 'પાકિસ્તાને તમારી સાથે જે કર્યું એની સજા અમે શા માટે ભોગવીએ? પાકિસ્તાનવાળા ૨૦ વરસ જેલમાં રાખત તો શું અમારે ૨૦ વરસની ભરપાઈ કરવાની?'




આ સાંભળીને વૃદ્ધ મોહનલાલને થયું કે હાથમાં બંદૂક હોત તો ત્યારે ને ત્યારે જ આવા ક્રૂર જવાબનો સામો જવાબ આપી દેત!

મોહનલાલ જેવા જાંબાઝ સૈનિકો માભોમ માટે જાનની બાજી ખેલે છે, પણ દેશ એમને શું આપે છે?

ઠંડા જવાબો, અન્યાય...વત્તા વાતોથી વંધ્ય વખાણ.

**ઇન્ટરવલ:**

*લાશ જલને કી બૂ આ રહી હૈ, ઝિંદગી હૈ કી ચિલ્લા રહી હૈ.*
*જાનેવાલે સિપાહી સે પૂછો, વો કહાં જા રહા હૈ?*

– (મખદૂમ મોઇનુદ્દીન)

૧૯૬૫ના ભારત પાક યુદ્ધ દરમિયાન 'નતેરપાલ સિંહ', 'રાજપૂત રેજિમેન્ટ'માં હતા અને જંગમાં સુરંગ ફાટવાથી શહીદ થયેલા. ફૌજીની શહીદી બાદ એમની વિધવાને મળતું પેંશન 'નતેરપાલ સિંહ'ની શહાદત પછી શરૂ જ ન થયું! પત્ની અંગુરીદેવીએ સરકાર વિરુદ્ધ કેસ કર્યો, વરસો હક માટે ધક્કા ખાધાં, પણ છેક ૨૦૦૧માં કાયદો આવ્યો કે ૧૯૯૬ પછીના શહીદોને જ પેન્શન મળશે. છતાં સરહદ પર જાન આપનાર શહીદની પત્ની અંગુરીદેવીએ સરહદની અંદર પોતાની જ સરકારો સામે સતત લડત ચાલુ રાખી. આખરે ૫૮ વર્ષે – થોડા વખત પહેલાં પંજાબ અને હરિયાણા હાઇ કોર્ટે ચુકાદો આપ્યો: 'દરેક શહીદની વિધવાને પેન્શનનો લાભ મળવો જ જોઈએ' અને અંગુરીદેવીને અત્યાર સુધી નીકળતી બધી રકમ ચૂકવવાનો સરકારને આદેશ આપ્યો.

બે દિવસ પહેલાં જ આપણે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી. ૨-૪ દેશભક્તિનાં ગીતો ગાયાં, મેસેજો મોકલ્યા. પણ શું છે કે દેશભક્તિની વાતો કરવી અને ખરેખર વતન માટે જાન આપવો અલગ વાત છે... વળી એક શહીદના પરિવારે હક્ક માટે દાયકાઓ સુધી રઝળવું પડે એની વેદના અકલ્પ્ય છે.

૨૦૧૩ના જાન્યુઆરીમાં 'ઓપરેશન રક્ષક' મિશન હેઠળ, જમ્મુ કાશ્મીરની સરહદે ફરજ બજાવતો એક સૈનિક અસહ્ય ઠંડીથી મૃત્યુ પામ્યો. કેન્દ્ર અને સંરક્ષણ મંત્રાલયે સૈનિકની પત્નીની અરજી ફગાવતા કહ્યું: 'જે સૈનિક યુદ્ધમાં મૃત્યુ પામે એના જ પરિવારને પેન્શન મળે!' એ સૈનિકના ઉપરી કમાન્ડિંગ ઓફિસરે પહેલા લખેલું કે 'મૃત્યુ યુદ્ધમાં થયેલું' ને પછી અકળ કારણોસર એ વિધાન બદલીને 'મૃત્યુ બીમારીથી થયેલું' એમ ફેરવી તોળ્યું. સરકારોએ વરસો સુધી પેન્શન ના જ આપ્યું. ૨૦૧૯માં સશસ્ત્ર દળો ટ્રિબ્યૂનલ તરફથી શહીદની પત્નીના પક્ષમાં આદેશ મળ્યો..પણ તેમ છતાં ચુકાદાના વિરોધમાં આર્મીમાંથી 'લિબરાઇઝ્ડ ફેમિલી પેન્શન'(LFP)વાળાં, સુપ્રીમ કોર્ટમાં ગયા, કેસ વધુ ૫ વર્ષ ઘસડાયો. શહીદની પત્નીનાં આંસુ સુકાઇ ગયા. વતન માટે વર ગુમાવનાર સ્ત્રીએ આશા છોડી દીધી, પણ છેક હમણાં- ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટની સ્પેશિયલ બેન્ચે ચુકાદો આપ્યો: 'સરકારે આ ખોટું કર્યું છે. કોઈ પણ સંજોગોમાં ફરજ બજાવતી વખતે સૈનિકનું મૃત્યુ થાય તો પત્ની પેન્શન માટે હકદાર છે જ.'

યાદ છે, ૨૦૧૧માં મુંબઇમાં 'કારગીલ યુદ્ધ'ના શહીદો માટે બનેલી આદર્શ સોસાઇટીમાં નેતાઓ અને સરકારી ઓફિસરો દ્વારા મોટેપાયે આર્થિક ગોટાળાઓ થયેલા? પછી અદાલતે, એ મકાનોનો અમુક હિસ્સો તોડી નાખવાનો હુકમ આપેલો અને ત્યારના કોંગ્રેસી સી.એમ. અશોક ચૌહાણે રાજીનામું પણ આપવું પડેલું. હજી આજેય એ મામલાનો ચૂકાદો ૨૦૨૫માં પણ નથી આવ્યો , પણ એમાંના અનેક આરોપી રાજનેતાઓ પક્ષ બદલીને સત્તાપક્ષમાં ખુશી ખુશી ખુરશી માટે ઘુસીને બચી ગયા છે.

આ બધાને કારણે અન્યાયથી ઉકળતી શહીદોની પત્નીઓનાં ઘૂઘવતાં મૌન આપણાં આત્માને વલોવી નાખતો નિઃસહાય આક્રોશ બનીને રહી જાય છે. ત્યારે આપણાં મહાકવિ ઝવેરચંદ મેઘાણીજીનું 'કોઇનો લાડકવાયો' જેવું અદ્ભુત કરુણ કાવ્ય સ્મરે છે:

સહુ સૈનિકના વહાલાંજનનો મળિયો જ્યાં સુખમેળો.
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો,
અણપૂછ્યો અણપ્રીછેલો 'કોઇનો અજાણ લાડકવાયો...

**એન્ડ-ટાઇટલ :**

**આદમ: આજનું છાપું જોયું?**
**ઈવ: ના, વાંચ્યું.** ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# એ યુવાન કલાકારે સંજીવ કુમાર જેવી હિંમત બતાવી...


'હેલો, મહેશ્વરી બહેન? હું હોમી વાડિયા બોલું છું.'

નવા નાટક માટે આમંત્રણ ક્યાંથી આવે છે એની રાહ જોતી બેઠી હતી ત્યાં ફોન રણક્યો. હોમી વાડિયાએ ટીવી સિરિયલમાં કામ કરવાની ઓફર કરી અને હું તો રાજી રાજી થઈ ગઈ. એનું એક કારણ એ હતું કે નાટક કરતાં સિરિયલનો વ્યાપ વધુ હોય અને એમાં પૈસા પણ વધારે મળે. અલબત્ત રંગભૂમિ કાયમ મારી પ્રાથમિકતા અને પ્રથમ પ્રેમ રહ્યા છે, પણ દરેક કલાકાર પાંખો પ્રસરાવી અલગ અલગ માધ્યમમાં પોતાની આવડત દર્શાવવા ઉત્સુક હોય છે. ટેલિવિઝન માટે મેં અગાઉ પણ કામ કર્યું હતું અને વધુ એક તક મળી રહી હતી એનો આનંદ થાય એ સ્વાભાવિક હતું. બીજું અને વધુ વજનદાર કારણ હતું હોમી વાડિયા.

એક સ્પષ્ટતા શરૂઆતમાં જ કરી દઉં કે ભારતીય સિને જગતના પ્રારંભિક કાળના ફિલ્મમેકર અને વાડિયા મુવીટોનના સ્થાપક હોમી વાડિયાની વાત હું નથી કરી રહી. મને ફોન કરનાર હોમી વાડિયા ગુજરાતી નાટ્ય સૃષ્ટિના એક નામાંકિત નિર્માતા – દિગ્દર્શક અને અભિનેતા છે. તેમણે ભજવેલાં કેટલાંક નાટકોમાંથી બે નાટક આ લખવા બેઠી છું ત્યારે યાદ આવી રહ્યા છે. લાલુ શાહની માતબર નાટ્યસંસ્થા 'બહુરૂપી'ના નેજા હેઠળ ભજવાયેલા હોમીના 'હથેળી પર બાદબાકી' નાટકને સારો આવકાર મળ્યો હતો. બીજું એક નાટક હતું ખ્યાતિપ્રાપ્ત નાટ્ય લેખક જ્યોતિ વૈદ્યનું 'ક્ષણ વત્તા ક્ષણ'. હોમી વાડિયા દિગ્દર્શિત જ્યોતિ ભાઈના આ નાટકમાં ધર્મેશ વ્યાસે ભર યુવાનીમાં ૭૫ વર્ષના વૃદ્ધનો રોલ કર્યો હતો. કારકિર્દીના પ્રારંભમાં જ વૃદ્ધના રોલ માટે યુવાન કલાકારની પસંદગી કરવી અને યુવાન હોવા છતાં આ રોલ સ્વીકારવો એ માટે દિગ્દર્શક – અભિનેતા બંને પ્રશંસાના હકદાર છે. એક રીતે જોઈએ તો ધર્મેશ વ્યાસે સંજીવ કુમાર જેવી હિંમત બતાવી. 'ઈપ્ટા' સાથે સંકળાયેલા હિન્દી ફિલ્મોના ચરિત્ર અભિનેતા એ. કે. હંગલે તેમના હિન્દી નાટક 'ડમરુ'માં ૨૫ વર્ષના સંજીવ કુમારને ૭૦ વર્ષના વૃદ્ધની ભૂમિકામાં પેશ કર્યા હતા. નાટકના ૨૦૦થી વધુ શો થયા હતા.

ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન પર આધારિત આ સિરિયલનું નામ હતું 'શપથ'. હોમીની આ સિરિયલની સ્ટાર કાસ્ટ પણ જોરદાર હતી. ડિરેક્ટર ઉપરાંત હોમીની એમાં એક્ટર તરીકે પણ હાજરી હતી. મુખ્ય પાત્ર પોલીસ ઓફિસરનું હતું જે કિરણ કુમારે ભજવ્યું હતું. એ સિવાય કુલભૂષણ ખરબંદા, સુદેશ બેરી, રોહિણી હટ્ટંગડી, દિવ્યા શેઠ જેવા માતબર કલાકારોની હાજરી પણ હતી. નિકિતા શાહનો પણ અત્યંત મહત્ત્વનો રોલ હતો. મારો રોલ પણ સારો હતો. આવા સેટ અપમાં કામ કરવાથી મને ઘણું શીખવા મળ્યું.

'શપથ'નું શૂટિંગ શરૂ થયું ત્યારે શરૂઆતમાં ઘણા દિવસો સુધી મારે જવું પડ્યું હતું. પછી વચ્ચે વચ્ચે શૂટિંગ માટે બોલાવે એમ જતી હતી. એમ કરતા કરતા એ પૂરી પણ થઈ ગઈ. ફરી પાછો ઘરે બેસવાનો વારો આવ્યો અને નવી ઓફર માટે ક્યારે ફોન રણકે એની રાહ જોતી બેસી રહી. મારા જીવનમાં સતત એવું બનતું રહ્યું છે કે કાં તો નાટક કે સિરિયલમાં વ્યસ્ત હોઉં અને કામ વિનાની હોઉં ત્યારે અંગત જીવનમાં એવી ઘટના – પ્રસંગ બને કે શાંતિથી બેસી રહેવું મુશ્કેલ બની જાય. ગયા એપિસોડમાં મેં મારા દીકરાએ સાઉથ ઈન્ડિયન યુવતી સાથે કરેલા લવ મેરેજની વાત કરી હતી. અમે રહેતા હતા એ ઘર દીકરા – વહુને નાનું લાગવા



માંડ્યું. 'આઈ, મોટું ઘર લેવું છે' તેણે મને કહ્યું. અને તેણે બોરીવલીથી આગળ લિંક રોડ પર બંધાઈ રહેલા એક બિલ્ડિંગમાં ફ્લેટ લખાવ્યો. એ જ ફ્લેટમાં અત્યારે હું રહું છું.

આ બધી ઘટમાળ ચાલી રહી હતી ત્યારે એક સારી વાત એ બની કે દીકરાને અબુ ધાબીમાં નોકરી મળી ગઈ. એ દિવસોમાં ગલ્ફ કન્ટ્રીઝમાં સારી જોબ મળે તો તગડો પગાર ઓફર થતો. દીકરો બરાબર સેટ થઈ ગયો. એણે ઘરની બધી જવાબદારી ઉપાડી લીધી અને પોતાના લગ્નનો તમામ ખર્ચ તેણે જ ઉઠાવ્યો. મારી પાસેથી કોઈ આર્થિક મદદની આશા તેણે ન રાખી. જોકે, મારી પાસે એવી કોઈ મોટી રકમ પણ નહોતી કે દીકરાને મદદ કરી શકું. અલબત્ત ફ્લેટ લેવા માટે તેણે મોટી બહેન પાસેથી છ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. નવું ઘર બંધાઈ ગયા પછી દીકરો – વહુ એમાં શિફ્ટ થઈ ગયા અને હું એકલી મારા ઘરે રહેવા લાગી.

એકલી રહેતી હતી એટલે જીવન ખર્ચમાં ફરક પડે એ સ્વાભાવિક હતું. હું કામ વિનાની હતી, પણ મારી બચતમાં મારું ગાડું ગબડ્યા કરતું હતું. એવામાં ફોન રણક્યો અને આ વખતે રીસીવર પર સામા છેડે નાટ્ય સૃષ્ટિ કે ટીવી સિરિયલ સાથે સંબંધિત કોઈ વ્યક્તિ નહોતી, પણ ફિલ્મ લાઈનની હતી. એ વ્યક્તિ હતી બિમલ માંગલિયા. એક ગુજરાતી ફિલ્મ મને ઓફર કરી. એ સમયે મારી પાસે કોઈ કામ નહોતું એટલે એ ફિલ્મ મેં સ્વીકારી લીધી. નાટક, નાનો પડદો (ટીવી સિરિયલ) પછી હવે મોટા પડદા પર (ફિલ્મમાં) ચમકવાની તક સામે ચાલીને આવી હતી. મને અમુક પૈસા એડવાન્સમાં મળી પણ ગયા અને શૂટિંગ માટે રાજકોટ આવવું પડશે એવું કહેવામાં આવ્યું.

આ બધું ચાલી રહ્યું હતું ત્યાં ફરી કિરણ સંપટનો ફોન આવ્યો. એમની સાથે 'રંગ છે રાજા' નાટક મેં કર્યું હતું. 'મહેશ્વરી, હું નવું નાટક કરું છું અને તારે એમાં કામ કરવાનું જ છે,' કિરણ ભાઈની વાત સાંભળી હું વિચારમાં પડી ગઈ કારણ કે મારે ના પાડવાની જ નથી એવું તેમણે આડકતરી રીતે જણાવી દીધું હતું. જોકે, મેં તરત એમને વાર્યા અને કહ્યું કે 'કિરણ ભાઈ, મેં તો એક ગુજરાતી ફિલ્મ સ્વીકારી લીધી છે. થોડા દિવસ પછી શૂટિંગ માટે રાજકોટ જવું પડશે. એટલે તમારું નાટક તો હું નહીં કરી શકું.' મારી વાત સાંભળી કંઈ પણ બોલ્યા વિના તેમણે ફોન મૂકી દીધો.

અમારી વચ્ચે થયેલી આ વાતચીત કિરણ ભાઈએ સિદ્ધાર્થ રાંદેરિયાને કરી હશે. એટલે એકાદ બે દિવસ પછી સિદ્ધાર્થનો જ મને ફોન આવ્યો કે 'ક્યાં જાય છે મહેશ્વરી? ગુજરાતી ફિલ્મવાળા કલાકારોને સાવ થર્ડ ક્લાસ હોટેલમાં રાખે છે એ તને ખબર છે? મારું માન અને ફિલ્મ કરવી રહેવા દે, નહીંતર પસ્તાવાનો વારો આવશે.' મને તો ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે કોઈ જ ગતાગમ નહોતી. શું કરવું એ સમજાયું નહીં. મેં સિદ્ધાર્થને કહ્યું કે 'મને માર્ગદર્શન આપ, કારણ કે મેં એડવાન્સ પૈસા પણ લઈ લીધા છે.' સિદ્ધાર્થે મને સમજાવી અને કહ્યું કે 'ફિલ્મ માટે ના પડી દે અને પૈસા પાછા આપી દે. આ નાટકનો રોલ સ્વીકારી લે.'

અને મેં કિરણ સંપટનું નવું નાટક 'સાચાબોલા જુઠાલાલ' સ્વીકારી લીધું. નાટક કોમેડી હતું. એમાં જતીન કાણકિયા, રાજીવ અને શરદ સ્માર્ત પણ હતા. મારો રોલ દીકરીની માતાનો હતો. મુંબઈમાં આ નાટકના ઘણા શો થયા. નાટકમાં મારી સાથે સુનિતા સોનાવાલા નામની એક અભિનેત્રી કામ કરતી હતી. અને તેણે એવા કરતૂત કર્યા કે.... ■

## અધૂરા મધુરા ને રાજેશ ખન્ના

ગુજરાતી નાટકોના પ્લોટ – કથા પરથી હિન્દી ફિલ્મો બની છે એના કેટલાક દાખલા ઉદાહરણ સાથે આ કોલમમાં અગાઉ રજૂ કરવામાં આવ્યા હતા. રાજશ્રી પ્રોડક્શનની ફિલ્મ 'આરતી' અને યશ ચોપડાની 'ઈત્તેફાક' સહિત અનેક ઉદાહરણ છે. એ વાત અલગ છે કે 'ઈત્તેફાક' જે ગુજરાતી નાટક 'ધુમ્મસ' પરથી પ્રેરિત હતી એ પ્રવીણ જોશી – અરવિંદ જોશીનું નાટક અમેરિકન ફિલ્મ 'સાઈનપોસ્ટ ટુ મર્ડર' પર આધારિત હતું. વાચકોને જાણીને હેરત થશે કે 'ફેમિલી આલ્બમ' નામનું એક અંગ્રેજી નાટક એના સમયનું સુપરહિટ ગુજરાતી નાટક 'અધૂરા મધુરા' પરથી તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી હતી. વધુ અચરજ પમાડનારી વાત તો એ છે કે આ નાટકના મુખ્ય કલાકાર તરીકે રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડિયાની વરણી કરવામાં આવી હતી. કોઈ દલીલ કરી શકે છે કે રાજેશ ખન્ના અને ડિમ્પલનું જીવન આમ પણ અત્યંત નાટ્યાત્મક હતું અને એમનું ફેમિલી તો બહુ જલદી વિખેરાઈ ગયું તો પછી આલ્બમ શેનું? ખેર, આ થઈ શબ્દ રમત, પણ વાત એમ હતી કે અંગ્રેજી પ્લેનું નિર્માણ નિકિતા શાહએ કર્યું હતું જે એક સમયે હોમી વાડિયાની પત્ની હતી. નાટકનું દિગ્દર્શન કરવાની જવાબદારી ફિરોઝ ભગતને સોંપવામાં આવી હતી. લંડન, આફ્રિકા તેમજ યુએસમાં શો કરી દેશમાં વિવિધ ઠેકાણે સો પ્રયોગ કરવાનું આયોજન છે એવું ખુદ રાજેશ ખન્નાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. જોકે, પછી આ 'ફેમિલી આલ્બમ'નું મંચન થયું કે નહીં એની ખબર નથી. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# ભારતમાં બનાવો...ભારત માટે બનાવો!


હાલમાં જે ટૅરિફ વોર ચાલી રહ્યું છે તે જોઈને 'લગાન' ફિલ્મનો એક ડાઈલોગ યાદ આવે છેઃ તીન ગુના લગાન દેના પડેગા, ખાને કો રોટી નહિ હોગી ઔર પહેનનેકો કપડાં નહિ હોગા.... અંગ્રેજો કે આ ગોરાઓ (આ વખતે અમેરિકન ગોરો) દુનિયા પર રાજ કરતા હોય તેમ હંમેશાં વર્તે છે....

હવે સમય બદલાઈ ગયો છે અને ઘણા એવા દેશ છે જે આજે આ લોકોનો ના ફક્ત સામનો કરી શકે. પણ એમને ઘણી વાતોમાં પાછળ પણ મૂકી શકે તેમ છે...પણ આવી પરિસ્થિતિ જયારે સર્જાય ત્યારે લોકોમાં ગભરાટ ફેલાય જાય કેઃ હવે શું થશે... મોંઘવારી વધશે...વેપારો બંધ થઇ જશે... આવી સ્થિતિમાં કેવી રીતે વેપાર થશે?

આવી સ્થિતિ સર્જાય તેનું કારણ શું? બીજા શબ્દોમાં આ સ્થિતિ કોના માટે વધુ પીડાદાયી છે? આના પર વિચાર કરીએ. જ્યારે ટૅરિફ વધે છે ત્યારે મોટાભાગના વ્યવસાયો ગભરાટ સાથે પ્રતિક્રિયા આપે છે, પરંતુ આવી સ્થિતિ ઘણીવાર જોઈતા બદલાવો પણ લાવે છે, આવા દબાણ વેપાર માટે સ્પષ્ટતા પ્રદાન કરે છે.

યુએસ દ્વારા ભારતીય માલ પર તાજેતરમાં ૫૦% ટૅરિફ વધારો ટૂંકા ગાળા માટે મુશ્કેલીઓ ઉભી કરી શકે છે, પરંતુ લાંબા ગાળા માટે શું ? તે એક ચેતવણીનો સંકેત છે, કારણ કે અહીં નોંધવા જેવી વાત એ છે કે જો તમારો વ્યવસાય ફક્ત નિકાસને કારણે ટકી રહે છે તો તે હંમેશાં આવી મુશ્કેલીઓને આજે નહીં તો-કાલે નોતરવાનો હતો. બીજા શબ્દોમાં જો મારો વેપાર કોઈ એકાદ બે પાર્ટી પર અથવા અમુક ઉત્પાદનો પર આધારિત છે તો એ મારા માટે ખતરાની ઘંટી છે થોડાં વર્ષથી આપણે 'મેક ઇન ઇન્ડિયા' સાથે સંલગ્ન છીએ, પરંતુ 'બિલ્ડ ફોર ઇન્ડિયા' પર ઓછું ધ્યાન કેન્દ્રિત કર્યું છે માટે જ્યારે આવી સ્થિતિ ઊભી થાય, વૈશ્વિક માગ ઓછી થાય ત્યારે આપણને સમજાય છે કે ઘર આંગણે આપણી શું કિંમત છે અથવા ઘર આંગણે આપણને કેટલા લોકો ઓળખે છે?

આ ફક્ત વેપારનો મુદ્દો નથી. આ બ્રાન્ડિંગનો મુદ્દો છે, કારણ કે જો તમે ફક્ત FOB માર્જિન અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો માટે જ તમારા ઉત્પાદનો નિર્માણ કરી રહ્યા છો તો તમે તમારા પગ પર કુહાડી મારી રહ્યા છો અને તમે એકાદ વ્યક્તિ કે પાર્ટી પર નિર્ભરતા વધારી રહ્યા છો. આવા સમયે શું કરવું તે પ્રશ્ન જાગે. તમે નોંધ્યું હશે કે જયારે આ ટૅરિફની મથામણ શરૂ થઇ કે મેસેજ આવવા લાગ્યા : 'વોકલ ફોર લોકલ.' લોકલ ઉત્પાદનો ખરીદો




અને વિદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરો. વાત ખોટી નથી, પણ કયું ઉત્પાદન ખરીદવુ? કારણ કે આપણે આજ સુધી ફક્ત વેપાર કર્યો છે, ઉત્પાદન બનાવ્યા છે, બ્રાન્ડ ક્યારેય બનાવી નથી તેથી કન્ઝ્યુમરને કઈ બ્રાન્ડ ખરીદવી તે નહિં સમજાય. આજની તારીખે લોકો ઉત્પાદનો નહિ. પણ બ્રાન્ડ ખરીદે છે. આવા સમયે એટલે કે આવી સ્થિતિ સર્જાય ત્યારે કે તે પહેલા આ ક્ષણનો ઉપયોગ તમારી બ્રાન્ડ સ્થાનિક સ્તરે લઇ જવા માટે કરો. આજ સુધી તમે ફક્ત એકાદ દેશ સાથે કે અમુક પાર્ટીઓને માલ આપતા હતા. જો તમે આંખો ખુલ્લી રાખશો તો સમજાશે કે આ દેશમાં કેટલી મોટી તક છુપાયેલી છે. તમે આપણા દેશના પ્રાદેશિક ક્ષેત્રોને સમજો. તમારા ઉત્પાદનોને ભારત માટે ડિઝાઇન કરો. તમારા ઘરાકોને સમજાય તેવી ભાષા બોલો અર્થાત 'તમે એમાંના એક છો' એવી સંવેદના ઊભી કરો.

બદલાવની શરૂઆત ધીરે ધીરે થઇ રહી છે. જે લોકો દૂરંદેશી હતા એ તો એ કોવિડના સમયથી જ સ્થિતિ પામીને અમુક પગલાં લેવાનું શરૂ કરી દીધું હતું. ગ્લોબલની સાથે લોકલ બજાર પર પણ પોતાને સ્થાપિત કરવાની શરૂઆત કરી દીધી. અમુક બદલાવો જેવા કે MSME જેનું પોતાનું એક બજેટ હતું, જેનો વપરાશ ગ્લોબલ એક્સપો માટે વપરાતો હતો એ હવે લોકલ ઇન્ફ્લ્યુન્સરો સાથે હાથ મળાવી પોતાને પ્રમોટ કરી રહ્યા છે. અમુક નિકાસકારો અર્થાત એક્સપોર્ટર્સ ડોમેસ્ટિક માર્કેટમાં પોતાની બ્રાન્ડ ઇક્વિટી વધારવામાં નિવેશ કરે છે. ઉત્પાદકો પૂછે છે કે શું સ્થાનિક લોકો સમજશે કે અમે શું વેચવા માગીએ છીએ? આમ તો એ બધા હવે ડોમેસ્ટિક માર્કેટને ગંભીરતાથી લઇ રહ્યા છે. બ્રાન્ડ બનાવી રહ્યા છે, કારણ કે એ જાણે છે કે આવી સ્થિતિમાં ફક્ત બ્રાન્ડ બનાવી હશે તો તે જ એમને ઉગારી શકશે. ભારતમાં વિકાસનો આગામી તબક્કો ફક્ત ઉત્પાદનોની કિંમત અથવા વેપારના આયામો દ્વારા નહિં ઓળખાય. તે સાંસ્કૃતિક પ્રવાહિતા, ભાવનાત્મક સમાનતા અને સ્થાનિક વિશ્વાસ દ્વારા ઓળખાશે. વૈશ્વિક સ્થિતિઓ બદલાયા કરશે, વિશ્વ તેના ટેરિફ બદલતું રહેશે, પરંતુ જો તમારા ગ્રાહકો તમને ઓળખે છે, તમારી હાજરી બજારમાં અનુભવે છે અને સમજે છે કે તમે એમને ધ્યાનમાં રાખીને બ્રાન્ડ બનાવી છે તો એ પછી તમે એમના હૃદયમાં સ્થાન પામી શકશો. આથી સમય આવી ગયો છે કે 'હું એક્સપોર્ટર છું કે લોકલ વેપારી છું, મારે ફક્ત નિકાસ કે વેચાણની પરે જઈ, બ્રાન્ડ બનાવી મારી જાતને લોકલ પ્લેયર તરીકે સ્થાપિત કરવી પડશે....' એવું જયારે થશે ત્યારે ખરા અર્થમાં 'ભારતમાં બનાવો' અને 'ભારત માટે બનાવો' સાર્થક થશે... ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સોને કી ચીડિયા ધરાવતા દેશના ભવિષ્યને સુવર્ણજડિત કરવાનો પાથ!


એક વધુ પંદરમી ઓગસ્ટ આવી ને ગઈ. ભારત માટેનો સર્વોચ્ચ દિવસ. ખુશહાલીનો દિવસ. બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્ત થયાનો દિવસ. આઝાદીનાં ૭૮ વર્ષ પૂરા થયાં. આપણે ૭૯મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો. ટૂંક સમયમાં દેશને આઝાદ થયાને ૮૦ વર્ષ પૂરા થઇ જશે. આઝાદીની હવાને આઠ દાયકા થવાને આપણે સમીપ છીએ.

આઠ દાયકા પછી સરેરાશ ભારતીય શું ઈચ્છે છે? ભારતીયની ઈચ્છા શું છે? લોકોની ડિમાન્ડ શું છે? એમનો આક્રોશ શું છે? એમની ખુશી શું છે ને ગમ કયો છે? એમણે શું કહેવું છે? ભારતના નાગરિકો પર ફિલ્મોની બહુ અસર હોય છે. એક ફિલ્મનું ઉદાહરણ લઈએ...

ભારતીયો માટે 'નાયક' ફિલ્મમાં અનીલ કપૂર મુખ્ય કલાકાર નથી, પણ અનીલ કપૂરની અંદર દેખાઈ રહેલી એ ફેન્ટેસી જે એક રાજ્યના મુખ્યમંત્રી બનીને રસ્તા ઉપર ઉતરીને કામ કરે છે અને ગુંડાઓ સાથે ઢીશુમ... ઢીશુમ પણ કર છે. અહીં નાયક નહીં, પણ એ ફેન્ટેસી વાળી વાર્તાનો સુપરસ્ટાર છે. આ દેશે ક્યારેય ઓફિસમાં બેઠા રહેતા નાયકને માથે ચડાવ્યો નથી. કૃષ્ણ કે રામ કે મહાવીર કે બુદ્ધ જો એ પોતાના રાજદરબાર કે ઘરમાં જ રહ્યા હોત તો આપણી આ પ્રજાએ એમને ભગવાન માન્યા હોત? ઘર છોડીને શેરીમાં ઉતરનારા, યુદ્ધના મેદાનમાં રહેનારા, જંગલમાં ખુલ્લા આકાશે તળે બેસીને પ્રજા માટે સાધના કરનારા જ આ દેશમાં હીરો બને છે ને એ પૂજાય છે. એરકન્ડિશન્ડ ઓફિસ સારા કર્મચારી આપી શકે, નેતા નહિ. દેશને અત્યારે કોઈ ઉદ્ધારકની નહિ, પણ સુપરહીરોની જરૂર છે એ વાત દંભ વિના સ્વીકારી લેવાની જરૂર છે.

આઝાદ ભારતમાં જન્મી હોય તેવી પ્રથમ વ્યક્તિ દેશના વડા પ્રધાન તરીકે ત્રીજી વખત ચૂંટાઈ આવે એવી ઘટના બહુ ઓછા દેશમાં બની છે. વિદેશોના મીડિયા જ નહિ, પણ વિદેશી નાગરીકોની નજર પણ ભારત ઉપર હોય છે. ભારતની વિદેશનીતિ અત્યારે કસોટીની સર્વોચ્ચ એરણ પર છે. ભારત પાડોશી દેશોના ત્રાસથી ઘેરાયેલો છે. ભારતને અત્યારે વેપાર કરવો બહુ અઘરો પડી રહ્યો છે. પોતાની સ્વતંત્ર રીતે નિર્ણય લેવા માટે ભારતે અત્યારે બહુ જોખી જોખીને ચાલવું પડે એમ છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી કઈ રીતે ચાલે છે તેની ઉપર દુનિયા આખીની નજર હોય છે. પાઠ્યપુસ્તકની વ્યાખ્યા બાજુ પર રાખીને શબ્દોને નગ્ન કરીને કહીએ તો લોકશાહી એટલે ટોળાં માટે ટોળાં દ્વારા રચાતી સરકાર- આવો અભિગમ ઘણા ફિલસૂફોએ કે લેખકોએ એમના વન-લાઈનરમાં વ્યક્ત કર્યો છે. છતાં પણ ૧૪૦ કરોડની જનતામાં વૈવિધ્યપૂર્ણ વિચારોની ભરમાર છે અને લોકોનો આક્રોશ સોશ્યલ મીડિયામાં સતત ઠલવાઈ રહ્યો છે.

જે-તે પક્ષની સરકારની કામગીરી અને એમાં ખેલાતા રાજકારણને કોરાણે મૂકીએ પછી આ મહાન દેશની ફાટફાટ થતી ક્ષમતા વિશે વાત કરીએ અને કયા મૂળભૂત પગલાં ભરવાથી ભારત વિશ્વના નકશામાં ધ્રુવના તારાની જેમ અચળ-અવિચળ- અનન્ય ને પથદર્શક બની શકે તેની થોડી વાત કરવા જેવી છે...




વીસમી સદીના શરૂઆતના સમયમાં પહેલાં યુરોપ અને પછી અમેરિકા દુનિયાના લીડર બન્યા. બંને વિશ્વયુદ્ધોએ આખી દુનિયાને યુરોપ સાથે જોડી રાખી અને પછી સુપરપાવર બનેલું અમેરિકા જગતજમાદાર બની ગયું. ટૂંકમાં, વીસમી સદીમાં પશ્ચિમના દેશોએ 'નેરેટીવ' સેટ કર્યો. એકવીસમી સદીમાં ભારત પાસે તક છે કે એ દુનિયાનો નેરેટીવ-કથાપ્રવાહ-વૃતાંત નવેસરથી સેટ કરે- ગોઠવે. ૧૪૦ કરોડની ધરખમ આબાદી ધરાવતો અને વ્યાસપીઠ ઉપર બિરાજી રહેલો જગતગુરુ કહેવાતો આપણો દેશ આજની દુનિયાની દિશા અને દશાની બાગડોર હાથમાં કેમ લઈ ન શકે? એકવીસમી સદી ભારત અને આપણા નામે કરવા માટે દેશમાં શું કરવું જોઈએ? ચાલો, એના પર ઝડપથી નજર દોડાવી જઈએ...

ટૂરિઝમ? હા, ભારતના ટૂરિઝમનો વિકાસ ખૂબ વધારવાની જરૂર છે. આખી દુનિયામાં ટૂરિસ્ટ લોકો ત્યાં જ વધુ જાય છે જે દેશે તેનો ગૌરવાન્વિત ઇતિહાસ સાચવી રાખ્યો હોય. ઉદાહરણ : ફ્રાન્સ-ઇટાલી- ગ્રીક - અમેરીકા. ..ભારત તો સૌથી જૂનો દેશ છે પણ પ્રોબ્લેમ એ છે કે બહુધા ભારતીયો ભૂતકાળની યશોગાથાના ગુણગાન ગાવામાં રચ્યાપચ્યા રહે છે જ્યારે જરૂર છે ભારતના ઇતિહાસને નજર સામે રાખવાની ને તેને સાચવવાની. કોઈ એવા વૃતાંતની ખોટ સાલે છે, જે દરેક ભારતીયને ભૂતકાળ અને ઈતિહાસ વચ્ચેનો ભેદ સમજાવે... જૂનાગઢ જેવા નાના પણ ઐતિહાસિક શહેરનું રિનોવેશન થાય ને મોર્ડન વ્યવસ્થાતંત્ર ગોઠવાય તો એ એક શહેર વિશ્વના ટૂરિસ્ટોને આકર્ષી શકે એટલી ભવ્યતા ધરાવે છે. ટૂંકમાં, ઇન્ડિયાને ગ્લોબલ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનાવો.

લોકોને અહીં આવતા કરવા પડે. એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું પડે- દુનિયામાં એક આગવી ઇમેજ ઊભી કરવી પડે કે ભારત વિના આપણને ચાલે એમ નથી. અમેરિકાએ સિલિકોન વેલીની ફેસબુક-એપલ-ગૂગલ જેવી ચંદ કંપનીઓના સહારે દુનિયાના લોકો ઉપર પોતાની માયાજાળ પાથરી દીધી છે. આવી જ કોઈ માયાજાળ ભારતે પાથરવી પડશે. આવી નવા જ પ્રકારની માયાજાળનું સર્જન કરવા માટે શું કરવું?

નવી નવી ટેલેન્ટ ગોતવા ચાળણાની સાઈઝ મોટી કરો અને. એ ફિલ્ટરિંગ પ્રોસેસ પ્રક્રિયા એવી રાખવી પડે કે આખી દુનિયાની બેસ્ટ ટેલેન્ટ ભારતમાં ભેગી થાય. કુંભમેળો દર ચાર વર્ષે અને મહાકુંભમેળો દર બાર વર્ષે થાય છે. ટેલેન્ટનો મહામેળો દર મહિને યોજવો પડે. એવા મેળાનું આયોજન તો જ કરી શકાય જો ભારતની ધરતી સાંસ્કૃતિક વારસાથી લથબથ હોય, એ ધરતી ઉપર પગ રાખનારાની નજર ભવિષ્ય તરફ હોય અને એની મુઠ્ઠી બંધ ન હોય અને એના હાથ દુનિયાને બાથ ભરવા માટે ખુલ્લા હોય.

આપણા આ મહાન દેશમાં બ્રહ્માંડ સરીખી વૈવિધ્યતા છે અને એ જ દેશની તાકાત છે. એકવીસમી સદી અને પછી બાવીસમી સદી અંકે કરી લઈને વિશ્વના લીડર બનવાની તાકાત આપણામાં છે. એ ક્ષમતામાં પ્રત્યેક ભારતીયને વિશ્વાસ બેસતો કરીએ તો આ દેશ અચૂક ટોચ ઉપર પહોંચી શકે... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# ગુજરાતનો વરસાદી માહોલ...





**પ્રકૃતિમાં** તરબતર થઈ જવાની મોસમ વર્ષા ઋતુમાં ગુજરાતનું અલૌકિક પોળોનું જંગલ.

ગાડી ધીમી ગતિએ ચોતરફ લીલોતરી જ લીલોતરી હોય એવા વિસ્તારમાં પ્રવેશી અને આંગળીનું ટેરવું સીધું જ ગાડીનાં ટચસ્ક્રીન પર વાગતાં ગીતોને બંધ કરવા આપોઆપ આગળ ધપ્યું, કારનું એસી બંધ અને મંદ મંદ વહેતો વાયરો ડીલને સ્પર્શે એ આશયથી બારીનાં કાચ ખોલી નાખ્યા. મારી એક જ સાથે આવું બને એવું નહિ પણ આ જંગલમાં પ્રવેશનાર દરેક વ્યક્તિ સાથે આવો અનુભવ થાય જ. હિમ્મતનગરનાં પોળોનાં જંગલના દરેક તત્ત્વમાં ખોવાઈ જવા માટે સહુ કોઇ થનગની ઊઠે. રસ્તાને માણવો એ મારી વર્ષો જૂની આદત છે. કોઈ પણ સ્થળ પર પહોંચતી વખતે ત્યાં પહોંચવાની જલદી કરતાં ત્યાં પહોંચતા રસ્તાને માણતા જઈએ તો જ મુસાફરી સાર્થક ગણાય એવું હું માનું છું. ઋતુઓની રાણી વર્ષાઋતુને આવકાર આપવા પોળોનાં જંગલો તરફ નીકળ્યો. ઓછા લોકો અને વિશાળ વૃક્ષોનાં પર્ણો પાર પડતી વરસાદની બૂંદોથી સર્જાતું કર્ણપ્રિય સંગીત સાંભળવા માટે કે વાદળોને પહાડોની ટોચ સાથે ગમ્મત કરતાં જોવા માટે પોળોથી વિશેષ કઈ જગ્યા હોઈ શકે? પોળોનાં જંગલો તરફ જતા પહાડ પરથી વહેતી સરવાણીઓ ભેગી મળીને નાની નાની ધારાઓ રૂપે વહેતી હોય ત્યારે એને જોવાનો એક અલગ પ્રકારનો આનંદ આવે અને જરાક વાર ક્યાંય કોઈક પુલ પર ગાડી ઊભી રાખીને આવી પળોને આંખોમાં ભરી લેવી એ જ ખરી મજા. પોળોનાં જંગલોમાં પ્રકૃતિનો આવો અખૂટ ખજાનો છે, લૂંટી શકો તો લૂંટી જ લેજો, રખેને આધુનિકતાની ગર્તામાં એ ધકેલાઈ જશે તો પછી કહેશો... અમે તો આવું પોળો ક્યારેય નથી જોયું. ટૂંકમાં જે આપણે ન જોયું હોય એનું અસ્તિત્વ ન હોય એવું જરાયે નથી હતું પણ આપણા નસીબમાં એ નથી હોતું અથવા તો ચોક્કસ સમયે આપણે યોગ્ય સ્થળ પર હાજર નથી હોતા.

હરણાવ નદીનો સાંકડો પટ જાણે આંખને જંગલની કેડી સુધી દોરવા લાગ્યો અને વર્તુળાકાર રસ્તો ધીરે ધીરે મને જંગલનાં ઊંડાણમાં લઇ જઈ રહ્યો હતો. જરા તારા બાકી રહેલો દિવસ વિશાળ અને લીલાછમ્મ વૃક્ષોને આછેરા પ્રકાશ થકી વધારે સુંદર બનાવી રહ્યો હતો. વાદળાંઓ આવન જાવનની રમત રમતાં રમતાં પહાડની ટોચને ઢાંકી રહ્યાં હતાં તો વળી ક્યારેક દોટ મૂકીને દોડી રહ્યા હતા. પ્રકૃતિ મારામાં રહેલા બાળકને હંમેશાં જીવતું રાખે છે. ખેરખટ્ટાએ પોળોનાં જંગલોમાં જાણે હરખથી મારું સ્વાગત કરતો ઊંચો કોલ આપ્યો કે જાણે મારામાં નવી જ ચેતનાનો સંચાર થતો હું સ્પષ્ટપણે અનુભવી શક્યો. હરણાવ નદીના કિનારે જ વનવિભાગના રેસ્ટ હાઉસ પાર પહોંચ્યો કે સંધ્યાએ ઘેરો ઘાલ્યો અને ધરણીએ અંધકારનો ઘૂમટો તાણ્યો. કશું જ ન કરીને જાતને કુદરતમાં ઓળઘોળ કરીને જાતને પ્રવૃતિમય રાખી શકાય એવું સ્થળ એટલે નેટવર્ક વિનાનું જંગલ અને ગુજરાતમાં પોળોનાં જંગલમાં આવેલ સદીઓ જૂનું શરણેશ્વર મંદિર વટાવો કે નેટવર્ક સાથ છોડી દે અને અરણ્યનો નાદ સ્પષ્ટપણે સાંભળી શકાય. રાત્રિનો માહોલ જામ્યો હતો અને હરણાવ નદીના કિનારે અંધકારમાં લાકડાની એક બેન્ચને અઢેલીને બેઠો અને ગોરંભાયેલા આકાશ સામે મીટ માંડી. વાદળાંઓએ આ વખતે મને ટમટમતાં તારોડિયાથી દૂર રાખ્યો પણ એની ખોટ ન સાલે એવા ઝગમગાટ કરતા તારોડિયાથી જરાક જ વારમાં નદીને સામે કાંઠે આવેલું વૃક્ષ આખું ભરાઈ ગયું. અસંખ્ય આગિયાઓ જાણે બત્તી લઈને જંગલ ફરવા નીકળ્યા હોય એમ વારંવાર ઝગમગાટ કરતા હતા. પાણીમાંથી દેડકાંઓનો મધુર ધ્વનિ કાન પર એ રીતે પડતો હતો જાણે તેઓ આખાયે દ્રશ્યને બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપી રહ્યા હોય, દરેક ઋતુનો આગવો મિજાજ હોય છે જો એને કુદરતનાં સ્વભાવ પ્રમાણે જ માણવામાં આવે. ઘડીભર ત્યાંને ત્યાં બેસીને વર્ષા ઋતુનાં આ અદભૂત માહોલને હું માણતો જ રહ્યો જાણે કુદરતનાં આ જ વિશ્વનો હું એક નાનકડો હિસ્સો હોઉં.

સવાર ઉઘડતા જ કેમેરા લઈને નીકળી પડ્યો પોળોનાં જંગલોને ખૂંદવા માટે. હિમાલય પણ જેની સામે બાળક લાગે, વેદોની ઋચાઓનો ધ્વનિ સમોં, કરોડો વર્ષો પૂર્વે અસ્તિત્વમાં આવેલ એવી અરવલ્લીની ગિરિમાળાઓને નજીકથી અનુભવો તો જ પ્રકૃતિનો ખોળો ખૂંદયો કહેવાય બાકી તો કિનારે બેસીને ચહેરા પર અનાયાસે જ પડતી બૂંદોની માણવા જેવો જ ભાવ રહે. વિશ્વની સહુથી પ્રાચીન પર્વતમાળા એટલે અરવલ્લીની પર્વતમાળા એમાં પણ વર્ષાઋતુમાં અરવલ્લીના પહાડો ખૂંદવાનો મોકો મળે એટલે જાણે વરસાદમાં નાચતા મોરની માફક મારું મન પણ નાચી ઉઠે. અરવલ્લીની ધરામાં આવેલ પોળોનાં જંગલોમાં આવેલ પહાડો અને એમાં રહેલા મંદિરો ખૂબ જ પ્રાચીન સભ્યતાની ધરોહરને સમયના પડ ચઢાવીને પણ સાચવીને બેઠા છે. અરવલ્લીના ખોળે બૌદ્ધ, શૈવ પંચાયતન શૈલી અને જૈન મંદિરો સદીઓ જૂની સંસ્કૃતિનો અહેવાલ નજર સમક્ષ તાદ્દશ કરે છે તો નયનરમ્ય પહાડીઓ પર ચઢતા ચઢતા સંભળાતા અવનવા પક્ષીઓનાં ગાન અને પ્રકૃતિનો લય આપોઆપ મારામાં એક પ્રકારનો નશો ભરી દે છે. અરવલ્લીની ગિરિમાળામાં આવેલ પોળોનાં જંગલમાં એ ઇતિહાસ ધરબાયેલ છે જે આપણી સંસ્કૃતિનું સર્જનનું મૂળ છે અને આપણા અસ્તિત્વની ઝાંખી છે. અહીં આવેલા આશરે પંદરમી સદીનાં જૈન મંદિરનાં અવશેષો જોતા અહીંની એક સમયની ભવ્યતાનો સપષ્ટ અંદાજ લગાવી શકાય. આમ તો હું પ્રકૃતિના ફોટોગ્રાફ લેવાનો જ રસ ધરાવું છું પણ ક્યારેક કોઈક ઐતિહાસિક ધરોહર અથવા તો અચંબિત કરે તેવું કઈ પણ મળે તો મને આકર્ષે ખરું. સેન્ડ સ્ટોનથી બનેલ સદીઓ જૂના અહીંના જૈન અને સૂર્ય મંદિરમાં દક્ષિણ દિશામાં શ્રી વિઘ્નવિનાયક દેવને અદ્ભુત કારીગરી કરીને કોતરી લેવામાં આવ્યા છે. એ વખતે દિશાનું પણ એટલું જ ધ્યાન રખાયું અને આકર્ષણનું પણ. આપણું રક્ષણ થાય એટલા માટે હંમેશાં કમર આસપાસ કંદોરો બાંધવામાં આવે છે એ રીતે જ મંદિર આસપાસ કંદોરાની કોતરણી કરવામાં આવી જેમાં દક્ષિણ દિશામાં શ્રી વિઘ્નવિનાયક દેવનું સ્થાપન કર્યું હશે, સામાન્ય રીતે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કોઈ પણ પ્રકારના વિઘ્ન દક્ષિણ દિશા તરફથી જ વધારે આવતા હોય છે એ અનુસંધાનને ધ્યાનમાં લઈને ઘરના દરવાજાઓ પણ દક્ષિણ દિશા તરફ નહોતા રખાતા. શક્તિ મંદિર અને શિવ પંચાયતન મંદિરના અવશેષોને સ્પર્શીને નિહાળ્યા બાદ ટ્રેક કરવાનો શરૂ કર્યો. હરણાવનાં વળાંકને અને ખુલ્લા પટનું વિહંગાવલોકન કરીને હલ્દીઘાટીની વાર્તાઓમાં જાણે ખોવાય ગયો, એક સમયે મહારાણા પ્રતાપે સંતાવા માટે આ જ જંગલોનો સહારો લીધો હતો. આ જંગલો ઇતિહાસની કેટકેટલીયે વાર્તાઓ સંગોપીને બેઠા હશે એવા વિચારો સાથે ફરી ટ્રેક પર આગળ ધપ્યો કે દૂર ટેકરીઓ પર વાદળાંઓને દોડી જતા જોયા જાણે વાદળાઓ જંગલ જોવા ઉમટ્યાં. વાદળો મન મૂકીને ક્યારેક વરસી રહ્યાં છે તો ક્યારેક પહાડની ટોચે જઈને બે ગૃહિણીઓની માફક બેઠક જમાવીને બેસી જાય છે. અગરિયો પહાડ નજર સમક્ષ સ્પષ્ટ થાય અને કેમેરા કાઢું કે પાછું કોઈ વાદળ જાણે અગરિયાનો ફોટો ન લેવા દેવા માંગતું હોય એમ અચાનક જ આવી ચઢે. નફફટાઈ તો જુઓ આ વાદળોની, એક ફોટોગ્રાફર સાથે રમત રમી જાય છે. જો કે પ્રકૃતિની આવી નિર્દોષ રમત મને માફક આવે છે. પોળોનાં જંગલોમાં અગરિયો પર્વત જરાક ખાસ છે, કારણ અહીં ગિરનારી ગીધોનું કાયમી રહેઠાણ છે. આકાશમાં વિશાળ પાંખો ફેલાવીને ઉડાન ભરે અને અહીં આવીને બેઠક જમાવે. એમને ઉડતા જોવા એ એક લહાવો છે.




દર વર્ષની જેમ આ વર્ષે ચોમાસું પૂરબહારમાં ખીલ્યું હતું અને હું એકલો અટૂલો પક્ષીઓની શોધમાં નીકળી પડ્યો કે અરવલ્લીની ધરાને હરિયાળીથી સજ્જ, વાદળોથી ઘેરાયેલી અને હસ્તી રમતી નિહાળી, ગીધોને મહાલતા જોયા. વસુંધરાનો વરસાદ પછી ખીલેલો ઓપ જોઈને કોઈનું પણ મન ખીલી ઊઠે, નાચવા લાગે. વરસતા વરસાદમાં જંગલ કેડીના રસ્તા પર ક્યાંક ક્યાંક બાળકોની માફક ફૂટી નીકળેલા ઝરણાંઓ, અચાનક જ દૂર કોઈ પહાડની ટોચ પર મન મૂકીને વરસતું વાદળ, સંગીતની માફક સંભળાતો વરસાદનો ધીમો ધીમો લય, ભીંજાઈને સાવ નવા જ કપડાં પહેરીને હસતાં રમતાં વૃક્ષોથી વર્તાઈ આવતો જંગલનો નવો જ નિખાર અને પક્ષીઓ હરખઘેલાં થઈને ગૂંજી ઊઠે. પ્રકૃતિનો આવો નજારો નથી જોયો તો તમે ખાલી જીવન વિતાવી રહ્યા છો, જીવી નથી રહ્યા, માણી નથી રહ્યા.પોળોનાં જંગલોનો વૈભવ સદીઓ પહેલાં પણ જીવંત હતો અને આજે પણ જીવંત છે.

આ ધરાનું વર્ણન કરવા મારા શબ્દો સમર્થ નથી, મારા ફોટોગ્રાફની પણ ક્ષમતા નથી. આ ધરા કેટલીયે માનવ સભ્યતાની, કેટકેટલાયે ઐતિહાસિક યુગોની અને કેટકેટલીયે સંસ્કૃતિની વાર્તાઓને પોતાના પેટાળમાં સંગોપીને બેઠી છે. ક્યારેક અરવલ્લી જજો અને એ સંવેદનાના ધ્વનિને સાંભળવાનો પ્રયત્ન કરજો. ફરી ક્યારેય નહિ કહો કે શું છે જોવાલાયક પોળોનાં જંગલોમાં? તમે કદાચ પોળો જોયું તો હશે પણ અનુભવ્યું નહિ જ હોય...■

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# દિગ્દર્શકનો માનીતો કલાકાર કે. કે. મેનન



ગુજરાતી- તમિળ- મરાઠી અને તેલુગુની અનેક ફિલ્મોના આ અદાકાર કૃષ્ણકુમાર મેનનને દર્શકો આજે કે. કે. મેનન તરીકે ઓળખે છે. ફિલ્મો હોય કે સિરિયલો કે ઓટીટી પર રજૂ થનારી સિરીઝ...એ બધામાં જ પોતાનું એક અલગ જ સ્થાન ઊભું કર્યું છે તે એટલે સુધી કે 'અ વેન્સડે' જેવી ફિલ્મ અને 'સ્પેશ્યલ ઑપ્સ' જેવી સિરીઝ બનાવનારા દિગ્દર્શક નીરજ પાંડે પણ આ કલાકારના અભિનયને વખાણતા એમ કહે છે કે 'સ્પેશ્યલ ઓપ્સ' સિરીઝને કે. કે. મેનન સિવાય બીજા કોઈ એક્ટરને કલ્પી પણ શકતો નથી.

કે. કે. મેનને આજે પોતાની અભિનય ક્ષમતાથી પોતાની એક અલગ જ ઓળખ ઊભી જરૂર કરી છે, પણ આ ઓળખ ઊભી કરતાં એને ૨૫ થી ૩૦ વર્ષનો સમય લાગ્યો છે. બીબાંઢાળ ભૂમિકાઓથી કાંઈક અલગ કરવાની ધગશ કે. કે.ને પહેલાંથી જ રહી છે. બ્લેક ફ્રાયડે, દીવાર (૨૦૦૪), સરકાર, ગુલાલ, હૈદર, બેબી જેવી ફિલ્મોમાં એ દીપી ઉઠ્યો છે. તો સ્પેશ્યલ ઓપ્સ, ફર્ઝી, ધ રેલવે મેન, સિટાડેલઃ હની-બની જેવી સિરીઝમાં પણ એનાં અભિનયના વખાણ થયા છે.

કેરળના કોઝીકોડેમાં એક મલયાલી કુટુંબમાં જન્મેલા કે. કે. નો ઉછેર મહારાષ્ટ્રના પુણે અને અંબરનાથમાં થયો છે. મુંબઈ યુનિવર્સિટીમાંથી એણે ફિઝિક્સમાં ડિગ્રી મેળવી છે પછી પુણે યુનિવર્સિટીમાંથી એમબીએ કર્યું. દરમિયાન એને જાહેરખબરો મળવા લાગી તેનાં પગલે એ શોબીઝ સાથે સંકળાયો.

ત્યાર પછી એણે થિયેટર કરવા માંડ્યું. અહીં એની ઓળખાણ નિવેદિતા ભટ્ટાચાર્ય સાથે થઈ અને આ ઓળખાણ પ્રેમમાં અને પછી લગ્નમાં પરિણમી. કારકિર્દીની શરૂઆતમાં કે. કે.અનેક સિરિયલોમાં અભિનય કર્યો હતો. ૧૯૯૫માં આવેલી 'નસીમ' નામની ફિલ્મથી એણે બોલિવૂડમાં પ્રવેશ મેળવ્યો. ત્યાર પછી ૧૯૯૯માં આવેલી 'ભોપાલ એક્સપ્રેસ'માં એની મુખ્ય ભૂમિકા હતી, પણ તે ફિલ્મ 'સુપરફ્લોપ' સાબિત થઈ.

ત્યાર બાદ અનુરાગ કશ્યપની 'પાંચ', 'હજારો ખ્વાહીશે ઐસી' અને ' બ્લેક ફ્રાય-ડે ' પણ ફલોપ ગઈ. ૨૦૦૪માં અમિતાભ બચ્ચન, અક્ષય ખન્ના, સંજય દત્ત સાથેની 'દીવાર'માં પહેલી જ વાર કે. કે. મેનનની નોંધ લેવાઈ. ત્યાર બાદ અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચનની 'સરકાર'માં વિષ્ણુ નાગેરની ભૂમિકામાં પણ એની નોંધ લેવાઈ પછી તો બોલિવૂડમાં જબરો જામી ગયો. કોર્પોરેટ, હનીમૂન ટ્રાવેલ્સ, લાઈફ ઈન અ મેટ્રો, ભેજા ફ્રાય, એબીસીડી, બેબી, બોમ્બે વેલ્વેટ, સિંઘ ઈઝ બ્લિંગ, અ ફલાઈંગ જાટ, ધાડ (ગુજરાતી ફિલ્મ) જેવી ફિલ્મોમાં એ વિવિધ પ્રકારની ભૂમિકામાં ખાસ કરીને વિલનની ભૂમિકામાં રીતસરનો છવાઈ ગયો.

૨૦૨૦માં આવેલી 'સ્પે.ઑપ્સ'ની પહેલી સિઝનમાં હિમ્મતસિંહના પાત્રમાં એનો અભિનય ખૂબ વખાણાયો, ૨૦૨૧માં 'સ્પેશ્યલ ઓપ્સ ૧.૫', પછી ફર્ઝી, મુર્શીદ, સિટાડેલ- હની બની, રેલવે મેન જેવી સિરીઝમાં મુખ્ય ભૂમિકા જાણે કે. કે. મેનન માટે જ લખાઈ હતી અને અત્યારે 'સ્પેશ્યલ ઑપ્સ-ટુ'માં એ એકવાર ફરી છવાઈ ગયો છે.

આમ, કે. કે. મેનન વિવિધતાથી ભરપૂર ભૂમિકા કરવામાં માહિર છે, પણ એ દિગ્દર્શકનો માનીતો કલાકાર છે. દરેક પાત્ર જાણે એનાં માટે લખાયું હોય એ રીતે તે પાત્રમાં ઢળી જાય છે અને લોકો એને જુએ ત્યારે એમને કે. કે. મેનન નહીં, પણ હિમ્મતસિંહ જ દેખાય છે.

## દેશભક્તિના જુવાળ વચ્ચે સલમાન ખાન 'બિગ બોસ' સાથે તમારા ડ્રોઈંગ રૂમમાં...

OTTનું હોટસ્પોટ

જિયો હોટસ્ટાર પર 'સલાકાર' નામની સિરીઝ થરૂ થતાંની સાથે જ તે 'નંબર વન' બની ગઈ છે. હજી હાલમાં જ ૧૫મી ઑગસ્ટ ગઈ છે ત્યારે ઓટીટી પર દેશભક્તિવાળી ફિલ્મો અને સિરીઝ ધૂમ મચાવી રહી છે.

જિયો હોટસ્ટાર પર 'સ્પેશેયલ ઑપ્સ-ટુ', 'સલાકાર' અને પૃથ્વીરાજ સુકુમારન, કાજોલ સાથે ઈબ્રાહીમ અલી ખાન'ની 'સરઝમીન' ફિલ્મ પણ ધ્યાન ખેંચી રહી છે.

'બિગ બોસ'ની ૧૯મી સીઝન 'કલર્સ' અને 'જિયો હોટસ્ટાર' પર શરૂ થઈ રહી છે. સલમાન ખાનના સંચાલન હેઠળના આ રિયાલિટી શોનાં ચાહકો ઘણા છે એટલે એ બધા આતુરતાથી તેની રાહ જોઈ રહ્યા છે.

▶ નેટફિલક્સ પર ૧૬મી ઑગસ્ટે 'ફાસ્ટ એન્ડ ફ્યુરીઅસ' ફિલ્મનાં બધા જ ભાગ એક સાથે રજૂ થયા પછી ૧૮ ઓગસ્ટે 'કોકોમેલોન લેન'ની પાંચમી સિઝન, 'એકસટન્ટ'ની' પહેલી- બીજી સિઝન, ૨૧ ઓગસ્ટે 'ધ૩૫૫' નામની જાસૂસી-થ્રીલર 'હોસ્ટેજ', 'ગોલ્ડ રશ ગેંગ' જેવી ફિલ્મો જોવા મળશે.

▶ એમેઝોન પ્રાઈમ પર ૨૦ ઓગસ્ટે 'ધ મેન ધેટ લિડ્સ ટુ યુ', જિયો હોટસ્ટાર પર ૨૨ ઓગસ્ટે 'પીસમેકર સિઝન-ટુ' જોવા મળશે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સોશ્યલ મીડિયાના કેટલાંક આશ્ચર્યજનક તથ્ય


### આંખ ચાર કરે એવાં છે અમુક આંકડા...

**સોશ્યલ** મીડિયામાં એક નાના બાળકનો ફોટો સાથે કેપ્શન વાયરલ થયું હતું, જેમાં લખ્યું હતું કે, આ બાળક આ ગામમાંથી ખોવાયું છે. આખા ગામના દરેક વ્યક્તિના મોબાઈલમાં આ ફોટો પહોંચ્યો કે તરત જ ગામલોકોએ પેલા બાળકને શોધી ફરી એને સ્કૂલ અને માતા-પિતા સુધી પહોંચાડ્યું. સારી વાત છે....

પછી બન્યું એવું કે બાળક જ્યારે સ્કૂલે જતુ હોય ત્યારે પણ લોકો એને પકડીને એના ઘરે મૂકી આવતા થયા. આમ તો આ સામાન્ય જોક છે, પણ આ જોક પાછળ સોશ્યલ મીડિયાનો પ્રભાવ ધ્યાને લેવા જેવો છે. સકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પાસાને જોડીને આ જોક ટેકનોલોજીની અસર દર્શાવે છે.

હવે આ જ વિષયના સિક્કાની બીજી તરફ જોઈએ તો લાઈક્સ, રીચ ન મળવાને કારણે માનસિક તણાવ ઊભો કરવામાં પણ આ જ માધ્યમ જવાબદાર છે. સતત અને સખત રીતે અપડેટ થતા સોશ્યલ મીડિયા પાછળ યુવાવર્ગની આખી ફૌજ એક્ટિવ હોય છે. આપણા નહીં તો બીજા દેશમાં કંઈકને કંઈ ટ્રેન્ડ થાય તો કોઈ ટ્રેન્ડસેટર બને છે.

ગત વર્ષે દિવાળીનો તહેવાર નજીક આવતા જ કરવામાં આવેલા સોશ્યલ મીડિયા સર્વેનું તારણ એવું કહે છે કે, દૈનિક ધોરણે જુદા જુદા પ્લેટફોર્મ પરથી ૫.૪ બિલિયન મલ્ટિમીડિયા શેર થાય છે, જેમાં ફોટો-વીડિયો કે મિમ્સનો સમાવેશ થાય છે. માત્ર સાથે લખવામાં આવતા કેપ્શન કે ટેક્સ્ટને બાદ કરીએ તો ૮.૨ બિલિયન તો માત્ર પોસ્ટ ડેટા શેર થાય છે. સમગ્ર વિશ્વમાં દૈનિક ધોરણ પર લોકો ઓછામાં ઓછી ૨ કલાક સોશ્યલ મીડિયા પર પસાર કરે છે. આ સમયમાં યુટ્યૂબ, હોટસ્ટાર કે નેટફ્લિક્સ જેવી ઓટીટી એપ્સને ગણવામાં નથી આવી. માત્ર ફેસબુક,



ટ્વિટર (હવે X) ઈન્સ્ટાગ્રામ, લિંક્ડઈન, શેરચેટ, સ્નેપચેટ જેવા સોશ્યલ મીડિયાને ધ્યાને લેવાયા છે. સોશ્યલ મીડિયા એપ સિવાય દૈનિક ધોરણે માત્ર એશિયામાંથી ૪ કલાક એક યા બીજી રીતે યુટ્યૂબ જેવી સોંગ એપ્લિકેશન પર પસાર કરે છે. આવા લોકોનો આંકડો માત્ર એશિયામાંથી જ ૮ બિલિયનનો છે. બીજા ખંડમાં રહેતા લોકોનો વિચાર કરીએ તો આ આંક વધી જાય.

એક રિપોર્ટ અનુસાર ઓનલાઈન રીડિંગ પાછળ અઠવાડિયે માંડ ૧ કલાક પૂરી થાય છે. ઓનસ્ક્રિન રીડિંગ ઘટ્યું છે, પણ વિઝ્યુઅલ્સ અને રીલ્સના પ્રભાવથી માહિતીનો ધોધ ઠલવાય છે. દર દસ મિનિટે ઈન્સ્ટાગ્રામ પર ૨૧,૬૦,૦૦૦ ફોટો માત્ર એક રિજિયનમાંથી અપલોડ થાય છે. આપણા દેશમાં આ રિજિયન એટલે નોર્થઝોન, સાઉથઝોન, ઈસ્ટ, નોર્થઈસ્ટ અને વેસ્ટ. એમાં પણ સૌથી વધારે નોર્થઝોનમાં સોશ્યલ મીડિયા સંવેદનશીલ પણ છે અને પ્રભાવી પણ છે. યુઝર્સ એક્ટિવ પણ વધુમાં વધુ નોર્થના છે. આ બધામાંથી કાશ્મીર રાજ્ય એમાંથી થોડું બાકાત છે, કારણ કે, વારંવાર થતા ઈન્ટરનેટ બંધની મુશ્કેલીને કારણે તારણ યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાતા નથી. સોશ્યલ મીડિયા જ હાથવગું મનોરંજન છે પણ જ્યારે કોઈ સત્તાવાર માહિતી કે વસ્તુ સર્ચ કરવાની થાય ત્યારે એની વિશ્વસનીયતા હજુ સુધી એકવર્ગમાં નથી. માત્ર ત્રણ દિવસના અંતરે ૧૦ મિલિયન ઈમેજિસ સર્ચ થાય છે. ડાઉનલોડ થાય છે અને શેર થાય છે. આ એવી ઈમેજ છે જેને સોશ્યલ મીડિયાની પોસ્ટ સાથે કોઈ લેવાદેવા નથી. જેમ કે, ગ્રાફિક્સ, ઈન્ફોગ્રાફિક્સ, મોલ કે મલ્ટિપ્લેક્સના ફોટો, સનસેટ-સનરાઈઝના ફોટો, હાઈવે રૂટ, આર્કાઈવ, નવા ઈમેજ ફોર્મેટ આનું લિસ્ટ એટલું લાંબુ છે કે, એક પેનલ બની જાય.

રીલ્સ સૌથી વધારે જોવાય છે, શેર થાય છે અને કોઈ જ સિક્યોરિટી ન હોય તો પણ એની ઈમેજિસ સરળતાથી શેર થાય છે. સાથે એ હકીકત પણ સ્વીકારવી પડે કે, રીલ્સ અપલોડ થતા સૌથી વધારે સમય લાગે છે. ઓસ્ટ્રેલિયાને બાદ કરતા મોટાભાગના દેશમાં અપલોડિંગ ટાઈમિંગ સ્લો છે. દુબઈ એમાંથી બાકાત છે.

સૌથી મોટી અને ચોંકાવનારી વાત એ છે કે, આપણા દેશમાંથી અઠવાડિયામાં ઓછામાં ઓછો ૯૦ કલાકનો સમય મહિલાઓ શોપિંગ, ઓફર્સ (મોટાભાગે કપડાં અને આઈટી સંબંધિત વસ્તુની) , ટ્રેન્ડી રીલ્સ, હેલ્થ ટીપ્સ, ફૂડ-રેસ્ટોરાંના રિવ્યૂ, મેકઅપ ટિપ્સ, દેશી જુગાડ, કિચનમાં સ્માર્ટ થિંગ્સ, ટ્રાવેલ્સ પ્લાન, ટૂરિંગ ગાઈડ પર વીતાવે છે.

સમગ્ર દુનિયાની વાત કરીએ તો ત્રણ મહિને સોશ્યલ મીડિયાની કોઈ પણ એપ્લિકેશન પર સરેરાશ ૨૫૯ મિલિયન યુઝર્સ નવા આવે છે. આમાં જુનુ એકાઉન્ટ બ્લોક કે પાસવર્ડ ભૂલાઈ જવાના કેસમાં શરૂ થયેલી સર્વિસ પણ નવા યુઝર તરીકે ગણાય છે એટલા માટે આંકડો વધે છે. જ્યારે સૌથી વધુ યુઝેજ અને પાવરફૂલ ટુલ તરીકે વોટ્સએપ પહેલા ક્રમે છે. ૯૫ ટકા એશિયન, આફ્રિકન અને યુરોપિયન આ એપ્લિકેશન યુઝ કરે છે. જ્યારે સૌથી વધારે એજગ્રૂપ પણ આ એપ્લિકેશન પાસે જ છે. ■

**આઉટ ઑફ બોક્સ**

કોરોનાકાળમાં નેટફ્લિક્સ, હોટસ્ટાર જેવી એપ્લિકેશનને કરોડો યુઝર્સ મળ્યા પણ સૌથી વધારે જોવાયું યુટ્યૂબ. આંકડો છે ૨૦૦૦ મિલિયન યુઝર્સ અરાઉન્ડ ધ વર્લ્ડ!

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બાઝવું હોય તો હાલ પાંચ પીપળા!



ગુજરાતી ભાષામાં પંચ - પાંચ શબ્દના સામ્રાજ્યનો વિસ્તાર વિશાળ છે. ગામ - શહેરના નામ સાથે જોડાયો છે અને વિશેષણ તરીકે પણ એનો ખાસ્સો ઉપયોગ જોવા મળે છે. આ કહેવતનો ભાવાર્થ સમજતા પહેલા **પાંચ પીપળા** વિશે જાણકારી મેળવવી જરૂરી છે. આજની તારીખમાં આ ગામ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં સ્થિત છે. સૌરાષ્ટ્રના ઈતિહાસની એક મહત્ત્વની ઘટના આ કહેવત સાથે સંકળાયેલી છે. **બાઝવું** એટલે ઝઘડો કરવો, કજિયો કરવો, ટંટો કરવો. કથા ૨૪૩ વર્ષ જૂની છે. ઈ. સ. ૧૭૮૨માં જૂનાગઢના અમરજી દીવાન અને નવાનગર (જામનગર)ના દીવાન મેરુ ખવાસ વચ્ચે લડાઈ થઈ હતી. આ લડાઈ સૌરાષ્ટ્રની છેલ્લી મોટી લડાઈ તરીકે પ્રખ્યાત છે. અમરજી દીવાન જન્મે બ્રાહ્મણ પણ કર્મે ક્ષત્રિય હતા. જૂનાગઢના નવાબના પ્રધાન (દીવાન) બન્યા પછી ગુમાવેલો પરદેશ પાછો મેળવ્યો અને બીજી પણ સફળતા મેળવી. અન્ય રજવાડાના રાજપૂતો અમરજીથી ડરવા લાગ્યા અને તેમને પછાડવા બધા એક થયા. એક તરફ ગોહિલરાજ, હાલાર, પોરબંદર, કોટડા, ગોંડલ, જેતપુર અને બીજાં કેટલાંક નાનાં રાજ્યો હતા તો બીજી તરફ અમરજીના જૂનાગઢ સાથે બાંટવા અને માંગરોળ હતા. બંને પક્ષની સેના વચ્ચે પાંચ પીપળા ગામમાં અથડામણ થઈ. ભયાનક યુદ્ધ થયું અને અમરજીએ રાજપૂતોની સેનાને હરાવી યાદગાર વિજય મેળવ્યો. એક નાગર યોદ્ધો હજારોના આક્રમણ સામે અડગ રહ્યો અને અણનમ અમરજી એક તરીકે ખ્યાતનામ થયો. એના પરથી કોઈ વ્યક્તિ બાઝવા - લડવા ઇચ્છતી હોય ત્યારે **બાઝવું હોય તો હાલ પાંચ પીપળા!** કહેવત વપરાય છે.

**પાંચ તલાવડા** સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાનું એક નાનકડું ગામ છે. અહીં ૧૯૩૭ - ૩૮માં ખેડૂતોની સમસ્યા ઉકેલવા રાજ્ય સામે સત્યાગ્રહ થયો હતો જેમાં અંતે ખેડૂતોનો વિજય થયો હતો. બોર્ડિંગ સ્કૂલ, સ્ટ્રોબેરી માટે મહારાષ્ટ્રના પ્રખ્યાત હિલસ્ટેશન પંચગીની રાજારજવાડાંનાં બાળકોની કેળવણી માટે પ્રસિદ્ધ થયું હતું. પૌરાણિક કથા અનુસાર ભૂતકાળમાં કોઈ પ્રસિદ્ધ પુરુષે અહીં આશ્રમની સ્થાપના કરી પંચાગ્નિની ધૂણીનું સેવન કર્યું હશે.એના ઉપરથી તે પંચાગ્નિ અને પાછળથી પંચગિની કે પંચગની નામથી ઓળખાયું. પાંચ ડુંગરના સમૂહ પર આ સ્થળનો વિકાસ થયો હોવાથી મહારાષ્ટ્રના લોકો એને **પાચગણી** (મરાઠીમાં પાંચ પાચ તરીકે ઓળખાય છે, અનુસ્વાર નથી હોતું) તરીકે ઓળખે છે.

રાષ્ટ્ર ભાષા

## कनटाप देंगे

ઉત્તર ભારતમાં હિન્દી ભાષી વિસ્તાર ખાસ્સો મોટો છે. એમાંય ઉત્તર પ્રદેશ વસ્તીની દ્રષ્ટિએ દેશનું સૌથી મોટું રાજ્ય છે. અહીં મુખ્યત્વે હિન્દી ભાષાનો વપરાશ વ્યવહારમાં જોવા - સાંભળવા મળે છે. શુદ્ધ હિન્દી ઉપરાંત રુઆબ છાંટતી ભાષાનો ઉપયોગ થાય છે. કેટલાક એવા શબ્દપ્રયોગ છે જે તમને શબ્દકોશમાં નહીં જોવા મળે, પણ બોલચાલમાં એની હાજરી અવશ્ય હોય છે. **जब कोई मामला बिगड जाए और आपको इसकी खबर अपने दोस्तों को देनी हो तो आपकी जुबान से जो पहले शब्द फिसलते हैं. भाई मैटर हो गया.** જ્યારે કોઈ વાત વણસી જાય અને એ વાતની જાણ યાર દોસ્તોને કરવાની હોય ત્યારે મોઢામાંથી 'ભાઈ મેટર હો ગયા' શબ્દો જ સરી પડે છે. ગુજરાતીમાં કહેવાય છે ને કે બબાલ થઈ ગઈ, બસ એ જ અર્થ છે. **अगर आपको कोई बेवजह परेशान कर रहा हो या फिजूल की बातें कर रहा हो, आप उसे ये आखिरी चेतावनी देते हैं: कनटाप दैंगे.** વિના કારણ કોઈ પરેશાન કરી રહ્યું હોય, હેરાનગતિ થઈ રહી હોય કે ફાલતુ વાત કહેવામાં આવી રહી હોય ત્યારે એને ચેતવણી આપવામાં આવે છે - કનટાપ દેંગે. આમ તો આ હિન્દી શબ્દનો અર્થ થાય છે કાન ઢાંકે એવી ટોપી. જોકે, અહીં કચકચાવી એક થપ્પડ મારી દેવાની વાત છે. **जब आप किसी से सवाल कर रहे हों और वो कुछ भी जवाब न दे रहा हो : मुंह में दही जमा लिया क्या?** વારંવાર પૂછ્યા પછી પણ સામી વ્યક્તિ જવાબ ન આપે, મૂંગી રહે ત્યારે શું મોઢામાં દહીં જમાવવા મૂક્યું છે? એવું કટાક્ષમાં કહેવામાં આવે છે. મોઢામાં મગ ભર્યા છે? એવો પ્રયોગ ગુજરાતીમાં છે જ ને.

ENગ્લિશ વિંGLISH

## HETERONYMS



અંગ્રેજી ભાષા એના સ્પેલિંગ અને ઉચ્ચારણ બાબતે ક્યારેક કઢંગી તો ક્યારેક હાસ્યાસ્પદ લાગતી હોય છે. સ્પેલિંગમાં આવતા સાયલન્ટ લેટર્સ (જેનો ઉચ્ચાર નહીં કરવાનો) તેમજ સ્પેલિંગમાં સામ્ય હોવા છતાં ઉચ્ચાર એકદમ ભિન્ન જેવી બાબતો મજાક કે મૂંઝવણ નિર્માણ કરે છે. જોકે, આ ભાષાનું વ્યાકરણ - ગ્રામર મજેદાર છે એ વાત કોઈ પણ સ્વીકારશે. એનું વૈવિધ્ય અચંબો પમાડે છે. આજે આપણે **HETERONYMS** તરીકે ઓળખાતા પ્રયોગ અનોખો છે. આ એવા શબ્દ યુગ્મ છે જેના સ્પેલિંગ તેમજ ઉચ્ચારમાં મોટેભાગે સામ્ય હોવા છતાં વપરાશ પ્રમાણે એના અર્થમાં તફાવત છે. કેટલાક ઉદાહરણ જોઈએ.

**She shed a TEAR when she saw TEAR in the painting.** અહીં પહેલા શબ્દનો ઉચ્ચાર ટીઅર થાય છે જેનો અર્થ છે આંસુ. બીજા શબ્દનો ઉચ્ચાર છે ટેર, જેનો અર્થ થાય છે ફાટી જવું. એટલે આ વાક્યનો અનુવાદ એમ થાય કે એક જગ્યાએ પેઇન્ટિંગ સહેજ ફાટેલું દેખાતા એની આંખમાં આંસુ આવી ગયા.

**Please CLOSE the door before you come CLOSE to me.** અહીં બંને શબ્દનો ઉચ્ચાર સરખો, ક્લોઝ જ થાય છે. અંતર અર્થમાં છે. પહેલા શબ્દનો અર્થ બંધ થાય છે જ્યારે બીજાનો મતલબ નજીક - પાસે થાય છે. વાક્યનો અનુવાદ થાય તમે મારી પાસે આવો એ પહેલા દરવાજો બંધ કરી દેજો. અથવા દરવાજો બંધ કર્યા પછી જ મારી પાસે આવજો.

**The BASS guitarist caught a huge BASS in the lake.** આ વાક્યમાં પહેલા શબ્દને સંગીત સાથે નિસ્બત છે જ્યારે બીજા શબ્દનો અર્થ એક પ્રકારની માછલી થાય છે. બાસ ગિટારિસ્ટને સરોવરમાં મોટી માછલી પકડવામાં સફળતા મળી.

**The WOUND is healing as he WOUND the bandage.** સ્પેલિંગ બંને શબ્દના સરખા છે, પણ ઉચ્ચારમાં ફરક છે. પહેલાનો ઉચ્ચાર વુન્ડ થાય છે અને બીજાનો વાઉન્ડ (વાઈન્ડનું ભૂતકાળ) એવો થાય છે. આ વાક્યમાં પહેલા શબ્દનો અર્થ ઘા - ઈજા થાય છે જ્યારે બીજાનો અર્થ વાળવું, ફેરવવું એવો થાય છે. તેણે પાટો વીંટી લીધો ત્યારે જોયું તો ખબર પડી કે ઘા ઘણા અંશે રૂઝાઈ ગયો છે.

**The dog began to BARK under the BARK of a tree.** અહીં બંને શબ્દના ઉચ્ચાર અને સ્પેલિંગ સરખા છે, સેમ ટુ સેમ. અર્થમાં જમીન - આસમાનનો તફાવત છે. પહેલાનો અર્થ થાય છે ભસવું જ્યારે બીજામાં ઝાડનું થડ - થડની છાલ એવો અર્થ અભિપ્રેત છે. એટલે આપેલા વાક્યનો અનુવાદ થાય વૃક્ષના થડ નીચે શ્વાન ભસવા લાગ્યો.

સઞ્ઞી बहिण

## કામ પટકન થઈ ગયું

મહારાષ્ટ્રના કૃષિ શહેર એવી નાશિકની ભૌગોલિક ઓળખ ખરી, પણ સાથે સાથે આ શહેર 'ગ્રેપ સિટી ઓફ ઈન્ડિયા' અને 'વાઈન કેપિટલ ઓફ ઈન્ડિયા' તરીકે પણ પ્રખ્યાત છે. સાહિત્યિક અભિરુચિ ધરાવતા મરાઠીભાષી લોકોમાં નાશિક 'કુસુમાગ્રજ' વિ. વા. શિરવાડકરની ભૂમિ તરીકે પણ આદરણીય સ્થાન ધરાવે છે. શહેરના લોકોમાં સાહિત્યિક છાંટવાળી મરાઠી ભાષા સાથે ગામઠી બોલી પણ સાંભળવા મળે. રસપ્રદ વાત એ છે કે નાશિકમાં ગુજરાતીઓ અને મારવાડીઓની ખાસ્સી વસ્તી છે. પરિણામે એમની દૈનિક બોલચાલની ભાષામાં મરાઠી શબ્દો ઘૂસી જઈ કાયમી વસવાટ કરી લીધો છે. અહીંયા ગુજરાતીઓ અમે 'લગેચ નીકળી જવાના કે તમારું કામ 'પટકન' થઈ ગયું એમ કહેતા સાંભળવા મળે. **लगेच आणि पटकन मराठी शब्द आहेत.** લગેચ એટલે તરત કે જલ્દી અને પટકન એટલે ફટાફટ. ક્યારેક એવું પણ સાંભળવા મળે કે મહારાષ્ટ્ર વિશે માહિતી ગોળા કરવી હોય તો લાઈબ્રેરી જઈ આવો. **गोळा करणे मराठी शब्द आहे.** ગોળા કરણે એટલે એકત્રિત કરવું, એકઠું કરવું. માહિતી ગોળા કરવી એટલે માહિતી એકઠી કરવી. અત્તરિયાળ પૈસા જોતા હોય તો 'ઘરેણાં ગહાણ રાખીને મેળવી શકાય' એવી સલાહ આપનારા મળી રહે. **गहान ठेवणे मराठी प्रयोग आहे.** ગહાણ રાખવું એટલે ગીરવે રાખવું. ઘરેણાં ગીરવે મૂકી તાબડતોબ પૈસા મેળવી શકાય. સંસ્થાના કાર્યાલયની બહાર એક બ્લેક બોર્ડ પર લખેલું વાંચવા મળે કે સભ્યોને સમયસર વર્ગણી ભરી દેવા વિનંતી. **वर्गणी भरणे मराठी प्रयोग आहे.** વર્ગણી ભરવી એટલે લવાજમ ભરી દેવું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ૧૫ ઓગસ્ટે કચ્છે એકસાથે બે ધ્વજ ફરકાવ્યા હતા!



૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કચ્છમાં એક અનોખું દ્રશ્ય સર્જાયું હતું; ભારતનો ત્રિરંગો અને કચ્છનો ભગવો ધ્વજ બન્ને એકસાથે ફરકાવાયા હતા. કેવી રીતે? ચાલો જાણીએ.

ભારતની સ્વતંત્રતાના સોનેરી પાને લખાયેલ એક તેજસ્વી અધ્યાય એટલે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની તારીખ. આ દિવસ માત્ર અંગ્રેજ શાસનના અંતનો નથી, પરંતુ લાખો સ્વાતંત્ર્યસેનાનીઓના તપ, ત્યાગ અને અદમ્ય સંઘર્ષના સપનાનું સાકાર રૂપ છે. મહાત્મા ગાંધીજીના અહિંસક માર્ગદર્શનથી લઈને સુભાષચંદ્ર બોઝની ઊર્જાશીલ લડત સુધી, સરદાર વલ્લભભાઈ પટેલની રાજકીય દૃઢતાથી લોકમાન્ય ટિલકની પ્રેરણાદાયી વાણી સુધી; સ્વતંત્રતાનું આ સ્વપ્ન કરોડો હૃદયોમાં પ્રગટ્યું અને આખરે સાકાર થયું.

૨ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ પંડિત જવાહરલાલ નહેરુ વડા પ્રધાન બની વચગાળાની સરકાર રચાઈ. એ વખતે ભારતના વાઈસરોય લોર્ડ વેવેલ હતા અને ગૃહખાતાની જવાબદારી, જેમાં દેશી રજવાડાંનો સમાવેશ થતો, સરદાર વલ્લભભાઈ પટેલે સંભાળી. ભારતના ભવિષ્યનું બંધારણ ઘડવાના આ નિર્ણાયક સમયમાં કચ્છ સહિતના અનેક રજવાડાઓએ 'સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ' પર હસ્તાક્ષર કર્યા, જેમાં સંરક્ષણ, વિદેશ સંબંધો અને રેલવે સંચાર અંગે કાયદા ઘડવાની સત્તા ભારતની સંસદને સોંપી. કચ્છના તે સમયના રાજવી મહારાઓ વિજયરાજજી ઉર્ફે માધુભાએ પણ 'ઇન્સ્ટ્રુમેન્ટ ઑફ એક્સેશન' પર સહી કરી.

કચ્છમાં સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર માટેની લડત ૧૯૩૯થી જ પ્રજાના હૃદયમાં પ્રગટેલી હતી, પરંતુ પ્રજાની માગ મુજબ રાજતંત્રને સંપૂર્ણ જવાબદારી સોંપવાની પ્રક્રિયા સહેલી નહોતી. ફેબ્રુઆરી ૧૯૪૮માં કચ્છી પ્રજાકીય પરિષદના મોવડી સ્વ. ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાના નેતૃત્વ હેઠળ રાજવીને અલ્ટિમેટમ આપવામાં આવ્યો. ત્યારબાદ સત્યાગ્રહના ઘોષણાઘાટ સાથે આંદોલનનો પ્રારંભ થયો. અખબારી પ્રતિબંધ તોડી પ્રજાએ કાનૂનભંગની લડત શરૂ કરી.

આંદોલનની ગરમાગરમી વચ્ચે મહારાઓ માધુભા બીમાર પડ્યા અને ૨૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ તેમના અવસાન સાથે કચ્છની ગાદીએ મદનસિંહજી આવ્યા. તેમણે ૯ માર્ચ, ૧૯૪૮ના રોજ ઐતિહાસિક જાહેરાત કરી કે, કચ્છને સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર પ્રાપ્ત થશે. આ ક્ષણે થોડા સમય માટે જુવાળ શાંત થયો.

પ્રજાકીય પરિષદનું પ્રતિનિધિમંડળ દિલ્હી જઈને સરદાર પટેલ સાથે મળી ચર્ચા કરી. અનેક વાટાઘાટો બાદ ૪ મે, ૧૯૪૮ના રોજ મહારાઓ મદનસિંહજીએ 'મર્જર એગ્રીમેન્ટ' પર સહી કરી અને કચ્છને હિંદી સંઘમાં જોડાવવાનો માર્ગ ખુલ્લો થયો.

અંતે, ૧ જૂન, ૧૯૪૮ના રોજ કચ્છનું ભારત સાથે સત્તાવાર જોડાણ થયું. ભારતના સીધા વહીવટ હેઠળ કચ્છ 'ક' વર્ગનું રાજ્ય બન્યું. એ દિવસે ભુજના ઉમેદભુવનના પ્રાંગણમાં એક ઐતિહાસિક ક્ષણ સર્જાઈ, કચ્છનો ભગવો ધ્વજ નીચે ઉતારાયો અને ભારતનો ત્રિરંગો આકાશમાં લહેરાયો. ભારત સરકાર તરફથી નિમાયેલા કચ્છના ચીફ કમિશ્નર શ્રી છોટુભાઈ કે. દેસાઈએ રાષ્ટ્રધ્વજ લહેરાવી જાહેરાત કરી કે કચ્છ હવે સ્વતંત્ર ભારતનું એક અવિભાજ્ય અંગ છે. મહારાઓ મદનસિંહજીને વાર્ષિક રૂ. ૮ લાખનું સાલિયાણું આપવામાં આવ્યું.

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ અને ૧ જૂન, ૧૯૪૮, કચ્છ માટે તો આ બંને તારીખો ઐતિહાસિક મહત્ત્વને રજૂ કરનારી બની છે. કચ્છના આ સંઘર્ષની ગાથા આવનારી પેઢીઓને સદા પ્રેરણા આપતી રહેશે કે, પ્રજાની જાગૃતિ કોઈપણ સામ્રાજ્ય કરતા મોટી છે, અને ન્યાયની માગ અંતે અવશ્ય વિજયી બને છે. (સંદર્ભ સાભારઃ કુંદનલાલ ધોળકિયા લિખિત શ્રુતિ અને સ્મૃતિ કચ્છ)

અંતે જંઢો શીર્ષક હેઠળ લાલજી મેવાડાની રચનાને અહીં માણીએ,

*જંઢો જાનસેં પ્યારો અસાંકે, જંઢો જાનસેં પ્યારો, (ટક)*
*વલો ઘર વતન અસાંકે, વલો દેશ ધુલારો,*
*તેંકનાં ૫ વિશેષ વલો, કિઈ ઘણું સલારો....અસાકે............ ૧.*

*ઝગમગ અંધર જોત જાધજી, અફેકો કરેતી ઉજારો,*
*સા-ઉસાસેમેં ફિરકે વિઠો, હરધમ હીયેં ભટારો....અસાકે.......૨.*

*શાંતિ ભક્તિનેં શૌર્યજો સાથી, હિકડાઈજ સધીયારો,*
*વસ્તીજી હિન વાડાબંધીમેં, કેનું નાયં નિડારો.... અસાકે.......૩.*

*મહાસાગર જ્યું લેરીયું મુકે, વતનલા કરીએં ઑશારો,*
*વે મં નેં તું વેસા મં ખણં, પતી વિગ તું પરબારો.અસાંકે.........૪.*

*ઘૂઘાટ કરેતો ઘટમેં અસાંજે, વલપજો વરસારો,*
*કુલભાન અસાંજી જાન 'સ્વપ્ન' હી, જનમોજનમ જનમારો...૫* ■

ટૂંકું ને ટચ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# ડિજિટલ દુનિયાના મોડર્ન આઈકોન છે સદા યુવા એવા શ્રીકૃષ્ણ!

### ગઈ કાલે વડીલોએ કાનુડાનો જન્મદિવસ ઉજવ્યો...હવે આ ઉજવણીમાં આજની પેઢી પણ જોડાઈ રહી છે, કારણ કે...



આજનો તેજીથી બદલાતો યુગ છે. એ જ કારણોસર મોટા મોટા તહેવારોની પરંપરાગત ઉજવણીનો રંગ આજની પેઢી પર સરળતાથી માથે નથી ચડતો. આશ્ચર્યની વાત એ છે કે, જયારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ જેમકે, ઇન્સ્ટાગ્રામ, યુટયૂબ કે ફેસબુક પર રીલ્સ અને મિમ્સ એ સંસ્કૃતિનો નવો ચહેરો બની વાઇરલ ટ્રેન્ડ બની ગયો છે ત્યારે 'જિયો હોટસ્ટાર' જેવા ટીવી ચેનલો જે માત્ર ખેલકૂદ-વેબ સિરીઝ માટે જાણીતી હોય એ અચાનક જાહેર કરે કે એ 'જન્માષ્ટમીનું સીધું પ્રસારણ કરશે' તો બધાને આશ્ચર્ય જરૂર થાય. આનો બીજો અર્થ એ થયો કે જન્માષ્ટમી જેવા તહેવારો પ્રતિ પૂરી દુનિયામાં આવી જાતનું આકર્ષણ થઇ રહ્યું છે. આજે જન્માષ્ટમી દુનિયાના ૧૦૮ દેશમાં ઉજવવામાં આવે છે. સામાન્ય રીતે મંદિરોમાં ભજન સંકીર્તનો સુધી સીમિત રહેવાવાળા શ્રી કૃષ્ણ નામના એક પૌરાણિક પાત્ર આજની ડિજિટલ દુનિયામાં જબરદસ્ત રૂપે સ્વીકારવામાં આવ્યું છે તો એનું કારણ શું હોય શકે?

જયારે કોઈ બાળક પોતાની શાળામાં ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનમાં કૃષ્ણનો વેશ ધારણ કરી પારણામાં ઝુલે છે અને પછી એની આ પારણામાં ઝુલવાની રીલ ઇન્સ્ટાગ્રામ પર વાયરલ થાય છે ત્યારે એ બાળક ગમે તે ધર્મ કે જાતિનું હોય તે 'ગીતા'ના જ્ઞાનનું પ્રતીક બની જાય છે. જન્માષ્ટમીના ગીત, ડાન્સ, કોસ્ચ્યુમ, ટ્રેન્ડ અને ડિજિટલ સમજ હવે ડિજિટલ આર્ટ અને ક્રિએટીવિટીનો ભાગ છે. આ બદલાવ સાબિત કરે છે કે, કૃષ્ણ બહુ ઝડપથી વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. જો તમે વોટ્સએપ સેવી હો તો તમે અમુક મિમ્સ અને ચેટ જરૂરથી જોયા હશે કે જેમાં પૂછ્યું હોય કે, 'જો , આજે કૃષ્ણ હોત તો એ અર્જુનને વોટ્સએપ પર શું મેસેજ મોકલત? જવાબ હશે : ગીતા.... ! રાધા પાસે ઇઅર પોડ્સ હોત તો એને વાંસળીનો અવાજ કોણ સંભળાવત? : 'કૃષ્ણ.'

આવાં મિમ્સ ભલે મજાક લાગે, પરંતુ મજાકમાં એક વિચાર તો આવે કે આજના યુવાનોના દિલમાં અને એમની ભાષામાં એક નવો એક સમાનઅર્થી વિચાર ઘડાઈ રહ્યો છે. આજનો આ કૃષ્ણ બદલાતા યુગના એક ઇન્ફ્લુઅન્સર અને કન્ટેન્ટ ક્રિએટર પણ છે. શ્રી કૃષ્ણ માત્ર હિન્દુઓના જ ભગવાન નથી. એ એક ફિલોસોફર છે-યોદ્ધા છે-એક પ્રેમી છે-એક દોસ્ત છે-એક રણનીતિકાર છે અને એ એક મેન્ટર પણ છે.!

આ જ કારણોસર કૃષ્ણ દરેક સંસ્કૃતિમાં બંધ બેસે છે તેથી જ એ દરેક સંસ્કૃતિમાં સ્વીકાર્ય છે. અમેરિકામાં ભાગવત ગીતા 'એ લાઈવ પોઝ' જેવા સેમિનાર થાય છે. યુરોપમાં કૃષ્ણ કોન્શિયસનેશથી જોડાયલા યુવાઓ ધ્યાન અને ભક્તિનો નવો અર્થ શોધે છે. આજ કારણોથી જન્માષ્ટમીને દિવસે કૃષ્ણને યાદ કરવા, માત્ર મંદિરો અને ભક્તો સુધી જ સીમિત નથી પરંતુ આ યુવાઓ માટે એક વાયરલ ઇવેન્ટ બની જાય છે. તેથી જ રાસલીલા શોપિંગ મોલમાં થાય છે તો મટકી ફોડ પ્રતિયોગિતા ઓનલાઇન બતાવવામાં આવે છે અને કૃષ્ણના એનિમેટેડ વીડિયો દુનિયાભરના બાળકોમાં શેર થાય છે. આ જ કારણે જન્માષ્ટમી આજે વૈશ્વિક આકર્ષણનો ડિજિટલ તહેવાર છે, જેમાં ભાગ લેવા માટે લાખો લોકો વિદેશથી ભારત આવે છે અને સ્માર્ટ ફોન જેવી સુવિધાથી યુવાનોને આ ઉત્સવ મનાવવા માટે એક સાથે જોડી દીધા છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એના કલેજાને ક્યારે ટાઢક વળી?




'સાહેબ, એક નાનું કામ છે' રાજુએ તાલુકા વિકાસ અધિકારી ત્રિવેદીને ફોન પર કહ્યું.

'તમે કોણ છો?' તાલુકા વિકાસ અધિકારીએ ત્રિવેદીએ પૂછ્યું.

'સાહેબ, મારું નામ રાજુ રદી છે. મારા ગામનું અનર્થપુર છે.'

'દરેક માણસ નાનું કામ છે એમ કહીને માટીનો ગોળો આપી સોનાની ગાગર માગતા હોય છે' ત્રિવેદીએ લોકોની મેન્ટાલિટી જણાવી.

'સાહેબ, મારી વાત સાંભળી લો, પછી નક્કી કરજો કે કામ નાનું છે કે મોટું છે.' રાજુએ વિનંતી કરી.

'રાજુભાઇ, વિધાનસભાની ચૂંટણીમાં કોને મત આપેલો?' ત્રિવેદીએ અચાનક રાજકીય બાઉન્સર ફેંક્યો.

'મારા કામ અને ચૂંટણીને શું લેવાદેવા?' રાજુ મૂંઝાયો. કદાચ કોઇ પાર્ટી કાર્યાલય ફોન લાગી ગયો કે શું?

'અરે મારા સાહેબ, તમારા કામ અને તમે આપેલ મતને સો ટકા નહીં, પરંતુ કરોડ ટકા લેવાદેવા છે.' કદાચ ત્રિવેદી કોઇ પાર્ટીનો ખેસ પહેરીને ખુરશીમાં ગોઠવાયા હશે અથવા તો મલાઇદાર ખુરશી મંત્રી મહોદયની ચાંપલૂસી કરીને પામ્યા હશે, બીજું વળી શું?

'એ કેવી રીતે?' રાજુએ આશ્ચર્યમાં આંખ પટપટાવતા પ્રશ્ન પૂછ્યો.

'તમે લોકો ફટિચર વિપક્ષને મત આપો છો અને શાસક પક્ષ તમારું કામ કરે એવા મુંગેરીલાલના હસીન સ્વપ્ન જુઓ છો પછી તમે કાગળિયા લખી લખી થાકો તો પણ તમારાં કામ કયાંથી થાય? અદકપાંસળી અને અકોણા અરજદાર માટે અમે મોટી કચરાટોપલી રાખીએ છીએ. અરજી વાંચ્યા વિના કચરાટોપલીમાં અરજી પધરાવીએ છીએ.' ત્રિવેદીએ પંચાયત કચેરી કાર્યપદ્ધતિ રાજુને સમજાવી.

' કાયદો તો એવું કહે છે કે ચૂંટાયેલ ધારાસભ્ય કે સાંસદ સમગ્ર મતવિસ્તારનો પ્રતિનિધિ છે.એણે રાજકીય ભેદભાવ વિના તમામ લોકોના કામ કરવાના હોય. ચૂંટણી પછી કોણે મત આપ્યો કે કોણે મત નથી આપ્યો તેવું વિચારવાનું ન હોય.' રાજુએ દલીલ કરી.

'રાજુભાઇ, તમારી વાતમાં દમ છે. હવે તો મંત્રીઓ બંધારણના શપથ લઇ તોડવાનું કામ કરે છે.' ત્રિવેદીએ સાંપ્રત સમસ્યા કહી.

'સાહેબ, આડીઅવળી વાત બહુ થઇ. હવે મારા કામની વાત કરું?' રાજુ મૂળ મુદ્દા પર આવ્યો.

'બોલો... બોલો રાજુભાઇ.' ત્રિવેદી ઉમળકાથી બોલ્યા.

'સાહેબ. વાત એમ છે કે..' રાજુ અટક્યો .

'જો રોડના જોબ વર્કનું કામ હોય તો પ્રભારી મંત્રી કે ચિફ મિનિસ્ટર સાહેબને કહેવું પડશે'.

'મારે એવું કામ નથી'

'ચેકડેમ કે બોરીબંધ બાંધવો હોય તો સિંચાઈ મંત્રીને કહેવું પડશે.' ત્રિવેદી બોલ્યા.

'એવું પણ નથી.' રાજુ ઉવાચ.

'રેશનિંગ કાર્ડ માટે પુરવઠા ખાતામાં રજૂઆત કરજો.'ત્રિવેદીએ ચાલાકી કરી.

'સાહેબ, એવું કંઇ કામ જ નથી.' રાજુ દ્રઢ સ્વરે બોલ્યો.

'મનરેગા કાર્ડ કે રોજગારી માટે ગ્રામ વિકાસ ખાતાની વેબ સાઇટ પર જવું....' ત્રિવેદીનું સૂચન.

'સાહેબ, તમે કલ્પનાના ઘોડા દોડાવવાનું બંધ કરી મારી વાત સાંભળશો?' રાજુ રદી ચિલ્લાયો.

'ઘરથાળનો પ્લોટ લેવો છો? આજન્મ ઘરથાળનો પ્લોટ કે ઘરનું ઘર ભૂલી જવું. ગમે ત્યાં ઝૂંપડું તાણી બાંધો. ભવિષ્યમાં ઝૂંપડા હટાવવાની યોજનાનાં બત્રીસ ફૂટનો શાનદાર ફલેટ આપીશું. જયાં તમે મહામહેનતે ઊભા ઊભા સૂઇ શકશો.' ત્રિવેદીએ ઝૂંપડપટ્ટી વૃદ્ધિ યોજના બતાવી.

'સાહેબ, હું સીફેઇસ એટલે કે પડોશણના ઘરની સામે રહું છું.' રાજુએ ત્રિવેદીની વાતનો છેદ ઉડાડ્યો.

'તમારે સ્વરક્ષણ માટે હથિયારનું લાઇસન્સ જોઈતું હોય તો ઓફિસને બદલે એજન્ટને પકડો. પાંચ છ લાખના ખર્ચામાં તમારા અરમાન પૂરા થશે, નહિંતર તમે ખુવાર થઇ જશો એટલે અરમાન ભૂલી જશો.'

'સાહેબ, હું પંદર વરસથી ગન લાઇસન્સ ધરાવું છું' રાજુએ ફોડ પાડ્યો .

'તો તો મારે તમારાથી ડરવું પડશે.' ત્રિવેદી ગભરાયો. ગન લાઇસન્સ ધરાવતા લોકો તો ગાંડા હોય. ગમે ત્યારે ફાયરિંગ કરે ને સ્વરક્ષણના નામે છટકી જાય.

'સાહેબ, તમે ચેટજીપીટી કે ગ્રોક છો?' રાજુએ પેચીદો સવાલ કર્યો.

'કેમ એમ પૂછો છો?' ત્રિવેદી ખમચાયા.

'તમે તમારામાં ફીડ કરેલ માહિતી મતલબ કે મન કી બાત જ કરો છો?' રાજુએ ગિન્નાઈને કહ્યું.

'ના યાર, એવું નથી. અમે ધન્ના શેઠના ધનની વાત પણ ધ્યાનથી સાંભળીએ છીએ.' ત્રિવેદીના સ્વરમાં લાલચ હતી.

'સાહેબ, મારા ઘર પાસે રોડ પર ખાડા પડેલા' રાજુએ તેની વાત કહેવાની કોશિશ કરી.

'અભિનંદન, રાજુભાઇ.' ત્રિવેદી બોલ્યા.

'શેના અભિનંદન?' રાજુ હક્કોબક્કો થઇ ગયો.

'રોડ છે તેના અને ખાડા પડવાના. બાકી કેટલાંય ગામોમાં અમે ગ્લોસી પેપરના લીસા રોડ બનાવીએ છીએ. દર વરસે રિપેરિંગ કરીએ છીએ. સાત-આઠ વરસે રોડ પર ફરીથી કાગળ પર ડામર પાથરીએ છીએ.' ત્રિવેદીએ કાગજી વિકાસ સિસ્ટમ ઉજાગર કરી.

'સાહેબ , રોડ પર ખાડા પડયા એટલે પંચાયતથી પ્રાઇમ મિનિસ્ટરને રોડ રિપેર કરવા અરજી પણ કરી. ખાડા મોટા થતા ગયા..' રાજુએ વીતક કથા કહી.

'ખાડા રિપેર નહીં થયા હોય.' ત્રિવેદીએ આત્મવિશ્વાસથી પાંચ પાંચ રૂપિયાની શરત મારવાની ઓફર કરી.

'તમે કેમ એવા તારણ પર આવ્યા?' રાજુએ અચંબો પામી પૂછ્યું.

'સિમ્પલ, એક તો સાહેબને વિદેશ પ્રવાસથી ફુરસદ મળતી નથી અને પ્રધાનમંત્રી ખાડા પુરાણ યોજના હજુ લોંચ થઇ નથી. એકવાર યોજના લોંચ થશે કે...' ત્રિવેદી પ્રશસ્તિ પુરાણ ખોલી બેઠા.

' સાહેબ, હું અપના હાથ જગન્નાથ ઉક્તિમાં વિશ્વાસ રાખું છું. પંચાયત કે સરકારે રોડના ખાડા પૂર્યા નહીં. જે ગાંઠનું ગોપીચંદન કરી સાડા ત્રણ લાખ રૂપિયાના ખર્ચે રોડના ખાડા જ પૂર્યા નથી.પરંતું, ડામર પાથરી રોડ તૈયાર કર્યો છે. મારી ઇચ્છા છે કે તમે આવીને મેં બનાવેલો રોડ જોઇ જાવ.' રાજુએ પોતાનું કામ ત્રિવેદીને કહ્યું. જેના માટે ફોન પર આટલી ઘડાકૂટ કરેલ.

પછી શું થાય? ત્રિવેદીએ શું કર્યું? બહુ લાંબું બ્રેઇન સ્ટ્રોમિંગ કર્યું. આ તો તો ડોશી મરી જાય અને જમ ઘર ભાળી જાય. લોકો રાજુના રવાડે ચડીને તેમની સમસ્યાનું સ્વખર્ચે સમાધાન હી સમાધાન કરે તો? સરકાર વિકાસની ગ્રાંટ બંધ કરી દે. ત્રિવેદીના સંતાનો નાનાં હતાં.ભવિષ્યમાં સરકારી ગ્રાંટને સહારે વિદેશમાં ભણવા અને સેટલ કરવાના અને લગ્ન કરાવવાના છે. એમાં પંકચર પડી જાય કે નહીં? જયારે ત્રિવેદીએ બુલડોઝર મોકલીને રોડને ખોદાવી નાખ્યો પછી જ ત્રિવેદીના કલેજાને ટાઢક વળી! ■

# ટ્રમ્પ-પુતિનની બેઠકમાં રશિયા-યુક્રેન યુદ્ધ વિરામનો મુદ્દો અનિર્ણીત, રશિયન તેલની ખરીદી સામે ભારત પર અતિરિક્ત ટૅરિફ ન લાદવાના ટ્રમ્પના સંકેત

## બેતરફી વધઘટે અથડાયેલા સોનામાં નીચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકોની તહેવારોની મોસમ પૂર્વે છૂટીછવાઈ માગ: ડિસ્કાઉન્ટમાં ઘટાડો

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકા ખાતે ગત સપ્તાહે જાહેર થયેલા જુલાઈ મહિનાના ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં સોનાના વૈશ્વિક ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. વધુમાં ફુગાવામાં ઓછી વૃદ્ધિ થતાં અમેરિકી ટ્રેઝરી સચિવ બેસન્ટે આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ ૨૫ બેસિસ પૉઈન્ટ કરતાં વધુ માત્રામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હોવાથી સોનાની તેજીને ઈંધણ મળ્યું હતું.

જોકે, ગત ગુરુવારે જુલાઈ મહિનાના અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અપેક્ષા કરતાં વધુ વધારો થયો હોવાથી તેમ જ સાપ્તાહિક ધોરણે જાહેર થતાં બેરોજગારી ભથ્થું મેળવવા માટેની અરજદારોની સંખ્યા અંદાજિત ૨,૨૮,૦૦૦ સામે ઘટીને ૨,૨૪,૦૦૦ની સપાટીએ રહી હોવાના અહેવાલ સાથે મોટી માત્રામાં રેટ કટની શક્યતા ઘટી હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા.

જોકે, બજાર વર્તુળોની નજર સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે અલાસ્કા ખાતે યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધ વિરામ અંગે થનારી બેઠક પર હોવાથી રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. બજાર વર્તુળોના મતાનુસાર જો રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે અન્યથા પુનઃ સોનામાં સલામતી માટેની માગમાં વધારો થઈ શકે તેમ હતું. જોકે, બેઠકના અંતે યુદ્ધ વિરામ અંગેની કોઈ ડીલ ન થઈ હોવાનું બન્ને પ્રમુખે જણાવ્યું હતું. તેમ જ ટ્રમ્પે જણાવ્યું હતું કે યુક્રેને ડીલ કરવાની જરૂર છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આગામી સોમવારે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકી ડૉનલ્ડ ટ્રમ્પની મુલાકાત લેશે. વધુમાં ભારતની રશિયન તેલ ખરીદી સામે આગામી ૨૭મી ઑગસ્ટથી અમલી થનાર અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફનો અમલ નહીં થાય, એવો સંકેત ટ્રમ્પે આપ્યો હતો.

આમ એકંદરે સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહના આરંભે નરમાઈ, મધ્ય સપ્તાહમાં ઉછાળો અને સપ્તાહના અંતે ફરી નરમાઈ જોવા મળી હતી અને સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત આઠમી ઑગસ્ટના રૂ. ૧,૦૦,૯૪૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૦૦,૨૦૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૯૯,૫૪૯ અને ઉપરમાં રૂ. ૧,૦૦,૨૦૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧૯ અથવા તો ૦.૯૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧,૦૦,૦૨૩ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, સપ્તાહ દરમિયાન ૧૫મી ઑગસ્ટે સ્વાતંત્ર્ય દિનની જાહેર રજા હોવાથી કામકાજના ચાર જ સત્ર રહ્યા હતા.

એકંદરે ગત સપ્તાહે વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સોનાના ભાવમાં કરેક્શન જોવા મળ્યું હોવાથી નીચા મથાળેથી જ્વેલરોએ આગામી ગણેશ ચતુર્થીથી શરૂ થનારી નવરાત્રી, દશેરા, ધનતેરસ અને દિવાળી જેવાં તહેવરોની મોસમને ધ્યાનમાં લેતાં નોંધપાત્ર ખરીદી કરી હોવાનું એક જ્વેલરે જણાવતાં ઉમેર્યું હતું કે સોનાની માગમાં થોડો સંચાર થતાં ડીલરો દ્વારા ઑફર કરવામાં આવતા ડિસ્કાઉન્ટમાં ઘટાડો જોવા મળ્યો હતો અને ડીલરો વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ છ ડૉલર ડિસ્કાઉન્ટ ઑફર કરતાં હતી, જ્યારે આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ નવ ડૉલર આસપાસની સપાટીએ રહ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહેતાં હાથબદલા જેવા વેપાર રહેતાં ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ સાત ડૉલર ડિસ્કાઉન્ટથી છ ડૉલર સુધીનાં પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા. ગ્રેટર ચાઈના સ્થિત એમકેએસ પીએએમપીનાં ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવ્યું હતું કે એકંદરે ગત સપ્તાહે એશિયન બજારમાં હાજર માગમાં મિશ્ર વલણ રહ્યું હતું. ઊંચી ભાવ સપાટીને કારણે જ્વેલરી ક્ષેત્ર ઝઝૂમી રહ્યું છે.

ખાસ કરીન ચીનમાં હાજર માગ સ્થગિત થઈ હોવાથી નવાં આયાત ક્વૉટાની જાહેરાત ન થવાની બજાર પર કોઈ અસર જોવા નથી મળતી, એમ તેમણે ઉમેર્યું હતું.

એકંદરે ગત સપ્તાહે સોનામાં સત્રના આરંભે નરમાઈ, મધ્યમાં તેજી અને અંતે પુનઃ નરમાઈનું વલણ રહ્યું હતું. ખાસ કરીને અમેરિકાના જાહેર થયેલા ફુગાવના ડેટા પ્રોત્સાહક આવતા ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા આગળ વધીને ૫૦ બેસિસ પૉઈન્ટના કાપ સુધી પહોંચી હતી. તેમ જ ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં નરમાઈ રહેતાં સોનાની તેજીને ટેકો મળ્યો હતો. જોકે, ત્યાર બાદ અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં થયેલા વધારાના અહેવાલ સાથે ફેડરલ દ્વારા મોટી માત્રામાં વ્યાજદરમાં કાપ મૂકવાનો આશાવાદ મંદ પડતાં સોનામાં પીછેહઠ જોવા મળી હતી.

વધુમાં અમેરિકા અને રશિયાના પ્રમુખની યુક્રેનના મુદ્દે અલાસ્કા ખાતે ગત શુક્રવારે યોજાનાર બેઠકમાં યુદ્ધ વિરામની જાહેરાત થવાના આશાવાદને કારણે ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં ચીનની સોનાની આયાત માસાનુમાસ ધોરણે ૪૫ ટકા ઘટીને ૫૦ ટનની સપાટીએ રહી હતી. આ સાથે જ બીજા ત્રિમાસિકગાળાની આયાત વર્ષ ૨૦૨૪ના સમાનગાળાની તુલનામાં ૧૮ ટકાના ઘટાડા સાથે ૨૫૦ ટનની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. એસએમસીના વિશ્લેષકના મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોના માટે ઔંસદીઠ ૩૫૧૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી અને ૩૨૮૦ ડૉલરની સપાટી ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૬,૬૦૦થી રૂ. ૧,૦૩,૫૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ આસપાસ ઔંસદીઠ ૩૩૩૪.૯૮ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ સાધારણ ઘટાડા સાથે બંધ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ટ્રમ્પનાં ઊંચા ટૅરિફના અમલ સાથે વૈશ્વિક સ્તરે અર્થતંત્ર મંદ પડવાની શક્યતા, ફેડરલ રિઝર્વ નાણાનીતિ હળવી કરે તેવો આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળી રહેલી નરમાઈને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન સોનામાં મક્કમ વલણ જળવાઈ રહે તેવી શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

# અમેરિકાના ઊંચા ટૅરિફ: નિકાસ વધારવા ચાર પાયાકીય વ્યૂહની દિશામાં કાર્ય કરતી સરકાર

નવી દિલ્હી: અમેરિકા દ્વારા ભારતથી થતી આયાત સામે લાદવામાં આવેલી ઊંચી ટૅરિફને ધ્યાનમાં લેતા નિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર ચાર પાયાકીય વ્યૂહની દિશામાં કાર્ય કરી રહી છે, જેમાં મુખ્યત્વે ફાસ્ટ ટ્રેક ધોરણે વેપાર વાટાઘાટો અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનૅસને પ્રોત્સાહિત કરવાનો સામેવશ થાય છે.

વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે તાજેતરમાં જણાવ્યું હતું કે હાલમાં જ્યારે વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે ત્યારે વાણિજ્ય મંત્રાલય નિકાસ સ્પર્ધાત્મકતા વધારવાનો, નિકાસ પ્રોત્સાહનો મજબૂત કરવા, ઉત્પાદનો અને બજારનું વિકેન્દ્રિકરણ કરવા અને આયાતને વિકેન્દ્રિત કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે.

વધુમાં તેમણે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે ભારતે યુકેને પણ ગત ૨૪મી જુલાઈએ થયેલા કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક ઍન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ)ને ફાસ્ટ ટ્રેક ધોરણે મંજૂર કરવા અનુરોધ કર્યો છે જેથી તેનો શક્ય તેટલી ઝડપથી અમલ થઈ શકે. તેમ જ યુરોપિયન યુનિયન સાથે પણ અમે ફાસ્ટ ટ્રેક ધોરણે વાટાઘાટો કરી રહ્યા છીએ.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરારની દિશામાં બન્ને પક્ષો વચ્ચે વેપાર વાટાઘાટોમાં ઘણી પ્રગતિ થઈ છે અને આ વર્ષના અંત સુધીમાં કરારને અંતિમ ઑપ આપવામાં આવે એવો આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે હવે પછીની બેઠકો વાટાઘાટકર્તા, સચિવ અને મંત્રીય સ્તરે થશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઓમાન સાથેની વાટાઘાટો પૂરી થઈ ગઈ છે અને બન્ને પક્ષોને અનુકૂળતા હશે તે તારીખે વેપાર કરાર પર સહિસિક્કા થઈ જશે.

આ ઉપરાંત ન્યૂઝીલેન્ડ, પેરુ અને ચિલી સાથે પણ વાટાઘાટો થઈ રહી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે ૧૦ દેશોનાં આસિયન બ્લોક સાથે માલ સામાનના મુક્ત વેપાર કરાર માટે સમીક્ષા વાટાઘાટો ચાલી રહી છે અને ગત બુધવારે અમે ભારત અને આસિયન દેશો સાથે વેપાર કેવી રીતે વધે તે માટે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત મુક્ત વેપાર કરાર થઈ ચૂકેલા દેશો સાથે પણ કરારનો ઉપયોગ કઈ રીતે વધારી શકાય તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ.

અમેરિકાએ ભારતથી થતી આયાત પર ગત સાતમી ઑગસ્ટથી ૨૫ ટકા ટૅરિફ લાદી છે અને આગામી ૨૭મી ઑગસ્ટથી અતિરિક્ત ૨૫ ટકા ટૅરિફ લાદશે આમ કુલ ૫૦ ટકા ટૅરિફ થઈ જશે આથી વ્યૂહ ઘડવા આવશ્યક છે. કેમ કે કેમિકલ, લેધર, ફૂટવૅર, જેમ અને જ્વેલરી તથા ટેક્સ્ટાઈલ જેવાં શ્રમલક્ષી ક્ષેત્રો પર આ ટૅરિફની ઘણી માઠી અસર પડે તેમ છે. આમ એકંદરે ટૅરિફને કારણે અનિશ્ચિતતાઓ સર્જાઈ છે અને હજુ વૈશ્વિક સ્તરે શું થશે તેની કોઈ સ્પષ્ટતા નથી.

આવા અનિશ્ચિતતાના વાતાવરણમાં અમે વિચારીએ છીએ કે એક સ્પષ્ટ વ્યૂહ અપનાવીએ જેથી આપણા નિયંત્રણમાં રહે તે રીતે નિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી શકીએ આથી અમે ચાર પાયા પર વ્યૂહ ઘડ્યા છે.

નિકાસ પ્રોત્સાહન માટે મંત્રાલય પાસે વિવિધ નિકાસ પ્રોત્સાહન સ્કીમો છે, પરંતુ તેને વધુ મજબૂત કરવાની જરૂર છે અને આયાત વિકેન્દ્રિકરણ માટે ગણેલા દેશો પરની આયાત નિર્ભરતા ઘટાડવી અને સ્થાનિકમાં વેચાણ વધારવાનો સમાવેશ થાય છે. વધુમાં મુક્ત વેપાર કરાર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે વાણિજ્ય મંત્રાલય આ કરારનો ફાસ્ટ ટ્રેક ધોરણે ઉપયોગ વધારવાની સાથે અગાઉના ૨૦ દેશ ઉપરાંત વધુ ૩૦ દેશો પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

આમ આ કુલ ૫૦ દેશ ભારતની કુલ નિકાસનો ૯૦ ટકા હિસ્સો ધરાવે તેવી નેમ રાખવામાં આવી છે. આ દેશોમાં મલયેશિયા, ઈન્ડોનેશિયા, મેક્સિકો, ઈટાલી, બેલ્જિયમ, નાઈજીરિયા અને પૉલેન્ડ વગેરેનો સમાવેશ થાય છે.

વ્યૂહાત્મક ધોરણે અમે આ દેશો પર ફોકસ કરીશું અને આ દેશોમાં નિકાસ નિકાસ પ્રોત્સાહક પ્રવૃત્તિ વધારીશું, એમ તેમણે ઉમેર્યું હતું.

# ખરીફ ડાંગરનો વાવેતર વિસ્તાર ૧૨ ટકા વધીને ૩૬૫ લાખ હેક્ટર

## કપાસ અને તેલીબિયાનો વાવેતર વિસ્તાર ઘટ્યો

નવી દિલ્હી: વર્તમાન ખરીફ મોસમમાં ગત આઠમી ઑગસ્ટ સુધીમાં મુખ્ય ખરીફ પાક ગણાતા ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩૨૫.૩૬ લાખ હેક્ટર સામે ૧૨ ટકા વધીને ૩૬૪.૮૦ લાખ હેક્ટર રહ્યો હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

કૃષિ વિભાગની આંકડાકીય માહિતી અનુસાર ગત આઠમી ઑગસ્ટ સુધીમાં દેશમાં કુલ ખરીફ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૫૭.૧૫ લાખ હેક્ટર સામે વધીને ૯૯૫.૬૩ લાખ હેક્ટર રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અત્યાર સુધીમાં કઠોળનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૧૦૬.૫૨ લાખ હેક્ટર સામે સાધારણે વધારા સાથે ૧૦૬.૬૮ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હતો. જેમાં તુવેરનું વાવેતર ૪૦.૮૬ લાખ હેક્ટર (૪૨.૮૭ લાખ હેક્ટર)માં, કળથીનો વાવેતર વિસ્તાર ૧૭૦૦૦ હેક્ટર (૧૬,૦૦૦ હેક્ટર), અડદનો વાવેતર વિસ્તાર ૨૦.૧૫ લાખ હેક્ટર (૧૯.૯૧ લાખ હેક્ટર), મગનો વાવેતર વિસ્તાર ૩૩.૨૧ લાખ હેક્ટર (૩૨.૩૩ લાખ હેક્ટર), મઠનો વાવેતર વિસ્તાર ૯.૦૬ લાખ હેક્ટર (૮.૦૪ લાખ હેક્ટર) અને અન્ય કઠોળનો વાવેતર વિસ્તાર ૩.૨૪ લાખ હેક્ટર (૩.૨૧ લાખ હેક્ટર) રહ્યો હતો, જ્યારે જાડા અથવા તો કડ ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૦.૯૬ લાખ હેક્ટર સામે વધીને ૧૭૮.૭૩ લાખ હેક્ટરના સ્તરે રહ્યો છે. વધુમાં અખાદ્ય શ્રેણીમાં તેલીબિયાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૮૨.૪૩ લાખ હેક્ટર સામે ઘટીને ૧૭૫.૬૧ હેક્ટર અને કપાસનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૧૦.૪૯ લાખ હેક્ટર સામે ઘટીને ૧૦૬.૯૬ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. જેમાં એકમાત્ર એરંડાનો વાવેતર વિસ્તાર વધીને ૩.૧૯ લાખ હેક્ટર (૨.૩૨ લાખ હેક્ટર) રહ્યો છે. આ સિવાયના તમામ તેલીબિયાનાં વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે.

જોકે, રોકડીયા પાકમાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળના ૫૫.૬૮ લાખ હેક્ટર સામે સાધારણ વધીને ૫૭.૩૧ લાખ હેક્ટરની સપાટીએ, જ્યૂટ અને મેસ્ટાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫.૭૧ લાખ હેક્ટર સામે ઘટીને ૫.૫૪ લાખ હેક્ટર અને કપાસનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૧૦.૪૯ લાખ હેક્ટર સામે ઘટીને ૧૦૬.૯૬ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# ખાંડના શિપમેન્ટ વધારવા નિકાસ ક્વૉટામાં સુધારા કરવા આઈસ્ટાની માગ

નવી દિલ્હી: ખાંડના ટ્રેડરોનાં અગ્રણી સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ આજે સરકારને નિકાસ ક્વૉટાના ધોરણોમાં ફેરફાર અથવા તો સુધારો કરવાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે સરકારે જે મિલો પોતે સુવિધાઓ ધરાવતી હોય તેવી ખાંડ મિલોને જ નિકાસ ક્વૉટા ફાળવવામાં આવે. હાલની યંત્રણાથી નિકાસ પર અને મિલોની નફાશક્તિ પર માઠી અસર પડી રહી હોવાનું એક યાદીમાં જણાવ્યું છે. એસોસિયેશને જણાવ્યું હતું કે હાલની ક્વૉટા યંત્રણા અંતર્ગત મિલોનાં ભૂતકાળના ઉત્પાદનના આંકડાને ધ્યાનમાં રાખીને તમામ મિલોને મર્યાદિત માત્રામાં નિકાસનો ક્વૉટા ફાળવવામાં આવે છે. જેમાં ભૌગોલિક રીતે નિકાસ ન કરી શકે તેવી અથવા તો નિકાસની અનિચ્છા ધરાવતી મિલોને તેમના ક્વૉટા અન્ય મિલોને વેચવાની મંજૂરી આપે છે તેને કારણે નોંધપાત્ર માત્રામાં નિકાસ નથી થતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે હાલમાં ખાંડની નિકાસ નિયંત્રિત ચીજોની યાદી હેઠળ છે અને સરકાર ખાંડની નિકાસ પર ક્વૉટા મારફતે નિયંત્રણ રાખી રહી છે. તેમ જ સરાસરી ધોરણે મિલોને નિકાસ માટે સરકાર ક્વૉટા ફાળવી રહી છે.

વધુમાં આઈસ્ટાએ ગત ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪થી સરકારે સી હેવી મોલાસીસ પર લાદવામાં આવેલી ૫૦ ટકા નિકાસ જકાતની ટીકા કરતાં જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી સ્થાનિકમાં અપેક્ષિત પુરવઠા વૃદ્ધિ નથી થઈ. દેશમાં ઈથેનોલના પ્રોગ્રામમાં સી હેવી મોલાસિસનો હિસ્સો બે ટકા કરતાં પણ ઓછો હોવાનું આઈસ્ટાએ જણાવ્યું હતું.

એસોસિયેશને દલીલ કરી હતી કે નિયંત્રિત નિકાસને કારણે ડિસ્ટિલિયરી વિનાની મિલોને નુકસાન થયું છે. જેના કારણે મોલાસિસ નિકાસ કરવાની અને શેરડીની ખરીદી પેટે ખેડૂતોને કરવી પડતી ચુકવણીની મિલોની ક્ષમતામાં પણ ઘટાડો થયો છે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૪-૨૫માં ગત આઠમી ઑગસ્ટ સુધીમાં દેશમાંથી ૬.૪૪ લાખ ખાંડની નિકાસ થઈ છે, જેમાં સોમાલિયા ખાતે સૌથી વધુ ૧.૨૬ લાખ ટનની નિકાસ થઈ છે. નોંધનીય બાબત એ છે કે ગત ૨૦મી જાન્યુઆરીએ સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમ માટે ૧૦ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી.

# વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમમાં ૩૧૧.૪૦ લાખ ગાંસડી રૂના પાકનો અંદાજ: સીએઆઈ

મુંબઈ: ગત પહેલી ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન રૂ મોસમ ૨૦૨૪-૨૫માં ખાસ કરીને રૂ ઉત્પાદક રાજ્યોમાં ઓછી ઊપજ રહેતાં દેશમાં રૂનું ઉત્પાદન આગલી મોસમની પ્રત્યેક ૧૭૦ કિલોગ્રામની એક ગાંસડી એવી ૩૩૬.૪૫ લાખ ગાંસડી સામે ઘટીને ૩૧૧.૪૦ લાખ ગાંસડી રહેવાનો અંદાજ કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ મૂક્યો છે. એસો.ના જણાવ્યાનુસાર મુખ્યત્વે ઉત્તર ઝોનમાં ઉત્પાદન ઘટીને ૨૯.૫૫ લાખ ગાંસડી (૪૫.૬૨ લાખ ગાંસડી) અને મધ્ય ઝોનમાં ઉત્પાદન ઘટીને ૧૮૬.૫૦ લાખ ગાંસડી (૨૦૨.૫૧ લાખ ગાંસડી) રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતાં ઓછા ઉત્પાદનનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જોકે, દક્ષિણ ઝોનમાં ઉત્પાદન આગલી મોસમની ૮૨.૮૫ લાખ ગાંસડી સામે વધીને ૮૯.૫૦ લાખ ગાંસડી રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. વધુમાં એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈના અંત સુધીમાં પ્રેસિંગ થયેલી ૩૦૨.૨૪ લાખ ગાંસડી, આયાતી ૩૩ લાખ ગાંસડી અને ૩૯.૧૯ લાખ ગાંસડીના ખુલતા સ્ટોક સાથે કુલ ૩૭૪.૪૩ લાખ ગાંસડી પુરવઠો રહ્યો હોવાનો તેમ જ જુલાઈના અંતે ૩૨.૫૦ લાખ ગાંસડી સ્ટોક મિલો પાસે અને ૬૪.૨૭ લાખ ગાંસડી કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયા, મહારાષ્ટ્ર ફેડરેશન અને અન્યો (મલ્ટિનેશનલ કોર્પોરેશન, ટ્રેડર, જિનર્સ, નિકાસકારો) તથા વેચાયેલ પરંતુ ડિલિવરી ન થયેલ એવી ૬૪.૨૭ લાખ ગાંસડી મળી કુલ ૯૬.૭૭ લાખ ગાંસડીનો સ્ટોક હોવાનું યાદીમાં ઉમેર્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમના અંત સુધીમાં એસોસિયેશને કુલ પુરવઠાનો અંદાજ ૩૮૯.૫૯ લાખ ગાંસડીનો મૂક્યો છે. જોકે, આ પૂર્વે ૩૮૦.૫૯ લાખ ગાંસડીનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. આ કુલ પુરવઠાના અંદાજમાં ૩૯.૧૯ લાખ ગાંસડીનો ખૂલતો સ્ટોક, ૩૧૧.૪૦ લાખ ગાંસડી પ્રેસિંગ અને ૩૯ લાખ ગાંસડી આયાતનો સમાવેશ થાય છે. એસોસિયેશને સ્થાનિક સ્તરે રૂના વપરાશનો અંદાજ જે અગાઉ ૩૦૮ લાખ ગાંસડીનો મૂક્યો હતો તે વધારીને ૩૧૪ લાખ ગાંસડીનો રાખ્યો છે. તેમ જ વર્તમાન મોસમમાં નિકાસનો અંદાજ આગલી મોસમની ૨૮.૩૬ લાખ ગાંસડી સામે ઘટીને ૧૮ લાખ ગાંસડી રહેવાની ધારણા મૂકવામાં આવી હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું છે.

# નકલી બિયારણ, ખાતર અને જંતુનાશકોનું વેચાણ ડામવા કેન્દ્ર નવો વધુ કડક કાયદો લાવશે

જયપુર: દેશમાં થતાં નકલી બિયારણ, ખાતર અને જંતુનાશકો જેવાં કૃષિ ઈનપૂટ્સના વેચાણને ડામવા માટે સરકાર નવો વધુ કડક કાયદો લાવી રહી હોવાનું કૃષિ અને ખેડૂત કલ્યાણ ખાતાના પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે તાજેતરમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકારે 'વિકસિત કૃષિ સંકલ્પ' અભિયાનનો અમલ કર્યો છે. જેનાં અંતર્ગત વૈજ્ઞાનિકો ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લેશે અને ખેડૂતોને બિયાંરણની, ફર્ટિલાઈઝરની અને પાકના પોષક તત્ત્વ અંગે માહિતગાર કરશે. અત્રે જૂનજૂનુ ખાતે પ્રધાન મંત્રી ફસલ બિમા યોજના (પીએમએફબીવાય) હેઠળ ખેડૂતોના પાક વીમાના દાવાની રકમ છૂટી કરતાં ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે અને ખેડૂત રાષ્ટ્રનો આત્મા છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત સ્કીમોની જાહેરાતો અને નીતિવિષયક નિર્ણયો લઈને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે નકલી બિયારણ, ખાતર અને જંતુનાશકોના વેચાણને રોકવા માટે એક નવો કડક કાયદો પણ ઘડવામાં આવશે. આ ઉપરાંત 'વિકસિત કૃષિ સંકલ્પ' અભિયાન પણ શરૂ કરવામાં આ અભિયાન અંતર્ગત વૈજ્ઞાનિકો ગામડાઓની મુલાકાત લઈને બિયાંરણ અને ખાતરની ગુણવત્તા ઉપરાંત પાકનાં પોષક તત્તવો અંગે ખેડૂતોને અવગત કરાવશે. આ ઉપરાંત ચૌહાણે લોકોને તેમનાં રોજિંદા જીવનમાં સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરવા અને અન્ય લોકોને પણ તેમ કરવા પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં ભારત વિશ્વનું ચોથા ક્રમાંકનું અર્થતંત્ર છે અને ત્રીજો ક્રમાંક હાંસલ કરવાની દિશામાં આગળ ધપી રહ્યું છે. વડા પ્રધાન દેશનાં ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે વૈજ્ઞાનિક ખેતીને પ્રોત્સાહિત કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર યુરિયા, ડીએપી, ખાતર અને બિયારણ સહિતનાં કૃષિ ઈનપૂટ્સ પર સબસિડી આપી રહી છે. તેમ જ પાકના કુલ ઉત્પાદન ખર્ચ ઉપરાંત ૫૦ ટકાના વળતર સાથે લઘુતમ ટેકાના ભાવની બાંયધરી આપી રહી છે. રાજ્યનાં મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની આવક વધારવા અને જીવનધોરણ સુધારવા માટે અન્ય ઘણાં પગલાંઓની દિશામાં કાર્ય કરી રહી છે. વધુમાં તેમણે પાક વીમાની આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે રાજસ્થાનમાં પીએમએફબીવાય હેઠળ ૭.૦૪ કરોડ પૉલિસી જારી કરવામાં આવી હતી અને ૧.૪૮ કરોડ ખેડૂતોને રૂ. ૧૦૦૦ કરોડ કરતાં વધુનાં પાક વીમા હેઠળના દાવાઓ છૂટા કરવા આવ્યા છે.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૭૫ અબજ ડૉલર વધી

મુંબઈ: ગત આઠમી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૭૫ અબજ ડૉલર વધીને ૬૯૩.૬૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૯.૩૨ અબજ ડૉલરના કડાકા સાથે ૬૮૮.૮૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૮૪ અબજ ડૉલર વધીને ૫૮૩.૯૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના અન્ય મુખ્ય ચલણો જેમ કે યુરો, પાઉન્ડ અને યૅન વગેરે સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૧૬ અબજ ડૉલર વધીને ૮૬.૧૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અનિશ્ચિતતામાં વધારો થઈ રહ્યો હોવાથી વિશ્વભરની કેન્દ્રવર્તી બૅન્કો સોનાની અનામતમાં વધારો કરી રહી છે. તેમ જ વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ભારતની સોનાની અનામત પણ લગભગ બમણી થઈ છે.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૮.૭૪ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૭૩૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં જણાવ્યું હતું. વધુમાં રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે હાલની દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૧ મહિનાની ગૂડ્સની આયાત અને બાકી રહેલા બાહ્ય દેવાની ૯૬ ટકા ચુકવણી માટે પર્યાપ્ત છે.

નોંધનીય બાબત એ છે કે ગત જુલાઈ મહિનામાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ જુલાઈ, ૨૦૨૪ના ૩૪.૭૧ અબજ ડૉલર સામે ૭.૨૯ ટકા વધીને ૩૭.૨૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જે બાહ્ય ક્ષેત્ર મજબૂત થઈ રહ્યું હોવાના નિર્દેશો આપે છે.

# સારા રવી પાક માટે કૃષિ વૈજ્ઞાનિકો ઑક્ટોબરમાં કૃષિ વિસ્તારોની મુલાકાત લેશે

નવી દિલ્હી: કૃષિ ખાતાના પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે આગામી રવી મોસમમાં સારા પાક માટે કૃષિ વૈજ્ઞાનિકો તા. ૩થી ૧૮ ઑક્ટોબર દરમિયાન દેશનાં વિવિધ કૃષિ વિસ્તારોની મુલાકાત લેશે. તેમ જ તેમણે સરકાર ખેડૂતોના હિત જાળવવા માટે પ્રતિબદ્ધ હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. અત્રે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે યોજાયેલા એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ચૌહાણે હાજરી આપી હતી અને ખેડૂતો સાથે થયેલા વાર્તાલાપમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ખેડૂતો, માછીમારો અને પશુપાલકોનાં હિત એ સરકારનો અગ્રતાક્રમ છે.



(તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે રાજકોટમાં આયોજિત કૃષ્ણ મહોત્સવની ૪૦મી શોભાયાત્રા યોજવામાં આવી હતી.

# ભુજના હૉસ્પિટલ રોડ પરથી સરાજાહેર કારમાં યુવકનું અપહરણ કરી ઢોર માર માર્યો

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના તેરા ગામમાં રહેતા યુવકનું ભુજના લોકોની અવરજવરથી સતત ગાજતા રહેતા હોસ્પિટલ રોડ પરથી સરાજાહેર અપહરણ કરી, પોતાના વાડે લઈ જઈને બે શખ્સોએ તેને ઢોર માર મારીને અમાનુષી ત્રાસ ગુજાર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, તાલુકાના તેરા ગામે રહેતો જયેન્દ્રસિંહ જાડેજા ભુજ આવ્યો હતો અને હોસ્પિટલ રોડ પર આવેલી આઈસીઆઈસીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સની શાખામાં ગયો હતો.

જયેન્દ્રસિંહ હૉસ્પિટલ રોડ પર હોવાનું જાણીને શહેરના લાયન્સ નગરમાં રહેતો અને જયેન્દ્રનો સંબંધી એવો મયૂરસિંહ દેવુભા જાડેજા અને તેનો અજાણ્યો સાગરીત ગુનાહિત કાવતરું રચીને ગત સાંજના પાંચેક વાગ્યાના અરસામાં મારુતિ કારમાં અહીં ધસી આવ્યા હતા. બંને જણે જયેન્દ્રને બળજબરીપૂર્વક કારમાં બેસાડીને અપહરણ કરીને મિરજાપર રોડ પર સ્થિત મયૂરસિંહના વાડા પર લઈ ગયા હતા. અહીં મયૂરે લોખંડના પાઈપ અને તેના સાગરીતે લાકડીથી જયેન્દ્રસિંહને બંધક બનાવીને ઢોર માર મારતાં જયેન્દ્રના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ મયૂરે જયેન્દ્ર પાસે રહેલો મોબાઈલ ફોન પણ ઝૂંટવી લીધો હતો.

હાલ જયેન્દ્ર બેહોશ હાલતમાં સારવાર તળે છે અને ઈજાગ્રસ્ત યુવક હોસ્પિટલમાં બેહોશ હાલતમાં સારવાર તળે છે અને તબીબોએ તેની તબિયત નાજુક હોવાનું જણાવ્યું હતું. દરમ્યાન, આરોપી મયૂર જયેન્દ્રના મોટા કાકાનો પુત્ર થતો હોવાનું પોલીસે જણાવ્યું છે. અપહરણ અને હુમલાનું કારણ નાણાંની લેતી દેતીનું મનદુઃખ હોવાની શક્યતા છે. ■

# ૧૮ લાખની સરકારી સબ્સિડીવાળી લોન મેળવી, લોન એજન્ટ અને ભુજની પેઢીએ અંજારના કારખાનેદાર સાથે છેતરપિંડી આચરી

ભુજઃ કપડાની ધોલાઈ અને ડાઈ કલર માટે નવું મશીન ખરીદવા ઈચ્છતા અંજારના કારખાનેદારને સરકારી સબ્સિડીવાળી લોન મંજૂર કરાવી આપવાના નામે ૧૮ લાખની ઠગાઈ કરનારા ભુજના મિરજાપર રોડ પર સ્થિત ટાઈમ્સ સ્કવેર બિલ્ડિંગમાં આવેલી 'કાવ્યા. ટ્રેડર્સ' નામની પેઢીના માલિક મનીષ ઠક્કર અને આદિપુરના લોન એજન્ટ ભાવેશ મોહનલાલ શાહ વિરુદ્ધ અંજારના મુનાવર કાસમ રાયમાએ ક્રિમિનલ કોન્સ્પિરસી અને ફોડની ફરિયાદ નોંધાવી હતી.

અંજાર પોલીસ સમક્ષ મુનાવરે જણાવ્યું હતું કે, વીડી ગામમાં કપડાંની ધુલાઈ અને ડાઈનું કારખાનું ચલાવે છે. તેને વધુ એક મશિન ખરીદવાની જરૂરિયાત ઊભી થઇ પરંતુ તે ખરીદવા માટે લોન મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ દરમ્યાન ગત વર્ષે તે મિત્ર જોડે ચાની રેકડી પર આ અંગે ચર્ચા કરતો હતો ત્યારે તેમની વાતો સાંભળીને ભાવેશ તેની પાસે કોઈ ફરિશ્તાની જેમ આવ્યો હતો. ભાવેશે પોતાની ઓળખાણ આપીને પોતે નાના ઉદ્યોગકારો માટે સરકારી સબ્સિડીવાળી લોન મંજૂર કરાવવાનું કામ કરે છે અને તમારે લોન જોઈતી હોય તો મળી જશે તેમ કહીને વિશ્વાસ કેળવ્યો હતો.

ત્યારબાદ ભાવેશના કહેવાથી અંજારની ઈન્ડિયન બેન્કમાં ખાતું ખોલાવ્યું હતું. બેન્ક મેનેજર મુકેશ ગેહલોત, લોન મોર્ગેજ કરવાનું કામ કરતો બેન્કનો કર્મચારી વિક્રાંત સહિતના અધિકારીઓ વીડી ગામમાં સ્થિત કારખાનાના ફોટો-વીડિયો પાડ્યા હતા.તેમજ મકાનને અંજાર સબ રજિસ્ટ્રાર કચેરીમાં મોર્ગેજ કરાવ્યું હતું. ૧૬-૧૦-૨૦૨૪ના રોજ બેન્ક મેનેજરે ફરિયાદીને ફોન કરીને ૧૮ લાખની મંજૂર થયેલી લોનનો ચેક તૈયાર થઈ ગયો હોવાનું કહીને બેન્કમાં સહી કરવા બોલાવ્યો હતો. આ ચેક મશિનનું ક્વોટેશન આપનાર કાવ્યા ટ્રેડર્સના ખાતામાં જમા થઈ જશે તેમ મેનેજરે જણાવ્યું હતું. કાવ્યા ટ્રેડર્સના ખાતામાં નાણાં જમા થઈ ગયા હતા પરંતુ કરિયાદીને ન મશીન મળ્યું કે ન નાણાં મળ્યાં. મુનાવર કાસમ રાયમાંના બેંક ખાતામાં ભુજની સાઉથ ઈન્ડિયન બેન્ક દ્વારા માર્જિન મનીના નામે બે લાખ રૂપિયા જમા થયેલાં તે અંગે પણ તેને કશી ખબર નહોતી. લાંબા સમય સુધી મશીન ના મળતાં ફરિયાદીએ ભાવેશ શાહને પૂછતાં તેણે જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમના લીધે કાવ્યા ટ્રેડર્સનું બેંક ખાતું ફ્રીઝ થઈ ગયું છે. તે ડી-ફ્રીઝ થશે ત્યારે મશીન મળશે. ત્યાં સુધી તમારી લોનના હપ્તા મનીષ ઠક્કર ભરતો રહેશે. ■


(તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભાવનગરના પાલિતાણા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આયોજિત ભગવાન શ્રીકૃષ્ણની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં સંતો, મહંતો, કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાના આગેવાનો, નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# કચ્છમાં ઉજવાયું જન્માષ્ટમી પર્વઃ ભુજમાં સાતમ-આઠમના મેળામા ઉમટ્યા અંદાજે ત્રણ લાખથી વધુ લોકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વરસાદી વાતાવરણ વચ્ચે કચ્છભરમાં જન્માષ્ટમીના પર્વની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. કચ્છમાં આ તહેવારને સાતમ-આઠમના તહેવાર તરીકે ઓળખવામા આવે છે. ભુજ,માંડવી અને અંજાર ખાતે બે દિવસના લોકમેળા પણ યોજાય છે. સૌથી મોટો ભાતીગળ મેળો ભુજના હમીરસર તળાવની ફરતે યોજાય છે અને આ વખતે સાતમના ૧૫મી ઓગસ્ટની રજા, જન્માષ્ટમીની રજા અને ત્યારબાદ રવિવારની રજા હોવાથી ત્રણ દિવસ માટે યોજવામાં આવેલા આ લોકમેળાને અંદાજે ત્રણ લાખથી વધારે લોકોએ દિલથી માણ્યો હતો.

જનતાએ હાથગાડીઓ પરથી વેંચાતા ખુલ્લા ખાદ્ય પદાર્થોથી અળગા રહેવાનું મુનાસીબ માનતાં ભેળ-પકોડી, રગળા-પેટીસ, પાણીપૂરી, બજારુ બરફવાળી શેરડી જેવી ખાદ્ય સામગ્રીઓનું વેંચાણ ઓછું થવા પામ્યું હતું અને તેને બદલે લીલાં નાળિયેર અને મકાઈ વહેંચતા હાથગાડી વાળાઓને બખ્ખા થઇ જવા પામ્યા હતા. ■

# ભાવનગર નજીક માઉન્ટ શેડો રિસોર્ટના વિલામાંથી ૯ જુગારી ઝડપાયા

ભાવનગરઃ શહેર નજીક આવેલા રિસોર્ટના વિલામાં દરોડો પાડી પોલીસે જુગાર રમતા નવ શખ્સોને ઝડપી લીધા હતા. ભાવનગર નજીક ભંડારીયા ગામ પાસેના મેલકડી ગામે માઉન્ટ શેડો રીસોર્ટના વિલા નં. ૧૩ માં વરતેજ પોલીસે બાતમીના આધારે રેડ પાડીને જુગાર રમી રહેલા ઝુબેરભાઈ હનીફભાઈ તેલવાણી, યાસીનભાઈ અબ્દુલકરીમભાઈ ફુલવાળા, અકરમભાઈ અમીનભાઈ કાલવા, હનીફભાઈ હારૂનભાઈ કાસમાન, ઈમ્તિયાઝ કાદરભાઈ લોહીયા, આદીલભાઈ ઈકબાલભાઈ લાકડીયા, તબરેજભાઈ કાદરભાઈ લાડા, મકસુદભાઈ અજીજભાઈ લાકડીયા અને તોફીકભાઈ હીનીફભાઈ માલકાણી સહિતના નવ શખ્સોને જુગારના સાહિત્ય, રોકડા રૂ.૧,૦૬,૭૦૦/ અને અલગ અલગ વાહનો કિંમત રૂ.૨૩,૦૦,૦૦૦ મળીને કુલ રૂ.૨૪,૦૬,૭૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવીને વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં જન્માષ્ટમી પર રિસોર્ટમાં જુગાર રમતાં ૯ વેપારીઓ ૨૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમદાવાદઃ વરતેજ પોલીસે ભંડારીયા ગામ નજીક આવેલા માઉન્ટ શેડો રિસોર્ટમાં દરોડો પાડી જુગારના મોટા કેસનો પર્દાફાશ કર્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે રિસોર્ટના વિલા નંબર ૧૩માં દરોડો પાડતા જુગાર રમી રહેલા ૯ વેપારીઓને રોકડા રૂપિયા તથા ત્રણ કાર સાથે ૨૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

મળતી વિગતો અનુસાર ભાવનગર જિલ્લામાં આવેલ ભંડારીયા ગામ પાસેના મેલકડી ગામની પાસે આવેલ માઉન્ટ શેડો રીસોર્ટમાં આવેલ વિલા નંબર ૧૩માં બહારના માણસો આવીને ભાડેથી વિલા બુક કરાવી ગંજીપતાનાં પાના વડે પૈસાનો હારજીતનો તીનપતીનો જુગાર રમે છે તે બાતમી આધારે પોલીસે રેઈડ કરી હતી. આ દરમિયાન ૯ લોકો તીનપત્તીનો જુગાર રમતાં ઝડપાયા હતા.

પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા ૧,૦૬,૭૦૦, ત્રણ ફોરવ્હીલર કાર કિંમત રૂપિયા ૨૩,૦૦,૦૦૦ અને ગંજીપાના મળી કુલ રૂપિયા ૨૪,૦૬,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ■

# ભાવનગર જિલ્લાના મહુવામાં એક ઇંચ, સિહોર અને પાલિતાણામાં પોણો ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં બપોર બાદ વરસાદી માહોલ ઊભો થયો હતો. જિલ્લાના મહુવામાં એક ઇંચ વરસાદ પડ્યો હતો. જન્માષ્ટમીના તહેવારે વરસાદી પુનઃ પધરામણી થતા મેળાના રંગમાં ભંગ પડ્યો હતો. બપોર બાદ વરસાદી માહોલ ઊભો થયો હતો અને જિલ્લાના ચાર તાલુકામાં વરસાદ પડ્યો હતો. મહુવામાં ધોધમાર ૧ ઇંચ વરસાદ પડી ગયો છે.

જ્યારે પાલિતાણા અને શિહોરમાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેરમાં અમુક વિસ્તારોમાં સાંજે વરસાદી ઝાપટાં વરસી ગયાં હતાં.

રવિવાર સાંજના છ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના મહુવામાં ૨૪ મિ. મી., પાલીતાણામાં ૧૬ મિ.મી., શિહોરમાં ૧૭ મિ.મી. તળાજામાં ૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■

# વીરપુર પોલીસે ઓક્સિજન ટેન્કરમાંથી ₹૧ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની વીરપુર પોલીસે કાગવડ પાસે એક મોટી કાર્યવાહી કરીને રેલવે ઓવરબ્રિજ નીચેથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઓક્સિજન ગેસ લિક્વિડ ટેન્કરમાં ચોરખાનું બનાવીને દારૂનું કટિંગ થઈ રહ્યું હોવાની પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી ૭૦૦થી વધુ વિદેશી દારૂની પેટીઓ જપ્ત કરી હતી. જેની બજાર કિંમત આશરે ૧ કરોડ રૂપિયાથી વધુ હતી. પોલીસે દારૂ ઉપરાંત, ત્રણ બોલેરો ગાડીઓ અને એક ટેન્કર પણ કબજે કર્યું હતું. આ દરોડાને વીરપુર પોલીસની મોટી સફળતા માનવામાં આવે છે. જોકે, પોલીસના દરોડા સમયે બુટલેગરો અંધારાનો લાભ લઈને સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. હાલમાં, વીરપુર પોલીસે ફરાર થયેલા આરોપીઓને પકડવા માટે સઘન તપાસ શરૂ કરી હતી. આટલો મોટો દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ■


# રાજકોટમાં કૃષ્ણ મહોત્સવની શોભાયાત્રા દરમિયાન બે જૂથ વચ્ચે મારામારી થઈ

અમદાવાદઃ જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે રાજકોટમાં આયોજિત કૃષ્ણ મહોત્સવની ૪૦મી શોભાયાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે મારામારી થતા વાતાવરણ તંગ બન્યું હતું. જોકે, ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને થાળે પાડી હતી. આ ઘટનામાં ચાર શખ્સો નશાની હાલતમાં હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

આ ઘટના રાજકોટના ગોંડલ રોડ પર બની હતી, જ્યાં શોભાયાત્રા પસાર થઈ રહી હતી. અચાનક કોઈ અજાણ્યા કારણોસર બે જૂથો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે બાદમાં મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. આ મારામારીને કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઉલ્લેખનીય છે કે વિશ્વ હિન્દુ પરિષદ ૩૯ વર્ષથી શોભાયાત્રાનું આયોજન કરે છે. જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા ૪૦મી શોભાયાત્રા યોજાઈ હતી. આ વર્ષે ૨૨ કિલોમીટર લાંબી આ શોભાયાત્રામાં ૮૦થી વધુ અલગ-અલગ ફ્લોટ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. મુખ્ય રથમાં 'ઓપરેશન સિંદૂર'ના બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. શોભાયાત્રાનું આયોજન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કરવામાં આવ્યું હતું. તેમ છતાં આ ઘટના બનતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી મામલો શાંત પાડ્યો હતો. આ ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રાજકોટના લોકમેળામાં જન્માષ્ટમીએ માનવ મહેરામણ ઊમટ્યુંઃ ત્રણ દિવસમાં ૮ લાખ લોકોએ મોજ માણી



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રેસકોર્સ મેદાનમાં ચાલી રહેલા લોકમેળાના પ્રથમ બે દિવસમાં જ ૪ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. ત્રીજા દિવસે જન્માષ્ટમી હોવાથી રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લાખો લોકો મેળાની મજા માણવા માટે ઊમટી પડ્યા હતા. શૌર્યનું સિંદૂર લોકમેળામાં હૈયેહૈયું દળાય એટલી ભીડ ઊમટી પડી પડી હતી. જ્યાં નજર કરો ત્યાં માત્ર લોકો જ નજરે પડતા હતા. આ વર્ષે પણ લોકો મેળાના મુખ્ય આકર્ષણ 'મોતના કૂવા'નો આનંદ માણી શકશે નહીં. ગયા વર્ષે ભારે વરસાદને કારણે અને આ વર્ષે મંજૂરી ન મળવાને કારણે 'મોતનો કૂવો' ચાલુ થઈ શક્યો નથી. આનાથી લોકોને તો નિરાશા થઈ જ છે, પરંતુ જીવના જોખમે કરતબ બતાવતા કલાકારો પણ નાખુશ થયા હતા. ૫ દિવસમાં કુલ ૧૨ લાખથી વધુ લોકો લોકમેળાની મુલાકાત લેશે તેવો અંદાજ છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આ મેળો ૧૮ ઓગસ્ટ સુધી યોજાશે. આ વર્ષે મેળાને 'શૌર્યનું સિંદૂર' નામ આપવામાં આવ્યું છે. મેળામાં કુલ ૩૪ રાઈડ્સમાંથી માત્ર ૧૧ રાઈડ્સને જ મંજૂરી મળી હતી, જેના કારણે લોકો નિરાશ થયા હતા. રાઈડ્સ સંચાલકોએ આ માટે માર્ગ અને મકાન વિભાગ સામે નારાજગી વ્યક્ત કરી હતી, જે બાદમાં વધુ રાઈડ્સને મંજૂરી મળી હતી.

રાજકોટ પોલીસ દ્વારા મેળામાં વ્યસનમુક્તિ અને નશા સામે જાગૃતિ ફેલાવવા માટે પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે, જેમાં નાગરિકોને ડ્રગ્સથી દૂર રહેવાની અપીલ કરાઈ હતી. ■

# રાજકોટનું હિરાસર એરપોર્ટમાં સામાન્ય વરસાદમાં પણ છતમાંથી પાણી લીક થતા તંત્ર સામે સવાલ

રાજકોટઃ સૌરાષ્ટ્રનું એકમાત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ ફરી એકવખત ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. પીએમ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા રાજ્યના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ પાછળ ૧,૨૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ તાજેતરમાં સામે આવેલી એક ઘટનાએ કરોડોના ખર્ચા સામે પ્રશ્નો ઊભા કર્યા હતા. અરાઈવલ કન્વેયર બેલ્ટમાં છતમાંથી પાણીનો ધોધ પડી રહ્યો હોવાનો વીડિયો સામે આવ્યા હતો, જેનાથી ઘણા પ્રશ્નો ઊભા થયા હતા.

મળતી વિગતો અનુસાર હિરાસર એરપોર્ટ ફરી એકવખત વિવાદમાં ઘેરાયું છે. અહેવાલો અનુસાર એરપોર્ટના અરાઈવલ કન્વેયર બેલ્ટમાં છતમાંથી પાણીનો ધોધ પડી રહ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ દ્રશ્યોથી ભ્રષ્ટાચારની બૂ આવી હતી. એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગ નિર્માણ પામ્યાના છ મહિનામાં જ છતમાંથી પાણીનો ધોધ વહેતા નીચે ટબ મૂકવાની ફરજ પડી હોવાના દશ્યો સામે આવ્યા હતા. જો કે આ પહેલા પણ અરાઈવલ કન્વેયર બેલ્ટમાં છતમાંથી પાણી ટપકતા રિપેરિંગ કરવામાં આવ્યું હતું. ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ છે કે જ્યાં નવા ટર્મિનલનું થોડા સમય પહેલા જ લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ત્યાં જ સામાન્ય વરસાદમાં છતમાંથી પાણી ટપકતા હોવાની ગંભીર સમસ્યા અગાઉ સામે આવી ચૂકી છે, જ્યાં થોડું પાણી ટપકતું હતું ત્યાં એરપોર્ટ ઑથોરિટીના તંત્રએ તે છુપાવવા માટે વૃક્ષના કુંડા મૂકી દીધા હતા, જે બાદ હવે ફરી ચોમાસામાં વરસાદી પાણી પડતું હોવાની સમસ્યા સામે આવી છે. ■

# દાદરા નગર હવેલીમાં સામૂહિક આપઘાતની આશંકા

અમદાવાદઃ દાદરા નગર હવેલીના સામરવણી ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી, જેમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘરમાંથી પિતા અને તેમના બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. સામૂહિક આપઘાતની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે જણાવ્યું કે, મૃતદેહો ઘરમાંથી મળી આવ્યા હતા અને સ્થળ પરથી એક સ્યૂસાઇડ નોટ પણ મળી છે. આ સ્યૂસાઇડ નોટ મૃત્યુ પાછળના કારણો પર પ્રકાશ પાડી શકે છે. ■